
સુરેશ જોષી

# પ્રથમ પુરુષ એકવચન



# પ્રથમ પુરુષ એકવચન

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : નિબન્ધ

## સુરેશ જોષી

પ્રથમ પુરુષ એકવચન Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| મુખપૃષ્ઠ | ix |
| ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | xi |
| સર્જક-પરિચય | 1 |
| પ્રથમ પુરુષ એકવચન | iii |
| નિવેદન | iv |
| અર્પણ | v |
| રૂપરસગન્ધસ્પર્શનું જગત | 7 |
| સામાન્યતાનું ગૌરવ | 10 |
| શરદનું આગમન | 15 |
| અનુભવોની સજીવનતા | 19 |
| સાધારણનો મહિમા | 22 |
| તો હું શું કરું? | 25 |
| વર્ષાની દીક્ષા | 28 |
| નિદ્રાનો લપસણો ઢાળ | 31 |

હું કોણ? 34

લુત્ફેહયાત 37

પરિવર્તનોની લીલા 41

મરણોત્તર અવસ્થા 44

આવરણની માયા 47

મારા જ નામની બહાર 50

થાક નામનો અતિથિ 53

શુદ્ધ કવિતાનો મહાલય 57

ભૂલા પડી જવાનો ભય 60

જીવનનું સીમોલ્લંઘન 63

પશ્ય દેવસ્ય કાવ્યમ્ 66

પંખીના ટહુકામાં સામગાન 69

પરાક્રમકાણ્ડ 72

વિદ્યા વિનાનો વિદ્યાર્થી 75

આત્મસંવાદ 78

શરદોત્સવ 81


આત્મવિલોપન 85

તિરસ્કરિણી વિદ્યા 88

મર્યાદાઓનું અરણ્ય 93

| | |
|---|---|
| રાજવૈભવના દિવસો | 96 |
| શિરામાં વહેતો જીવનરસ | 101 |
| બાળપણનો ખોવાયેલો શબ્દ | 106 |
| પોતાને ગિરવે મૂકવાના દિવસો | 109 |
| સંસ્કારોનાં અડાબીડ અરણ્યો | 113 |
| અનધ્યાયના દિવસો | 118 |
| કર્મહીનતાનું ઘેન | 124 |
| મધ્યાહ્નનો માણસ | 128 |
| આત્મીયતાની ભરતી | 134 |
| મરણની ઝાલર | 138 |
| ચેતનાનું બૃહત્ પરિમાણ | 142 |
| જાતને ખોવાનું પર્વ | 147 |
| સ્થળાન્તર કે જન્માન્તર | 150 |
| સ્પૃહણીય એકાન્ત | 154 |
| જૂનું ઘર છોડતાં | 158 |
| સિથેરિયાની યાત્રાએ | 162 |
| હું અને અન્ધકાર | 166 |
| સહજ તે વિરલ | 171 |
| નૈષ્કર્મ્ય | 174 |

# મુખપૃષ્ઠ


સુરેશ જોષી
પ્રથમ પુરુષ એકવચન

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો' આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

### આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# પ્રથમ પુરુષ એકવચન

પ્રથમ પુરુષ એકવચન

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – નિબન્ધ

સુરેશ હ. જોષી

સંકલન : શિરીષ પંચાલ

# નિવેદન

આમ તો દરેકના લલિત નિબન્ધોમાં પ્રથમ પુરુષની જ વાત આવતી હોય છે, પણ આ નિબન્ધોમાં જરા જુદી રીતે પ્રથમ પુરુષ ઉપર ભાર મુકાયો છે. સુરેશ જોષીના સૌ ચાહકો આને આવકારશે એવી આશા છે. આ પ્રકાશન માટે હું મહેન્દ્ર શાહની આભારી છું.

– ઉષા જોષી

કાર્તિક પૂર્ણિમા, 2044

# અર્પણ

## ગણેશ દેવી – સુરેખાને

જીવનમાં રસ લઈએ તો જ આપણો આપણે વિશેનો પણ સાચો રસ જાગે. પણ ફિલસૂફીનો કે દાર્શનિકતાનો એક દુરુપયોગ આપણા સમાજમાં થઈ રહ્યો છે. એથી જીવનને આપણે તુચ્છ ગણતાં થઈ જઈએ છીએ. એમાં પ્રવૃત્ત થવાનું જાણે અનિષ્ટકર છે એમ આપણે માનીએ છીએ. આથી જ્ઞાન વધતું હશે, પણ રસ વધતો નથી. જીવન શુષ્ક બની જાય છે. આથી અકાળે બધા વેગળા થઈને બેસે છે. પણ આ વેગળાપણું હમેશાં નિલિર્પ્તતાનું દ્યોતક હોતું નથી. ઊલટાનું, મોટે ભાગે એ પ્રમાદનું જ કારણ હોય છે.

**'પરિવર્તનોની લીલા' નિબન્ધનો એક ખણ્ડ**

કીતિની વાત જવા દો. એનું કેટલુંય અવાસ્તવની હવાથી ફૂલેલું હોય છે. તેના સંકોચન-પ્રસારણથી જે મનુષ્ય ખૂબ ક્ષુબ્ધ થઈ જાય છે તે અભિશપ્ત છે. ભાગ્યનું પરમ દાન પ્રીતિ છે, કવિ પક્ષે તે જ શ્રેષ્ઠ પુરસ્કાર છે. જે મનુષ્ય કામ કરે છે તેનું વેતન કીર્તિ આપીને ચૂકવી શકાય. આનન્દ દેવાનું જ જેનું કામ છે એનું પ્રાપ્ય પ્રીતિ વિના ચૂકવી શકાતું નથી.

**– રવીન્દ્રનાથ ઠાકુર**

# રૂપરસગન્ધસ્પર્શનું જગત

કશી વાતો નથી કરવાની હોતી ત્યારે આપણે આબોહવાની વાતો કરીએ છીએ. કોઈ પૂછે છે; 'કેમ ઉનાળામાં ક્યાંક બહાર જવાના નથી?' હું અસ્પષ્ટ કશુંક એકાક્ષરી ગણગણું છું. કોઈ કહે છે કસૌલી, કોઈ કહે છે ડેલહાઉઝી, કોઈ કહે છે મસૂરી. એઓ તે સ્થળોનાં નામ લેતાં જ જાણે ત્યાં પહોંચી ગયા હોય એવી રીતે મલકાવા માંડે છે, કેટલાક એવે સ્થળે જવાનું એ જાણે એમને માટે ટેવરૂપ થઈ પડ્યું છે એવું બતાવે છે.

હું કશોક સ્પષ્ટ જવાબ નથી આપતો એટલે કોઈક વળી અકળાઈને પૂછે છે : 'કેમ, આ ધખધખતા ઉનાળામાં અહીં જ શેકાવાના છો?' હું કહું છું : 'હું તો આ ઉનાળો ફૂલો સાથે ગાળી રહ્યો છું.' મારી આ વાત એ સજ્જનને વેવલી કવિતાઈ જેવી લાગે છે. ભ્રાન્તિમાં રાચનાર પ્રત્યે દયાની નજરે એઓ જોઈ રહે છે, એમને શી રીતે સમજાવવું કે મારી વાત સાવ સાચી છે. હિલસ્ટેશનોનું હું ગૌરવ કરું છું. હિમાલય ચાલીને જવાની વય હતી ત્યારે સંસારની આસક્તિ છૂટી નહોતી. કિશોરવય વટાવીને યૌવનમાં પ્રવેશતી વેળાએ સન્ધિકાળે આધ્યાત્મિકતાનું એક જબરું મોજું ધસી આવ્યું હતું ત્યારે વિવેકાનંદ અને સ્વામી રામતીર્થને મન સામે આદર્શ તરીકે રાખ્યા હતા. કોઈ સાંજે એમ થતું કે હવે ઘરે પાછા ફરવું જ નહિ ત્યારે પ્રેમની કશી અલાબલા નહોતી પણ કોણ જાણે શાથી પગ ઘર તરફ જ વળતા.

વિવેકાનંદ ગયા અને રવીન્દ્રનાથ આવ્યા. એમણે તો કહી દીધું કે 'આમિ હબો ના તાપસ હબો ના તાપસ જદિ ના મેલે તપસ્વિની.' જો તપસ્વિની મળે નહિ તો મારે તપસ્વી થવું નથી. ઇન્દ્રિયોનાં દ્વાર બંધ કરીને જગતને પ્રવેશતું અટકાવવાની વાત એમણે મંજૂર

રાખી નહિ. એમણે તો રૂપરસગન્ધસ્પર્શથી સભર જગતને સંવેદવું એ જ તપ એવું શીખવ્યું. શિરીષના ફૂલની ઊંચેથી આવતી ક્ષીણ સુગન્ધ, નદીના જળમાં તરતી મેઘની છાયા, નદી કાંઠે ઝૂલતી કાશની ચામર, શરદનું હળદવર્ણું ઘાસ – આ બધાંની માયા લાગી.

પ્રકૃતિમાંથી જ એક દિવસે એકાએક પ્રગટ થઈ નારી, સમુદ્રમાંથી પ્રગટ થતી લક્ષ્મી કે વિનસની જેમ જ નારી પ્રવેશે છે. આપણા જીવનમાં પ્રેમપર્વ શરૂ થયું. એની સાથે દેશાટન ને ભ્રમણપર્વ પણ શરૂ થયું.

સ્પૅનિશ કવિ લોર્કાની જેમ હું પણ પાંચ ઇન્દ્રિયોના તીક્ષ્ણ ખંજરથી ઘવાયો. કેવળ જોઈ રહેવાની માયા લાગી. અકળ રીતે એક પ્રકારની અનાસક્તિ ફરીથી છલકાવા લાગી. નવે સ્વરૂપે વળી આધ્યાત્મિકતાનું મોજું આવ્યું. હવે ઘર જ હિમાલય બની ગયું.

તેથી તો કહું છું કે, હું આ ઉનાળો ફૂલો સાથે ગાળું છું. મોગરો, જૂઈ, સોનચંપો, શિરીષ, ગુલમહોર, ગરમાળો, શીમળો. ઠંડક, સુગન્ધ અને રંગનો વૈભવ એમાંથી કશું ઉપજાવી કાઢવાની દાનત નહીં, કશી આસક્તિ વગરનું સુખ માણું છું. મોગરાની બે પાંખડી વચ્ચેનો સુગંધી અવકાશ, ફૂલની નાજુકાઈ, નાના હતા ત્યારે મોગરાનાં ફૂલ નાકમાં ખોસીને ફરતા, સુગન્ધથી શ્વાસ રૂંધાય તો ભલે.

સોનચંપો તો અતિથિવિશેષને સ્થાને છે. એ હંમેશાં ન આવે. આવે ત્યારે ઉત્સવ, ભગવાનનો ને આપણો જન્મ દિવસ તો વર્ષમાં એક જ વાર આવે, પણ પુષ્પોનો તો દરરોજ જ જન્મોત્સવ. આથી જ પુષ્પોની મૃત્યુતિથિની વાત કરવાની જ ન હોય. પુષ્પો સાથેની શબ્દાતીત શાન્તિભરી વાતો સદા ચાલ્યા જ કરે.

બારીમાંથી જોઉં છું તો નીચેના બાગમાંનું ગુલાબ હસીને અભિવાદન કરે છે. ગુલાબ અને રિલ્કે મારા મનમાં ભેગાં જ જડાઈ ગયાં છે. ગુલાબની પાંખડીઓ પાંપણ જેવી લાગે છે. બંધ પાંપણો જાણે કેટલી બધી શીતળ નિદ્રાનો નર્યો સંચય. ગુલાબની સહેજ ઝૂકેલી મુદ્રામાં શિશુનું ઊંઘથી નમેલું મસ્તક, મોહક નમ્રતાનો અનુભવ થાય છે. મૂઠીભર પણ નહિ, લઘુક અંજલિ જેટલી કેવળ આન્તરિકતા પણ એની પાછળ રિલ્કેએ રૂપાન્તરનો

અદ્ભુત કીમિયો જોયો છે. એમાં તો આખું જગત, પવન, વર્ષા, વસન્ત ઋતુનું ધૈર્ય, દોષ, બુદ્ધિ, અજંપો અને અપ્રગટ ભાવિ, પૃથ્વીના હૃદયનો અધિકાર, રૂપ બદલતાં વાદળો, પંખીઓનું ભેગા થવું, ઊડી જવું, દૂરનાં નક્ષત્રોનો આછો વરતાતો પ્રભાવ. આ બધું જ આખરે આ કીમિયાથી એક ગુલાબમાં પરિણમે છે. આથી જ તો ગુલાબને હું અહોભાવથી દૂરથી જ જોઈ રહું છું. એને હાથમાં લેતો નથી. એની ખરી પડતી પાંખડીઓને હું જોઈ શકતો નથી. એની પાછળ ધ્યાનસ્થ મુદ્રામાં બુદ્ધને જોઉં છું.

18-5-75

# સામાન્યતાનું ગૌરવ

પતંગિયાંઓને ઊડાઊડ કરતાં જોઉં છું. થોડાક નિશાળિયાઓ કુંવાડિયા ઉખેડીને એનાથી પતંગિયાંને મારવા દોડાદોડ કરે છે. મનમાં થાય છે કે આટલી કુમળી વયે પણ માનવીના લોહીમાં જે ક્રૂરતા રહી છે તે છતી થાય છે એ વિશે કંઈક તીખા વ્યંગથી, કંઈક કરુણા ઉપજાવે એવી રીતે ને કંઈક દાર્શનિકની અદાથી કશુંક લખી નાખું. જે પતંગિયાં નિશાળિયાને હાથે મોત નથી પામતાં તેને કાળિયો કોશી અને પતરંગા પકડી લે છે. હું જોઉં છું. પતરંગો વીજળીના તાર પર બેઠોબેઠો પતંગિયાંને પછાડી પછાડીને મારી નાખે છે ને પછી એને ગળી જાય છે. પતંગિયાંની સુન્દર પાંખોની એને કશી ખબર નથી. કુદરતમાં કેટલી બધી નિરર્થકતાઓ છે! ટેક્સીડર્મિસ્ટ પતંગિયાંઓને એકઠાં કરે છે, ટાંકણીથી વીંધીને સાચવી રાખે છે. એને વિશે વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ રજૂ કરે છે. પણ એક પતંગિયાના ઉડ્ડયનનો અન્ત એટલે મારે મન તો એક આખા સૌન્દર્યમય વિશ્વનો કરુણ અન્ત. મારું મન ખિન્ન છે એટલે જ કદાચ મને આવું લાગતું હશે. બાકી ઘણા દિવસ પછી ઉઘાડ નીકળ્યો છે. સોનેરી તડકો લખલૂટ વેરાયો છે. મેદાનમાંનું ઘાસ હસી ઊઠ્યું છે. પણ આ વિશ્વની રચનામાં, એક વાર કેમ્યૂને લાગી હતી તેવી, નિરર્થકતા અને અસંગતિ દેખાયા કરે છે. લોકોનાં મનમાં કેટલી બધી હિંસા છે! ઘણા ઉચ્ચભ્રૂ લોકો ભવાં ચઢાવીનેય ફરે છે. કોઈની ગરીબાઈનો પણ રખેને આપણા પર ડાઘ પડી જાય એવી રીતે પોતાનાં કપડાં કોરાં રાખવાની ચિંતામાં પડેલા લોકોને જોઉં છું. સંસ્કારી લોકો વધુ ને વધુ સાંકડા વર્તુળમાં રહેતા થઈ જાય છે. એમના સંસ્કાર, એમની રસિકતા, એમના શોખ – એ વધુ ને વધુ અલ્પ લોકો માણી શકે તેમ એઓ વધારે ઊંચા એવી કંઈક એમની માન્યતા છે.

મારે બારણે ઘંટડી છે ખરી પણ તે બરાબર વાગતી નથી. ઘણી અપરિચિત વ્યક્તિઓ મારે ઘરે આવી ચઢે છે. મનેય શિષ્ટ સમાજના નિયમોની ઝાઝી ખબર નથી. આથી અનૌપચારિકતા મને સદી ગઈ છે. કોઈ શ્રમિક વર્ગનો અદનો આદમી આવે છે. કવિતાનો શોખ છે. એનાં કપડાં લઘરવઘર છે. પગે રસ્તાની ધૂળ લાગેલી છે. એની સહેજ ફિક્કી આંખોમાં કાવ્યનો આનન્દ માણ્યાની ચમક છે. એ ચમક મને સાચવી રાખવા જેવી લાગે છે. હું એની ચિન્તામાં છું. મને મન થાય છે કે હું એને કોઈ કવિની ઉત્તમ કવિતાનો સંગ્રહ ભેટ આપું. પણ મારી પાસે જે છે તેમાંથી મોટા ભાગનું માગી આણેલું છે. હું પોતે ઘણાં વર્ષોથી ઝાઝાં પુસ્તકો ખરીદી શક્યો નથી. ધનિકોના ઘરમાં પુસ્તકાલયનો જુદો ઓરડો હોય છે. લેધરબાઉન્ડ સોનેરી અક્ષરથી ચળકતાં નામવાળાં પુસ્તકો ત્યાં અસ્પૃશ્ય અવસ્થામાં પડ્યાં હોય છે. આ શ્રમિક કાવ્યરસિક એમાંનાં કોઈક પુસ્તક પામે તો?

ઊંચી પાયરીના ને અધિકારી લોકો જોડેનો વ્યવહાર મને આવડતો નથી. હું અશિષ્ટ નથી પણ ભદ્ર સમાજના શિષ્ટાચારની કૃત્રિમતા મને રૂંધી નાંખે છે. જ્યાં મન ફાવે ત્યાં બેઠા, ગપસપ લડાવી, આનન્દ થયો તો ખડખડ હસ્યા, ન બોલવું ગમે તો મૂંગા રહ્યા – આ બધું નિર્બન્ધપણે થઈ શકતું હોય ત્યાં જવું ગમે. પણ જ્યાં હસવા વિશેના પણ નિયમો હોય, શું બોલવું ને શું ન બોલવું તે વિશેના પણ નિયમો હોય ત્યાં તો શ્વાસ રૂંધાઈ જાય. હૃદય કરતાં આચારને વધારે મહત્ત્વ હોય ત્યાં મને ફાવતું નથી.

આથી જ તો કૃત્રિમ દીવાલો રચીને બેસનારા માણસો સાથેનો વહેવાર અઘરો થઈ પડે છે. કોઈનો વિવેક જ એવો હૃદયહીન હોય છે કે એની નિષ્પ્રાણતાને ખુલ્લી પાડવા હું ઉશ્કેરાઈ જાઉં છું. મને લેબલ લગાડીને ફરનારાં માણસો નથી ગમતાં. એ લોકો કોણ છે તેનું આપણને વિસ્મરણ નહીં થવું જોઈએ એવો એમનો આગ્રહ હોય છે. માણસ માણસાઈને ઢાંકીને હોદ્દો કે પાયરીની જ જાહેરાત કર્યા કરે તો એની જોડે શાનો વિનિમય કરી શકાય? મેં જોયું છે કે ઘણા માણસો બહારથી આકરા તોછડા લાગતા હોય છે. પણ એમનું હૃદય ઘણું કોમળ હોય છે. એથી ઊંધું બનતું પણ ઘણી વાર જોયું છે. બહારથી સૌમ્ય, મૃદુ ને હસમુખા લાગતા માણસો ભારે ધૂર્ત, ખંધા ને દમ્ભી હોય છે. એઓ બીજાં

માનવીઓને માનવી તરીકે જોતા જ નથી હોતાં, કેવળ પોતાનાં સાધનો તરીકે જ જુએ છે. હું આવા માનવીઓને માફ કરી શકતો નથી.

વિદ્વત્તા પણ ફૂટી નીકળતી હોય, ગેંડાની દાતરડીની જેમ મારકણી બનતી હોય તો એનાથી દૂર રહેવું જ સારું. જે મને માનવીથી નોખો પાડે તેનો મને વહેમ છે. મેં ચાર ચોપડી વધારે વાંચી હોય તો તેનો ભાર હું બીજા પર શા માટે ચાંપું?

મને લાગે છે કે એવી સમુદાર ચિત્તવૃત્તિ પણ હોય જે આ બધી ક્ષતિઓની ઉપરવટ જઈને સાચા માનવીને પારખી લઈ શકે. હું ઉગ્ર બનીને ચર્ચા નથી કરતો એમ નહીં, પણ એ ઉગ્રતા દૃષ્ટિબિન્દુની હોય, એનું નિશાન કોઈ માનવીને કેવો પામર બનાવી દે છે!

જગતમાં સ્નેહ એ એક વિરલ ભાવના છે. સ્નેહની એક ક્ષણ પામવા માટે માનવીને કેટકેટલા અન્તરાય ઉલ્લંઘી જવાના રહે છે! સ્નેહની એક આકરી શરત એ છે કે જેનામાં પોતાનો નિઃશેષ લોપ કરવાની શક્તિ નથી તે ચાહી શકે નહીં. સ્નેહની એક ક્ષણને સંઘરવા જેટલું પરિમાણ આપણે સિદ્ધ નથી કર્યું હોતું તો સ્નેહથી જ આપણે ભાંગી જઈએ છીએ. મેં કલ્પના નથી કરી કે કોઈ દિવસ હું મૌન વ્રત પાળી શકું. મને વાચાળ માણસો ગમે છે. એમનાં હૃદય છલકાઈ જઈને વાણી દ્વારા વહેતાં હોય છે. મૂંગા, ઓછાબોલા, ઠાવકા, સાવધ ચતુર માણસોથી હું ડરીને ચાલું છું. એમનો સામાન્ય વ્યવહાર પણ જાણે શતરંજનો વ્યૂહ ગોઠવતા હોય એવો હોય છે. પણ આપણે એવું બોલવું જોઈએ કે જેથી સામા માણસની પણ વાણી નિર્બાધ બનીને વહી શકે. બીજાની વાણીને રૂંધે એવી તો આપણી વાણી હોવી જ ન જોઈએ.

ઘણા પોતાના ગૌરવનું સિંહાસન પોતાને ખભે જ ઉપાડીને ચાલતા હોય એવા ભારેખમ બનીને ચાલે છે. રસ્તે એઓ મળે તો એમનો હાથ હાથમાં લઈ શકાતો નથી, એમને ખભે હાથ મૂકી શકાતો નથી. એઓ એમની ગતિને અટકાવ્યા વિના આપણા તરફ કૃપાદૃષ્ટિ કરીને, અને જો વધારે ઉદાર બની શકે તો, સહેજ સરખું સ્મિત વેરીને ચાલ્યા જાય છે. અધિકારીઓને તો હું મળવાનું ટાળું જ છું. એમને તો આપણે સદા યાચક જ લાગીએ છીએ. એઓ ઊંચી નજર કરીને કે આંખમાં આંખ મેળવીને આપણી સામે જોતા નથી, અને એ બે માનવી મળ્યા એનું પ્રથમ ચિહ્ન છે!

એક રીતે જોઈએ તો સામાન્યતા એ જ ભારે વિરલ વસ્તુ છે. આપણી સામાન્યતા ક્યારે છૂટી જાય છે તેની જ કેટલીક વાર તો ખબર પડતી નથી. સામાન્યતા હોય છે ત્યારે બધું જ અત્યન્ત સહજ અને સરળ હોય છે. અસામાન્યતાનો પ્રવેશ થાય અને એને વિશેની સભાનતા વધતી જાય પછી આપણાં પગલાં પહેલાંની જેમ પડતાં નથી. પછી આપણે વધુ ને વધુ એકલા પડતા જઈએ છીએ. શરૂઆતમાં તો આ અસામાન્યતાનો આપણને છાક ચઢે છે. એની પ્રથમ નિશાની આપણી વાણીમાં વર્તાય છે. વાણીમાંથી સ્નિગ્ધતા ચાલી જાય છે, કકરાપણું આવી જાય છે. પછી દૃષ્ટિમાં ફેરફાર થાય છે. દૃષ્ટિ એની સહજતા ગુમાવે છે. એમાં થોડી કુટિલતા પ્રવેશે છે. આટલેથી જો કોઈ ચેતી જાય તો બચી જાય, તો એ સામાન્યતાને ખોઈ ન બેસે પણ લપસણા ઢાળ પરથી સરક્યા પછી કોણ પોતાની જાતને રોકી શકે?

સંઘર્ષ, ઈર્ષ્યા, સ્પર્ધા અસામાન્યતાના ક્ષેત્રમાં જ છે. જો મારી પ્રાપ્તિ મારા પર સવાર થઈ જાય તો એને સાચવ્યા કરવાની જવાબદારી મારે માથે આવી પડે. ઘણા જુવાન સાહિત્યકાર મિત્રોની સભાનતા ભારે તીક્ષ્ણ હોય છે. એ સામાને છેદી નાખે છે. આથી ઘણી વાર સાહિત્યકાર મિત્રો સાથે સાહિત્ય સિવાયની વાતો કરવાનું વધારે પસંદ કરું છું. ‘હમણાં શું લખો છો? હમણાં શું વાંચો છો?’ આ પ્રશ્નપત્રકની વિગતો ભરવાનો મને ભારે અણગમો છે. દિવસોના દિવસો કશું વાંચ્યા વગરના જાય છે. કવિતાઈના ડોળ કરીને બોલવું હોય તો કહું, ‘હમણાં તો હું મારી જાતને ફરીથી લખી રહ્યો છું. હમણાં હું સૃષ્ટિને જ વાંચું છું.’

આટલી બધી શુષ્કતા, અનુદારતા, અભદ્રતા, ઉદ્ધતાઈ વચ્ચે હજી સ્નેહ શક્ય છે એ કેવું અદ્ભુત! પતંગિયું મરી જાય છે, પણ પ્રકૃતિના રંગ ઝાંખા નથી પડતા. આંચકી લેવું, ઝડપી લેવું, આપણે આપણું સંભાળીને બારણે સાંકળ વાસીને બેસી રહેવું. આ ઘટના જ માનવીને ઘૃણાસ્પદ બનાવે છે, માનવી ચાહવા જેવો નહીં રહે તો પછી એનામાં રહ્યું શું? આથી મારું મન ખિન્ન થઈ જાય છે ત્યારે પણ હ્યદય અનુદાર નહીં થાય એની હું તકેદારી રાખું છું. દૂર રહીને ગાળ દેનાર પણ કોઈક વાર મારી ભાળ કાઢવા આવે છે. એ કેવો સુખદ ચમત્કાર છે! આથી જ તો મને લાગે છે કે સ્નેહ એ ખૂબ જ સહજ વસ્તુ છે. એ ખોવો ભારે વિઘાતક નીવડે.

સુરેશ જોષી

5-8-75

# શરદનું આગમન

શરદના આગમનનાં લક્ષણો દેખાવા લાગ્યાં છે. અત્યારે તો મોડી રાતથી તે છેક મળસ્કા સુધી ચાંદની પથરાયેલી હોય છે. વહેલી સવારે ધુમ્મસમાં લપેટીને મને કોઈ લઈ જાય છે. પછી સવાર અને ભાદ્રપદનો આકરો સૂરજ. મારા તો અનારોગ્યના દિવસો શરૂ થયાની એંધાણી મળી ચૂકી છે. હૃદય ફફડે છે.

હૃદય મારી અંદર જ છે. પણ એ કેવું હશે એનો મને ખ્યાલ નથી. એનાં ચિત્રો જોયાં છે. પણ મને એવાં જુદાં જુદાં ચિત્રો જુદે જુદે સમયે દેખાય છે. કોઈક વાર એ દરમાં ભરાયેલા સસલા જેવું લાગે છે, તો કોઈક વાર રાખોડી રંગના નાના કુરકુરિયા જેવું ટૂંટિયું વાળીને પડી રહ્યું હોય એવું લાગે છે. કોઈક વાર બાળકોને રમવાનો દડો કોઈક અંધારિયા ખૂણામાં પડી રહ્યો હોય એવું એ પડી રહેલું લાગે છે, તો કોઈક વાર ફૂટ્યા વગરનો બોમ્બ જાણે ન હોય એવું લાગે છે.

આવી ચાંદની રાતે જ ઝાકળભીના ઘાસમાં ખુલ્લે પગે ચાલવાનું મન થાય છે, પણ વાસ્તવમાં તો બારી ખુલ્લી રાખીને થોડી વાર બેસી રહું છું. પછી ઠંડક વધતી જાય છે. શ્વાસનો લય બદલાય છે. એકાએક કોઈ છૂપા શત્રુની જેમ એક દાંત એની ગેરીલા લડાયક વૃત્તિથી મને હેરાન કરવા માંડે છે. બહારની સુન્દરતાનો આખો સંકેત બદલાઈ જાય છે. હું જાણે કોઈ યાતનાભર્યા કારાગારમાં ફસાયો હોઉં એવું લાગે છે.

વેદનાના ધગધગતા સળિયા ચંપાતા હોય ત્યારે કોઈ યોગીની અદાથી હું પેલી જર્મન ગાયિકા જુદી જુદી દસ-બાર ભાષામાં ગીત ગાતી હતી તેને યાદ કરું છું. પાતળું સળેકડા

જેવું શરીર, છતાં હિબ્રુ કે સ્પૅનિશ ગીત ગાતી ત્યારે જાણે બંધ દાંત વચ્ચેથી ભારે આવેશપૂર્વક સૂર નીકળતા સંભળાય. એવી જ કશાક સૂરની પ્રચણ્ડ થપાટ મારા દાંતને લાગે છે ને એ ઝનૂની સૂર પ્રગટ થયા વિના જ શમી જાય છે.

સંગીતની સ્મૃતિ ઊલટાની મને વધુ પજવે છે. એમાંથી છટકીને હું રાતવેળાએ જંપી ગયેલો. શહેરની છબિ મન સામે ઉપસાવું છું. સૌ પોતપોતાની આગવી વ્યક્તિમત્તાને સંકેલી લઈને એને આંશિક નીચે મૂકીને સૂઈ ગયાં છે. યોગીઓના આત્મા દેહના ખોળિયાને અહીં પડ્યું રહેવા દઈ અગમ અગોચર ભણી ચાલી નીકળ્યા હશે. પરપીડન અને આત્મપીડન વચ્ચે ઝોલાં ખાતાં માનવ આખરે ભગવાનના ખોળામાં માથું મૂકીને સૂતાં હશે. પણ એમણે એમની ટેવનું માળખું તો હાથવગું જ રાખ્યું હશે. આખા દિવસ દરમિયાન છાપામાં ઠલવાયેલા શબ્દો, સરકારી ધારાધોરણ અને વટહુકમોમાંના શબ્દો, જાહેર સભાઓમાંના ઘોંઘાટિયા શબ્દો, કથાકારનાં પ્રવચનોમાંના તિલક કરેલા ચન્દનથી સુગન્ધિત શબ્દો, મુત્સદ્દીગીરીઓના ધૂર્ત શબ્દો – આ બધા જ મૂગાંમૂગાં ટોળું વળીને ચાલી જતા દેખાય છે.

મારું કવિતાલોભી મન આશ્વાસન શોધવા કવિતા પાસે જાય છે. પણ મારી સ્મૃતિ અળવીતરાં કરે છે. એને એક હિબ્રૂ કવિની જ કવિતા એકદમ યાદ આવી જાય છે : ‘હું પડછંદ છું ને સ્થૂળકાય છું. મારી ચરબીના દરેક કિલો સાથે વિષાદના એક કિલોનું વજન ભળી ગયું છે. આમ તો હું પહેલાં બોલતાં તોતડાતો હતો, પણ જ્યારથી જૂઠું બોલતાં શીખી ગયો છું ત્યારથી મારી વાણીનો પ્રવાહ અસ્ખલિત વહ્યો જાય છે. માત્ર મોઢું ભારે વજનદાર – ઉચ્ચારવા મુશ્કેલ એવા શબ્દો જેવું – લાગે છે. કેટલીક વાર મારી આંખોમાં હજુ દૂરદૂરથી ફૂટતી તોપોના ભડકા દેખાય છે. કદાચ મારામાં ઊંડે ઊંડે કશુંક યુદ્ધ ચાલી રહ્યું હશે – કોઈ પુરાણું યુદ્ધ. હું બીજાને કશું નહીં ભૂલવાનું કહું છું, પણ મારી જાતને તો હું ખુદ પોતાને પણ ભૂલી જવાનું સમજાવી રહ્યો છું. આખરે હું પોતે પણ ભુલાઈ જઈશ.’

ધીમે ધીમે રાત્રિ નિ:શબ્દ બનતી જાય છે. એવી ક્ષણે જ આખો દિવસ ધૂર્ત મૌન સેવનારા ઈશ્વરનો ઘોંઘાટ ઉગ્ર બનતો લાગે છે. એના મન્દિરના પાયામાં દુ:ખી આર્ત જીવોની યાતના છે, એને કરવામાં આવતી બધી પ્રાર્થનાઓ લાચારીથી ભરેલી છે. પૂરા

આત્મવિલોપનથી ઓછું કશું એને ખપતું નથી. જેમ જેમ રાત્રિ પ્રભાત તરફ ઢળતી જાય છે તેમ તેમ નવી યાતનાઓના અંકુર ફૂટતા જાય છે. આખોય દિવસ એ અંકુરની વિકાસલીલા જોવા સિવાય કશું કરવાનું રહેતું નથી. આ બધાંને આજે પાછો આ લીલાના સર્જક ઈશ્વરનો આપણે આભાર માનવાનો રહે.

ચાંદની રાતમાં કણસતા અવાજવાળી ભૂતાવળ ચાલી જતી જોવાની પણ એક વય હતી. હવે એવી કશી કાલ્પનિક ભૂતાવળની મદદ લીધા વિના (કારણ કે હવે તો દેહમાં જ ભૂતાવળના પડછંદા ગાજે છે) જ એનો અનુભવ થઈ શકે છે. કોઈ એમ કહેશે કે તમારો દાંત દુ:ખે તેમાં સંસાર દુ:ખમય છે એમ કહેવાનો શો અર્થ? ના, એવું તો છેક નથી. અત્યન્ત સુખની ક્ષણોમાં પણ આપણને એવું નથી થતું? કાલિદાસનો પેલો શ્લોક યાદ કરી જુઓ, 'રમ્યાણિ વીક્ષ્યં મધુરાણિ નિ:શમ્ય શબ્દાન્–' આપણે સૌથી સુન્દર દૃશ્ય જોતા હોઈએ કે સૌથી મધુર શબ્દ સાંભળતા હોઈએ ત્યારે જ કશાક અકથ્ય વિષાદથી આપણું મન છવાઈ જાય છે. રિલ્કેએ પણ આ જ વાતનો પડઘો પાડ્યો છે. એનું કારણ કદાચ એ જ છે કે સુખ ક્ષણિક છે. 'આ સુખ છે' એમ કહીને ઓળખીએ તે પહેલાં તો આ અદૃશ્ય થઈ જાય છે. રોજ-બ-રોજની ઘટમાળ ચાલતી હોય છે ત્યારે તો જડતાને જ સુખ માનીને આપણે જીવી કાઢીએ છીએ, પણ કશાકની ઉત્કટ અનુભૂતિ થાય ત્યારે જ વિષાદના અનુભવની ભૂમિકા રચાય છે.

પુસ્તક વાંચતાં વાંચતાં અધૂરું મૂકીને વચ્ચે પાનું યાદ રાખવા નિશાની મૂકી, ચોપડી બંધ કરી. પેલી અધૂરી મૂકેલી કવિતાની પંક્તિ કંઈ ત્યાં જ થોડી અટકી ગઈ? એ તો આગળ વધીને બહાર ચાંદનીમાં વિસ્તરી ગઈ. ત્યાં શબ્દમાંથી નિ:શબ્દતામાં એનો મોક્ષ થયો. પછી પાછો ભવિષ્યમાં કોઈ કવિ આવશે ત્યારે એ નિ:શબ્દતામાંથી એને આંચકી લઈને ફરી બન્ધનમાં પૂરશે. કોઈ વાર ઓસરી જતી સર્જકતાથી ભયભીત થઈ જાઉં છું ત્યારે મનને આ આશ્વાસન આપું છું. હવે શબ્દપર્વ પૂરું થયું, હવે મોક્ષપર્વ શરૂ થયું. તેમ છતાં શબ્દમાંથી નિ:શબ્દમાં જવાની પ્રક્રિયા પોતે જ સર્જકતાને નથી પડકારતી? વાલેરી કે રિલ્કે આવો પડકાર ઝીલી લે છે. 'ધ રેસ્ટ ઇઝ સાયલેન્સ' કહીને શૅઇકસ્પિયર પણ છટકી જતો નથી. ત્યાર પછી પણ એલ્સિનોરના કિલ્લાની દીવાલ સાથે પછડાતા સમુદ્રના પડછંદા આપણે નથી સાંભળતા?

આખરે દુ:ખશામક ટીકડી ફંફોસીને શોધી કાઢું છું. ધીમે ધીમે વેદનાનો કઠણ ગાંગડો ઓગળતો જાય છે, ઊંઘ આડે બાંધેલી પાળ તૂટી પડે છે, ઊંઘને તળિયે બેસી જાઉં છું. તોય ઊંઘના એ ઊંડાણમાં પણ ક્યાંક આ યાતના સંતાતી ફરતી હશે એવી ભીતિ મનમાંથી પૂરી જતી નથી.

સવારે દૈયડ અને બુલબુલ મીઠા ટહુકા કરે છે, કદાચ એ તો એમની બુભુક્ષાનો જ અવાજ હશે, પણ એ સન્દર્ભની બહાર રહીને એને સાંભળું છું ત્યારે મને કેવળ મધુરતાનો આસ્વાદ થાય છે. તેથી જ તો ઘણી વાર એવું લાગે છે કે આપણો પરિમિત સન્દર્ભ, સંકુચિત પરિપ્રેક્ષ્ય જ બધી કુરૂપતા અને અરુચિકરતાનું કારણ છે. ભવભૂતિની ખુમારીથી આપણે પણ કહી દેવું જોઈએ : કાલો અયં નિરવધિ વિપુલાચ પૃથ્વી!

શરદ આવી. ગાડીમાંથી જતાં રેલવેના પાટાની બંને બાજુએ શરદનું મહિમ્નસ્તોત્ર ગાતાં કમળોને જોયાં. નદીનાં નીર હજી રતુમડાં, માટીવર્ણાં ને ડહોળાં છે. હજી આકાશની નીલિમા એમાંથી પ્રતિબિમ્બિત થતી નથી. પછી તો જાણે પૃથ્વી બે આકાશની વચ્ચે રહીને શોભી ઊઠશે. મુંબઈનું એક સુખ મુંબઈ છોડ્યાની સાથે મારે છોડવું પડ્યું છે. એ છે સમુદ્રનું સુખ. સમુદ્રને સાંભળવાનો મને નશો ચઢે છે. એની સુવિસ્તૃત ચંચળતા સ્તબ્ધ બનીને જોયા કરું છું. ચારે બાજુ ભલે ને અસંખ્ય માનવીઓ હોય, હું સમુદ્રકાંઠે બેઠો હોઉં છું ત્યારે મને નર્યું એકાન્ત જ લાગે છે. અહીં કોઈક વાર રાતે જાગી જતાં મેદાનમાંના ધુમ્મસને જોતાં મને સમુદ્રની ભ્રાન્તિ થાય છે.

આસોના ઉજમાળા દિવસો આવશે ત્યારે મારો કાવતરાંખોર દેહ દ્રોહી બનીને મને દગો દેશે. એની આ કપટલીલા હું જોયા કરું છું. હજી સુધી તો દુ:ખમાંથી કશું તારવી કાઢવાનો લોભ થયો નથી. દુ:ખ એ દુ:ખ છે, એમાં કશં આશ્વાસન શોધવાની પણ વૃત્તિ થઈ નથી. મારા દુ:ખથી સહેજ અળગા સરી જઈને હું બીજાના સુખનો સાક્ષી બની શકું છું.

*26-9-75*

# અનુભવોની સજીવનતા

મને માનવીઓ ગમે છે, પ્રકૃતિ પણ ખૂબ ગમે છે. આથી જ શરીર પાંગળું નહોતું બની ગયું ત્યાં સુધી અજાણ્યા પ્રદેશોમાં ફરવાનો ખૂબ લોભ હતો. હજી પણ કોઈ નિમિત્તે કોઈ અજાણ્યા નાના સરખા ગામડામાં જવાનું થાય છે તો હું હરખાઈ જાઉં છું. મને યાદ છે એક વાર ડોલરરાય માંકડ સાથે સાહિત્ય યાત્રાએ નીકળ્યા હતા. શામળ ભટ્ટે જે બારોટનો આશ્રય લીધેલો તે સહુજ ગામમાં ગયા. શામળ ભટ્ટ વિશે એ બારોટના કુટુમ્બ સાથે વાતો થઈ હતી. એમાંનું કશું યાદ રહ્યું નથી, યાદ રહી છે માત્ર બોરડી અને એની પાસેનું મહાદેવનું મન્દિર.

આમ કોઈ મોટા શહેરમાં જઈ આવ્યા પછી યાદ કરું છું તો કોઈ મારા દાદા જેવા લાગતા વૃદ્ધની આંખે કોઈ ઘટાદાર લીમડો કે શહેરથી ખૂબ દૂર સરી ગયેલી ક્ષીણતોયા નદી મારા મન:ચક્ષુ આગળ તાદૃશ જઈ ઊઠે છે. હમણાં પોરબંદર જઈ આવ્યા પછી યાદ કરું છું તો રાતે સમુદ્ર આગળ પાળ પર બેઠા હતા ત્યારે એ કૃષ્ણપક્ષની રાતે આકાશમાં છવાયેલો અન્ધકાર સમુદ્રના ઊંડાણના અન્ધકાર સાથે ભળીને ઘનીભૂત થતો અનુભવ્યો હતો તેની જ સ્મૃતિ માત્ર તાદૃશ બનીને રહી છે. બીજું કશું યાદ કરવા જાઉં છું તો બધું ઝાંખું થઈ ગયેલું લાગે છે.

માનવીઓ વિશે પણ આવું જ છે. કેટલીક વાર એવી વ્યક્તિઓની છબિ મનમાં તરવરી રહે છે જેની સાથે એક શબ્દ બોલવાનું પણ બની શક્યું નહીં હોય. એમ છતાં એ મુખ ઊંડે ઊંડે કોતરાઈ જાય છે. આમ કેમ થતું હશે? આપણું મન કયા ધોરણે કશુંક જાળવી રાખવાનું પસંદ કરે છે તે સમજાતું નથી. કોઈક વાર કોઈ ઘર આખું યાદ નથી આવતું,

પણ એમાં જોયેલા પડછાયાઓ યાદ રહી જાય છે. કોઈક ઘરનો એકાદ ખૂણો યાદ રહી જાય છે. બાળપણમાંના સોનગઢના ઘરમાં જે ઓરડામાં સૂતા (જ્યારે એને કોઈ 'બેડરૂમ' નહોતું કહેતું) તે ઓરડાનાં બારણાં પાછળના જે ખૂણામાં દીવેલનું કોડિયું મૂકતા તે ખૂણો જ યાદ છે.

કોઈક વાર કોઈ સ્થળનું નામ લેતાંની સાથે મનમાં અમુક ફૂલની સુગન્ધ લહેરાવા લાગી છે. આ રીતે મારા મનમાં મધુમાલતી, સોનચંપો અને મેગ્નોલિયા જુદાં જુદાં દશ્ય પ્રસંગો સાથે સંકળાઈ ગયાં છે. બહુ મનોરમ દશ્ય જોઈએ છે તે યાદ રહેતું નથી. માયસોરમાં વૃંદાવનનું ફુવારાવાળું ઉદ્યાન જોયું તે યાદ નથી, પણ કૃષ્ણરાજસાગરનાં ઘૂઘવતાં જળ યાદ છે, ચામુંડાની ટેકરી પરનું ધુમ્મસ અને નીચે ઊતરી આવીને આપણને અદશ્ય કરી દેતાં વાદળો યાદ છે.

ચેઝારે પાવેઝેની ડાયરી વાંચતી વેળાએ મને આ વાતનું સમર્થન મળ્યું. એણે પણ કંઈક આવું જ નોંધ્યું છે. એ કહે છે કે બાળપણમાં આપણી ચેતના કુંવારી ધરતીના જેવી હોય છે. ત્યારે જે જોઈએ છીએ, અનુભવીએ છીએ તે આપણામાં મૂળ નાંખે છે. પછી એની સાથે જેનો મેળ ખાય, એ ચેતનામાં પડેલાં મૂળમાંથી પોષણ મેળવીને જીવી શકે તે જ મનમાં સ્થાન પામે.

મારા બાળપણનો એ નિર્જન પરિવેશ, ચારે બાજુની શાન્તિ, પશ્ચિમ ક્ષિતિજે તોળાઈ રહેલો કિલ્લો, ઘટાદાર તોતંગિ વૃક્ષો, મધુમાલતી અને મોગરો, ચંપો અને ફણસોટો, સદા વહ્યા કરતું ઝરણું, વાંસના વનમાંથી વાતો પવન, ઉનાળાની મધરાતે રતિક્રીડામાં મત્ત વાઘ-વાઘણની ગર્જના, રાત્રિની શાન્તિમાં દાદાના રેંટિયાનું ગુંજન, એમની ખખડતી પાવડીઓ, નાવણી આગળનાં આંબા અને કેળ, ધની ગાય, રાખ ભરેલા માટલામાં પાકતાં સીતાફળ – આવું બધું મૂળ નાખીને પડ્યું છે.

હવે જે અનુભવ થાય છે તે જો આ બધાંમાંથી પોષણ પામે તો જ સજીવ બને છે.

નવું જોવાનું આશ્ચર્ય આજે પણ છે. ભ્રમણતૃષા આજે પણ છે. નવા અનુભવો લેવાનો લોભ પણ છે. તેમ છતાં એક વડ તો ચેતનામાં વિસ્તર્યો છે એની વડવાઈઓની જેમ જે

વિસ્તરી શકે છે તે જ ચિત્તમાં સ્થાન પામે છે. માનવ સમ્બન્ધોનાં મૂળ પણ બાળપણમાં જ રહ્યાં છે. કોઈકની આંખો, કોઈનું બોલવું, કોઈ સૂર આ જ કારણે એકાએક મનમાં ઝંકૃતિ કરે છે. આજે નવી આસક્તિથી કશું પકડી રાખી શકાતું નથી. આ ચિત્તમાં રહેલી નિયતિ એ જ મારું અદૃષ્ટ છે. મનોવિજ્ઞાનમાં કદાચ એને 'ઇન્ફન્ટાઇલ રિગ્રેશન' કહેતા હશે. આપણામાં રહેલા સનાતન શિશુના વિસ્મયથી જગતને જોવું ગમે છે.

*6-2-77*

# સાધારણનો મહિમા

વિચાર કરું છું તો લાગે છે કે જેને સામાન્ય સાધારણ કહીએ છીએ તેની વાત કરવી જ કેટલી અઘરી છે! ઝંઝાવાત, વીજળીના કડાકા, સમુદ્રની ગર્જના આ બધાંની વાત કરવી સહેલી છે. પણ આંખ જેને સાધારણ હોવાને કારણે જ ઉવેખે છે તેને જોવાને એક જુદી આંખ ખોલવી પડે છે. પાંપણનું બીડાવું ને ઊઘડવું, શ્વાસનું જવું ને આવવું, હાથનું કેવળ નિશ્ચેષ્ટ બનીને પડ્યા રહેવું, હોઠનું સહેજ ખૂલવું – આવું સામાન્ય જોઈને જ હું અવાચક થઈ જાઉં છું.

આ હૃદય જે મારી અંદર ધબકે છે તેને હું ક્યાં આખો દિવસ સંભારું છું! કોઈ વાર કશોક આવેગ અનુભવું છું ત્યારે નાડીમાં જાણે દોડી જતા ઘોડાના ડાબલા સંભળાય છે. કોઈ વાર ઉચ્ચારણની નજીક આવીને કોઈ શબ્દ એકાએક વિલાઈ જાય છે ત્યારે મને એ પાણીમાં ઓગળતા બરફ જેવું લાગે છે. કોઈક વાર કશીક અશક્ય આકાંક્ષા મને ઉન્મન બનાવી દે છે ત્યારે મારું હૃદય મને અગ્નિની કોઈ ગૌરવભરી શિખાની જેમ ઝળહળી ઊઠતું દેખાય છે. હું જ્યારે સાવ શાન્ત હોઉં છું ત્યારે શિરાઓ અને નસની જાળી વચ્ચે લપાઈને બેઠેલા કોઈ ભીરુ સસલા જેવું એ લાગે છે. કોઈક વાર સ્વપ્નમાં હું મારા હૃદયને મારામાંથી ગુપચુપ સરી જતું જોઉં છું. અન્ધકારમાં દરમાંથી સાપ સરી જાય તેમ, કોઈક વાર એ બાવળની શૂળમાં ફસાયેલા કોઈ પતંગિયાની જેમ ફફડ્યા કરે છે તો કોઈક વાર એ ચંચળ બની જાય છે ત્યારે એક ડાળથી બીજી ડાળે કૂદતી કોઈ ખિસકોલી જેવું બની જાય છે. કોઈક વાર એ એવું તો મીંઢું બની જાય છે કે હું એનો મર્મ કળી શકતો નથી, ત્યારે એ અશ્મિયુગના માનવીના પુરાણા ઓજાર જેવું વણવપરાયલું પડી રહે છે. મને

લાગે છે કે જે સાધારણ અને સામાન્ય છે તેનું જ જતન કરતાં આપણને આવડતું નથી. અસાધારણની પાછળ લોભના માર્યા દોડતાં આપણે સાધારણને ખોઈ બેસીએ છીએ. આ સાધારણ કાંઈ વધારે જગ્યા રોકતું નથી. આખરે એ શું હોય છે? નમતે પહોરે બારીમાંથી અન્યમનસ્ક બનીને જોતા હતા તે દરમિયાન સાંભળેલો શિશુનો નરમ કોમળ અવાજ, બહારથી શિરીષની ડાળીનો બારી પર નિ:શબ્દ પડતો પડછાયો, કેશને ખભા પર વિખેરી નાખીને ઊભેલી કોઈ નારી, ઘડિયાળમાંથી રાત્રિ વેળાએ વેરાઈ ગયેલા ટિક ટિક અવાજના કણ, પાસે પડેલી મૂંગી ખુરશી પરથી લસરી પડેલો તડકો, આંખમાં આંખ મેળવવા આવેલું પણ નિરાશ થઈને ઊડી ગયેલું પંખી, બારણાંનો કાટ ખાઈ ગયેલો આગળો, ભીંત પરની શિશુનાં આંગળાંની છાપ, જાણે એકાન્તનાં જ બે ટપકાં હોય એવી આંખોવાળું કોઈ અપરિચિત માનવી, અજાણ્યા ભયથી આપણને વળગી પડતા શિશુના હાથની નિરાધારતા – આ બધું આપણે ક્યાં જોવા થંભ્યા હતા? બાળપણમાં જેમ નાસ્તા માટેના દાળિયા કાણા ખિસ્સામાંથી ગુપચુપ વેરાઈ જતા તેમ આ બધું વેરાઈ જાય છે!

હું સામ્યવાદી કે સમાજવાદી નથી, પણ મને અદના આદમીની ઘણી માયા છે. બાસ્કેટ બોલના થાંભલાને અઢેલીને બેઠેલો કોઈ શ્રમિક જોઉં છું. એની આજુબાજુ કેટલી બધી શાન્તિ છે! કોઈક વાર કોઈ વસ્તુ લેતાં કરતાં કોઈ અજાણ્યા માનવીની હથેળી મારી નજર આગળ ખુલ્લી થઈ જાય છે. ચાસ પાડેલી ઉર્વરા ભૂમિ જેવી એ લાગે છે. કોઈ ન જુએ તેમ એના મારે હાથે ચોંટેલા સ્પર્શને હું સૂંઘું છું. મારા ખોળામાં બેસીને વાર્તા કહેતું કોઈ બાળક એકાએક ઝોકું ખાઈને ઊંઘી જાય તેની નિદ્રાનો ભાર મને ગમે છે. ઊંઘ પછી આપણો ચહેરો કેટલો ચીમળાઈ જાય છે! પણ કોઈકનું મુખ ઊંઘ પછી જાસુદ જેવું ખીલી ઊઠે છે તે મેં જોયું છે. મને છકી ઊઠવાને કોઈ મોંઘા આસવની જરૂર પડતી નથી. કૂણા ઘઉંના કે મકાઈના દાણાનું દૂધ ચાખીને હું છકી ઊઠું છું. ઘરના અંધારિયા ખૂણે સંતાઈ બેઠેલા ઉંદરની અણજાણપણે બહાર લટકતી રહી ગયેલી પૂછડીને હું શિશુસહજ અચરજથી જોઈ રહું છું! ઊડતી ધૂળ જમીન પર પડીને જે ભાત રચે છે, મારી ચોપડીનાં પાનાં વચ્ચે પ્રવેશીને જે રીતે મારાં આંગળાંની છાપ ઝીલે છે તે જોવું મને ગમે છે.

કોણ જાણે શાથી આજે મારું મન મારી આંગળી વચ્ચેથી સરી ગયેલી આ સાધારણતાને માટે ઝૂર્યા કરે છે. બાળપણમાં જેને અઢેલીને ઊભા રહેતા તે પીળા ચૂનાથી ધોળેલી

દીવાલ, ઘણી વાર ઘરમાં પ્રવેશવાની ઉતાવળમાં ઠોકર ખવડાવતો ઉમરો, ઘર ખોલતાંની સાથે કચવાઈને ચાડી ખાતો બારણાંનો આગળો, ઘરના છાપરાં પર ફેંકાઈ ગયેલો ને પાડી નહીં શકાયેલા ચીંથરાનો દડો. આ બધું ખોયાની ફરિયાદ કરું તો શાણી દુનિયા મને હસી કાઢે તોય કોઈક વાર એકલો પડું છું ત્યારે મારી હથેળી સૂંઘીને બે દિવસના વાસી એ જુવારના રોટલાની વાસ પામવા ઝંખું છું. હજી આજેય ગજવાં ફંફોસીને સહેજ તૂટેલી એ કાચની લખોટી શોધું છું. ધ્રૂજતા હાથે પાડેલા પ્રેમના પ્રથમ અક્ષરવાળી પેલી ચબરખી હજી સાંજના ઢળતા અંધારમાં છુપાઈને વાંચી લઉં છું.

*20-2-77*

# તો હું શું કરું?

તો મારે શું કરવું? આ ખુલ્લી હવા, આ અસીમ આકાશ, આ ચારે તરફ વિસ્તરેલી અસીમતાનું મારે શું કરવું? આ અપરિમેય વિસ્તાર મને તુચ્છ રજકણ જેવો બનાવી દે છે. પછી ઝંઝાવાતની જેમ મને ઘેરી વળીને પછાડે છે. હું લુપ્ત થઈ જતો નથી, પણ નહિવત્ થઈ જાઉં છું, આ નહિવત્ થઈ જવાનો ભાવ મને પીડ્યા કરે છે.

પૂર્ણતા તો હું પામી શકું જ નહિ, છતાં મેં જ કદાચ મારા વિશે પૂર્ણતાની અપેક્ષા ઊભી કરી હશે. પણ મારી આ અપૂર્ણતા જઈને આઘાત કરે છે હું જેને ચાહું છું તેને જ! આ બધું મારા જ શબ્દોનું મારી સાથેનું ષડયન્ત્ર છે. જો નિ:શબ્દ થઈ જાઉં છું, તોય હું, ગેરસમજનો ભોગ બનું છું, વાચાળ માણસની નિ:શબ્દતાને કોઈ શંકાભરી નજરે જોયા વગર શી રીતે રહી શકે? ઘણી વાર તો નિકટના મિત્રો વચ્ચેની વાતનો તન્તુ એકાએક તૂટી જાય છે. મૌન રૂંધે છે. બધાં એકબીજાની સામે મૂંગામૂંગા જોયા કરે છે. પછી બધાં એક બીજાને સીધી નજર માંડીને જોવાની હિંમત પણ કરતાં નથી. આમ છતાં એકબીજાને ચોરીછૂપીથી જોઈને નજર ઢાળી દે છે. આવી પરિસ્થિતિમાં હું, મરણિયો બનીને, કલ્પનાને ક્યાં ક્યાં દોડાવીને, વાત કર્યે જાઉં છું, પછી મને આ એકલાએકલા, કોઈના કશા પ્રતિભાવ વિના, બોલ્યે જવાનો નશો ચઢે છે. આ દરમિયાન જ હું વળી કશીક ભૂલ કરી બેસું છું. તો હું શું કરું? મારી કૃતિ પોતે જ મારી સ્વતન્ત્રતાને નકારી કાઢે છે. એની સ્વાયત્તતા જ મારે ભોગે સિદ્ધ થઈ હોય છે. દરેક કૃતિ મને મારાથી વધુ દૂર ને દૂર હડસેલે છે. આમ છતાં બીજા તો મને કૃતિ સાથે સંલગ્ન રૂપે જ જોવાને ટેવાયેલા છે. પણ હવે તો હું કદાચ નફ્ફટ પણ લાગવા માંડ્યો હોઈશ, કારણ કે સ્વમાન જાળવનાર

‘હું’ની દરેક આઘાતે કાંકરી ખરતી જ જાય છે. આ ‘હું’ના લોપનું સ્મારક રચવા પૂરતુંય નથી હોતું! તો હું શું કરું?

આ દરમિયાન અનેક દિશાએથી અનેક પ્રકારના તહોમતનામાં ઘડાતાં જાય છે. કોઈ સમાજ-વિમુખતાનો આરોપ મૂકે છે તો કોઈ એમ કહે છે કે મારામાં માનવતા જ નથી તો પછી દેશાભિમાન તો હોઈ જ શી રીતે શકે? કોઈ કહે છે કે શબ્દોના પ્રપંચમાં રચ્યાપચ્યા રહેવાની બધું સિદ્ધ થઈ જાય છે એવી ભ્રાન્તિમાં હું રાચ્યા કરું છું. સ્નેહીઓનો આરોપ એ છે કે માનવમન, એની લાગણી, એની અપેક્ષાઓની પરવા કર્યા વિના મારી સૃષ્ટિ રચું છું, આથી કેટલાને અન્યાય થાય છે તેનું મને ભાન રહેતું નથી. આથી હું ઊંઘમાંથી ઝબકીને પણ મારો બચાવ કરવા મંડી પડું છું, આ હકીકત મારા અપરાધમાં ઉમેરો કરે છે તે સમજવા પૂરતી પણ મારી મતિ નથી. તો હું શું કરું?

મારું પોતાપણું મેં મારા કશા સ્વાર્થથી નહીં પણ સર્જનની એક અનિવાર્ય આવશ્યકતા રૂપે જ ટકાવી રાખ્યું હોય છે. એ એક લાચારી છે. કારણ કે આમ તો હું અંગત રીતે એ પોતાપણા પર સહેજ સરખોય દાવો કરી શકતો નથી. એ પોતાપણાના સહભાગી જેટલે અંશે મારા વાચકો થાય છે તેટલે અંશે હું થઈ શકતો નથી. આથી જ તો આ પોતાપણાને ઉતરડીને ફેંકી દેવાનો પ્રયત્ન કરું છું. પણ જોઉં છું તો મારો આ ઉદ્યમ પોતે જ કેટલાકને માટે આસ્વાદ્ય બની રહે છે! તો હું શું કરું?

ના, મારે તટસ્થ નથી રહેવું. હું ક્યાંક કશામાં ખૂબ સંડોવાઈ જવા ઇચ્છું છું જેથી હું બીજામાં મારો થોડો સુખદ લોપ કરી શકું. મારી સચ્ચાઈ સ્થાપવા માટે મારે વાસ્તવિકતા સાથેનું થોડું ઘર્ષણ પણ જોઈએ છે. લોકો જેને સુખ કહે છે એવું પણ મારે થોડું ગાંઠે બાંધવું છે. નહિ તો બધાં મને સાવ અકિંચન જ ગણે. મારામાં થોડું નક્કરપણું આવે એ માટે મારો પોતાનો કહી શકાય એવો થોડો સ્વાર્થ પણ મારે જોઈએ. મારામાં થોડુંક સમજાય એવું, અર્ધપારદર્શી એવું, પણ હોવું જોઈએ. જો હું નર્યો પારદર્શી હોઈશ તો બધાં મને નર્યો શૂન્ય ગણી લેશે. આ બધું પામીને હું ફરીથી મારો પંડિ બાંધવા મથી રહ્યો છું. પણ એ મારા એકલાથી ન બને, બીજું, કોઈ પણ થોડા મમત્વથી એને ઘાટ આપે એવું જોઈએ. તો હું શું કરું?

જાતે જ પંજિર રચીને એમાં પુરાઈ જાઉં? એને તાળું મારીને ચાવી દૂરદૂર ફગાવી દઉં? પછી પંજિરાના સળિયા ગણ્યા કરું? પંજિરાની બહાર ભાગી જતા મારા પડછાયાને પકડવાનો મિથ્યા પ્રયત્ન કરું? અન્ધારામાં કોઈ નહીં જુએ તેમ સળિયાની બહાર હાથ ફેલાવી ચાવી શોધું? એક પગે ઊભા રહીને હજારો વર્ષ તપ તપતા ઋષિની અદાથી પંજિરામાં ઊભો રહી ભાવિકોને દર્શન આપું? અંદર રહ્યો હું સંસારની અસારતાનું ભર્તૃહરિની અદાથી વર્ણન કરું? કોઈ નિર્દોષ શિશુને બોલાવીને મને મુક્ત કરવાનું કહું? પણ એની નિર્દોષતા એટલી બધી હોય કે તાળાં અને ચાવીનો સમ્બન્ધ જ એ સમજતું નહીં હોય તો? અંદર રહીને વિવશ બનીને હું મને જ આલંગિવાનો પ્રયત્ન કરું? પેટ ઘસડીને ચાલતા રગતપીતિયા ભિખારીને જોઈને મારા વિશે સુખ અનુભવું? કારાગારમાં જ આપણો ઈશ્વર જન્મે છે એ વિશ્વાસે ઈશ્વર ક્યારેક તો ઉપસ્થિત થશે એવું આશ્વાસન લઉં?

મને લાગે છે કે અહીં પણ મારે મારો ગર્વ જાળવવો જોઈએ. મુખ પરનું સ્મિત જાળવી રાખવું જોઈએ. આંખો રુક્ષ ન બને તે માટે થોડી ભીનાશ જાળવવી જોઈએ. જે પાઠ ભજવી રહ્યો છું તે વિશેના સન્તોષને જાળવી રાખવો જોઈએ. આ પંજિર પણ મારી જ રચના છે એ ખ્યાલમાં રાખીને કર્તૃત્વનું સુખ માણવું જોઈએ. મારે મનને આ જ મોક્ષ છે એવું સમજાવવું જોઈએ.

14-4-77

# વર્ષાની દીક્ષા

અવિરત વૃષ્ટિધારાથી કોઈ વૃક્ષનાં મૂળનો ધરતી સાથેનો સમ્બન્ધ શિથિલ થઈ જાય અને એ પડું પડું થઈ રહે એવી કંઈક અત્યારે મારા મનની સ્થિતિ છે. પરિસ્થિતિની સમજ વિષાદ પ્રેરે છે. આમ તો ચારે બાજુ વર્ષાનો ઉલ્લાસ છે. ચંચળ ઉન્મત્ત પવન, ડોલતાં વૃક્ષો, રેતીમાં ડૂબી ગયેલી અને અદૃશ્ય થઈ ગયેલી નદીનો વર્ષાના સ્પર્શથી થયેલો નવો અવતાર, અકર્મણ્યતાનો નશો, વાદળોનો ઘટાટોપ, જળમાં ઘૂંટાતું આકાશ આ બધું જોયા પછી પણ મન નિર્લિપ્ત રહે છે. વરસાદનાં પાણીમાં છબછબિયાં કરતાં, એને ડખોળતાં દૂર દૂર સુધી વિના કારણે ચાલ્યા જ કરવાનું જાણે હવે મન થતું નથી. આ વૃષ્ટિથી જાણે કશુંક ધીમે ધીમે ભાંગી પડીને ધોવાઈ ગયું છે.

એવુંય નથી કે, આ વિષાદનો મન સાક્ષાત્કાર કરે તેનો સંતોષ લઉં. ના, વિષાદથીય મન તો અસ્પૃષ્ટ જ છે. એ એકાએક જાણે આ બધા સંદર્ભની બહાર નીકળી ગયું છે. હું એને ઉત્સાહિત કરવા માટે મથું છું. હું એને કહું છું, ‘ચાલ, આ સૃષ્ટિને ફરીથી નવે નામે ઓળખીએ. આ ચિરપરિચિત લીમડાનું નવું નામ પાડીએ, આ ઊડી જતાં પંખીને નવે નામે ઓળખીએ, કાંઠાને ધોઈ નાંખીને સીમાનો લોપ કરીને છલકાઈ જતી આ વન્યા નદીના સ્રોતને નવું નામ આપીએ. આ સૂર્ય-ચન્દ્રને પણ નવો સંકેત આપીએ.’ પણ મન તો કશું ધ્યાન પર લેતું જ નથી.

આ વર્ષા અત્યાર સુધી કદી ન અનુભવેલી એવી ખામોશીની દીક્ષા આપી ગઈ છે. મૂળ પરથી ધરતીની પકડ એકાએક છૂટી ગઈ એવું તો નથી. એ પ્રક્રિયા તો નેપથ્યમાં ધીમે ધીમે ચાલ્યા જ કરતી હશે. હું એકાએક સન્દર્ભમુક્ત થઈ ગયો એવું પણ નથી એનું ભાન

એકાએક થયું. હું ઇન્દ્રિયજડ થઈ ગયો છું એવું પણ નથી. એથી ઊલટું, કેટલોક નવો ઇન્દ્રિયબોધ થતો હોય એવું લાગે છે. એ ઇન્દ્રિયબોધને વર્તમાન સન્દર્ભ સાથે સમ્બન્ધ નથી. આથી એને ક્યાં કેમ ગોઠવવો તેની ચિન્તા કરવા પૂરતું પણ મન ઉદ્યમી રહે તો સારું પણ મન હવે એવા તેવા કશાથી લલચાતું નથી. આ નવી સમજ અને ડહાપણના ભારથી એ જાણે તળિયે બેસી ગયું છે!

નિયમિત ક્રમ તો બરાબર ચાલે છે. લોકો તો હજી એમ જ માને છે કે હું આ કે તે પામવા માટે હજી પડાપડી કરીશ. મારી ખામોશીને એઓ મુત્સદ્દીગીરી સમજતા હશે. મારી ઠાવકાઈને એ લોકો સાવધ બનીને નિરખી રહ્યા હશે. પણ મારી આ નિલિર્પ્તતાનાં મૂળમાં જે સન્દર્ભ બહાર ફેંકાઈ જવાની ઘટના રહી છે તે કોણ સમજશે?

વરસતા વરસાદની ધારામાં ભીંજાતા દોડી જતા કિશોર નિશાળિયાની સાથે દોડી જવા હું મારા મનને ઉશ્કેરું છું. પાણીમાં તરતી કાગળની નૌકાનો શાહ સોદાગર થવા હું એને લલચાવું છું. ક્ષણિકની લીલાના આ ચગેલા રાસમાં ગુંથાઈ જવાનું બની શકે તો કેવું? મરીનડ્રાઇવની પાળ પર ચાલતાં ચાલતાં સમુદ્રનાં મોજાંની અને વરસાદની ઝડીની થાપટો ઝીલવાની મજા માણેલી તે હું યાદ કરું છું. પણ બધાં પરિવર્તનશીલ રહ્યાં છે. એ પરિવર્તનોને ઓળખી લઈને એને અનુકૂળ થઈને રહેવાનો ઇન્કાર કરે છે. એના આ અણસમજુ અભિમાનને રાખવાની જગ્યા મારામાં ક્યાંય નથી, તો એનું શું કરવું?

સમજ કરતાં અણસમજ સારી એમ કહેવાનો હવે શો અર્થ? સત્ય કરતાં ભ્રાન્તિ જ સુખદ એમ કહું, પણ સત્યને ભ્રાન્તિમાં પલટી નાખવાનો કીમિયો જ નહીં આવડતો હોય તો? નિલિર્પ્તતા જ મને ગૌરવ અપાવશે એમ મનને મનાવતો હોઉં ને એને જ કારણે દયાજનક બની જતો લાગું તો? ઉત્સાહપૂર્વક વાંચેલી કવિતાની પંક્તિઓ ધૂંધળી થઈ ગઈ છે. ફિલસૂફીનાં થોથાં પર ધૂળના થર બાઝ્યા છે. મારી જ લખેલી પંક્તિઓ વચ્ચે ઊધઈ ફરી વળી છે. આમ છતાં વિરતિ એટલી સહજ કે સુલભ નથી.

સમાહિત થઈને રહેવું, જે સ્થિતિ આવી પડે તેની સાથે તત્સમતા કેળવવી અને પુરુષાર્થની દિશા બદલી નાખવી આવા ઉપદેશો તો બહુ સાંભળ્યા છે. આપણું મન તો વિશ્વવીણાના વાદકના વાદ્યનો એક તાર છે. એને એ જેમ વગાડે તેમ વાગવા દેવું. આ

બધી મનોસ્થિતિઓ અને એની પ્રત્યેના આપણા પ્રતિભાવોના વૈવિધ્યને જ માણવું, એ આવે છે ને જાય છે એ જાણીને એ વિશે કશો અભિનિવેશ કેળવવો નહીં. આવું પણ ઘણું કહી શકાય. પણ જ્યાં સુધી એ અવસ્થા રહે છે ત્યાં સુધી તો એને સહ્યો જ છૂટકો! એ સ્થિતિ વીતી જાય પછી એમાંથી ફિલસૂફી તારવવી, એની કવિતા કરવી, એ અનુભવે જે શીખવ્યું તેની ગમ્ભીરતાથી વાત કરવી વગેરે ઉદ્યમ આચરી શકાય.

મનથી નિરપેક્ષપણે શરીર અમુક અભિનય શીખી જ લેતું હોય છે. એ હસે છે, ત્યારે મનને પૂછીને હસે છે એવું નથી. કેટલીક વાર એ હાસ્યને મન પોતે જ ઓળખતું હોતું નથી. આથી જ તો મન વિષાદથી ધૂંધવાતું પડ્યું રહ્યું હોય છે. ત્યારે હોઠ હસતા હોય છે. તેને દમ્ભ કહીને વખોડી નાંખી શકાય નહીં. આમ આપણાં પાપપુણ્ય બહારથી નક્કી થતાં નથી. આપણાં કાર્યનું આન્તરિક સ્વરૂપ ઘણી વાર આપણાથીય અપ્રગટ રહે છે. આપણે પોતાને વિશે આપણી પ્રત્યક્ષતા કેટલી? મને તો લાગે છે કે આપણે વિશે ઘણું ખરું આપણે અનુમાનથી જ વ્યવહાર ગબડાવતા હોઈએ છીએ.

આ બધાંમાંથી ઊગરવા માટે ચાલક મનને એક યુક્તિ સૂઝી છે. કર્તવ્યનું આરોપણ જ આપણા પર કરવું નહીં. આ બધું ‘યંત્રરૂઢાણિ માયયા’ છે એમ જ માનીને ચાલવું. સમજ અને ડહાપણનો સંગ્રહ કરવાનું પાત્ર જ ફોડી નાંખવું. ઘણી વાર જેને આપણી સમજ કહીએ છીએ તે હોય છે તો પારકી ઉછીની લીધેલી સમજ! એનો આધાર લેવાનો શો અર્થ?

વાદળો સરી ગયાં છે. ગઈ રાતે તો તારાદર્શન કર્યું, હવે આજે આંસુભર્યા મુખ પર છવાઈ જતા સ્મિત જેવો તડકો પથરાઈ ગયો છે. આ તડકા અને છાયાનો પકડદાવ શરૂ થયો છે. હું મનને એમાં રસ લેવાને લલચાવું છું.

*9-7-77*

# નિદ્રાનો લપસણો ઢાળ

સવારે જાગીને જોઉં છું તો મારી ઓસરતી જતી નિદ્રાના પ્રવાહ સાથે શિરીષની નિદ્રાનો પ્રવાહ ભળી ગયો છે. પાસેના લીમડાની એક શાખા મારી આંખોમાં ડોલી રહી છે. ગઈ રાતનું આકાશ મારા શ્વાસમાં હજી ભરાઈ રહ્યું છે. જાગીને જે સૃષ્ટિને જોઉં છું તે કાલે જે જોઈ હતી તે નથી. મારી દક્ષિણ તરફની બારી સામે ઊભેલા ત્રણ લીમડાઓ કોઈ નવા જ સમ્બન્ધથી જોડાયેલા છે. રસ્તાની ધારે પડેલો પથ્થર રાતે પંખી થઈને અન્તરીક્ષમાં દૂર દૂર ઊડી આવીને હજી હમણાં જ પાંખો સંકેલીને ઠાવકો થઈને બેસી ગયો છે. એને એના મુખ પર હાથ ફેરવીને અન્તરીક્ષનો થોડો સ્પર્શ પામવાની ઇચ્છા થાય છે.

કોઈ દેવના અપમૃત્યુને કારણે છેલ્લા તેર દિવસથી સૂર્ય દેખાતો નથી. આકાશમાં કાળાં વાદળો છે. પણ તે વરસતાં નથી. ડૂમો ભરાઈ આવ્યો છે, પણ આંસુ વહી જતાં નથી. એથી જ તો પતંગિયાંઓ ઊડે છે ત્યારે એમની પાંખ પર આકાશની આ ગ્લાનિનું વજન વરતાય છે. પવનનાં ટેરવાં મને સ્પર્શી જાય છે ત્યારે કશીક અપાર્થિવ ભીનાશથી હું ધ્રૂજી ઊઠું છું. જે પડછાયાઓને સૂર્યે સંકેલી લીધા નથી તે બધા હવે અહીં જ ઠસી પડવાની પેરવીમાં છે.

મારા હૃદયના ધબકારમાં 'આ કોણ? આ કોણ?' એ પ્રશ્નને જ ફરી ફરી પડઘાતો હું સાંભળી રહ્યો છું. આ ધૂળથી માંડીને તે દૂરની ક્ષિતિજ સુધીનું બધું જ હવે જાણે નવે નામે ઓળખાવવું પડશે એવું લાગે છે. આ ક્ષીણ ધૂસર પ્રકાશ તો વનમાંથી ચાલી જતી તૃણાચ્છન્ન નાની કેડી જેવો જ લાગે છે. શિશુઓના શ્વાસ થોડા વધુ પ્રકાશને પકડવા

ચંચળ બનીને દોડાદોડ કરી મૂકે છે. પંખીઓ પાંખ ખંખેરીને આ ગ્લાનિના ભારને ઉતારવા મથે છે.

આજે સમય પણ કંઈક અવળોસવળો થઈ ગયો લાગે છે. કાંઈ કેટલાં વર્ષ પહેલાંના ભૂતકાળના દિવસોની આખી ને આખી થપ્પી જ હું ખડકાઈ ગયેલી જોઉં છું. હિચકોકની પેલી પંખીઓવાળી ફિલ્મમાં કાગડાઓ મોટી સંખ્યામાં તાર પર નિશ્ચેષ્ટ બેઠા રહેતા હતા તેમ આ દિવસો આવીને મારી આજુબાજુ નિશ્ચેષ્ટ બનીને બેસી ગયા છે.

પંખીઓના ટહુકા વાતાવરણની ભીનાશમાં ચોંટી ગયા છે. ક્યાંક કોઈના મુખ પર ખીલતું ખીલતું થમ્ભી ગયેલું સ્મિત એ જ સ્થિતિમાં હોઠને વળગી રહેલું દેખાય છે. આજના દિવસ માટે તો, મને લાગે છે કે નવી જ બારાખડી જોઈએ. આ ભેજમાં કડટઠઢ બધા ભેગા ચોંટી ગયા છે. પ્રશ્નોની અણી બૂઠી થઈ ગઈ છે. ઉદ્‌ગારચિહ્‌નો હવામાં ઊડી ગયાં છે.

તૃણાંકુરોનો પ્રગટવાનો ઉત્સાહ હવે રહ્યો નથી. ભીનાશથી બધું જ વિષાદભર્યું બની ગયું છે. આત્યન્તિક વિરહ ભોગવનારી નાયિકાની જેમ દિશાઓ અશ્રુધૂસર બની ગઈ છે. બધા રંગોને ભૂંસી નાખીને કેવળ મેદુરતા જ બધે છવાઈ ગઈ છે. આંખમાં એ જ અંજાઈ ગઈ છે. આથી જ તો આજે આનન્દનું મુખ પણ વિવર્ણ થઈ ગયું છે. એક આછો, લગભગ અશ્રુત એવો હીબકાનો અવાજ વાતાવરણમાં છે. પણ કણ્ઠ અવરુદ્ધ છે, મોકળે મને અશ્રુને વહાવી દઈ શકાતાં નથી!

કશા જ કારણ વિના આંખમાં ઝળઝળિયાં આવી જાય છે. સુખને કે સુખની સમ્ભવિતતાને ઊંડે ઊંડે સંતાડી રાખવાના આ દિવસો છે. જાણે સાવ ઠાલા જ છીએ એવો ડોળ કરીને બેસી રહીએ તે જ ઠીક. અન્ય સાથેનો સંલાપ તો ઠીક, સ્વયં મારી સાથેનો મારો સંવાદ ચાલુ રાખવાનું સાહસ કરવાનું મને મન થતું નથી. જો અણજાણપણે કશા દુ:ખનું બીજ ચિત્તમાં પડી જાય તો પછીના દિવસમાં દુ:ખનું ઘટાદાર વૃક્ષ જ ચિત્તને છાઈ દે ને! માટે ‘દુ:ખ’ જેવો શબ્દ સાંભળ્યો જ નહીં હોય એમ હું વર્તું છું.

આજુબાજુનાં મકાનો કાણે આવેલી પ્રૌઢાઓનાં ટોળાંની જેમ ઘુંટણ વાળીને બેઠાં છે.

ખાબોચિયામાં જાણે આકાશ આપઘાત કરવા તૂટી પડ્યું છે. અવાજો વચ્ચે ભેજનું પડ આવી ગયું છે. આથી બધા જ અવાજો, રણકા વિનાના, બોદા સંભળાય છે. બધા આકારોની ભૂમિતિની રેખાઓ પણ ભેજથી, ભીંજાયેલી ચોપડીના પૂઠા જેવી, બેવડ વળી ગઈ છે. આખો દિવસ ધૂંધળા પ્રકાશમાં વીતાવ્યા પછી ધીમે ધીમે અન્ધકાર ક્યારે ઘનીભૂત થતો ગયો તેની ખબર પડતી નથી. એક કાળિયો કોશી મારી જેમ જ છેતરાઈ જઈને અંધારું વધી ગયેલું જોઈને ભયભીત થઈને એકલો એકલો ચિત્કાર કરી રહ્યો હતો. જો અમારી વચ્ચે વિનિમયની કશી ભૂમિકા હોત તો અમે એક જ ભયના સમભાગી થયા હોત.

રાતે એકાએક વાદળમાંથી અધીપધી ચન્દ્ર દેખાઈ જાય છે ત્યારે કોઈ પંખી જાળમાં ફસાઈને એમાંથી છૂટવા માટે એક સરખી પાંખો ફફડાવતું હોય એવો ધ્વનિ મારે કાને આવે છે. રાતે આંધળી બારીમાંથી બહાર જોઉં છું તો જાણે અત્યાર સુધીના સમયને સંકેલી લઈને ગડી વાળી દીધી છે. બહાર કોઈ પ્રાક્તન પ્રાગૈતિહાસિક કાળ પ્રસરેલો દેખાય છે.

શહેર તો દૂર દૂર કોઈ ઘવાયેલા પશુના જેવું કણસ્યા કરતું સંભળાય છે. એની શેરીઓ વયના ભારથી બેવડ વળી ગયેલી ડોસીઓ જેવી થઈ ગઈ છે. એ શેરીમાં વાહનો દમિયલની જેમ ખાંસતાં રાત્રે સંભળાય છે. પાસે જ ક્યાંક ઝાડીમાં એકાદ અજગર બેચાર દેડકાં ગળીને પોતાની જ આસપાસ કુંડાળું વળીને પોતાના જ શરીરની હૂંફમાં અધી બીડેલી આંખે પડી રહ્યો છે.

મારી આંખ ઘેરાવા માંડે છે. નિદ્રાના લપસણા ઢાળ પરથી સરી પડીને હું કદાચ ત્રેતા કે દ્વાપર યુગમાં સરી તો નહીં પડું ને એવો મને ભય લાગે છે.

14-8-77

# હું કોણ?

ઘણી વાર વિચાર કરું છું, તો મનમાં પ્રશ્ન થાય છે કે જેને વારે વારે 'હું' કહીને બીજાને ઓળખાવવાનો પ્રયત્ન કરું છું તે શું છે? આ સમાજમાં એ 'હું'ની વ્યાખ્યા બાંધવાનો મને સર્વાધિકાર મળ્યો છે ખરો? દરેક સમ્બન્ધ આ'હું'ના નિશ્ચિત ખ્યાલમાં પરિણામકારી ફેરફાર નથી લાવી દેતો? હું જે કરું છું તે જ માત્ર નહિ, પણ હું જે કરતો નથી તેથી પણ એ 'હું'ની વ્યાખ્યા બદલાતી રહેતી નથી? આવી, અનેક નિમિત્તે બદલાયા કરતી વ્યાખ્યાઓને યાદ રાખીને પોતાની જાત સાથે વારે વારે તાળો મેળવ્યા કરવાનો ઉદ્યમ કેવો તો થકવી નાખનારો હોય છે!

જે આત્મા 'અંગુષ્ઠમાત્ર' છે તેને મેં જોયો નથી, કારણ કે દેખાવાનો એનો સ્વભાવ જ નથી. વિટ્ગેનસ્ટાઇને તો કહ્યું જ છે ને કે માનવશરીર જ માનવ આત્માની શ્રેષ્ઠ છબિ છે! જ્હોન હેયન્સ નામના કવિએ માનવીની જુદી જ વ્યાખ્યા આપી છે; એને ગમે તેના બદલામાં ગિરવે મૂકી શકાય છે. પગાર ચૂકવતાં પહેલાં જ કાપી લેવામાં આવતી રકમની જેમ સરકાર એને, એની જાણ કર્યા વિના, ખણ્ડિત કરી શકે છે. પત્ની જે નામ દઈને એને બોલાવે છે તે નામ સાથે એનો સમ્બન્ધ બંધાયો હોતો નથી. એનો જે જવાબ વાળે છે તે પોતે છે એવું લાગતું નથી. બાળક કોઈ વાર, હાથમાં કોલસો આવી જાય છે તે ભીંત પર થોડાક લસરકાથી માણસનું ચિત્ર દોરી નાંખે છે. તે શું 'હું' છું? ના, જો પ્રામાણિકપણે કહેવું હોય તો એમ જ કહેવું પડે કે 'હું' મને ઓળખતો નથી. મારો આકાર ગમે તે હોઈ શકે. કોઈ વાર વૃક્ષની જેમ સીધો હું જમીનમાંથી જ ઊગી નીકળું છું. તો કોઈ વાર જળની જેમ વહેતો થઈ જાઉં છું. કોઈ વાર હું મને નક્કરપણે સ્પર્શથી અનુભવવાને

ઉત્સુક થઈ જાઉં છું. ત્યારે જ 'હું' મને બાષ્પીભૂત થઈને ઊડી જતો જોઈ રહું છું. કોઈ વાર ઝાકળના જેવો હું સ્પર્શભંગુર બની જઉં છું તો કોઈ વાર અવિરત ફરી રહેલા યુગચક્રના આંકાને ઝીલનાર શિલા બની રહું છું. સરકારના મનમાં આવે છે ત્યારે એ મારું નામ એમના કોષ્ટકમાંથી ભૂંસી નાખે છે. કોઈક વાર મારા નામ પર કોઈક કાળું પોતું ફેરવી દે છે, તો કોઈક વાર ઇતિહાસમાં સોનેરી અક્ષરે મારું નામ કોતરવાની મને લાલચ આપવામાં આવે છે! કોઈ વાર છાપાંમાં બે ઈંચની હેડલાઇનના પર મને ઊભો કરી દેવામાં આવે છે તો કોઈક વાર ગુમ થયેલાઓની યાદીમાં મારું નામ મૂકી દેવામાં આવે છે!

મારી સાથેની મારી સંતાકૂકડીની રમત યોજીને મને ઈશ્વરે એવો તો લીલાવશ બનાવી દીધો છે કે હવે ઈશ્વરને અનેક પ્રશ્નો પૂછીને પજવવાનો મને સમય જ નથી મળતો! કોઈ વાર સમયનું ચક્ર મારા મગજમાં ક્યાંક ખોટકાઈને ઊભું રહી જાય છે. ત્યારે હું ચારેય યુગની બહાર ફંગોળાઈ જાઉં છું. કોઈક વાર છાપરું અને ચાર દીવાલવાળા સુરક્ષિત ઘર વચ્ચેથી હું ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત થઈને એકાએક અવકાશયાત્રીની જેમ અવકાશમાં તરતો થઈ જાઉં છું!

મારી પીઠ પર બધી બદલાતી સરકારોના સહીસિક્કા છે, મારા કપાળમાં અત્યાર સુધીમાં મેં ઓળંગેલી સરહદોની છાપ છે. મારી આંખોમાં જુગ જુગ જૂની વેદનાના સાગરમાં સૂર્યચન્દ્ર તર્યા કરે છે. મારાં ચરણ સદા મહાયાત્રાએ પ્રસ્થાન કરી ચૂક્યાં હોય છે. આ બધાંમાંથી જે કાંઈ પાછળ અવશેષમાં રહે છે તેના ભંગારમાંથી વળી સમાજ મને ઘડવાનો ઉદ્યમ કરે છે. વળી એના પર પ્રમાણભૂતતાના સહીસિક્કા કરાવવાનો વિધિ કરવો પડે છે. જન્મ્યાનો દાખલો સરકાર આપે નહિ ત્યાં સુધી હું જન્મ્યો છતાં જન્મ્યો ન ગણાઉં અને મર્યાનું પ્રમાણપત્ર પણ સરકારી રાહે મળે નહીં ત્યાં સુધી મૃત્યુલોકમાં જવાનું બારણુંય કોણ મારે માટે ખોલે?

આથી જ તો મેં જોયું છે કે ઘણા લોકો પોતાના અંગત વ્યક્તિવાચક નામથી વેગળા રહીને જીવે છે. એઓ મરણિયાં બનીને અંગત ભાષાનો ત્યાગ કરે છે. પૂરી બિનંગતતા સિદ્ધ કરવી એ જ એમનાં જીવનનો ચરમ પુરુષાર્થ બની રહે છે. એ લોકો જાહેર હવામાં જ જીવી શકે છે. છાપાંની ભાષાથી પોતાની ભાષાને બહુ છેટે એઓ રાખતા નથી.

સુખદુ:ખની વ્યાખ્યા પણ એઓ અધિકારીઓ પાસે કરાવી લીધા પછી જ એને ભોગવે છે. આથી ઘણી વાર મને વળગેલા આ 'હું'નું જાહેરમાં લિલામ કરવા ઉશ્કેરાઈ જાઉં છું. પણ ખરીદનાર તરીકે જો છૂપા વેશે ઈશ્વર જ આવીને ઊભો રહ્યો હોય તો!

11-12-77

# લુત્ફેહયાત

સાંજ વેળાએ ઘેર પાછા ફરીએ ત્યારે દીવાનખાનામાં કોઈ અજાણી જ વ્યક્તિને બેઠેલી જોતાં આશ્ચર્ય થાય એવું કંઈક કોઈ વાર બનતું હોય છે. હું ઘરે પાછો ફરું છું ત્યારે મારામાં કોઈ અજાણી જ વ્યક્તિને સાથે લઈને આવ્યો હોઉં એવું લાગે છે. આથી મારી પ્રત્યેના મારા મમત્વને એક આંચકો લાગે છે. મારે વિશેની થોડી અનિશ્ચિતતા, મારે વિશેની જ થોડી શંકા, હું અનુભવું છું. મને જે ખુરશી પર હંમેશાં બેસવાની ટેવ હોય તેના પર બીજું કોઈ આવીને બેસે ત્યારે પણ સહેજ અકળામણ હું અનુભવું છું. મારું પ્રિય પુસ્તક કોઈ હાથમાં લઈને અગમ્ભીરતાપૂર્વક, લગભગ બેધ્યાનપણે, એનાં પાનાં ફેરવે ત્યારે પણ મને થોડું દુઃખ થતું હોય છે.

પછી તો જેમ સમય વીતે છે, રાત ઢળે છે, તેમ મને લાગે છે કે આ આગન્તુક મને એક ખૂણામાં, પશ્ચાદ્ભૂમાં, ધકેલી દઈને બધું તન્ત્ર પોતાના હાથમાં લઈ લે છે. મારી રુચિઅરુચિ સાથે એ ચેડાં કરે છે. મારો અવાજ એનો એ રહે છે, પણ મારા શબ્દોને એ કંઈક જુદા જ સંકેત સાથે પ્રયોજે છે. મારાં પરિચિતો આ વિશે કશુંક આશ્ચર્ય અનુભવશે, કોઈક રોષ અનુભવશે અને કોઈક આ ગફલતને ઉઘાડી પાડશે એવી આશાએ હું બેસી રહું છું. પણ કશું બનતું નથી. પોતાનું સાફસૂથરું ઘર કોઈક અણઘડ આવીને બગાડી મૂકે તેવું મને લાગે છે. પણ હું ખેદપૂર્વક અનુભવું છે કે આ મારી જગ્યા પચાવી પાડનાર આગન્તુક કેટલાકને ઝાઝો રુચતો હોય એવું લાગે છે. એનામાં મારા જેવું આખાબોલાપણું નથી, જ્યાં હું રોષથી તતડી ઊઠું છું ત્યાં એ જાણે ખૂબ વિચારમાં પડી ગયો હોય એમ, કશું બોલ્યા વિના, આંખોને સ્થિર કરીને, કેવળ જોઈ રહે છે.

મને એ થાકેલો હારેલો મન્દપ્રાણ લાગે છે. પણ કેટલાક, મારી દૃષ્ટિએ લાગતી, આ ત્રુટિઓને જ સ્વસ્થતા અને ધૈર્યનાં લક્ષણ ગણીને એને બિરદાવે છે. મને એની ઈર્ષ્યા નથી આવતી, પણ એને નિમિત્તે, કેટલાંક નિકટનાં પણ, મારા સ્વભાવથી અકળાતાં હતાં તે મને સમજાવા લાગે છે.

આ વ્યક્તિ જેમ એકાએક આવી ચઢે છે તેમ જ એકાએક ચાલી જાય છે. એણે જે બધું વેરવિખેર કરી નાખ્યું હોય છે તે હું ફરી ગોઠવવા બેસી જાઉં છું. બધું જ તો જેમનું તેમ ફરી થઈ શકતું નથી. મારા કેટલાય શબ્દોને હું ફરી મારી પોતાની રીતે ઉચ્ચારી શકતો નથી. આથી કેટલીક વાર આ હકીકતનું ભાન થતાં, હું બોલતો બોલતો અર્ધેથી અટકી જાઉં છું. કેટલીક વાતો હું અસન્દિગ્ધપણે જ પ્રગટ કરવા ટેવાયેલો છું. વળી એ અભિનિવેશપૂર્વક હું ઉચ્ચારતો નથી તો મને કરાર વળતો નથી. પણ હવે જ્યાં હું એ મારા મૂળ સ્વરે બોલવા જાઉં છું ત્યાં જ મારા પરિચિતોનાં મુખ પર અણગમાનો, અને કોઈ વાર ત્રાસનો ભાવ દેખાય છે અને હું જાણે મારો ગુનો થઈ ગયો હોય તેમ બોલતો અટકી જાઉં છું.

આમ મારાથી અણજાણપણે મારા મારી સાથેના સંઘર્ષની એક નવી ભૂમિકા શરૂ થઈ જાય છે. એથી કશીક વિલક્ષણ રીતે હું મારામાં જ કશાક વિચિત્ર પ્રકારનો રસ લેતો થઈ જાઉં છું. મમત્વની પકડ વધુ દૃઢ બને છે. મનમાં ભય રહ્યા કરે છે, ‘રખેને હું મને જ ખોઈ બેસીશ તો?’ મારાં વર્તન પ્રત્યેની આ ક્ષણ ક્ષણની સાવધતાને કારણે હું ઘણી વાર મને પોતાને પણ ખૂબ જ કૃત્રિમ લાગતો હોઉં છું. આથી મારી પ્રત્યે થોડો કચવાટ અનુભવું છું અને વિના કારણે હું ધૂંધવાયેલો રહું છું.

આથી જ તો કોઈ વાર વિચારું છું કે જે કાંઈ બની રહ્યું છે તેનાથી દૂર સરી જઈને, અનાસક્ત બનીને, કેવળ સાક્ષીભાવે બધું જોયા કરવું એમાં જ ડહાપણ નથી? પણ પછી મન વળી ધૂંધવાઈને પ્રશ્ન પૂછે છે : ‘કેવળ ડહાપણ જ સર્વ કાંઈ છે? છોને થોડી ગેરસમજ થાય, નિકટનાં જોડે પણ સંઘર્ષ થાય, સ્વત્વ તો ખોવાનું ન બને. એટલું જ શું મહત્ત્વનું નથી? બધાંને અનુકૂળ થઈને રહેવા જતાં ધીમે ધીમે હું મને જ વધુ ને વધુ પ્રતિકૂળ થતો જઈશ તો શું થશે?

બાળપણથી જ ગીતાના શ્લોકો બોલતો આવ્યો છું. પછી અભ્યાસકાળ દરમિયાન શાંકરભાષ્ય, ટિળકભાષ્ય તથા શ્રી અરવિન્દના દૃષ્ટિકોણથી ગીતા સમજવાનો પ્રયત્ન કર્યો છે. એક છાપ પડી છે કે કર્મ વિશ્રાન્તિમાં ગીતાકારને રસ નથી. આસક્તિવિશ્રાન્તિ સિદ્ધ કરીને કર્મરત રહો. પણ એક વાત ખૂબ ગમી ગયેલી અને જીવનને અમુક તબક્કે, કંઈક અનુચિત રીતે, એણે મારા અહંકારને પોષ્યો પણ હશે. ગીતામાં ભગવાને કહ્યું કે સ્વધર્મને વળગી રહો, એમ કરતાં મરણ આવે તો તેય શ્રેયસ્કર જ નીવડશે.

પછી તો બીજી ફિલસૂફીનો સ્વાદ ચાખ્યો, પ્રશ્ન થયો : 'સ્વધર્મ' શબ્દમાંના આ 'સ્વ' અને 'ધર્મ' જોડાય છે શી રીતે? એ ક્યારથી જોડાય છે? 'સ્વ' સિદ્ધ થયા વિના એને કશો ધર્મ છે એમ કહી શકાય ખરું? પછી અસ્તિત્વવાદે શીખવ્યું કે કાર્ય દ્વારા 'સ્વ' સિદ્ધ કરતા જઈએ એમાંથી જ આપણો 'ધર્મ', એટલે કે આપણાં આગવાં લક્ષણો, પ્રગટ થતાં આવે. આથી સ્વત્વ છે જ અને તેને વફાદારીપૂર્વક ટકાવી રાખવાનું છે એવી જ એક પતિવ્રતાના જેવી જવાબદારી હતી તેનો ભાર હળવો થયો.

વળી સાથે એક બીજી સમજ પણ ધીમે ધીમે ખીલતી આવી : માનવવ્યવહારનો પાયો જ સન્દિગ્ધતા પર રચાયેલો છે. એમાં કશાય વર્તન પરત્વે એકવાક્યતાની આશા રાખવી તે ભ્રામક છે. પૂરું અદ્વૈત સિદ્ધ કરી આપે એવો પ્રેમ માનવીના ભાગ્યમાં ક્યાં છે? આથી આપણા એક જ કાર્યને નિમિત્તે સૌ સૌ પોતપોતાની રીતે નિર્ણય બાંધે ને અભિપ્રાયો ઉચ્ચારે એમ બનવાનું જ. એથી વિક્ષુબ્ધ કે વિચલિત થવાનું આપણને ન પરવડે.

આ દિશામાં આગળ જતાં એમ લાગ્યું કે પોતાને વિશેનાં પરસ્પરવિરોધી મન્તવ્યો છે. આપણને આપણી પ્રત્યે વધુ સાવધ અને સન્નદ્ધ રાખે છે. એવું નથી હોતું ત્યારે આપણે ધીમે ધીમે જડતાના પર્યાયરૂપે આત્મતુષ્ટિમાં સરી પડીએ છીએ. પછી એક સ્થિતિ એવી આવે છે જ્યારે આપણે, આપણને વિઘાતક લાગે એવું કશું બને ત્યારે પણ, પરમહંસની અદાથી નિલિર્પ્ત બનીને બેસી રહી છીએ. આ એક પ્રકારનો આત્મઘાત છે.

પ્રિયજનોને આપણને અનુકૂળ સુખસંવેદ્ય એવી પરિસ્થિતિ કે અનુભવોનું નિર્માણ કરવા પૂરતાં વાપરવાં એ પ્રિયજનોનું જ અપમાન નથી? મહત્ત્વનો અને આપણા વિકાસમાં સમર્પક એવો વિરોધ તો પ્રિયજનોનો જ હોઈ શકે. થતા રહેતા અનુભવો પરત્વે

સદોદ્યત રહેવું અને પ્રામાણિકપણે આત્મનિરીક્ષણ કરવું – આ બે જો બની શકે તો ‘લુત્ફેહયાત’નો અનુભવ થાય.

17-12-77

# પરિવર્તનોની લીલા

હું જાણું છું કે અત્યારે ઇતિહાસની મહાન ઘટનાઓ બની રહી છે. મહાન ઘટનાઓ બનતી હતી તે દરમિયાન અને વિભૂતિઓના સમકાલીન બનીને આપણામાંનાં ઘણાં જીવી રહ્યાં છીએ. તેમ છતાં, જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ, મને જે ક્ષણિક છે તેમાં વધારે રસ પડતો જાય છે. ઊગમણી બારીના શિરીષની ડાળ પર ઘડીક બેસીને ઊડી જતો સક્કરખોર, વાડમાં લહેકાતો લહેકાતો ચાલતો ભારદ્વાજ મારું ધ્યાન ખેંચે છે. મારા હાથમાં પીળાં પડી ગયેલાં પાનાંવાળી ચોપડી છે. એમાં ગઈ સદીના એક કવિની કવિતા છે તે હું વાંચતો હતો. પણ સક્કરખોરના ઊડવા સાથે એ પીળાં પાનાં પરની કવિતાની પંક્તિઓને પણ જાણે પાંખ આવી. એ પંક્તિઓ પણ ઊડી ગઈ.

ઘણી વાર જે ક્ષણિક છે તે જ મને કશીક સમાધિની સ્થિતિમાં મૂકી દે છે. એથી કશાક બૃહત્ સાથે મારું અનુસન્ધાન થાય છે એવો મારો દાવો નથી. નાહવાની ઓરડીમાં હું નળને જોઈ રહ્યો હતો. નળ બંધ હતો ત્યાં ધીમે ધીમે શ્રમિકના કપાળે પરસેવાનું ટીપું ઝમે તેમ, એના મુખ આગળ એક ટીપું બંધાયું. ટીપાંનો પારદર્શક દેહ બંધાયો કે તરત જ સૂર્ય એમાં વસવા ઊતરી આવ્યો, પાસેની બારી પણ એ ટીપામાં ખુલી ગઈ. ત્યાં તરત જ એ ટીપું ભાંગી ગયું. સૂર્ય ભાગી છૂટ્યો, બારી એને સ્થાને યથાવત્ સ્થિર થઈ ગઈ પણ આ બધું બન્યું તે દરમિયાનની એ એક ક્ષણમાં હું પૂરો ઓતપ્રોત થઈ ગયો. એટલી ક્ષણ પૂરતો હું જે બનતું હતું તેની સાથે પૂરેપૂરો તદાકાર થઈ ગયો. એક માર્ગ છે ઔદાસીન્યનો. તમે જે કાંઈ બની રહ્યું છે તેનાથી નિલિર્પ્ત બની રહો. પણ બીજો માર્ગ છે તાદાત્મ્યનો – એમાં દિલચોરી નહીં, જે બને છે તેમાં પૂરેપૂરા અનુસ્યૂત થઈને રહેવું.

મને બીજો માર્ગ વધારે ફાવે છે. જેમ બધાંમાં ઓતપ્રોત થતા જઈએ તેમ અહંકારની માત્રા પણ ઘટતી જાય, સ્વનો અનુચિત દાબ પણ ઘટતો જાય, એક પ્રકારની હળવાશનો સુખદ અનુભવ થાય.

જીવનમાં રસ લઈએ તો જ આપણો આપણે વિશેનો પણ સાચો રસ જાગે. પણ ફિલસૂફીનો કે દાર્શનિકતાનો એક દુરુપયોગ આપણા સમાજમાં થઈ રહ્યો છે. એથી જીવનને આપણે તુચ્છ ગણતાં થઈ જઈએ છીએ. એમાં પ્રવૃત્ત થવાનું જાણે અનિષ્ટકર છે એમ આપણે માનીએ છીએ. આથી જ્ઞાન વધતું હશે, પણ રસ વધતો નથી. જીવન શુષ્ક બની જાય છે. આથી અકાળે બધા વેગળા થઈને બેસે છે. પણ આ વેગળાપણું હમેશાં નિલિર્પ્તતાનું દ્યોતક હોતું નથી. ઊલટાનું, મોટે ભાગે એ પ્રમાદનું જ કારણ હોય છે.

મોટી પ્રાપ્તિ, મોટું કાર્ય, ઝાઝો લાભ, ઝાઝી કીર્તિ અને આ બધાંને અન્તે અમરતા – આ આખો ઉદ્યમ સરવાળે તો ક્લેશકર નીવડે છે. એનો ભાર ઉતારી નાખવા જેટલી નિઃસ્પૃહતા કેળવવી ઘટે. આથી ફૂલને ખીલતું જોવું એ એક મહાકાવ્ય રચવા જેટલું જ ઉત્તમ કાર્ય છે એમ હું માનું છું... મારી ઓરડીની ભીંત પર જૂઈની વેલના પડછાયાની ભાત, પવનથી ફરફરતી ચકલીની પાંખ, તાર પર બેઠેલા પતરંગાની એકાગ્રતા – આ મારે મન તો એકસરખી ઘટનાઓ. મહાન ઘટનાઓની પાછળ જ દોટ મૂકવાથી આપણે જીવનમાંનું ઘણું બધું જોઈ જ શકતા નથી. એ બધું જીવનમાંથી બાદ થઈ જાય છે અને એની ખોટ પણ આપણે અનુભવતા નથી. એટલે અંશે આપણે જીવનને જ ખોઈ બેસીએ છીએ. દરરોજ સૂર્ય ઊગે છે, છતાં પૂર્વમાં દરરોજ એનો નવો સમારમ્ભ યોજાય છે. એનો એ પવન દરરોજ વાય છે, પણ ક્ષણે ક્ષણે એના સ્પર્શનું સુખ બદલાયા કરે છે. ક્ષણે ક્ષણે તડકાછાયાની ભાત બદલાયા કરે છે. આકાશ શૂન્યાકાર છે. છતાં એની મુદ્રા પણ બદલાયા કરે છે.

આ પરિવર્તનોની લીલા જ આપણી પૃથ્વીનું વ્યાવર્તક તત્ત્વ છે. સ્વર્ગમાં તો બધું સદા એક જ સ્થિતિમાં રહે છે. આપણા લોહીમાં શાશ્વત માટેનો લોભ ઈશ્વરે મૂકી દીધો છે. એથી આપણે ઈશ્વરસદૃશ થવાની ઘેલછાને વશ થઈએ છીએ. પણ પૃથ્વીમાં તો પરિવર્તનના લયનું જ સંગીત રેલાઈ રહ્યું છે. ત્યાં કૂટસ્થ અવિકારી અવ્યયનો મહિમા કરવાનો કશો અર્થ ખરો?

અવિચલિત ગમ્ભીર માનવીને જોઉં છું ત્યારે મને સુખ થતું નથી. ક્યાંક કશો ભાર એને પીડી રહ્યો હશે એવી હું કલ્પના કરું છું. એ ભાર આખરે અમરતાનો લોભ બને છે, એમાંથી મૃત્યુનો ભય ઊભો થાય છે. 'પ્રકૃતિને જો જોતા રહીએ તો આ વિભીષિકામાંથી મુક્ત થઈ જઈએ. લીમડાંનાં પીળાં પાંદડાં ખરે છે, ક્યાંય કશો નિ:શ્વાસ સંભળાતો નથી. પવનમાં સેલારા મારીને એ નીચે નિ:શબ્દ બનીને પડે છે. એ જોવામાં હું મગ્ન થઈ જાઉં છું. પાણીમાં પાણીનું બિન્દુ અશબ્દ બનીને ભળી જાય છે. એ જોવું ખરેખર મને રોમાંચક લાગે છે. બારીમાંથી દૂરનું દેખાતું ક્ષિતિજવલય જોઈ રહેવું એ પણ એક અદ્ભુત અનુભવ છે. જુદા જુદા પ્રકારના માનવીઓની ચેષ્ટાઓ જોયા કરવી, એમની ચાલવાની શૈલીની વિભિન્નતાઓ નોંધવી, એમના શબ્દો સાંભળ્યા વિના એમની બદલાતી મુખમુદ્રાઓને જોઈ રહેવું – આ ભારે રસભરી પ્રવૃત્તિ છે.

ભૂમિભારને હળવેથી ખસેડીને આકાશ સાથે દૃષ્ટોદૃષ્ટ મેળવવા મથી રહેલું તૃણાંકુર અને રાત વેળાએ આકાશમાં ઝગી રહેલું નક્ષત્ર – આ બે વચ્ચેનું સમસ્ત વિશ્વ મારા આશ્ચર્યનો વિષય છે. જળનો જુદો જુદો સ્પર્શાનુભવ કરવો, વૃક્ષોની પવન સાથેની સમ્બન્ધલીલાને જોયા કરવી, પંખીઓની પ્રવૃત્તિઓને નિહાળવી, અરે, જન્તુઓના ઉદ્યમનું નિરીક્ષણ કરવું – આમાંનું કશું તુચ્છ નથી. ભગવાનને 'રસો વૈ સ:' એમ કહીને વર્ણવ્યો છે. મારો વૈષ્ણવ કે શૈવ સમ્પ્રદાય નથી, હું કેવળ રસસંપ્રદાયનો જ છું.

લીમડાનાં પાંદડાંમાંથી ચળાઈને આવતી ચાંદનીની ભાત મારી કાયા પર પડે છે અને હું એકાએક કોઈ અલૌકિક પદાર્થ બની રહું છું. એક અજાણ્યો હર્ષાવેશ મને પુલકિત કરી જાય છે. આવી જ રીતે નીરન્ધ્ર અન્ધકારની સઘનતાને દૃષ્ટિથી ભેદીને જોવાનો પ્રયત્ન મને આનન્દ આપે છે. આવી કશીક હઠીલી આનન્દપ્રિયતા જીવનના પ્રત્યેક દિવસને ઉત્સવ બનાવી મૂકે છે.

24-12-77

# મરણોત્તર અવસ્થા

કેટલીક વાર કંઈક અજબ પ્રકારનું કુતૂહલ થાય છે. ક્યારે આપણી પોતાની જિન્દગી જીવીએ છીએ, ક્યારે કશુંક અપરિચિત અજાણ્યું આપણી જગ્યાએ ઠસી બેસે છે અને ક્યારે આપણે કોઈ હજી સુધી નહીં લખાયેલી કોઈ નવલકથાનું પાત્ર બનીને જીવવા લાગીએ છીએ તે એકદમ સમજાતું નથી! ક્યારેક આ પૃથ્વીનો ગ્રહ પણ અજાણ્યો લાગવા માંડે છે. જે ભાષા આજ સુધી બોલતો લખતો આવ્યો છું તે કેવળ અર્થ વગરનું ઉચ્ચારણ બની રહે છે. કોઈ બોલતું હોય છે તો સાંભળતાં સાંભળતાં જ અન્યમનસ્ક થઈ જાઉં છું. બહારથી એમ લાગે છે કે જાણે હું ખૂબ ઊંડા વિચારમાં છું!

રવીન્દ્રનાથે સિત્તેરમી વર્ષગાંઠે કહેલું, 'હજી મારો પગ ગામ્ભીર્યના ખાડામાં પડ્યો નથી.' મને એમની અદેખાઈ આવી હતી. જે પોતાની જાત સાથે જલદી મેળ ખવડાવી શકે છે, પોતાનાં અનેક રૂપ અને ભવિષ્યની સમ્ભવિતતાઓ સાથે પણ તાળો મેળવી શકે છે તેઓ સ્વસ્થ, નિશ્ચિત બની જાય છે. પછી એમને કશું કરવાનું રહેતું નથી. એઓ દેહ છતાં જાણે વિદેહી બની જાય છે. એમની આ સ્થિતિની મને ઈર્ષ્યા આવે છે એવું હું પ્રામાણિકપણે કહી શકું નહિ.

મારા વર્તનમાં કોઈ અસંગતિ ચીંધી બતાવે છે ત્યારે એથી બીજાને અકળાતા જોઈને હું સહેજ મૂંઝાઈ જાઉં છું ખરો, પણ એથી મને કશું અસ્વાભાવિક લાગતું નથી. ત્રણ કાળને જુદા જુદા કલ્પીને જીવવાનું હંમેશાં શક્ય બનતું નથી. એવી કૃત્રિમતા મન પર ઠોકી બેસાડવાનો જુલમ હું કરતો નથી. કેટલીક વાર કોઈક મારા વર્તનથી અકળાઈને ગુસ્સે થાય છે ત્યારે કોણ જાણે શાથી હું હસી પડું છું. ત્યારે હું સંરક્ષણની એક તરકીબ

લેખે નિર્દોષ બાળકનો પાઠ ભજવતો હોઈશ? એ મેં અણજાણપણે કેળવેલી નફ્ફટાઈનું પરિણામ હશે? આ બધા પ્રશ્નો ત્યારે થતા નથી. ત્યારે તો મારું વર્તન મને સ્વાભાવિક લાગે છે. પણ પછીથી આત્મશોધનને નામે મારામાં વસતો દોઢડાહ્યો આ પ્રશ્નોની ઝડી વરસાવે છે!

કોઈક વાર મારાપણું સર્વથા ભૂલી જઈ શકાય એવી કોઈ પ્રવૃત્તિ લઈ બેસું છું. કોઈ પ્રભાવશાળી વ્યક્તિત્વવાળા સર્જકના સાન્નિધ્યમાં જઈ પહોંચું છું. એની એકાદ કાવ્યપંક્તિ કે એકાદ વાક્ય મારે મન એક નવું વિશ્વ જ બની જાય છે. એ મને મારી ક્ષુલ્લક આળપંપાળમાંથી મુક્ત કરી દે છે. પ્રેમનું મહત્ત્વ આટલા જ માટે હશે – એ માથું ભટકાયા કરે એટલા સાંકડા પોતાપણામાંથી આપણને વિશાળ વિસ્તારમાં અને ખુશનુમા આબોહવામાં મુક્ત કરી દે છે.

આ કંઈ પોતાનામાંથી નાસી છૂટવાની પલાયનવૃત્તિ નથી. ખરું જોતાં ‘સ્વત્વ’ બની ચૂકેલી નિશ્ચિત વસ્તુ નથી. જો એ એવું કશુંક હોત તો એને મારાથી અળગું કરીને જોવાની સગવડ મને પ્રાપ્ત થઈ હોત. મારા ‘સ્વત્વ’નું આગવાપણું સુરક્ષિત રાખવાની મારી જવાબદારી થઈ પડે છે ત્યારે એ વિશેની સભાનતા જ એક ક્લેશનું કારણ બની રહે છે. આથી ઘણા આગવાપણાંનો સર્વસ્વીકૃત સિક્કો સમાજ કે સરકાર પાસેથી મેળવી લેવાની ખટપટમાં પડે છે. હું મારી જાતને મારી બહારનાં અન્ય કશાકથી પ્રમાણિત કરતો રહું એ પ્રપંચ મને ગમતો નથી. જે મારામાં તદાકાર થઈ જઈ શકે તેની સાથે જ આત્મીયતા સમ્ભવે.

માનવસન્દર્ભ અટપટો અને વિલક્ષણ છે એનું કારણ એ છે કે દરેક પોતપોતાના આગવા મનોજન્ય સમયમાં, બીજાં અનેકે ઘડી આપેલાં પરસ્પરવિરોધી સ્વત્વના ખ્યાલને આધારે, જીવતા હોય છે. મારી આજુબાજુના કેટલાક કોઈ વાર એવી રીતે વાત કરે છે કે જાણે મારી ભાવિમાં ઊભી થનારી અનુપસ્થિતિને એઓ વર્તમાનમાં નહીં ખેંચી લાવ્યા હોય! એથી હું મને સાવ અપ્રસ્તુત લાગું છું. હું મરણોત્તર અવસ્થાને અનુભવી રહ્યો હોઉં એવો મને અનુભવ થાય છે. એમાં જે હળવાશ રહી છે તે જોતાં મને એક વાતનું સુખ થાય છે : મારા મરણનો અસુખકર દાબ ક્યાંય વર્તાશે નહીં.

સૂર્ય હવે ઉત્તરનો થતો જાય છે. ઉત્તર પછી જ ઉત્તમ આવે, અને ઉત્તમને પણ તમે પુરુષોત્તમ બનાવી શકો. આ ચઢતીઊતરતી ભાંજણી, શ્રેણીભેદ એનું ગણિત મને કદી આવડ્યું નથી. હવે વયમાં આગળ વધતાં હું હળવો થતો જાઉં છું. કશાક સાચા વિષાદને રહેવા જેટલી જગ્યા મારામાં બચી હશે કે નહિ તેની ચિન્તા કરવાનું પણ મન થતું નથી.

20-6-78

# આવરણની માયા

શરીરને શાપ દેતો હું ઘરમાં બેસી રહું છું. હવે મને લાગે છે કે શરીર મારું કારાગાર છે. ડુંગરીની ટોચ પર કોણ વહેલું પહોંચે તેની હરીફાઈમાં આ જ શરીરે ભાગ નહોતો લીધો? એક ઝાડથી બીજા ઝાડ પર કૂદીને આંબલીપીપળી હું જ શું નહોતો રમ્યો? આજે તો ઉપર ઓફિસમાં મારો ફોન આવે છે તો આ શરીરને ઢસડીને જવાનો કંટાળો આવે છે.

આમ છતાં મારી ભ્રમણરમણા એવી ને એવી જ છે. જનકલ્યાણની કોઈ જાહેર પ્રવૃત્તિમાં હું સીધી રીતે સંકળાયેલો નથી. સમિતિઓ અને વરિષ્ઠ મણ્ડળોથી હું દૂર ભાગું છું. મારું વ્યક્તિત્વ કોઈને ખૂંચે એ રીતે આગળ કરવામાં મને રસ નથી. હા, હું જાણ્યે-અજાણ્યે મારા વિશે ઘણી ગેરસમજ ઊભી કરું છું. પણ આ વિશ્વ વિનાશ ભણી ધસી રહ્યું હોય તો તેને ઉગારવાની મારી પાસે કોઈ યોજના નથી. આ પછીના બીજા જન્મ વિશે કલ્પના કરવાનો કે વિના કારણે ભયભીત થવાનો મને શોખ નથી. રાજકારણની ગૂંચ કેમ ઉકેલવી, યુવાન સ્ત્રી-પુરુષોના જાતીય સમ્બન્ધોની સમસ્યાઓનું શું કરવું, સમાજના 'સળગતા' પ્રશ્નો વિશે શા જલદ ઉપાયો અજમાવવા તે હું જાણતો નથી. હું માનવીઓ કરતાં પુષ્પોને અને પંખીઓને વધારે ઓળખું છું. સભામાં કોઈ ભાષણ કરવાનું કહે તો બોલવાને બદલે શ્રોતાઓના હાથમાં એકેક ફૂલ આપી દઈને એમને એ ફૂલનું ધ્યાન ધરવાનું કહેવાનું મને ગમે.

સાચી વાત એ છે કે મારા નામથી હું અજાણ્યો થતો જાઉં છું. આથી કોઈક કશુંક મારે વિશે ઘસાતું લખે ત્યારે પહેલાં જે રોષ થતો તે થતો નથી. મને એવી લાગણી થાય છે કે

એઓ કોઈ બીજી જ વ્યક્તિ વિશે વાત કરી રહ્યા છે. ઘરની અને કુટુમ્બની જવાબદારી ઉપાડવાનોય ઉત્સાહ રહ્યો નથી. એ અર્થમાં હું સાચો મુમુક્ષુ કહેવાઉં.

કોઈ વાર હું બાળકરૂપે એકાએક જીવતો થઈ જાઉં છું. પવનને કાન દઈને સાંભળું છું. માતા વિનાના બાળપણના દિવસોમાં ઓળખીને ન સમજી શકાય એવા એકલવાયાપણાને હું બેઠો બેઠો પવનની વાતો સાંભળતો જીરવી લેતો. આજે કદાચ એ પવનની ભાષા ઉકેલવાનો પ્રયત્ન કરું ત્યારે ઝરણું વહેતાં-વહેતાં જે પથ્થરની ચારે બાજુ વહાલ કરીને એને કેવો ગોળમટોળ અને લિસ્સો બનાવી દેતું તે એ શાલિગ્રામને આંગળીનાં ટેરવાં વચ્ચે ફેરવી ફેરવીને કુતૂહલથી ઓળખવા મથું છું. બાજુમાં જ ઉમરાના ઝાડ પર ફળ પાક્યાં હોય. ખાનારાંમાં પંખી અને હું. ત્યારે તો એ જ મારે મન અંજીર. કોઈ વાર મનમાં એવું થાય કે મારી આંગળીનાં ટેરવાંના સ્પર્શથી આવું કશું સુડોળ રચી શકાશે ખરું? આજે પવન કાનમાં કહે છે, ‘અરે, એથી નિરાશ થવાની જરૂર શી છે? ઈશાવાસ્યમિદં સર્વમ્ – ‘અહીં તો બધું જ ઈશ્વરના આવાસરૂપ છે.’ અહીં મારે શેની ચિન્તા? અહીં મારું છે શું? પણ આવો ધૂર્ત વૈરાગ્ય બાળપણની નિર્દોષતાની નીપજ તો નહિ જ હોઈ શકે ને!

મને ખૂબ કૃતજ્ઞતાની લાગણી હંમેશાં થતી હોય છે. મારે નિમિત્તે કોઈ કદર્ય રોષને પોતાનામાંથી બહાર ઠાલવી નાખીને અકલુષિત બને, મારી અકિંચિત્કરતા કોઈને ખોટી ઈર્ષ્યાથી બચાવી લેતી હોય, મારી કેળવેલી બાઘાઈ કોઈના આત્મવિશ્વાસને દૃઢ કરતી હોય તો હું એ બધાંનો જ કૃતજ્ઞ છું. એમાં મારે કોઈ બહુ મોટો ત્યાગ કરી દેવાનો નથી હોતો. મને મારું વળગણ છૂટે એવો જ જો ભગવાનનો શુભ આશય હોય તો એમાં અન્તરાયરૂપ થનાર હું કોણ?

આમ છતાં હું મને બડભાગી માનું છું. કશુંક રક્ષણ મને હંમેશાં મળતું જ રહ્યું છે. કહે છે કે ચન્દ્રલોકમાં તમે કોઈ ગ્રહના સીધા પ્રકાશ નીચે આવો તો લોહી એના તાપથી ઊકળવા માંડે. આપણે તો સૂર્યની આટલી પ્રખરતા છતાં સુરક્ષિત છીએ. કારણ કે પૃથ્વીની આજુબાજુ રહેલું વાતાવરણ જ આપણું રક્ષણ કરે છે. સૂર્યમાંથી વિચ્છુરિત થતી ઉષ્ણતા મને ભસ્મીભૂત કરી નાખે, પણ હું સુરક્ષિત નિશ્ચિત બનીને જીવું. તેમ

જીવનમાં સારી ત્રુટિઓ, ઊણપો અને દોષો આમ તો મને નહિવત્ જ કરી નાખે, પણ અણજાણપણે જેઓ મારું રક્ષણ કરે છે તેમનો હું ઋણી છું.

એપ્રિલની આ કંઈક ધૂસર સવારે બારીના કાચ પર થયેલા વિષાદના આછા પ્રલેપમાંથી ઝાંખીને મેં જગતને જોયું તોય મને તો એ સુન્દર લાગ્યું. આવરણ એ જ શ્રેષ્ઠ મણ્ડન નથી? આવરણની માયા જ સત્યના નિષ્ઠુર પ્રકાશથી આપણને બચાવી લે છે. મેદાનમાંની શંખપુષ્પી ઝાકળનાં મોતીથી શોભે છે. સદ્યસ્નાત શિરીષ તાજગી વિખેરે છે. શંખપુષ્પીના ખભા પર તોળાઈ રહેલા આકાશને હું આશ્ચર્યથી જોઉં છું.

કોઈ વાર વિષાદ એટલો ઊંડે ઊતરી જાય છે કે એને ઊંચકીને બહાર કાઢવા માટે હિમાલયના ખભાની જ જરૂર પડે! ત્યારે પતંગિયાંનો ઢગલો હોય એવા મુલાયમ માણસોને જોઈને હું સાન્ત્વન મેળવું છું. સ્વપ્નોમાં હું ઘણી વાર મને આકાશગામી ગતિ કરતો જોઉં છું. ફ્રોઇડ તો એમ જ કહે કે આ અતૃપ્ત મહત્ત્વાકાંક્ષાનું પરિણામ છે. એક રીતે આ ઊર્ધ્વગામી વૃત્તિ આધ્યાત્મિકતાની દ્યોતક પણ ન હોઈ શકે? કે પછી એ ભાગેડુપણાનું જ ચિહ્ન હશે? ન જાને! પણ હું તો પેલા અથર્વવેદના કવિની જેમ કહું છું : માતા ભૂમિ, પુત્રોઅહં પૃથિવ્યા! દ્યૌમણ્ડળના દેવો સાથે મારે ઝાઝો સમ્બન્ધ નથી. ઈશ્વરને હું નીલામ્બર શૂન્યમાં શોધતો નથી. પૃથ્વી જ મારો આધાર છે, આકાશનું છત્ર મેં શોધ્યું નથી. ક્યાંકથી એકાદ પવનની લહરી મને સ્પર્શી જાય છે. એ કેવળ પવનની લહરી નથી, એ તો ભૂતકાળનો આખો પત્ર છે. ત્યારની વાણી એમાં રણકી ઊઠે છે. આંગણામાંનો હીંચકો, એની પાસેનો લીમડો, બહેડાનું ઝાડ, થોડે દૂરનો હજારી મોગરો આ બધાંએ એ પત્રમાં દસ્તખત કર્યા છે. હવે થોડા દિવસ એ વાણી સાંભળ્યા કરીશ.

2-4-78

# મારા જ નામની બહાર

મારા નામની બહાર નીકળી જઈને જીવવાનું પર્વ શરૂ થયું છે. હવે મારા નામને મારાથી નિલિપ્ત, સ્વતન્ત્ર અસ્તિત્વ લેખે હું કુતૂહલપૂર્વક જોઉં છું. મારા નિન્દકો એને કોઈ તૂરા ફળની જેમ ચાખે છે ને તુષ્ટ થાય છે. કોઈ વાર હું એને કવિ રિલ્કેની સમાધિ પર છાયા ઢાળતા વૃક્ષ રૂપે ઘટા પ્રસારતું જોઉં છું. કોઈ અજાણ્યા ગામના પાદરે ઊભેલી ટેકરી જેવું અટૂલું લાગે છે. એના પર એક્કેય વૃક્ષ નથી, કે નથી એને ઘસાઈને કોઈ નદી વહેતી. કોઈક વાર એ નિશાળના પાટિયા પર લખાઈને તરત ભુંસાઈ જતા શબ્દ જેવું વિલીયમાન બની જાય છે. કોઈ વાર નિદ્રાહીન રીતે દૂરથી આવતી શિરીષની ક્ષીણ ગન્ધની જેમ એને હું અનુભવું છું.

બાળપણનું હુલામણું નામ તો આપણી સાથે કશા સખત બન્ધનથી જકડાયેલું હોતું નથી. ત્યારે તો હજુ જગતને વિસ્મયથી જોતા જ હોઈએ છીએ. વસ્તુઓનાં રૂપને અનુભવવાનો જ ત્યારે હજી તો પ્રારમ્ભ થયો હોય છે. વસ્તુના પર નામના સિક્કા પાડીને એને સમજણનાં કોષ્ટકના ખાનામાં મૂકીને નિશ્ચિન્ત થઈ જવાની ત્યારે કશી જરૂર નથી. મન એટલું ચંચળ હતું કે એ ક્ષણે ક્ષણે પરિચિત વસ્તુઓનાં રૂપ પણ બદલ્યા કરતું હતું. ત્યારે ઈશ્વરતુલ્ય બનીને બહુવિધ થઈને વ્યાપી જવાની ક્રીડા જ મુખ્ય હતી.

પોતાને વિશેય ત્યારે આપણે ક્યાં કશું જાણતા હતા? બાળપોથીમાં આપેલી બારાખડીનો પ્રપંચ ત્યારે સહેજેય સમજાતો નહોતો. શિક્ષક પતંગનો ‘પ’ બોલે ત્યારે પેલો ‘પ’ તો બિચારો દેખાતો જ નહોતો, એને નજર આગળથી ખસેડી નાખીને શિશુચિત્તના આકાશમાં તો પેલો પતંગ જ ઊડવા માંડતો. ત્યારે ચરણો હળવાં હતાં. પૃથ્વી પરથી

ઊંચકાઈ જતાં એમને ઝાઝી વાર નહીં લાગતી. લીમડાને જોઈ રહેતા ફિલસૂફની જેમ નહીં, પણ કવિની જેમ પ્રવેશવાની એ વય હતી.

કોઈ વાર શિક્ષક મારું નામ દઈને બોલાવે તો મારું મન તરત જ એ નામ જોડેનો સમ્બન્ધ સ્થાપી શકતું નહિ. નિશાળના હાજરીપત્રકમાંનું એ સાફસૂથરું નામ મને જ અજાણ્યું હતું. એ નામથી મને બાળપણના કોઈ સાથી ઓળખતા નહોતા. આથી હું એ નામના દ્વાર આગળ અજાણ્યાની જેમ જ ઊભો રહી જતો. શિક્ષક ચિઢાઈને કહેતા, ‘એય, તારું ધ્યાન ક્યાં છે?’ આ પ્રશ્ન તો નર્યો દાર્શનિક. એનો ત્યારે શો જવાબ આપી શકાય?

મારું નામ ધરાવતો મારો એક પિતરાઈ ભાઈ હડકાયું કૂતરું કરડવાથી મરી ગયો. કેમ જાણે એ નામની જ યમને માયા હોય તેમ દાદાએ મારું નામ બદલી નાખ્યું. નામપરિવર્તનનો એ પ્રથમ અનુભવ. પણ ત્યારે આવા પરિવર્તનથી રોમાંચ અનુભવવાની મારી વય નહોતી. નવા નામમાં વસવું એટલે શું તેની ખબર નહોતી. પણ ધીમે ધીમે પેલા હુલામણા નામને, સદા બદલાયા કરતા હોવાને કારણે જે કેવળ મારું છે એવો ભાવ મને જેને માટે જાગ્યો જ નહોતો તે નામને, દૂર ખસેડીને આ નામ મને એની પકડમાં જકડવા લાગ્યું હતું. હું સાવધ નહોતો, પણ મારાથી અજાણપણે મેં એ નામ ઘૂંટવા માંડ્યું હતું. હવે હું મારે હાથે ભણવાની ચોપડીઓ અને નોટ પર એ નામ લખવા માંડ્યો હતો. માલિકીની ભાવનાના એ પ્રથમ ઉદયને પણ મેં ક્યાં ઓળખ્યો હતો? પણ ત્યારે જ મને અકળ રીતે એક સત્ય સમજાઈ ગયું હતું – અલબત્ત, એને આજે જે શબ્દોથી રજૂ કરું છું તે શબ્દોમાં હું રજૂ કરી શક્યો ન હોત! એ સત્ય તે આ : પ્રિય વસ્તુના પર માલિકીના ભાવથી આપણું નામ અંકિત થઈ શકતું નથી. ભમરડા પર કે લખોટી પર કોઈ દિવસ મારું નામ કોતર્યાલખ્યાનું મને યાદ નથી!

પછી તો એ નામ ઠીક ઠીક રજોટાતું રહ્યું. કોઈ વાર કૂંપળની જેમ ફૂટ્યું તો કોઈ વાર ઊંડા કૂવામાંની છાયાની જેમ રહસ્ય બની ગયું. કોઈ વાર એણે મને સાવ ઢાંકી દીધો તો કોઈક વાર એની સાથેનો મારો સમ્બન્ધ મિત્ર જેવો રહ્યો, કોઈક વાર મારે માટે એ અભેદ્ય દીવાલ જેવું બની રહ્યું. કોઈ હોઠે એ ઉચ્ચારાયું ત્યારે જાણે મને નવો જન્મ મળ્યો. કોઈ વાર સરકારી સિક્કા નીચે એ દબાયુંકચડાયું પણ ખરું. કોઈક વાર એને લોલીપોપની જેમ મોંમાં મમળાવ્યું પણ ખરું, હંમેશાં એનો મધુર જ સ્વાદ આવ્યો છે એવુંય નથી. કોઈક

વાર મારા પરની એની પકડ અસહ્ય બની ત્યારે મેં એને ઊતરડી નાખવાનો પણ પ્રયત્ન કર્યો. કોઈક વાર થાકીને મારું નામ મેં બીજાઓને સોંપી દીધું. ભલે, એમને જે કરવું હોય તે કરે! ઘરમાં બાળકની પધરામણી થઈ ત્યારે એની કાલીકાલી વાણીમાં મારું નામ ફરીથી નવું રૂપ પામ્યું. જાણે એને એનું શૈશવ ફરીથી લાધ્યું!

બાળપણમાં ચંચળ હાથે જે નામ ચોપડી પર લખતો હતો તે નામ છાપાંની કાળી શાહીમાં ઝબકોળાઈને છપાવા લાગ્યું ત્યારે વળી મને એ અજાણ્યું લાગ્યું. સભાસમારમ્ભમાં એનો ઉલ્લેખ થતો ત્યારે હું ત્રાહિત વ્યક્તિની જેમ જોઈ રહ્યો હતો. પછી તો નિકટના મિત્રોએ જ શીખવ્યું કે પ્રશંસા અને નિન્દા એ એક સિક્કાની બે બાજુઓ છે. જેણે એક વાર કમળની જેમ ઊગી નીકળીને મને સુધ્ધાં ચકિત કરી દીધો હતો તે કાદવમાં રગદોળાયું, કોઈકે એમાં કીડાની જેમ ભરાઈને એને કોરી ખાધું, કોઈએ એને ઠેબે ચઢાવ્યું, કોઈએ એને ધારદાર ખીલાની જેમ મારા પર ઠોકી દીધું. કોઈ વાર મારા નામના વજનને જ કારણે હું જાણે ડૂબતો હોઉં તેમ ગૂંગળાવા લાગ્યો.

હવે હું મારા નામની બહાર નીકળી ગયો છું. સંન્યાસીઓ જીવતેજીવ પોતાનું શ્રાદ્ધ કરી નાખે તેમ મેં મારા નામનો અન્તિમ વિધિ મનોમન કરી નાખ્યો છે. શિષ્ટાચાર ખાતર હું મારું નામ ઉચ્ચારાતાં નજર ઊંચી કરીને જોઉં છું. સંસાર-વ્યવહારની જવાબદારી સ્વીકારીને દસ્તાવેજો પર દસ્તખત કરું છું. ભૂતકાળની કોઈ ઘટના તાજી કરીને કોઈ મને એમાં સંડોવે તો એ વેળાનું મારું નામ અજાણ્યું થઈ ગયું હોવા છતાં હું એની બહાર છટકી જવા મથતો નથી. હવે ફરી શૈશવના દિવસો યાદ આવે છે. નામોની અહૈતુક ફેરબદલી કરીને રમણીય આસ્વાદ્ય ગોટાળા કરવાની રમત રમવાનું મન થાય છે. મારું નામ સાંભળીને હું કોઈ અપરિચિત હોઉં એમ વર્તે છે ત્યારે હું એક વિલક્ષણ પ્રકારની હળવાશ અનુભવું છું. નામમાંથી છુટકારો મેળવવો એ જ મોક્ષ.

15-4-78

# થાક નામનો અતિથિ

શરીરમાં હવે એક અતિથિ લાંબા વખત સુધી ધામા નાખીને પડ્યા રહેવાની દાનતથી આવ્યો છે. એની દાનત તો એવી છે કે હવે હું એનું જ લાલનપાલન કરું. મારી ગતિ સામે એને વિરોધ, સ્થિતિ જ ગમે. એનું ચાલે તો આંખનાં પોપચાં પણ એ ઉઘાડવા ન દે! મારા પગ જાણે શરીરના નિરર્થક વિસ્તારરૂપ છે એવું મને સમજાવે છે. મારા હાથ કોકડું વળીને પડી રહે તે એને ગમે, બન્ને હાથ લંબાય તો વળી અજાણ્યા એક વિશ્વને પાછા લઈ આવે એવો એને ભય. એ અતિથિનું નામ છે થાક. એણે મારું આસન અને મારી મુખમુદ્રા બદલી નાખ્યાં છે.

એનાથી અજાણપણે મારું મન મારી સાથે ભળીને એક કાવતરું રચી રહ્યું છે. અમે ચિત્તના નેપથ્યમાં એક પંખી રચી રહ્યા છીએ. એની પાંખ રચાઈ જાય એટલી જ વાર છે. પછી અમે તો અન્તરીક્ષમાં વિહાર કરતાં થઈ જઈશું. મારા મુખ પર ચોંટેલી તારક રજ મને એક નવી દ્યુતિ અર્પશે. પાંખોમાં ઓગણપચ્ચાસ મરુતો પૈકીના નહિ એવા એક નવા મરુતને અમે લઈ આવીશું. ધરતી પર નથી એવી કોઈક આકાશકુસુમની સૌરભ પણ એની સાથે આવશે. એ પંખીનો માળો મારું શરીર બની રહેશે. એ પંખી એવું તો પાંખો પસારીને બેસશે કે એ અતિથિ માટે તસુભર જગ્યા નહિ રહે! હું અહીં રહ્યો રહ્યો અન્તરીક્ષના વાતાવરણમાં જીવતો થઈ જઈશ. પછી મારા શબ્દોનેય એ અન્તરીક્ષની આબોહવાનો પાસ બેસશે.

કોઈ સમજે કે ન સમજે, આપણને જીવવા માટે શબ્દોની બહુ જરૂર પડે છે. કોઈ જીવનભર શબ્દોથી દૂર ભાગતો ફરે, પણ મરણ વેળાએ માથું ટેકવવા માટેના ઓશીકાને

સ્થાને એને શબ્દની જરૂર પડે! કોઈ વાર માનવી એમ માનતો હોય કે એ શબ્દ ઉચ્ચારતો નથી, પણ શબ્દ હોઠથી જ ઉચ્ચારી શકાય છે એમ માનવું તે ભ્રમ છે. નિઃશ્વાસ પણ ભાષાનું અંગ છે. આંખનાં પોપચાંની ઉઘાડબીડ પણ ભાષાની જ મુદ્રા છે. આંગળીનાં ટેરવાં જે લિપિ આલેખે છે તે એક ગુપ્ત સાંકેતિક ભાષા છે. જીવનભર કેટલાક હૃદયમાં વણઉચ્ચારાયેલા શબ્દો ભરી રાખે છે. એવાનું મૃત્યુ ખૂબ વાચાળ બની જાય છે. ઋષિમુનિ મૌન સેવીને તપ કરવા બેસે છે ત્યારે એમની આજુબાજુનાં વૃક્ષો પર પર્ણેપર્ણે એમના શબ્દો ઉચ્ચારાઈ જાય છે. માણસ દૂર દૂરની યાત્રાએ શા માટે જતો હશે? થોડાક શબ્દોને પામવા. અરે, મરણની યાત્રા પણ શબ્દાતીતના પ્રદેશમાં થોડા શબ્દો લઈ જવાને માટે જ નથી? સાંજે ઘરે પાછો ફરતો હોઉં છું ત્યારે હું એકલો પાછો ફરતો નથી, થોડાક શબ્દો મારી સાથે સાથે ચાલતા હોય છે. ઘણા શબ્દોને આપણે દ્વિદલની જેમ બે ભાગમાં વહેંચી નાખ્યા હોય છે. કોઈ વાર એવો અનુભવ નથી થતો કે પ્રેમ આપણને ‘હા’ અને ‘ના’ના છૂટા નહોતા પડ્યા એવા શબ્દલોકમાં લઈ જતો હોય?

પણ ઘણી વાર આપણે જ આપણા શબ્દો પ્રત્યે નિષ્ઠુર થતા હોઈએ છીએ. આપણે આંસુના ઘુમ્મટની છાયામાં આશ્રય લઈએ છીએ અને શબ્દોને સહેજ સરખો છાંયડો આપતા નથી. કોઈ વાર શબ્દનો સાથ આપણે એને દગો દઈને છોડી દઈએ છીએ. કેટલીક વાર શબ્દોને જૂની પોથીનાં પાનાંઓ વચ્ચે દબાઈ જઈને ચપટ થવા દઈએ છીએ. શબ્દાંકુરના પ્રરોહને આપણે જ અજાણતાં ટૂંપી નાખીએ છીએ. શબ્દોને પાંખ ફૂટે તે ઘણી વાર આપણને ગમતું નથી હોતું, શબ્દો સાથે બાખડવાનું કૌવત નથી હોતું ત્યારે આપણે મૌનનો મહિમા ગાવા બેસી જઈએ છીએ. છતાં આદિમાં તો શબ્દ જ હતો, અને ઋષિઓએ જોયો હતો, સાંભળ્યો નહોતો. થીજી ગયેલાં આંસુ જેવું બીજું કશું કઠોર નથી. મોટી મોટી કાળમીંઢ શિલાઓને જોઉં છું ત્યારે એ આંસુ સારનાર મુખ મારી દૃષ્ટિ સમક્ષ હું ખડું કરવા મથું છું. એમાંથી બધું તેજ હોલવાઈ ગયું હોય છે, એની કઠોરતા તે ઘુંટાયેલી ભંગુરતા જ છે. ઘણા સૂર્યોને એમાં ઠારી નાખ્યા હોય છે. હવે એ કોઈ બીજને ગર્ભમાં ઉછેરવા તત્પર નથી. જળનું આલંગિન હવે એને લલચાવી શકતું નથી. આથી જ તો હું શિલાઓને જોઈને સ્તબ્ધ બની જાઉં છું.

દરેક ગ્રીષ્મે મારામાં એક નવો ઉન્માદ સળકે છે. મનોજગત એની સીમાઓ બદલી નાખે

છે. 'મારું તારું'ના સ્પષ્ટ ભેદ ભુંસાઈ જાય છે. મારે વિશે પ્રથમ પુરુષ એકવચન વગર બોલવાની વ્યવસ્થા ઊભી કરવી પડે છે. મારામાં એક નવા જ પ્રકારની રિક્તતા છલકાઈ ઊઠે છે. એની વજનહીનતા જાણે હું અવકાશયાત્રી હોઉં એવી ભ્રાન્તિ ઊભી કરે છે. ઉન્માદને ત્રાજવે જગતનું જુદું જ માપ નીકળે છે. ઉન્માદની બારાખડી પણ જુદી હોય છે. પરિચિત સંજ્ઞાનું ખોળિયું ઉતાર્યા વિના એ શીખી શકાતી નથી.

દિવસભરની લીમડા, શિરીષ અને ગરમાળા-ગુલમહોર નીચેની છાયાઓને સંકેલીને હું મારા ખપ પૂરતા અન્ધકારનું પોત રચી લઉં છું. એ અન્ધકાર શીતળ છે, સુગન્ધી છે. એમાં કોયલના ટહુકાની ભાત છે. મારે મન રાત એટલે આ સુખદ અન્ધકાર. કોઈક વાર દિવસે પણ હું આ અન્ધકારમાં લુપ્ત થઈ જાઉં છું. પછી મારું ખોળિયું રાબેતા મુજબનો વ્યવહાર ચલાવ્યા કરે છે.

હવામાં પંખીઓની ચંચળતાનો આન્દોલિત ઝંકાર છે. ઉનાળાનો આવડો મોટો દિવસ એમને નાનો પડે છે. મળસ્કે ચાર વાગે ન વાગે ત્યાં ટહુકાઓ પ્રાતઃસમયની નિઃશબ્દતાના પાત્રને છલોછલ ભરી દે છે. સવારે ઊઠું છું ત્યારે એ ટહુકાઓ મારા શ્વાસમાં ઓતપ્રોત થઈ ગયા હોય છે. આંગળીઓ તન્તુવાદ્ય જેવી બની ગઈ હોય છે. એ કશાકનો સ્પર્શ થતાં જ રણકી ઊઠે છે. ગ્રીષ્મના ટહુકાઓને કોઈ વાર ઉછેરીને બીજી ઋતુ માટે રાખવાનો લોભ જાગે છે. પણ પ્રકૃતિમાં પ્રાચુર્ય એટલું બધું છે કે મિથ્યા વ્યય જેવું ત્યાં કશું જ નથી.

ચારે બાજુ હું અશક્યતાઓથી ઘેરાયેલો છું. સામેના લીમડાનાં પાંદડાં આ જન્મે તો હું ગણી શકવાનો નથી. શિરીષના ફૂલની રેષા જેવી પાંખડી પણ હું ક્યાં ગણી શક્યો છું! ઘર પાસે પથરાતી છાયાઓનું ક્ષેત્રફળ હું કાઢી શક્યો નથી. આ વખતે શીમળાનું કેટલું રૂ ઊડ્યું તેનો મારી પાસે કશો હિસાબ નથી. બારીમાંથી કેટલું પ્રવેશ્યું અને કેટલું બહાર ગયું તેનોય મને કશો અન્દાજ નથી. અમારા બેમાં કોણ વધારે ચાલ્યું – હું કે મારો પડછાયો? એનો જવાબ પણ હું જાણતો નથી. કોઈ વાર સ્પર્શની લાલસા મને નદીની જેમ વહેતો કરી મૂકે છે. પછી હું મારામાંથી વહી જઈને કેટલા બધા ભૂમિભાગને, વૃક્ષોનાં મૂળને સ્પર્શી વળું છું! નદીના તરંગો મારે મન તો સ્પર્શના જ રોમાંચો છે. નદીના સ્પર્શના ઊંડાણમાં આખું આકાશ સંગોપી શકાય છે. કાંઠેના મન્દિરનું શિખર

પણ નદીમાં આન્દોલિત થઈ ઊઠે છે. આન્દોલન વગરના સ્પર્શને હું કદી માણી શક્યો નથી.

સવારે બારણું ખોલતાં જ છાપાનો ઉકરડો ગંધાય છે. પછી ધીમે ધીમે આત્મીયતાની સોડમ ઘરમાં લહેરાવા લાગે છે. બ્રોડસ્કીની કે પોલ સેલાનની કવિતાને હું પ્રેમથી પંપાળું છું. રિલ્કેની છબિ જોઈને એની આંખોને તાગું છું. ચન્દન અને ધૂપસળીના નન્દનવનમાં ટહેલું છું. શીતળ જળના શરીર સાથેના સંયોગને ભોગવું છું એટલામાં તો બસ ચારે બાજુ સુખ જ સુખ લહેરાઈ રહે છે. એની અંજલિ ભરીને હું બહાર નીકળું છું.

13-5-78

# શુદ્ધ કવિતાનો મહાલય

જિન્દગીમાં જુદે જુદે તબક્કે, અમુક શબ્દો મહત્ત્વના બની રહ્યા છે. ઠપકો, આશ્વાસન અને પ્રોત્સાહન – આ ત્રણ એ પૈકીના શબ્દો છે. બાળપણમાં કોઈ ને કોઈ કારણે મોટેરાંઓનો ઠપકો દરરોજ સાંભળવો પડતો. દાદાની નજર ચૂકવીને 'બાલમિત્ર'માં આઠ વર્ષની વયે તોટક છન્દમાં એક 'કવિતા' છપાવી નાખી હતી. ત્યારે દાદા કંઈક વધારે પડતા ગુસ્સે થઈ ગયેલા અને મને તમાચો મારેલો. જીવનમાં કવિતાની એ પ્રથમ ભેટ. પછી સાહિત્યને નિમિત્તે આવા તમાચા ઘણા ખાધા. ઠપકો સાંભળતો રહ્યો. મને બાળપણમાં એમ હતું કે મોટા થતાં તો બીજાને ઠપકો આપવાની વય હશે. પણ હજી મારી તો એ વય આવી જ નહિ. હજી હું તો ઠપકો ખાતો જ રહ્યો. કદાચ મારું બાળપણ ગયું જ નહિ!

આ મળ્યું ને આ ન મળ્યું એવી ચિન્તા યુવાનીના પ્રારમ્ભમાં થોડીઘણી કરી હશે. કાંઠે આવેલું વહાણ ડૂબ્યા જેવું ઘણી વાર લાગ્યું. પણ મેં જોયું કે આશ્વાસન આપનારનોય તોટો નહોતો. દાદાની તો શિખામણ એ જ હતી કે સામાન્ય જ બની રહેવું. આજે એ યાદ કરું છું ત્યારે એમની મમતા હૃદયને સ્પર્શી જાય છે. કોઈનુંય ધ્યાન ન ખેંચવું, જાહેર જીવનના ક્ષેત્રમાં પ્રવેશ ન કરવો. એમ નથી કરી શકતા તો દુ:ખને નોતરવા જેવું થાય. પણ આપણી સામાન્યતા રખેને અસામાન્યતા બની જાય એની ચિન્તા રાખનારા શુભેચ્છકો ઘણા મળી રહ્યા.

પણ મુરબ્બીઓ તો પ્રોત્સાહન આપનારા વર્ગમાં દેખાયા. એમનું પ્રોત્સાહન જ કેટલીક વાર અસહ્ય થઈ પડે. 'આમ તો તમારા લખાણમાં કચાશ છે થોડીઘણી, પણ તમેતમારે

લખવાનું ચાલુ જ રાખજો. તો ક્યારેક કોઈક દિવસ સારું લખાશે.' કોઈ વળી કહેશે, 'આ તમે નવું કરવાની લપ પડતી મૂકો ને! જો તમે રમણલાલ, ધૂમકેતુ જેવું કે પન્નાલાલ પેટલીકર જેવું લખતા હોત તો આજે તમે બધું જ પામી શક્યા હોત. હજુ કશું મોડું થયું નથી. રસ્તો ભૂલી ગયા હોઈએ તો સાચે રસ્તે ચઢતા આબરૂ જતી નથી.' હું કહેવા જાઉં. 'ગીતામાં કહ્યું છે તેમ સ્વધર્મે નિધન પામવું તે જ શ્રેયસ્કર –' પણ મારું કોઈ સાંભળે તો ને? હજી પણ મારી પ્રત્યે સદ્ભાવ રાખી પ્રોત્સાહન આપનારા ઘણા છે.

એક હંગેરિયન કવિએ પોતાના હતાશ દુ:ખી કવિમિત્રને ઉદ્દેશીને કાવ્ય લખેલું તે યાદ આવે છે : મિત્ર, તું તો એકલે હાથે અનેક સામે ઝૂઝતો રહ્યો. ચૈતન્યનો ઉદ્રેક અને સત્ય તારાં શસ્ત્રો, તારા હૃદયમાં સદા પ્રકાશની શીળી જ્યોત. જગતે તો તને પ્રશંસાને નામે, સ્વીકૃતિને નામે કારાગારમાં પૂરી દીધો. એ બંધ બારીબારણાંને તોડીને તેં ભાગી છૂટવાનો પ્રયત્ન કર્યો. એ લોકોના મોંઘા માઇક્રોસ્કોપ, ઝળહળતા વીજળીના દીવા – આ બધું તો લોકો કશાક સૂક્ષ્મ, આપણને દૃષ્ટિગોચર નહિ એવાં, કિરણોની શોધ માટે કરી રહ્યા છે. એ લોકો પાસે આટલાં બધાં સાધનો છે અને તારી કારાગારની કાળી કોટડીમાં તો કાજળકાળું અન્ધારું છે. છતાં એમને ભય છે કે તું કશોક જાદુ કરશે (કવિને એ લોકો જાદુગર સિવાય બીજું કશું સમજ્યા છે ખરા?) ને તારી કોટડી એવાં તો ઉજ્જ્વળ પ્રકાશથી દ્યુતિમય બની જશે કે લોકો પછીથી એ કારાગારને તીર્થસ્થાન ગણીને દર્શનાર્થે ઊમટશે.

પ્રકાશ જ આ જગતમાં મોટો અપરાધી છે. શાસકોએ એનું નામ એમની ગુનેગારોની કાળી યાદીમાં મૂકી દીધું છે. છતાં પ્રકાશને એઓ ઝાંખો પાડી શક્યા નથી. એથી જ તો હે કવિમિત્ર, તું જગતભરની સેંકડો ભાષાઓમાં જીવન્ત રહેશે. તારી કવિતા બીજી અનેક સમયની કવિતાઓમાં સદા મહોરી ઊઠશે. માનવીની ચેતનામાં તારી કવિતાની પાંખડી વેરાતી રહેશે અને સદા મહેકતી રહેશે. ભૂગર્ભમાં રહીને તને ઉથલાવી મૂકનારા તો ક્યારના ભૂમિસાત્ થઈ ગયા. એ લોકોએ ડાયરી સિવાય બીજું કશું લખ્યું નથી. એ લોકો સંતાઈને ચોરની જેમ મહોરાં પાછળ મોઢું સંતાડતા રહ્યા.

કવિતા માટે જ જીવનારા રિલ્કે જેવા કવિને એના જીવનકાળ દરમિયાન ઝાઝું માન મળ્યું નહોતું. એના ચાહકો હતા. પણ સમાજ કે સરકાર તરફથી માન મેળવવા માટે,

સરકારમાન્ય આ કે તે સમિતિમાં ઊંચું સ્થાન પામવા માટે, જાહેર સમારમ્ભોમાં પ્રતિષ્ઠિત ઉચ્ચાસને બેસવા માટે એની પાસે સમય નહોતો, જે સર્જક એકાન્ત છોડીને મેળાવડાઓનો જીવ બની જાય છે તે કવિતાથી જ વિખૂટો પડી જાય છે.

કાફ્કા, ક્યિર્કેગાર્દ, સાર્ત્ર, રિલ્કે સાથે વધારે પાકી દોસ્તી જામતી જાય છે. દોસ્તોએવ્સ્કીને ગુજરાતીમાં ઉતારવામાં સાથ આપે એવા મિત્રો શોધું છું. કોલેજના અભ્યાસકાળ દરમિયાન જ ગુજરાતી સાહિત્યનો ઉમ્બર ઓળંગાવનારની શોધમાં હતો. હવે આજે વિશ્વસાહિત્યની આબોહવામાં જ શ્વાસ લેવાનું પરવડે છે. મોરિશ બ્લાંશો, મેર્લો-પોંતિ, પોલ દ મેન, દેરિદા – સાંજ પડે છે ને ડાયરો જામે છે. નજીકનું જ જોઈ શકનારી આંખને એક પ્રકારનો અન્ધાપો આવી જાય છે, એ અન્ધાપો મારે વેઠવો નથી. છતાં હું છું ગુજરાતમાં તેનું મને વિસ્મરણ થતું નથી. કોણી મારીને ધસી જનારાની ટોળીમાં હું ભળ્યો નથી. મારે શુદ્ધ કવિતાના મહાલયમાં પ્રવેશવું છે.

14-5-78

# ભૂલા પડી જવાનો ભય

બાળપણમાં નથી લાગ્યો એટલો ભૂલા પડી જવાનો, ખોવાઈ જવાનો, ભય મને હવે લાગવા માંડ્યો છે. બાળપણમાં તો મારું એક જ સ્વરૂપ હતું. હવે જોઉં છું તો ધીમે ધીમે મારી આજુબાજુ મારું જ ટોળું ભેગું થઈ ગયું છે. કોઈક વાર હું લાંબા વખત સુધી કશું નથી બોલતો ત્યારે મારી સાથે વાતો કરનાર મારા આ મૌન વિશે જાતજાતની અટકળ કરતા હશે તે હું સમજી શકું છું. પણ ત્યારે મારી આજુબાજુ ઊભરાઈ ઊઠેલું મારું જ ટોળું એવો તો અશ્રુત ઘોંઘાટ કરતું હોય છે કે એ બધાં વચ્ચે હું મારો શબ્દ ઉચ્ચારવાનું સાહસ જ કરી શકતો નથી. કોઈક વાર સામે બેઠેલી વ્યક્તિને મારી આંખમાં એ ટોળાનું પ્રતિબિમ્બ દેખાતું હશે. ત્યારે હું કદાચ એને મારી ઉન્મત્તાવસ્થાના કેન્દ્રમાં પ્રતિષ્ઠિત થયેલો લાગતો હોઈશ.

આ પરિસ્થિતિને કારણે મારે મન 'એકાન્ત' શબ્દનો કશો અર્થ રહ્યો નથી. હું એકલો પડી જાઉં છું ત્યારે મારાં આ સ્વરૂપોથી ઘેરાઈ જાઉં છું. એ બધાંને મેં ક્યારેક ને ક્યારેક પાછળ હડસેલી દીધાં છે. જીવનમાં એવા પ્રસંગો તો ઘણા આવ્યા જ્યારે સ્વાભાવિક રીતે મારું જે સ્વરૂપ પ્રકટ થતું હોય તેને પ્રકટ થવા દેવાનું મને પરવડ્યું નહિ હોય. આ જીવન આપણને અહિંસક થવા દે એવું છે જ ક્યાં? આ જાતને જ ક્રૂરતાથી હડસેલી દઈને આગળ વધવાના પ્રસંગો તો આવ્યા જ કરે છે. મારી પ્રત્યે જ સૌથી વધુ નિષ્ઠુર બનીને મારે વર્તવું પડ્યું છે. એ હું આત્મપીડનમાં રાચું છું એટલા માટે નહિ. મારી કાયરતા પણ એને માટે કારણભૂત નથી. જગતની વ્યવસ્થા (અથવા અવ્યવસ્થા) જ એવી છે કે ખોળિયું એક અને એમાં વસનારા જીવ ઘણા! પશ્ચાદ્ભૂમિમાં ધકેલી દીધેલાં

આ મારાં સ્વરૂપો એક નવો જ સમય રચે છે. આથી જ તો કેટલીક વાર ભૂતકાળની કોઈક વિદાય વેળાનાં આંસુ, હું ગમ્ભીરપણે અધિકારીની અદાથી ખુરશી પર બેઠો હોઉં છું ત્યારે આંખમાં ધસી આવે છે. કેટલીક વાર ઉચ્ચારાતા શબ્દોની પાછળ, આજે જે શબ્દોનો મારે મન પણ કશો અર્થ નથી રહ્યો એવા બીજા શબ્દોનું ટોળું ઝળુમ્બી રહ્યું હોય છે. આથી હું હેબતાઈને મૂંગો જ રહી જાઉં છું. અહીં તો જાહેર વ્યાખ્યાનમાં જ કેમ્યૂ કે સાર્ત્રનું નામ દઈને જીવનની બેહૂદી અસંગતિની વાત ઘડીભર શ્રોતાઓનું મન બહેલાવવા કરી શકાય. પણ મારે તો મારાં જ આ સ્વરૂપો ક્ષણેક્ષણે જે અસંગતિ ઊભી કરી દે તેની સામે સાવધ રહીને ઝૂઝવું પડે.

કોઈ વાર આ ટોળાંનું વજન મારા એક શબ્દ પર તોળાઈ રહે છે અને સામાન્ય સાદોસીધો શબ્દ એક પ્રચણ્ડ ઉદ્‌ઘોષ બની રહે છે. વર્તમાન સન્દર્ભમાં જે સાભિપ્રાય લાગે તેને એમાંથી ઊંચકીને જુદા જ સન્દર્ભમાં મૂકી દેતાં હું એકાએક વાક્ય અર્ધેથી હાંફળોફાંફળો તોડી નાખું છું, જોઉં છું તો મારા ગદ્યમાં ઘણી બખોલો છે. એ એકેએક બખોલ મોટું ભયસ્થાન છે. એમાંથી કેવા પ્રકારનું આક્રમણ થશે તે હું કલ્પી શકતો નથી. આથી જ તો ભાષા પર કડક નજર રાખ્યા કરવી પડે છે. શિસ્તનો દાબ વધતો જાય છે. પણ કોઈક વાર, અણધાર્યા જ, કોઈક અજાણી ક્ષણે, નહિ ઉચ્ચારી શકાયેલા પણ તક જોઈને તૂટી પડવા તત્પર એવા, શબ્દો અર્થ પર તરાપ મારીને તૂટી પડે છે. અર્થનાં ચીંથરાં ઉડાવી દે છે. પછી કોઈ ભોળપણથી એમાં ગુહ્યા અર્થનું આરોપણ કરે છે તો મને હસવું આવે છે. આ આક્રમણોનો ઇતિહાસ મારી ભાષા ઉપાડતી આવે છે. આથી વૃક્ષને જેમ પાંદડાં ફૂટે તેમ હવે શબ્દો ફૂટતા નથી.

કોઈ વાર બોલતો હોઉં છું આનન્દની વાત અને આંખમાં કરુણતાનો ભાવ છવાઈ જાય છે. આથી જ તો મને મારી આંખો પર પણ ભરોસો નથી. એ મને જ બતાવશે એવી વફાદારીની અપેક્ષા હવે હું એની પાસેથી રાખતો નથી. આથી આંખ નીચી રાખીને અપરાધીની જેમ બોલવાની મને ટેવ પડી ગઈ છે. કોઈ વાર ભ્રાન્તિ એવી તો પ્રબળ બની ઊઠે છે કે હું મારા સત્યની ઠેકડી ઉડાવવા ઉત્સાહિત થઈ જાઉં છું. આને લોકો મારી મારા પ્રત્યેની નિર્મમતા કહીને બિરદાવે છે!

મારી આજુબાજુ વીંટળાઈ વળેલાં મારાં જ તિરસ્કૃત સ્વરૂપનાં ટોળાને હું ધારી ધારીને

જોયા કરવા સિવાય બીજી કશી પ્રવૃત્તિ કરી શકતો નથી. એથી કોઈ વાર મારા કામનો હિસાબ માગનારા મને આળસુ લેખે છે. પણ હિસાબ બધા ઊંધા વળી ગયા છે તે હું શી રીતે સમજાવું? એ ટોળામાંથી એકાદ ચહેરો મારું ધ્યાન ખેંચે છે. અત્યારે જે ચહેરો મેં ધારણ કર્યો છે તેને સ્થાને એ ચહેરો હોત તો કેવું! – એવી લાગણી પણ થાય છે. પણ કેટલીક વાર હું જ મને એવો તો અજાણ્યો લાગવા માંડું છું કે મારા જ ખોળિયામાં રહેતો હોવા છતાં, હું જાણે પારકા દેહમાં વસતો હોઉં એવી અપરાધવૃત્તિ મને પીડવા લાગે છે. મને એક જ ચિન્તા થાય છે : જ્યારે મારું અસ્તિત્વ નહિ હોય ત્યારે આ બધાનું શું થશે? એ બધાને પોતાના ગણીને આશ્રય આપનાર કોઈ હશે ખરું? પણ મારી આ ચિન્તાની પણ એ બધાં હાંસી ઉડાવે છે. આથી હું મારી ગમ્ભીરતાના ભારથી કચડાતો બેસી રહું છું.

25-5-78

# જીવનનું સીમોલ્લંઘન

જીવન કોઈ વાર એકાએક સીમાને ઉલ્લંઘી જાય છે ને એવા પ્રદેશમાં જઈ ચઢે છે જે નથી હોતો જીવનનો કે નથી હોતો મરણનો. ત્યારે ભાવપ્રતિભાવ, ક્રિયાપ્રતિક્રિયા – આ બધી જ જટાજાળનો અન્ત આવી જાય છે. કશાની અપેક્ષા રહેતી નથી. 'વેઇટિંગ ફોર ગોદો'નાં બે પાત્રોની જેમ બે સરહદ વચ્ચે સ્થગિત થઈને હું ઊભો રહી જાઉં છું. પણ મને કોઈ સરહદ પાર કરાવશે એવી કશી અપેક્ષા રહેતી નથી.

પણ આ દરમિયાન રોજંદિા વહેવારના સ્તર પર તો રહેવું જ પડે છે. પણ મેં જોયું છે કે આપણી અવેજીમાં જીવતે જીવ કોઈ આપણો જીવવાનો વેપલો સંભાળી લે, ને તે પણ આપણામાં જ વસીને, એવી ભગવાને વ્યવસ્થા કરી હોય છે. ઘણી વાર મારી શૂન્યમનસ્કતા પકડાઈ જાય છે, ત્યારે થોડો ઠપકો સાંભળી લઉં છું.

ઘરમાં કોઈ વાર ગૃહિણી હોય નહિ, બધું અસ્તવ્યસ્ત પડ્યું રહે – પ્રમાદને કારણે નહિ પણ બાઘાઈને કારણે, પછી પાછી આવીને ગૃહિણી પોતાની અનિવાર્યતાનો ગૌરવપૂર્વક અનુભવ કરીને કૃત્રિમ રોષથી બધું સરખું ગોઠવતી જાય, બેચાર કાચનાં વાસણ ફોડ્યાં હોય તે વાત બહાર આવે, ટપાલમાં આવેલો એકાદ ચેક રદ્દી કાગળો ભેગો ફાડીને ફેંકી દીધો હોય તે પણ પકડાઈ જાય ત્યારે બધું થાળે પડવાની રાહ ઊંચે જીવે જોયા કરું તેમ હમણાં હમણાંનું ઘણી વાર થાય છે. ઘણો બધો સમય વપરાયા વિનાનો, સરખો ગોઠવ્યા વિનાનો પડી રહ્યો છે. એના તન્તુઓ ગૂંચવાઈ ગયા છે. કોઈક વાર એવો ભય લાગે છે કે એ બધું સાફસૂથરું ગોઠવવાનો કદાચ સમય નહિ મળે. આમ વળી મૂંઝવણમાંથી બહાર નીકળવાના પ્રયત્નો જ મને વધારે ગૂંચવી મારે છે.

એક વિલક્ષણ અનુભવ થાય છે તે અહીં નોંધવો જોઈએ. ઘણી વાર બહુ આસાનીથી હું મને પોતાને એક બાહ્ય પદાર્થ લેખે જોતો થઈ જાઉં છું. ઘણી વાર મને પોતાને થતી લાગણીથી એકાએક હું દૂર સરી જાઉં છું. કેટલીક વાર બોલાતા શબ્દો વચ્ચેથી હું સરકી જાઉં છું. આમ મને લાગે છે કે કદાચ જે બધું 'હું'ના પથારાથી ભરેલું હતું તે હવે સાવ ખાલી થઈ જશે. એ શૂન્યની આબોહવા મને સ્પર્શશે ત્યારે હું એને જીરવી શકીશ તો ખરો ને?

મારી ધૂર્ત બુદ્ધિ મને સમજાવે છે : આ ન હોવાનો ભય, ઠાલાપણાનો ભાવ છે ત્યાં સુધી 'હું'નો વિલય થયો નથી એ નક્કી, કારણ કે મમતાને ખોળે જ ભય ઊછરે છે. આ તો બધી 'હું'ની જ માયાની પ્રપંચજાળ છે. એ પોતાનાં અનેક રૂપો બતાવ્યા કરે છે. છેલ્લા શ્વાસે પણ આપણે જગતનું નહિ, ભગવાનનું નહીં, આપણું જ રૂપ જોઈને જવાના!

આ જ તો કુતૂહલનો વિષય છે. આથી જ તો જેને આપણે એકાન્ત કહીએ છીએ એમાંય આપણે એકલા નથી હોતા. મને કોઈક વાર લાગે છે કે સૌથી વધુ આત્મપ્રિય માનવી જ એકાન્તમાં રહેવાની બડાશ મારતો હોય છે. પોતાને વિશે જેને મમતા છે તે અનેક ભેગો રહે છે, પોતાના ચહેરાને ભૂંસતો રહે છે. કેટલીક વાર એવું બને છે કે આવા માનવીને એકાએક પોતાની યાદ આવતાં એ પોતાને શોધવા માંડે છે, પણ આ બધા સમય દરમિયાન એણે પોતાનું નામસરનામું ખોઈ નાખ્યું હોય છે. છેલ્લે પોતાને ઠેકાણે પાછો ફર્યા વિના જ એ આખરી વિદાય લઈ લે છે!

સદ્‌ગુણો કેળવવા તો આપણે સૌ મથીએ છીએ, પણ એને પામ્યા વિના સદ્‌ગુણી હોવાનો દાવો કરવો એ બાલિશતા છે. વળી ક્યારે શેનું મહત્ત્વ હશે તે આપણે જ ક્યાં કહી શકીએ છીએ. જ્યારે કશાની જ ખોટ હોતી નથી, આપણી પાસે બધું જ હોય છે, ત્યારે જ વિરક્તિ અને વિરતિનો અભિનય આપણને પરવડે છે. આથી જ તો શૈશવ, યૌવન અને જરા – એવી જીવનની ત્રણ અવસ્થાના વિભાગ મને માન્ય નથી. આપણી બે જ અવસ્થા છે. અભિનય કરવાની અને અભિનય વિના ચલાવી લેવાની!

ભગવાને આપણને અવેજી પર જીવનારાં પ્રાણી બનાવી દીધાં છે. પદાર્થો સાથે આપણો પરોક્ષ સમ્બન્ધ છે, અપરોક્ષ સમ્બન્ધ નથી. પદાર્થ વિશે શબ્દો વડે જ વાત કરી શકાય.

શબ્દ એક બહુ મોટું વ્યવધાન છે. ભાષા વિના આપણે ક્યાંય પહોંચી શકતા નથી. શબ્દને નિકટતા અનિવાર્ય નથી. જ્યારે ભાષા નહિ હશે, ત્યારે સ્પર્શની નિકટતા વિના કશો વ્યવહાર શક્ય જ નહિ હશે. પણ ભાષાએ આપણને સ્પર્શજડ બનાવી દીધા છે. હું ઈશ્વરાધીન છું કે નહિ તે તો કોણ જાણે, પણ હું શબ્દાધીન તો છું જ. કોઈક વાર મનમાં જે ભાવ હોય તેનાથી ઊંધો જ શબ્દ હોઠે ચઢે, પછી કોઈનું મન દુભાય અને આપણે ખુલાસો કરવા જઈએ તો કોઈ માને ખરું? માટે જ ડાહ્યાઓ શબ્દબ્રહ્મની જ આરાધના કરે.

18-6-78

# પશ્ય દેવસ્ય કાવ્યમ્

બૃહદારણ્યક કહે છે કે જગત તો આત્માને જોવાનું નિમિત્ત છે, પણ મને પ્રશ્ન થાય છે – આત્માને જોવા માટે જગતને કેમ નિમિત્ત બનાવવું પડે? આત્માને જગતથી નિરપેક્ષ રીતે પામી ન શકાય? વેદાન્તી ગમે તે કહે, કવિ તો કહેશે, 'ના, જગતથી નિરપેક્ષ રીતે આત્માને પામી નહિ શકાય.' મને કવિની વાત રુચે છે.

'ધ વર્લ્ડ ઇઝ ટુ મચ વિથ અસ' એવી ફરિયાદ આપણે કરવાની નથી. આપણને તો ઇન્દ્રિયોને પાછી વાળી લેવાનું, દૃષ્ટિને ચિત્તમાં કેન્દ્રિત કરવાનું જ શીખવ્યું છે. જગતને તો આપણે સત્ય ગણવાનું જ નથી. એ તો ભ્રાન્તિ જ છે એમ માનવાનું છે.

આપણે તો કવિનો પક્ષ લઈને કહીશું, 'એ ભ્રાન્તિને અમે સત્યથી અદકેરુ' સત્ય બનાવી દઈશું. રવીન્દ્રનાથે એને જ તો કહ્યું, 'સવાઈ સત્ય.' એમ તો ઉપનિષદનો કવિ પણ આપણા જ પક્ષમાં હતો. હિરણ્યમય આવરણથી સત્યનું મુખ ઢંકાયેલું છે. સત્યનું એણે આવું મનોહર રૂપ બનાવ્યું. પૂષન્ એનું અનાવરણ કરે કે ન કરે.

જગતમાં હોવા છતાં જગતમાં મોટે ભાગે ગેરહાજર રહીને જીવન પૂરું કરનારા ઘણા બધા, જગતને ચાહનારા તો બહુ થોડા. ભુવનેશ્વરના મન્દિર વિશે રવીન્દ્રનાથે એક મહત્ત્વની વાત કરી છે તે અહીં યાદ આવે છે. મન્દિરના અંદરના ભાગમાં ઈશ્વરની કોઈ મૂતિર્ જ નથી. આજે ઘણા પૂજારીઓએ પરાણે મૂતિર્ ઘસડી લાવીને પૈસા કમાવાનું સાધન ઊભું કર્યું છે તેની વાત જવા દો. અંદર ઈશ્વરની જુદી મૂતિર્ નથી કારણ કે ભુવનથી જુદો ઈશ્વર છે જ નહિ. તમે ભુવનને જુઓ અને ઈશ્વરને જુઓ તે એક જ.

વેદના એક કવિએ પણ આથી તો આ પૃથ્વીને ચીંધી બતાવતાં કહ્યું છે, 'પશ્ય દેવસ્ય કાવ્યમ્.' ઈશ્વરની કવિતા રૂપે જો સૃષ્ટિને જોતાં હોઈએ તો એને ચાહ્યા વગર રહી શકીએ?

આથી જ મને વિરક્તિ વિરતિમાં ઝાઝો વિશ્વાસ નથી. બોદ્લેરની વિરતિને સમજાવતાં સાર્ત્રે આ વાત સરસ રીતે સ્પષ્ટ કરી છે. બોદ્લેરના પિતાનું, એ છ વર્ષનો હતો ત્યારે મૃત્યુ થયું. પછી તો મા જ બની ગઈ સર્વસ્વ. મા જ એને મન 'એબ્સોલ્યુટ', પણ એક જ વર્ષ બાદ એની મા ફરીથી પરણી ગઈ. પછી એને છાત્રાલયમાં મોકલી દીધો. આ એના જીવનનો મહત્ત્વનો વળાંક. ત્યારથી એણે જગત તરફથી મોઢું ફેરવી લઈને 'અનન્તકાલનું એકાન્ત' સ્વીકારી લીધું. બોદ્લેરે આ વિકલ્પ સ્વીકારી લીધો. એમ કરવાથી એ પોતાને અદ્વિતીય બનાવી દઈ શકાશે એવી કશીક એને આશા હતી.

એનું પરિણામ આવ્યું આત્મરતિ, પણ આત્મરતિની અતિમાત્રા જ વિરતિમાં પરિણમે. આપણે પ્રેમનો મહિમા આટલો બધો શા માટે કરીએ છીએ? એ આખરે ભક્તિ કે અદ્વૈતમાં પરિણમે એટલા માટે? ના, એ આત્મરતિની સંકુચિતતામાંથી આપણને પ્રબળપણે બહાર ખેંચી કાઢે છે. હું જેને ચાહું તેના જ સુખનો વિચાર કરું, મારા સુખનો નહિ. આ રીતે મારી ચેતનાની વિસ્તૃતિ થાય. પણ વિરતિ હોય ત્યાં વિસ્તૃતિ ક્યાંથી હોય?

બાળક જગતને જુએ છે તે રીતે કવિએ જગતને જોવાનું છે એમ અમેરિકી ફિલસૂફ જ્યોર્જ સાન્તાયના કહે છે તે ખોટું નથી. બાળકમાં જગત અનાયાસ ગતિ કરતું હોય છે. એને ઉગ્ર અભિગ્રહોનો કે જડ ટેવની બરડતાનો સામનો કરવાનો રહેતો નથી. એ પછી 'હું', 'મારું' એવું બોલતાં શીખે છે, પણ એ વિષે ઝાઝો વિચાર કરતું નથી. આ બોદ્લેરમાં તો એકસરખો પોતાને વિશેનો વિચાર છે. એ પોતાના આત્મા સાથે જ વાત કરે છે. એના એકાંતમાં સાથ એને કેવળ આત્માનો છે. આથી ચેતનામાં થઈને જગત સરકતું નથી. બધું જાણે સ્થગિત થઈ ગયેલું લાગે છે. આ સ્થગિતતા આખરે રોષ, ઈર્ષ્યા, ઘૃણા અને વિરતિ તરફ દોરી લઈ જાય છે. આપણે વૃક્ષને વૃક્ષ લેખે જ જોઈએ. મારા મનમાં જે કાંઈ છે તેની અવેજીમાં હું વૃક્ષને જોતો નથી. પણ બોદ્લેરને વૃક્ષની અભિજ્ઞતા નથી. પોતે વૃક્ષ જોઈ રહ્યો છે તેનું જ ભાન એને હોય છે.

જગતની પ્રચુરતાથી માનવી બચતો રહ્યો છે, પણ કવિને માટે આવી સલામતી ખતરનાક નીવડે, પોતાને એ કેવળ નિમિત્ત રૂપે પણ ન લેખે, તેમ જ જગતને કેવળ પોતાની અભિજ્ઞતા પામવાના નિમિત્ત લેખે ન જુએ તે એના કાવ્ય માટે અત્યન્ત જરૂરી છે. કવિની ચેતનામાંથી પસાર થઈને નવું રૂપ પામેલું જગત પરમ દર્શનીય છે એને કારણે પરોક્ષતા નહિ પણ એક અદ્‌ભુત પ્રકારની પ્રત્યક્ષતાનો અનુભવ થાય છે. જે કવિમાં આ અવ્યવહિત વ્યવધાનરહિત પ્રત્યક્ષતાને જિરવવાની મગદૂરી નથી તે ‘તત્ત્વનું ટૂંપણું’ લઈને બેસી જાય છે. સંવેદનાની અવેજીમાં વિભાવના ન ચાલે. જગતમાંથી આપણી ચેતનાનું થતું પ્રત્યાખ્યાન એ એક ગમ્ભીર સમસ્યા છે, કવિતાનાં વળતાં પાણી થાય છે ત્યારે જ આવાં વલણો જોવામાં આવે છે. કવિતામાં જગતના પુન:પ્રવેશની આપણે પ્રતીક્ષા કરીએ.

25-6-78

# પંખીના ટહુકામાં સામગાન

કોઈ વાર એવું લાગે છે કે જાણે આખો દેશ મારામાં ઊગી નીકળે છે. વિષુવવૃત્તના કોઈ પણ અરણ્યથી વધુ નિબિડ હું બની ઊઠું છું. મન્દિરોનાં શિખરો અને ગોપુરમ્ મારામાં ઊંચે ઊંચે વધ્યે જાય છે. મારા શ્વાસોચ્છ્વાસમાં આરતી ટાણેના ઘણ્ટારવ રણકી ઊઠે છે. શતાબ્દીઓની સળ મારામાં ઉખેળાતી આવે છે. અનેક યુદ્ધોની રણભેરી મારામાં ગાજી ઊઠે છે. સંસ્કૃતિના ઉત્થાનપતનનાં આન્દોલનોથી હું વિક્ષુબ્ધ બની જાઉં છું .

બીજી જ ક્ષણે એ બધા ભવ્ય મહાલયોના ભંગારથી હું છવાઈ ગયેલો દેખાઉં છું. તુલસીક્યારામાંની તુલસી સુકાઈ ગઈ છે. દીવો બુઝાઈ ગયો છે. મન્દિરના ઘણ્ટમાં તડ પડી છે. દેવોના એ મહિમાન્વિત સ્થાનની જ પાસે સદીઓથી એ દેવોથી જ શોષાઈ ગયેલો ગંદો-ગોબરો, હાડપાંસળાં દેખાય એવો સુકલકડી માનવી હું જોઉં છું.

સમ્રાટોના મુકુટો રોળાઈ ગયા છે, મયૂરાસનો કાટથી ખવાઈ ગયાં છે. ક્યાંક ખણ્ડેર બનેલા કોઈ કિલ્લાની રાંગમાં પડેલી ફાંટમાંથી પીપળો ઊગી નીકળ્યો છે. એટલામાં જ ક્યાંક નિષ્પલક આંખે એકાદ ઘુવડ બેઠું બેઠું જોયા કરે છે. મારા શ્વાસને કદીક એનો પડછાયો સ્પર્શી જાય છે. હજીય ક્યાંક દૂરથી ગાયત્રી મન્ત્રના અપભ્રંશ ઉચ્ચારને ભ્રષ્ટ બાહ્મણોના મુખેથી હું સાંભળું છું . કોહી ગયેલા ફળ અને ચન્દનના ધૂપની ગન્ધથી હું ગૂંગળાઈ ઊઠું છું. એક સાથે અનેક પોથીઓનાં પાનાંઓને હું ઝંઝાવાતમાં ઊડતા જોઉં છું. કોઈકમાં મન્ત્રદ્રષ્ટા ઋષિની ઋચા છે તો કોઈકમાં મનુ ભગવાને કરેલી નારીનિન્દા છે; કોઈકમાં ભગવદ્ગીતાની સમન્વયવાણી છે તો કોઈકમાં કૌટિલ્યની કૂટ નીતિ છે. રાજવી ઐશ્વર્યના છાયડામાં ઊગેલી કવિતાની નાજુક લતાને ક્યારેક જોઉં છું, તો

કોઈક વાર કાલપ્રિયનાથના મેળામાં ભવિષ્ય તરફ મીટ માંડીને એકલાઅટૂલા ઊભેલા, સમાનધર્માને શોધતા, ભવભૂતિને જોઉં છું. એ બધી વિદિશાઓ અને વસતીઓનો ભાર મારે ખભે ચંપાયેલો છે.

શબ્દોનાં અડાબીડ અરણ્યોને વીંધતો હું મહાદેવના ડમરુનાદ ભણી ધસ્યે જાઉં છું. સરસ્વતીનેય મેં મન્દિરમાં પૂરી દીધી છે. ત્યાં ન્યૂટનઆઇન્સ્ટાઇન કે સાર્ત્રકેમ્યૂને મેં પેસવા દીધા નથી. પોથી વાંચવાને બદલે મેં એને સરસ રેશમી વસ્ત્રમાં બાંધીને સાચવી રાખી છે. જૂનામાં જૂની પોથી કઈ છે તેની મને ખબર છે. હું કંકુ છાંટીને એની પૂજા કરું છું.

હિમાલયની ઉત્તુંગતાથી મેં મારા ગૌરવને દલિત થતું જોયું છે. કેટલીક વાર દીનથી પણ દીન અને હીનથી પણ હીન થવામાં મેં ગૌરવ અનુભવ્યું છે. ઈશ્વર સાથેનો સમ્બન્ધ સદીઓથી મેં દાતા અને યાચકનો જ રાખ્યો છે. ઈશ્વરનો મહિમા, એનું ઐશ્વર્ય મારી અકિંચિત્કરતાથી જ વધે છે એમ હું માનતો રહ્યો છું. હાસ્યને મેં ભક્તિનો પ્રકાર લેખ્યો છે.

રાજાઓની સવારી જોવાને, નેતાઓનું અભિવાદન કરવાને, મહન્તો અને મઠાધીશોની પાલખી ઊંચકવાને, મેં પડાપડી કરી છે. કોઈ પંગુનો મેં હાથ ઝાલ્યો નથી, કોઈ અન્ધને મેં દિશા બતાવી નથી. ભોંયરામાંના એક પટારામાં ખંભાતી તાળું મારીને મેં શું સાચવી રાખ્યું છે તેની મને ખબર નથી, પણ એને સાચવવાનો મારો પરમ ધર્મ સમજું છું.

લોકશાહીથી હું અકળાયો છું, વિપ્લવનો ધ્વજ ઝાલીને હું કદી સૂરજના અજવાળામાં ઊભો નથી. આતતાયીને સ્થાપવા માટે મેં ષડયન્ત્રો રચ્યાં છે ખરાં. જે સ્થાને હોઈશ ત્યાં મેં મારું વર્ચસ્ સ્થાપવાનો જ પ્રયત્ન કર્યો છે. શરણાગતિ સ્વીકાર્યા પછી મારી બુદ્ધિને સ્વતન્ત્રતાથી વિહરવા દીધી નથી. જ્ઞાનના વિપુલ જલરાશિ વચ્ચે, પૂર્વજોના તપનાં પુણ્યે કરીને, હું નિલિર્પ્ત રહી શક્યો છું. ષડ્દર્શનમાંથી જ્યારે જે વધુ અનુકૂળ લાગે છે તેને હું સ્વીકારું છું. કોઈ વાર ચાર્વાકને જ મેં મહાન ગણ્યો છે, તો કોઈક વાર અક્ષપાદ ગૌતમને.

દેવોની સંખ્યાને પણ હું વધારતો રહ્યો છું. નગરેનગરે મેં સન્તોને વસાવ્યા છે. કાલજયી મૃત્યુંજયની આરાધના કરવાને કારણે સમયના પરિવર્તનથી મારામાં કશું પરિવર્તન મેં થવા દીધું નથી. હું બુદ્ધ જેવો કૂટસ્થ અને અવિકારી છું. શબ્દના અર્થને હું માયાવી પ્રપંચ ગણું છું. મેં જ્ઞાન કરતાં નિષ્ઠા વધારવાને જ વધુ યોગ્ય ગણી છે.

મહાદેવ જો મને એમના પ્રાંગણમાં પોઠિયો બનાવીને બેસાડી દે તો સદીઓ સુધી હું બેસી રહેવા તૈયાર છું. સમુદ્રો અને પર્વતો ઓળંગવા માટે નથી એમ હું માનું છું. બિલીપત્ર, તુલસી, પીપળો, આસોપાલવ, આંબો – આ બધામાંથી મને ધર્મની મહેંક તરબતર કરી દે છે. એવું કશું પાપ નથી જેને ગંગોદકથી ધોઈ નાખી શકાય નહિ. હું રાખને અંગે ચોળવાને અને ચરણરજને માથે ચઢાવવાને ટેવાયેલો છું. પંખીઓના ટહુકામાં હું સામગાન સાંભળું છું. મારી ભક્તિ એવી છે કે તૃણાંકુર જોઈને પણ હું ગદ્ગદ થઈ જાઉં છું.

વિચાર નામે વિકાર છે, આથી વિચારહીન અવસ્થા મારે માટે કાવ્ય છે. જે બુદ્ધિ પરિચિત છે અને પરમ તત્ત્વનો તાગ કાઢી શકતી નથી તે બુદ્ધિવિકાસ મિથ્યા પુરુષાર્થ જ બની નથી રહેતો? વિદ્યાલયમાં કલાકના કલાક બેસીને ઉછીની આણેલી વિદ્યાનો જ્ઞાનદમ્ભીઓને મોઢે થતો શુકપાઠ સાંભળવા કરતાં મન્દિરના પવિત્ર વાતાવરણમાં પાંચ ક્ષણ બેસવું તે મારે મન વધુ મૂલ્યવાન છે.

દરિદ્રતાનાં હું રોદણાં રડતો નથી, ભગવાન માયામાંથી મુક્ત કરવા માટે જ દરિદ્રતા અને પ્રમાદનું વરદાન આપે છે. જેને શતાબ્દીઓ જૂની પરમ્પરાઓનું સમર્થન નથી તેના પર હું વિશ્વાસ શી રીતે રાખી શકું? વ્યક્તિવાદમાં હું માનતો નથી. સમષ્ટિમાં જ વ્યષ્ટિનો લય થવો જોઈએ. શબ્દ ઉદ્ભવે છે અને એની પરિણતિ, એનું પર્યવસાન લયમાં થાય છે. મન્ત્રનું રટણ એ લયની નિકટ લઈ જાય છે. આજે મારામાં મારો પુરાણપ્રાચીન દેશ આળસ મરડીને બેઠો થયો છે.

15-7-78

# પરાક્રમકાણ્ડ

મારી ચારે બાજુ લોકો અનેક પ્રકારનાં પરાક્રમો કર્યાની વાત કરે છે ત્યારે મને આશ્ચર્ય થાય છે. હું તો આ વિજયાદશમીએ કોઈ પરાક્રમની સફળતા ઊજવી શકું એમ નથી એવું મારે પ્રામાણિકતાપૂર્વક કહેવું જોઈએ. કદાચ પ્રામાણિકતા એ નિર્બળોનો કે આત્મનિન્દકોનો જ ગુણ હશે! પણ મારે જે કહેવું છે તે આવી કોઈ મનોરુગ્ણતાને પોષવાના પ્રયત્નરૂપે નથી.

હજી હમણાંની જ વાત છે. મારે રસ્તો ઓળંગીને સામી બાજુએ જવું હતું. પણ તે દિવસે બન્યું એવું કે હું રસ્તો ઓળંગી જ શક્યો નહિ! મને આંખે બરાબર દેખાય છે, હું બરાબર સાંભળી શકું છું. પગે કશી ખોડ નથી. પણ કદાચ આ કારણે જ હું રસ્તો ઓળંગી શક્યો નહિ.

હું રસ્તો ઓળંગવાને પગ ઉપાડવા જતો હતો ત્યાં જ ખૂબ નજદીકથી કોઈનો ઉચ્છ્વાસ મને સ્પર્શી ગયો. પાછું વાળીને જોઉં છું, તો એક પ્રૌઢ વયનો પુરુષ હતો. એ કશીક મુશ્કેલીમાં હશે એમ માનીને મેં એની સામે પ્રશ્નભરી દૃષ્ટિએ જોયું. એના મોઢા પરના ભાવ બદલાયા નહિ. એની આંખની કીકીની આજુબાજુ ધોળાશનું વર્તુળ હતું. એ લગભગ નિષ્પલક દૃષ્ટિએ જોઈ રહ્યો હતો. મારી સામે આંખો માંડેલી હતી છતાં હું એની દૃષ્ટિ જોડે મારી દૃષ્ટિનું સન્ધાન કરી શકતો નહોતો. ભિખારી જેવો તો એ લાગતો નહોતો. કોઈ સારા કુટુમ્બનો માણસ અવદશા થતાં લાચારીથી યાચક બનતાં અવાચક થઈ ગયો હશે એવું માનીને મેં પૈસા કાઢવા માટે ખિસ્સામાં હાથ નાખ્યો. પૈસા બહાર કાઢ્યા. એ તરફ એણે નજર સરખી કરી નહિ, પૈસા માટે હાથ પણ લંબાવ્યો નહિ. હું ભોંઠો પડી ગયો,

પણ એના મોઢા પરનો ભાવ બદલાયો નહિ. કોઈક સમય, કદાચ સત્યયુગમાં, એવો હશે જ્યારે કેવળ ઉચ્છ્વાસના સ્પર્શથી લોકો એકબીજાને સમજી શકતા હશે. આજુબાજુનાં ટોળાં વચ્ચે અમે બે નિકટ છતાં અસમ્બદ્ધ એવા ઊભા હતા.

આખરે મને શું કરવું તે સૂઝ્યું નહિ એટલે હાર સ્વીકારીને મેં મારી આંખ ફેરવી લીધી, થોડે દૂર ખસી ગયો. પેલાએ શું કર્યું તે મેં તીરછી આંખે જોઈ લીધું. એ એમ ને એમ ત્યાં જ ઊભો રહી ગયો હતો. કદાચ એણે મારી અનુપસ્થિતિની નોંધ પણ લીધી નહિ હોય!

હું હવે સામી બાજુએ ચાલી જવા માટે અધીરો બની ગયો હતો. ત્યાં બાજુની કોલેજમાંથી હડતાળ પાડીને વિદ્યાર્થીઓનું ટોળું બહાર નીકળ્યું. મને એમનાં અળવીતરાંપણાંનો ખાસ્સો અનુભવ છે. એટલે જ હું ખસી જવા જતો હતો. ત્યાં, કદાચ મારા મોઢા પરનો ગભરાટ જોઈને, એકબીજાના હાથ ઝાલીને અર્ધવર્તુળ બનાવીને ચાલતા વિદ્યાર્થીઓ વચ્ચે મેં મને કેન્દ્રમાં જઈ ચઢેલો જોયો. સૂત્રોચ્ચારના ઘોંઘાટ વચ્ચે દિઙ્મૂઢ બનીને હું આગળ ને આગળ ઘસડાતો ગયો. મારે કપાળે પરસેવો વળી ગયો. ત્યાં વિદ્યાર્થીઓનાં બે જૂથ સામસામા અથડાયાં. એક પથરો મને ઘસડાઈને ગયો. બધે નાસભાગ શરૂ થઈ. એટલે ધીમે રહીને હું પણ અળગો સરી ગયો.

હવે તો હું આજુબાજુ જોયા વગર રસ્તો ઓળંગી જ જવા માગતો હતો. મેં પગ ઉપાડ્યા. ફૂટપાથની નીચે પગ મૂકું છું ત્યાં જ એક રીક્ષા સાવ મારી અડોઅડ આવીને ઊભી રહી ગઈ. મેં માન્યું કે ચાલો, એક ઘાત ગઈ. પણ જોઉં છું તો એમાંથી એક સન્નારી મારું નામ દેતાં દેતાં ઊતર્યા, એમણે ઉપાલમ્ભભરી નજરે મારી સામે જોયું ને કહ્યું, 'ખરું કરો છો તમે તો, કેમ જાણે ઓળખતા જ નહિ હો!' હું એમની સામે તાકીને જોઈ જ રહ્યો. બોર્હેસની નવલકથામાં એક પાત્ર આવે છે જે કદી કશું ભૂલી જ શકતું નથી. મારી એનાથી અવળી સ્થિતિ હતી. એ સન્નારીને ક્યાંક જોયા હોય એવું પણ મને યાદ આવતું નહોતું. એમણે તો જાણે કેટલા જનમથી મને ઓળખતા જ હોય એમ ઉલ્લાસપૂર્વક કંઈ કેટલીય વાતો કરવા માંડી, 'કેમ, આટલા બધા લેવાઈ ગયા છો? ભાભી બરાબર ખવડાવતા નથી કે શું?'થી માંડીને તે મારા છેલ્લામાં છેલ્લા પુસ્તકની ચર્ચા. યુરોપની હાલની સાંસ્કૃતિક સ્થિતિ, એમની દીકરી કેવી ચમકી ઊઠી છે તેનો વિગતવાર અહેવાલ

હું – એકધારા શબ્દઘોષથી અભિભૂત થઈને સમ્મોહિત ઊભો જ રહી ગયો. એમણે 'લો, ત્યારે આવજો' કહીને સરનામું આપ્યું તે ખિસ્સામાં મૂકીને નિરાંતનો દમ ખેંચ્યો.

હવે મને રસ્તો ઓળંગવાનો ઝાઝો ઉત્સાહ રહ્યો નહોતો. મેં આજુબાજુ નજર કરી. આમ તો કશો અવરોધ દેખાતો નહોતો. મેં એક છેલ્લો પ્રયત્ન કરી જોવા વિચાર્યું. તરત તો મારા પગ ઊપડ્યા નહિ. આખરે કૃતનિશ્ચયી બનીને મેં ડગલું ભર્યું. ત્યાં જ કોઈકે મારે ખભે હાથ મૂક્યો. હું જોઉં છું તો મારી પાછળ ધોળાં કપડાં પહેરેલા બે પડછંદ જુવાનો ઊભા રહી ગયા હતા. મેં એમની પ્રત્યે રોષભરી દૃષ્ટિએ જોયું ને પૂછ્યું, 'કોણ છો તમે? શા માટે મને રોકો છો?' એના જવાબમાં એમાંના એકે ખિસ્સામાંથી બેજ કાઢીને બતાવ્યો. એમાંનો એક તોછડાઈથી બોલ્યો, 'આ તમારા ગાંધીબાપુનું રાજ નથી. સેન્સરશીપ છે એની ખબર તો છે ને? શું ગમે તેમ લખ્યે રાખો છો?' બીજો બોલ્યો, 'તમારા મિત્રે જ અમને માહિતી આપી છે. એમ ઢાંકીને ચતુરાઈથી લખશો તેથી અમને છેતરી શકશો નહિ.' મેં મનમાં કંઈક ગણતરી કરી લીધી. થોડા વખત પહેલાં એક પરિચિત ભાઈ 'ભૂમિપુત્ર'ને બંધ કરાવી દેવાની ડંફાસ મારતા હતા. એમની જોડે મારે જીભાજોડી થઈ હતી. એ ભાઈનું જ આ પરાક્રમ હોવું જોઈએ. મેં એમને પૂછ્યું, 'તમે શું કરવા ધારો છો?' એમણે કહ્યું, 'તમારા જેવા ભણેલા માણસને શું કહેવું? આ તો ચેતવણી આપીએ છીએ. નહિ તો પછી…' આવાં માણસો કરતા હોય છે તેમ એણે વાક્ય અધૂરું રાખ્યું.

આમ એક રોજ-બ-રોજનું સાદું રસ્તો ઓળંગવાનું કામ પણ હું તે દિવસે કરી શક્યો નહિ; તે દિવસથી મારો રહ્યોસહ્યો ગર્વ ગળી ગયો છે. હવે હું 'પરાક્રમ' શબ્દ મોઢે લાવતો નથી.

15-10-78

# વિદ્યા વિનાનો વિદ્યાર્થી

હવા શિરીષનાં ફૂલોની સુગન્ધથી તરબતર છે. બપોરના ઊના પવન પણ લીમડાની મંજરીથી મહેકને કારણે સુખદ લાગે છે. હવે કોયલનો કણ્ઠ ખૂલ્યો છે. વસન્ત ગઈ છે, ગ્રીષ્મનું આગમન થઈ ચૂક્યું છે. શીમળો અને મન્દાર ગ્રીષ્મના લાલચટક રંગને ઘૂંટી રહ્યા છે. હજી ગુલમહોરને ખીલવાની વાર છે. આમ્રમંજરીની સુગન્ધથી વિહ્વળ બનીને રસ્તે ચાલતાં ચાલતાં ઊભા રહી જવાય એવું આ વખતે બન્યું નથી. વાદળો પૂરેપૂરાં ગયાં એવું હજી હિમ્મતપૂર્વક કહી શકાતું નથી.

પણ હું ફર્ટિલાઇઝર, રિફાઇનરી, ફૅક્ટરીઓ, રાસાયણિક દ્રવ્યોની દુર્ગન્ધથી, ધુમાડાથી ઘેરાયેલો છું તે વાત પણ ભૂલી જતો નથી. મારે 'પ્રદૂષણ'નો વિરોધ કરીને ઝુંબેશ ચલાવવાનો કાર્યક્રમ આપવો નથી કે ચોખ્ખી હવા લેનારાઓનું જુદું મણ્ડળ પણ સ્થાપવું નથી. કપરી વાસ્તવિકતા સ્વીકારી લેવી છે. યુવાન પેઢીએ જે પ્રશ્નો ઊભા કર્યા છે તે વિશે પણ હું વિચાર્યા વિના રહી શકતો નથી. શિક્ષક તરીકે હું એમના સમ્પર્કમાં રહ્યો છું. એમની વિટમ્બણાઓ, રળવામાં પડેલા વડીલો દ્વારા થતી એમની ઉપેક્ષા, એમને મળેલા નીરસ વેઠ ઉતારનારા ભ્રષ્ટાચારી શિક્ષકો, બદલાયા કરતાં રાજતન્ત્રો એમની પાછળ જે કડવી નિર્ભ્રાન્તિ અને વન્ધ્ય રોષ મૂકી જાય છે તે – આ બધું હું જાણું છું, ને તેથી જ મને એમની પ્રત્યે રોષ નથી, સહાનુભૂતિ છે. હું એમની પાસેથી કશી આશા રાખતો નથી. એમનામાં પ્રિય થઈ પડવા કરતાં કટુ સત્ય બોલીને અળખામણા થવાનું મને વધુ ગમ્યું છે. કહેવાતા વિદ્યાર્થીનેતાને મેં બહુ નજીકથી ઓળખ્યા છે. હું એક જ પ્રકારના વિદ્યાર્થીનેતાને સ્વીકારું છું – જે વિદ્યાભ્યાસમાં ઉત્કૃષ્ટતા બતાવતો હોય, રાજકારણની

ગંદી રમતો, ભાષણબાજી, સરઘસો, કાયરો આચરી શકે એવી હિંસા, સત્તાધીશોને કાયર બનાવવાનો કીમિયો – આ બધામાં પડીને જીવનનો સુવર્ણ સમય વેડફી નાખનારા માટે મારા હૃદયમાં કેવળ કરુણા છે.

આજે પ્રેમનું નામ લેતા જઈને આપણે કેવળ પ્રેમહીનતાની ઊષર ભૂમિને વિસ્તારતા રહીએ છીએ. આથી આ લોકો તો આગલી પેઢીનાં દુષ્કૃત્યોનાં પરિણામો ભોગવી રહ્યા છે. એ લોકો દુષ્ટ નથી, દુષ્ટોના શિકાર બનેલા છે. આથી આગલી પેઢીઓએ જે મૂલ્યોનો શુકપાઠ કર્યો તેનો એઓ તિરસ્કાર કરે તો તેને હું વધાવી લઉં છું. પણ કેવળ વન્ધ્ય રોષ એમને કોઠે પડી જાય એમ હું ઇચ્છતો નથી. જ્ઞાનના ક્ષેત્રમાં વર્ષો ગાળ્યા છતાં જેમની સૂઝ ખીલી નથી, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી નથી, મૂલ્યબોધ વિકાસ પામ્યો નથી, કલ્પનાશક્તિ ખીલી નથી, વિચારમાં સૂક્ષ્મતા અને ઊંડાણ આવ્યા નથી એવા શિક્ષણનો વેપલો ચલાવનારાને પનારે પડેલા જુવાનો રોષથી કંઈક વધુ કહે એવું હું ઇચ્છું છું.

આ પરિસ્થિતિ વિશે, કશા આક્રોશ વિના, સભાનતા કેળવવી તે પહેલી વાત છે. અણગમો કે કચવાટ ધૂંધવાટ આખરે તો આત્મદયામાં પરિણમે છે તે મેં જોયું છે. એમની ક્ષિતિજોને મર્યાદિત કરનારાઓને એમણે ઓળખી લેવા જોઈએ. ઘણા એવા છે જેઓ યુવાનોની દૃષ્ટિસીમાને સંકોચવામાં પોતાનો લાભ જોતા હોય છે. આથી આજનો યુવાન જીવન પાસેથી શી અપેક્ષા રાખવી તે જાણતો થઈ જાય છે. વ્હાઇટ કોલર જોબ, બિઝનેસ એક્ઝિક્યુટીવ, બૅન્ક ઓફિસર, ફોન, કાર, ટેલિવિઝન સાંજે ક્લબ, છાશવારે પાર્ટી, થોડે થોડે વર્ષે પરદેશયાત્રા – આની આગળ તો આજના ખૂબ તેજસ્વી વિદ્યાર્થીની પણ દૃષ્ટિ જતી નથી. આ બધું મેળવવા માટેનાં સાધનો પણ જે આગલી પેઢીએ આપ્યાં હતાં તેનાં તે જ છે. સાધનવિવેકની દીક્ષા એમને કોઈ પાસેથી મળી નથી. યુવાનો તો એટલા અધીરા હોય કે એઓ કશું વિચારવા ન થોભે, ભૂલો પેટ ભરીને કરી લે, પછી વિચારવાનો ઘણો વખત છે – આવી સામાન્ય માન્યતા હોય છે, પણ આજે યુવાનોએ યૌવનના શક્તિઉદ્રેકની સાથેસાથે થોડું ઠાવકું ડહાપણ પણ કેળવવું પડે એવી આજની પરિસ્થિતિ છે. અપક્વતાને અલંકાર તરીકે હવે સ્વીકારી શકાશે નહિ.

ગરીબાઈ, ટાંચાં સાધનો, રૂઢ, જડ, સમાજવ્યવસ્થા, કેવળ રાજકારણીઓનું દેખાતું વર્ચસ્ – આ બધાં આજની પરિસ્થિતિ માટેનાં કારણો છે એમ કહેવું પણ કેટલું સાચું છે?

હવે નવી જીવનરીતિ માટેની શોધ ચાલી રહી છે, પણ તે પહેલાં પોતાનું જીવન પોતે જીવે એવી પ્રાથમિક જવાબદારી તો યુવાનોએ સ્વીકારી લેવાની રહેશે.

સૅમ્યુઅલ બટલરે કહ્યું હતું કે બાળકો અપરાધ કરે તો એની શિક્ષા એમનાં માબાપોને કરવી જોઈએ. સ્વાતન્ત્ર્યોત્તર કાળમાં તકવાદીઓ રાષ્ટ્રવાદીઓને ખસેડીને આગળ આવ્યા, ગાંધી પણ એમાં હડસેલાઈ ગયા. પદયાત્રાનું સ્થાન વિમાનયાત્રાએ લીધું. મૂલ્યોનો એકસામટો ધ્વંસ થયો. આ અસામંજસ્યની સ્થિતિનો લાભ ઉઠાવનારા તરત ફૂટી નીકળ્યા, એમને માટે, પરિસ્થિતિ અનુસાર, ભાષા અને સૂત્રો તૈયાર કરી આપનારા પણ નીકળી આવ્યા. વાતાવરણમાં સર્વત્ર ફેલાયેલા આ પ્રદૂષણથી બચવું હોય તો યુવાનોએ જુદા જ પ્રકારની ખુમારી કેળવવાની રહે. વાતાવરણ સુધરશે એની રાહ જોયા કરવાથી એ બનવાનું નથી. હવે કોઈ બોલેલું વચન પાળતું નથી. હવે કોઈ કોઈનાં દુ:ખે દુ:ખી થતું નથી. એ દુ:ખને પોતાના સુખ માટે વટાવી ખાનારા ઘણા છે. ઊંડી સૂક્ષ્મ પર્યેષણાનું સ્થાન સભારંજક ચબરાકિયાવેડાએ લીધું છે. જે નવો સમાજ રચવાનો છે તે વિદ્યાપીઠોમાં નવો અભ્યાસક્રમ ઘડવાથી રચાઈ જવાનો નથી. લોકશાહીમાં લોકો સાથેનો અપરોક્ષ સમ્બન્ધ કોણ સ્થાપી આપશે, વ્યક્તિને એના વ્યક્તિત્વનું ભાન કોણ કરાવશે? આજે યુવાન જ્યાં હોવો જોઈએ ત્યાં નથી, જ્યાંથી એ હડધૂત થાય છે ત્યાં જઈને એ ઊભો રહ્યો છે. એમની પ્રતીક્ષા કરતી યુવાનીને એ ફરીથી આવકારે એમ ઇચ્છીએ.14-4-79

# આત્મસંવાદ

કોઈ વાર મને લાગે છે કે ઘણુંઘણું કરવાનો સમય મળ્યો નહિ. આ જગત મને સમૃદ્ધિથી ખચિત લાગે છે. કોઈ વાર એ સમૃદ્ધિના ભારથી મારા ખભા ઝૂકી જાય છે, મને ખૂબખૂબ કહી નાંખવાનું મન થાય છે. કોઈ વાર એ બધું સાંભળવા માટે કોઈને શોધું છું. સાંભળનારા સાંભળતાં સાંભળતાં અન્યમનસ્ક થઈ જાય છે તે જોઈને બોલતો બંધ થઈ જાઉં છું. આથી આખરે મેં મારી સાથેનો સંવાદ શરૂ કર્યો છે. હું બોલતો બંધ થઈ જાઉં પછીય એના રણકાર મનમાં શમી જતા નથી.

આ કાંઈ હું બોલું છું તેનો અહંકાર નથી. મને બરાબર સમજાઈ ગયું છે કે હું તો નિમિત્ત જ છું, જગત જ આ બધું બોલતું હોય છે. મને એવો અનુભવ થયો છે કે આ વાણીમાં હું મારો વિક્ષેપ ખડો નથી કરતો ત્યારે એની અસ્ખલિત ધારાનો વહ્યો જવાનો નાદ મને સમ્મોહિત કરી દે છે. પછી એ વાણીના અર્થની ભૂમિકાથી ક્યાંક ઉપર જતા રહી શકાય છે. આ સ્થિતિને કશીક આધ્યાત્મિકતા સાથે સાંકળવાનો મને લોભ નથી. લોભનો દાબ ભારે હોય છે. એનાથી હૃદયનું ઘણું કૂણું ચંપાઈ જાય છે.

જીવનની આ આસક્તિ કશા અંગત લાભને અંકે કરવાની લાલસા વિનાની હોય છે ત્યારે સાધારણ-અસાધારણનું વિભાજન કરનારી વ્યાવર્તક રેખા એનાથી પરિપ્લાવિત થઈને ભુંસાઈ જાય છે. મારી સામેના રસ્તા પર થઈને ચાલ્યા જતા માનવીઓનાં પગલાંની સંકેતલિપિ ઉકેલવી એ પણ એટલું જ મહત્ત્વનું બની રહે છે. વળગણી પર સૂકવેલું ભીનું વસ્ત્ર પવન સાથે ધીમે ધીમે ભેજને જે રીતે મુક્ત કરતું જાય છે કે પાણીમાંથી બહાર કાઢતાં એ જે રીતે નીતરી રહે છે તે જોવાનું પણ એક મહત્ત્વનું કાર્ય બની રહે છે.

વૃક્ષોની શાખાઓનું આન્દોલન જોઈને મન પણ ઝૂમી ઊઠે છે. આકાશમાંનાં વાદળોની અલસમંથર ગતિ સાથે હું પણ જાણે જન્મજન્માન્તરની જાત્રાએ ચાલી નીકળું છું. પવનમાં હાલતા કરોળિયાના જાળાના પારદર્શક પડની પારના જગતને એમાં ઝિલાયેલા જળબિન્દુમાં થઈને જોવાનું કેવું તો અદમ્ય કુતૂહલ થતું હોય છે! આકાશમાં સેલારા મારતી સમડી સાથે હું પણ નરી નિરર્થકતાની ત્રિજ્યાઓ વિસ્તારતો જાઉં છું.

ગુહ્ય અને વિરોધાભાસી વાતો કરવાની મને ટેવ નથી, પણ આવા બધા અનુભવોથી એવું લાગે છે કે મારા આસક્તિના પાત્રમાં અનાસક્તિ છલકાઈ ઊઠે છે. મેં મને પોતાને અંદરથી ઠાલોઠાલો કરી નાખ્યો છે. માટે આજ સુધી બહાર રહી ગયેલું જગત મારામાં પ્રવેશીને છલકાઈ ઊઠ્યું છે. હવે હું આ છલકાવાના ધ્વનિથી જ સભર છું. કંઈ કેટલુંય દૃઢ પકડથી ઝાલવા મથેલા મારા હાથને મેં ખાલી કરી નાખ્યા છે. ત્યારે પહેલી વાર મને મારી જ હથેળીનાં પહોળાઈ તથા ઊંડાણનો સાચો ખ્યાલ આવ્યો છે.

હવે જો મારું કોઈ વ્રત હોય તો તે આગ્રહોને છોડવાનું વ્રત છે. ‘હું’નો ગાંગડો ગાંઠે બાંધ્યો હતો ત્યાં સુધી મારે તો આ જોઈશે જ જેવી ભાષા બોલવાથી જ અસ્મિતા જળવાતી હતી. હવે ‘હું’ને વિખેરવા દઉં છું, અથવા સાચી રીતે કહું તો વિખરાઈ જવાની દશાને પણ કેવળ સાક્ષીભાવે જોઈ રહ્યો છું ત્યારે કશી ઇચ્છાને વળ ચઢાવીને આગ્રહમાં ફેરવી નાખવાનો ઉદ્યમ માંડી બેસવાનું મને મન થતું નથી. મનોદશાના પરિવર્તન સાથે ગુણ-અવગુણના કોઠાઓ પણ બદલાતા રહે છે તે હું જાણું છું. કોઈ એક મનોદશાને દૃઢ રાખવાનો આગ્રહ પણ મને સેવવા જેવો લાગતો નથી. એક સમય એવો હતો જ્યારે જગત સાથેના મનના સંઘર્ષથી જ મારા વ્યક્તિત્વના આગવાપણાનું ઉગ્ર ભાન થતું. એને માટે હંમેશાં ઝૂઝ્યા કરવું પડતું. એ વીર રસના પ્રાબલ્યનો સમય હતો. હવે નિર્વેદ નથી, પણ અન્ધકારમાં રહેલા મૂળની જેમ નેપથ્યમાં સરી જઈને, મારાથી નિરપેક્ષપણે, શાખાપલ્લવને વિકસવા દેવાની વૃત્તિ છે.

હું પરિવર્તનની પ્રક્રિયાને શરણે થયો છું એવું પણ નથી. મારામાં હજી મારાપણું ટકાવી રાખવાની વૃત્તિ છે. પણ એ મારાપણું જીવવાની ક્રિયા દરમિયાન જગતથી અભિન્ન બનતું જાય છે એવું લાગે તો હું છળી મરતો નથી. હજી હું મારે વિશે અહેવાલ આપવા

બેઠો છું એનો અર્થ જ એ કે હજી મારે વિશેની મારી શોધ પૂરી થઈ નથી. એ શોધ ચલાવવી એ જ કદાચ અહંકારનું સ્વરૂપ હોઈ શકે તેમ હું નકારી કાઢતો નથી.

બધાંના વતી તો ઠીક, મારા વતી પણ બોલવાનો મારો દાવો નથી; કારણ કે બોલવાનું શરૂ કર્યા પછી અધવચ્ચેથી જ આબોહવા એકાએક બદલાઈ જાય છે ને વાક્યના આરમ્ભમાં જ કહેલું તેનો પાછલા ભાગમાં છેદ ઉડાડી દેવો પડે છે. સંગતિ- અસંગતિનાં ચોકઠાં બહુ નાનાં પડે છે. તર્કની જાળમાંથી મનનું માછલું કૂદીને બહાર સરી જાય છે. આવી સ્થિતિમાં કયા વાક્યની જવાબદારી લેવી? કયા સત્યની વફાદારી સ્વીકારવી? મારે વિશે મારામાં પ્રગટેલી આ નવી અવિશ્વસનીયતાથી હું એટલો તો હળવો થઈ ગયો છું કે ઉત્તરમાંથી દક્ષિણમાં જતાં દક્ષિણાનિલની રાહ જોવાની પણ જરૂર રહી નથી.

બોધપાઠ શીખવાશિખવવાના દિવસો દૂર દૂર સરી ગયા છે. આત્મબોધ કરવા જેટલો આત્મા શોધવા માટે જગત આખામાં ભમવું પડે છે. ઉક્તિવૈચિત્ર્યને ખાતર આ કહેતો નથી, મારો ભાર મેં ખૂબ વેઠ્યો છે. હવે પહોરો ખાવા બેઠો છું ત્યારે મારો પડછાયો પાછળ છે કે નહીં તેની હું ચિન્તા કરતો નથી. મારું ઠાલું પડી રહેલું નામ કોઈ લઈ જશે તો તેની હવે મને ચિન્તા નથી. પણ એવી આશા રાખવી એય અહંકારનું લક્ષણ નથી?

16-7-79

# શરદોત્સવ

પ્રેમાનન્દ જેવો રસસંક્રાન્તિમાં કુશળ કોઈ કવિ આ દિવસોમાં આકાશમાં બેઠોબેઠો પ્રકાશમાંથી છાયામાં અને છાયામાંથી પ્રકાશમાં સંક્રાન્તિ કર્યા કરે છે. જ્યારે પ્રકાશ બધે પથરાઈ જાય છે ત્યારે વર્ષાધૌત તડકાની સોનેરી ઉજ્જ્વળતા સહી નથી જતી. થોડી જ વારમાં મેઘનું સ્નિગ્ધ અંજન આંખમાં અંજાઈ જાય છે. આ ભાદ્રપદનો મેઘ તો કોઈનો સંદેશો પહોંચાડવાનીય જવાબદારી લેતો નથી. રવીન્દ્રનાથે એમના એક કાવ્યમાં કહ્યું છે તેમ હવે મેઘ રિક્તપાણિ (પાણી) થઈને કૈલાસભણી સંન્યાસીઓની જેમ ચાલ્યા જાય છે.

હવામાં શરદના ભણકારા છે. વસન્તમાં શરીરમન વિહ્વળ થાય છે તેથી જુદા જ પ્રકારની વિહ્વળતાનો અનુભવ શરદમાં થાય છે. શરીર ખૂબ લાડ માગે છે, મોઢે ચઢાવેલા શિશુની જેમ નાનીનાની હજાર ફરિયાદો કરે છે. કશાકનો પ્રકોપ થાય છે, પિત્તનો કે શેનો તે તો વૈદ્યરાજ જાણે. હૃદય થોડું ઠાવકું થઈ જાય છે. દૃષ્ટિ ફરી આકાશવિહારી થઈ જાય છે. બધું પારદર્શક બનતું જાય છે. શબ્દોને ઘસીમાંજીને ચોખ્ખા બનાવી દેવાના આ દિવસો છે. થોડીક આર્દ્રતાની અપેક્ષા રહે છે. ગરજી ઊઠીને કે ફુત્કાર કરીને બોલવાના પણ દિવસો હોય છે ત્યારે ઉદ્દણ્ડ બનીને બોલવાનો સ્વાદ જ માણ્યા કરીએ છીએ. ઘણી વાર આપણી મર્યાદાઓ જ આપણને વધારે બોલકા બનાવી દે છે. પછી કોઈ વાર બધું ઠરીને નીતર્યું થાય છે.

શરદનો ગુણ છે પારદર્શકતા. શાંત સ્થિર સરોવરના જળમાં એક બીજું આકાશ છવાઈ જતું જોવાના આ દિવસો છે. આંખને અનાવિલ કરી ન નાખવાનું મુહૂર્ત આવી ગયું છે. નદીના કાંઠાઓનાં નિમન્ત્રણો રોજ આવ્યા કરે છે. પગને તળિયે ખંજવાળ આવે છે.

કૂણાં કૂણાં ઘાસને ખૂંદતાં બસ ચાલ્યે જ રાખવાનું મન થાય છે. શરદમાં નિરુદ્દેશતાનો નશો ચઢે છે. હેતુ-પ્રયોજન આશય બધું અભરાઈ પર ચઢાવી દીધું છે. જોતી છતાં ન જોતી દૃષ્ટિનો આ ઋતુમાં મહિમા છે : હજી ધાન્ય ખેતરમાં છે, ખળીમાં આવ્યું નથી. હિસાબકિતાબ હજી દૂર છે. ડાંગરથી લહેરાતાં ખેતરો સૃષ્ટિના આનન્દના લયની જેમ આન્દોલિત થતાં દેખાય છે. નદીઓનાં કલુષિત આલોકિત મલિન હૃદય સ્વચ્છ થયાં છે. એની ઉન્માદભરી ચંચળતાને સ્થાને ગામ્ભીર્ય આવ્યું છે.

વૃષ્ટિને બદલે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય ત્યારે જીવનનો લય તૂટી જાય; જીવન જ મરણનું ક્રીડાંગણ બની જાય. આમ તો જળ સ્વચ્છ કરે, પણ એ એના હૃદયમાં કેટલો બધો કાદવ સંઘરતું હોય છે! માતાનાં બે રૂપ હોય છે : સંરક્ષક અને સંહારક. આ વર્ષાના દિવસોમાં નદીના સંહારક રૂપનો જ વધારે પરિચય થયો. પ્રકૃતિની સમતુલા જળવાઈ નથી. પ્રકૃતિ માનવે રચેલી સંતુલનની વિભાવનાને ગાંઠે ખરી! એની સમતુલાનો ખ્યાલ કંઈક જુદો જ હશે! આપણે જ આખરે તો એની જોડે મેળ પાડી લેવાનો રહે છે.

આલ્બેર કેમ્યૂએ કહેલું છે તે આ જળપ્રલયના દિવસોમાં સાચું લાગે છે : માનવીઓ હવે મારામારી કે યુદ્ધના ભયની છાયા નીચે જ એકત્રિત થઈ શકે છે. પણ હીણા માનવીઓ કોઈ પણ સંજોગોમાં પોતાનું હીણાપણું છોડતા હોતા નથી. યહૂદીઓને ગેસચેમ્બરમાં લઈ જતાં પહેલાં હિટલરના અફસરો યહૂદીઓના સોને મઢ્યા દાંત પણ ખેંચી કાઢતા હતા. અહીં મોરબીમાં પણ આપણે સાંભળ્યું કે શબને છેદીને ઘરેણાં ઉતારી લેવાયાં. સડેલા ગંધાતા અનાજને દારૂ બનાવવા માટે લઈ જનારા પણ નીકળ્યા, માનવીની સારપને તો સીમા હશે, એની હીણપતને કદાચ સીમા નથી!

જનતા પણ એક કાદવવાળી નદી છે. એ પણ ઘણી વાર પોતાની સીમાને ભાંગીને જીવનમાં કાદવ વિખેરી જાય છે. માનવરચિત બધી સંસ્થાઓ આ કાદવથી છવાઈ જાય છે. થોડો સમય એવો વીતે છે જ્યારે આ કાદવ જ એક શણગાર છે એવું મનાવા લાગે છે. વળી કોઈ વિભૂતિની રાહ જોઈએ છીએ. એ ધીરજથી બધો કાદવ કરુણાનાં આંસુથી ધોઈ નાખે ત્યારે ફરીથી આપણે બધાં સાજાં-નરવાં થઈએ.

જનતા અને નેતા – આ બેનો સમ્બન્ધ એક ભારી અટપટી વાત બની રહ્યો છે. જનતા

ઘેટાનું ટોળું જ બની રહે તે અનિવાર્ય નથી; નેતા જનતાના ભાવિનો નિર્ણય કરવાની પૂરી જવાબદારી પોતાના જ હાથમાં શા માટે રાખે? નેતા જનતાનો હોવા છતાં એ જનતાથી વધુ ને વધુ દૂર જતો જાય છે. એની નજર સામે એની મહત્ત્વાકાંક્ષા છે, જનતા નથી. મોટી કરુણતા એ છે કે આ મહત્ત્વાકાંક્ષા વધુ ને વધુ સંકુચિત થતી જાય છે. આખો દેશ આ સંકુચિતતાના કારાગારમાં પુરાઈ જાય છે. આથી 'નેતા' શબ્દ એક અપશબ્દ લેખાવા લાગ્યો છે. આપણને અનુગામી થઈને વર્તવાના સંસ્કાર ગળથૂથીમાંથી મળ્યા છે. ધર્મમાં પણ આપણે કોઈકના અનુયાયી હોઈએ છીએ. ગુરુપરમ્પરામાં આપણી જબરી આસ્થા છે. આથી આત્મનિર્ભરતાનો ગુણ કેળવાતો નથી, પરપ્રત્યયનેયતાની માત્રા વધતી જાય છે.

કોઈ પ્રત્યે પૂજ્ય ભાવ કે સદ્ભાવ હોય તો તે અનિષ્ટ છે એમ હું કહેતો નથી; પણ આ પૂજ્ય ભાવથી સત્ય ઢંકાઈ નહિ જવું જોઈએ. આપણે તો શ્રદ્ધાને નામે આ સત્યની ખોજનો પુરુષાર્થ જ ખોડી દઈએ છીએ. થોડો સરખો અહંકાર નહિ હોય તો આપણું વ્યક્તિત્વ ટકી રહે શેને આધારે? મારાપણું નામે અવગુણ છે એવી માન્યતા ખોટી છે. આપણે નિમિત્તે જે સિદ્ધ થવાનું હોય તે થવા દેવું જ જોઈએ. આ વિશ્વક્રમમાં એની પણ અનિવાર્યતા છે. ખોટી નમ્રતા ઘણી વાર કાયરતા કે લાચારીનું જ પરિણામ હોય છે. આથી જ તો જાતતપાસની પ્રવૃત્તિ નિરન્તર ચાલ્યા કરવી જોઈએ. એમાં પ્રમાદ સેવનાર પોતાને જ સહુથી મોટો અન્યાય કરતો હોય છે.

મિથ્યાભિમાનને તો પારખી લઈને ત્યજી દેવું જ જોઈએ. આ કે તે ક્ષેત્રમાં થોડુંક કામ કર્યું હોય તેથી ફુલાઈ જઈને પોતાનો જ શબ્દ તે અન્તિમ પ્રમાણ છે એમ ઠરાવનારા ઘણા હોય છે. આ પ્રયત્ન જ ભારે દયાજનક હોય છે; પણ તેનો એમને ખ્યાલ આવતો નથી. એમની વાણીનો રણકો થોડો ઉદ્ધતાઈભર્યો હોય છે. એ જે કાંઈ કહે છે તે તે વિષયનું જાણે અન્તિમ વાક્ય હોય એવી અદાથી કહે છે.

આ બધાંની સામે આથી જ તો પ્રેમનો મહિમા કરવામાં આવ્યો છે. એ હૃદયને આર્દ્ર રાખે છે, સહાનુભૂતિને વિસ્તારે છે. કૃપણતાને દૂર કરે છે. છતાં અહંકારના કોટકિલ્લા ભેદીને હૃદય સુધી પહોંચવાનું ઘણું અઘરું છે. પણ એક વાર જો પહોંચી જઈએ તો પછી બધી ગણતરીથી પર એવું કશુંક પ્રાપ્ત થાય છે. કોઈ પણ પ્રકારનો તિરસ્કાર આખરે તો

આપણને આપણાથી જ વિમુખ કરે છે. એવો કોઈ ક્રોધ નથી જેનાથી ક્રોધ કરનાર પોતે દાઝતા નહિ હોય!

તડકા છાયાની અવનવી ભાત તૃણાંકુરની હરિયાળી બિછાત પર રચાતી જાય છે; પવનની સુખદ શીતળતા મનને આહ્લાદિત કરે છે. આકાશે હજી વર્ષાનાં ચિહ્નો ભૂંસી નાખ્યાં નથી. છતાં રાતે ચાંદનીનું પોત તો બદલાઈ ચૂક્યું છે. સાંજે આથમતો સૂર્ય જુદા જુદા રંગોની લીલા કરી જાય છે. ગ્રીષ્મના જ દિવસાન્તો મધુર હોય છે એવું નથી; શરદની સાંજ પણ ભારે નયનમનોહર હોય છે.

અત્યારે તો પતંગિયાંઓના ઉડ્ડયનની રંગીન રેખાઓ દૃષ્ટિ સામે અંકાતી જોઈ રહું છું. એની ક્ષણિકતા પછી આગામી કાળનો ભાર નથી. તેથી જ તો એના ઉડ્ડયનની આટલી શોભા છે. 'ઊડવું' ક્રિયાપદ પણ પતંગિયાને માટે તો જરા વજનવાળું લાગે. અત્યારે ગામને પાદરે, નદીને કાંઠે, મહાદેવના મન્દિરના ગભારામાં જે શાન્તિ છવાઈ ગઈ હોય છે તે ખૂબ જ સ્પૃહણીય લાગે છે. પછી તો ઘોંઘાટિયા ઉત્સવો શરૂ થઈ જશે. પહેલાં ઉત્સવોમાં સંસ્કૃતિના ઉત્કૃષ્ટ અંશો પ્રગટ થતા, હવે ઉત્સવોમાં માનવી પોતાની હીન રુચિનો જ વધારે પરિચય કરાવે છે. નવરાત્રિની બધી જ રાતો નિદ્રાહીન જશે તેની મને અત્યારથી ચિન્તા થાય છે.

આવા ઉત્સવો ચાલતા હોય ત્યારે શહેર છોડીને દૂર ચાલ્યા જવું જોઈએ. ખળખળ વહેતાં ઝરણાંને સાંભળવું, કોઈ ટેકરીની ટોચે બેસીને દૂર દૂર ચાલી જતી કેડીની રેખાને જોઈ શકાય ત્યાં સુધી જોવી, પુરાણા કિલ્લાના બુરજના બાકોરામાંથી દૂરની વનરેખા પર મીટ માંડવી, તળાવમાંના કમલવનને મુગ્ધતાથી જોવું, અરણ્ય વચ્ચે બેસીને પર્ણમર્મરને સાંભળવો – આવી દરેક ક્ષણ ઉત્સવ જેવી બની જાય. મેં તો બાળપણમાં આવા ઉત્સવો માણ્યા છે એટલે આ દિવસોમાં મને શહેરમાં જરાય ગમતું નથી. એકાદ કવિ જોડે એની સૃષ્ટિમાં હું ભાગી જાઉં છું, અથવા તો સંગીતની સૂરાવલિમાં આત્મવિલોપન કરી દઉં છું. ક્યારેક વળી એકાએક શાન્તિ છવાઈ જાય છે ત્યારે એ શાન્તિને ભરી દેતા પંખીના ટહુકાને સાંભળવા કાન માંડે છે.

10-9-79

# આત્મવિલોપન

આ ઋતુ વિશે બધેથી ફરિયાદ સંભળાય છે. પણ લોકો તો ઉત્સવઘેલાં થઈને આ આસોની રઢિયાળી રાતોને માણી રહ્યાં હોય તેવું લાગે છે. સૂર્ય હજી સુખસેવ્ય બન્યો નથી. ચૈત્રવૈશાખનું આકરાપણું છોડતાં એને વાર લાગે છે. જેમ દિવસ આગળ વધે છે તેમ એ એનું પોત પ્રકાશે છે. ગણપતિના આગમન સાથે જ ઉત્સવનું આગમન થાય છે, પછી તો ઉત્સવોની ધારા અસ્ખલિત દિવાળી સુધી ચાલે છે. આ સૂચવે છે કે આ દેશની પ્રિય ઋતુ વર્ષા છે.

આમેય તે મોટે ભાગે વિદ્યાપીઠોમાં અનધ્યાયનું જ પ્રાબલ્ય વધ્યું છે, છતાં હમણાં તો એનું મોટું મોજું આવ્યું હોય એવું લાગે છે. મારું મન થોડું ખિન્ન છે. દૈયડના ટહુકા હવે સંભળાતા નથી. મોર, ચાસ, પચનક અને હુદહુદ તો હવે આ તરફ દેખાતાં જ નથી. હવે ખંજન અબાબીલ આવશે. આ ઋતુમાં આ બધા સાથે આકાશી લીમડાના લાંબી દાંડીવાળાં સુગન્ધી ફૂલોની સ્મૃતિ પણ સંકળાયેલી છે. સોનગઢના કિલ્લાની ગઢીમાં સીતાફળીઓ પર ફૂલ બેસી ગયાં છે. ગઢીમાં સીતાફળીની ખબર કાઢવા ગયો ત્યારે જાણ્યું કે હવે તો સીતાફળના સારા પૈસા ઊપજે છે એટલે પહેલાંની જેમ સ્વેચ્છાએ સીતાફળ તોડી લઈ શકાય નહિ! બાળપણનાં ફળ તો એ જ – બોર અને સીતાફળ.

કોઈક વાર વાળેલી મૂઠીઓ ખોલતાં એમાંથી એકાએક શૂન્યને ઘૂઘવી ઊઠતું સાંભળું છું. પદાર્થોની ભીડ અવકાશને હડસેલ્યા કરે છે. આ રીતે હડસેલાયા કરતો અવકાશ રાત્રે મને ઘેરી વળે છે. એની ચારે બાજુની કોર ચોળાઈ ગયેલી હોય છે. પદાર્થોના દાબના ડાઘા એના પર પડ્યા હોય છે. એમાંથી જે કાંઈ અકલુષિત રહ્યો હોય તે

અવકાશને હું મૂઠીમાં સાચવી રાખું છું – બાળપણનું ખજાનો સાચવવાનું મુખ્ય સાધન તે બંધ મૂઠી. ખિસ્સાં તો હોય કે નહિ હોય, ઘણું ખરું તો કાણાં જ થઈ ગયેલાં હોય. પછી એ મૂઠી જ સ્વરક્ષણનું ને આક્રમણનું શસ્ત્ર બની જાય! હવે થોડા વધુ અવકાશની જરૂર વર્તાયા કરે છે. વપરાઈ ચૂકેલા વાસી અવકાશથી મને મારામાં સમાવવા પૂરતોય અવકાશ નથી મળતો ત્યારે હું જ કેટલો બધો મારી બહાર ફેંકાઈ જાઉં છું, અવકાશમાં બે અવકાશયાનનું જોડાવું સહેલું છે, પણ આપણામાંથી જ ફેંકાઈ ગયેલા આપણા જ અંશ સાથે સંધાઈ જવાનું એટલું સહેલું નથી. આપણે અવકાશને ઉચ્છિષ્ટ કરી મૂકીએ છીએ. એને જોઈએ તેટલા પ્રમાણમાં રિક્ત રાખી શકતા નથી. ફૂલનું હોવું અવકાશ પર કશો અત્યાચાર ગુજારતું નથી. રિલ્કેએ ગુલાબને ખૂબ ચાહ્યું છે તે આટલા જ ખાતર. રાત્રિના અન્ધકારમાં બિન્દુઓ ગુલાબના છોડનાં મૂળ સુધી ઊતરી જાય. પછી એ અન્ધકારના પર સંસ્કાર કરીને આખરે એને ગુલાબી મુલાયમ રૂપે પરિવર્તિત કરી નાખવામાં આવે. પણ આપણે તો ક્યારનાય આવાં રૂપાન્તરો સિદ્ધ કરવાની સર્જકતા થાકીહારીને છોડી બેઠા હોઈએ છીએ. બહારથી આપણા તરફ ફેંકાયેલો ક્રોધ આપણામાં કજળીને ધુમાયા કરે છે. આપણી આંખમાં ઝમેલાં આંસુના જ દ્રવ્યમાંથી આનન્દને ઉપજાવવાનું આપણાથી બની શકતું નથી. આથી ક્રોધમાં આપણને વીરત્વ દેખાય છે, આંસુનુંય આપણે ગૌરવ લેતા થઈ જઈએ છીએ.

મારા ‘હું’ની સમ્પત્તિ ઘણી બધી તો મને જગત પાસેથી જ મળે છે. પછી હું એની ઉપેક્ષા શી રીતે કરી શકું? આ દરજીડો ટિહૂકટિહૂક કરે છે, એના શ્લોકની બાકીની બે પંક્તિ તો મારામાં જ રહેલી છે. રાત્રે મારું લોહી જગતમાં સ્પન્દિત લય સાથે એનો પ્રાસ શી રીતે મેળવી આવે છે તે હજી ક્યાં મને સમજાયું છે! આથી જ મને લાગે છે કે કવિતા જે કરે છે તે વાણીવિલાસ નથી, એ જીવનને પૂર્ણ કરવાનો એક અદ્ભુત પુરુષાર્થ છે. કવિતા વગરના કોઈને રાખવા તે સૌથી મોટો અત્યાચાર છે.

જાણું છું કે ચારે બાજુ વિકટ સમસ્યાઓ છે, એ પૈકીની ઘણીના છેડા મને પણ અડે છે. ઘણી વાર હોઠ પર આવેલા શબ્દો પાછા ખેંચી લઉં છું, એ શબ્દો જીવે એવું વાતાવરણ દેખાતું નથી. ઘણી વાર ગેરસમજનો જ આધાર લઈને સમ્બન્ધોની જાળ ગુંથાતી હોય છે. ઘણી વાર હું કેવળ મારો બચાવ કરીને ટકી રહેવા સિવાય બીજી કશી પ્રવૃત્તિ કરી

શકતો નથી. મારે વિશેની નિર્મમતા સિદ્ધ કર્યા વિના કશીય આસક્તિને દઢમૂળ કરવાની ભૂમિ રચી શકાવાની નથી તે જાણવા છતાં એ બની શકતું નથી. હૃદય નાનામોટા ઉચાટને સંઘર્યા કરે છે.

આમ છતાં આ બધાંમાં જ દટાઈ જવાની જડતા હજી આવી નથી તે સાચું છે. હજી જાત સાથેનો સંઘર્ષ ચાલ્યા કરે છે. એના જે સાક્ષી છે તે જ જાણે છે કે મારું ગજું કેટલું છે. આથી એઓ એથી વિશેષની મારી પાસે અપેક્ષા રાખતા નથી. એમની આ ઉદારતા અને સહિષ્ણુતાના આધારે મારું ભવિષ્ય ટકી રહ્યું છે. ઘણી વાર નમ્રતાથી બોલવાની વાતનો ધ્વનિ તોછડો બની જાય છે. અનુશોચનીય માણ્યા કરવાની વૃત્તિ થઈ જાય છે. પણ હવે મૂઠી ખોલી નાખી છે. એમાં જે હતું તે નૈવેદ્ય રૂપે બીજાને ધરવા માટેનું હતું, બીજાઓથી બચાવીને મારે માટે સાચવી રાખવાનું નહોતું.

આસોના આ ઉજમાળા દિવસો ધાન્યની પરિપૂર્ણતાના દિવસો છે. ધાન્ય લણાઈ ચૂક્યા પછીનાં ખેતરોની સાર્થક રિક્તતાને માણનારા દિવસો છે. આ ઋતુ તો એવી છે કે વિષાદની જ નરી ખેતી કરી હોય તોય આનન્દનાં ફળ આપે. કૃતજ્ઞતાના ભાવથી હૃદય કૃતાર્થ છે. જાત સાથે સંઘર્ષસમાધાન કર્યા કરવાના ઉધામા ઘડીભર મૂકી દઈને આ કૃતાર્થતાના ભાવને ઘનીભૂત કરવાનું મન થાય છે.

ઘણા પ્રારમ્ભો કરવાનું આ મુહૂર્ત છે. હું ધનતેરસની રાહ જોવા જેટલી ધીરજ ધરાવતો નથી. બે શબ્દ હળવામળવા જેટલા નિકટ આવી ગયા હોય તો એ ક્ષણ જ એક શુભ મુહૂર્ત નથી બની રહેતી? પણ આનન્દની આ પળે જ મને આત્મવિલોપનનો મહિમા સમજાય છે. સમ્બન્ધોમાં હું મારા પર જ ધ્યાન કેન્દ્રિત કરું ને બીજું ગૌણ લેખું તો એ જ મારી અવમાનના છે તે હું સમજું છું. શરદના આ દિવસો મને એક નવી જ સાધનાને માર્ગે વાળે છે.

*5-10-79*

# તિરસ્કરિણી વિદ્યા

રાતે કોઈ વાર કશાક અવાજથી જાગી ઊઠું છું. રોષે ભરાયેલા ઈશ્વરની જેમ પવન બારણાં ખખડાવી રહ્યો હોય છે. મને લાગે છે કે રોષે ભરાઈને ઈશ્વરનાં બારણાં ઠોકવાનો તો મારો વારો હતો. મેં એ પ્રમાદને વશ થઈને નહિ કર્યું તેથી જ કદાચ ઈશ્વરને રોષ ચઢ્યો હશે. આ તો મારી ઉન્નિદ્ર રાતો દરમિયાન બહેકી ઊઠતા તરંગોમાંનો એક છે. રોષ, આક્રોશ, વિદ્રોહ આ બધું માનવી જે ઉષ્માને ઝંખે છે તે સહજ રીતે પ્રાપ્ત થતી નથી ત્યારે એના ધ્રૂજી ઊઠતા હૃદયને ગરમી આપે છે. પણ દુ:ખની વાત એ છે કે આમાંથી જ દ્વેષ, વેર, હિંસાનો પ્રસાર થાય છે. જે પ્રેમને ઝંખતા હતા તે તો દૂર ને દૂર સરતો જાય છે!

આથી મને લાગે છે કે અપમાન સહી લેવામાં જો નાનમ નહિ અનુભવીએ, અપમાનનો બદલો અપમાનથી નહિ વાળીએ, કોઈને ક્રોધ પ્રગટ કરી દેવા દઈએ અને એ રીતે ક્રોધમાંથી એને મુક્ત થતો જોઈને આપણે સુખ અનુભવીએ તો કદાચ આ વિષચક્ર આટલેથી જ અટકી જાય. જગતમાં જોઈએ તેટલી સ્નિગ્ધતા નથી. વૈશાખમાં વનમાં તરત જ દાવાનળ ફેલાઈ જાય છે, કારણ કે ત્યારે સહેજ સરખી સ્નિગ્ધતા ક્યાંય હોતી નથી. બરડ અહંકાર જ સહેજ સહેજમાં તતડી ઊઠે છે. આંખ આંસુથી ભીની બને એના કરતાં પ્રેમથી સ્નિગ્ધ બને તે વધુ યોગ્ય.

કડવાશથી ભરેલા હૃદયે માધુર્યપૂર્ણ શબ્દો ઉચ્ચારવા એ એક કરુણ પરિસ્થિતિ છે, એથી કેટલીક વાર માધુર્ય પરથી જ વિશ્વાસ ઊઠી જાય છે. આથી કડવાશને માધુર્યમાં ફેરવી નાખવાની પ્રક્રિયા તો હૃદયના નેપથ્યમાં જ ચાલ્યા કરવી જોઈએ. પણ આ સદા કેળવ્યા

કરવી પડે એવી સહિષ્ણુતા, આવેગો અને પ્રત્યાઘાતોને સદા સંયત કરવાની તકેદારી, એક સાથે અનેક સ્તર પર જીવ્યે જવાની અનિવાર્યતા – આ બધું સહ્યો જવાની આપણી ગુંજાયશ હોતી નથી. અત્યન્ત સહિષ્ણુ બનનારે તો પથ્થર થવું પડે, પદાર્થ થવું પડે. આપણા સમયની યાતનાઓ જ આપણને પદાર્થમાં પલટી નાખતી હોય છે.

કાચી રહી ગયેલી શાન્તિમાંથી અણધાર્યો જ તિખારો નીકળીને આપણને દઝાડે છે, બરાબર ઝમવા નહિ દીધેલું આંસુ એમાં નહિ ઓગળેલી તેજાબી વેદનાથી આપણને દઝાડે છે. પૂરો નહિ ઘડાયેલો શબ્દ એકાએક પાતળા પોચા બરફની જેમ દગો દે છે ને આપણે સ્થિર થવા જતા જ ઊંડે ઊંડે સરી પડીએ છીએ. વેદનાને પણ સોળે કળાએ ખીલવા દઈએ તો સારું તો જ એ પ્રકાશી ઊઠે, નહિ તો એ ધુમાઈ, ધુમાઈને કશું જોવા જ ન દે.

કોઈ વાર સાંજે બધું અજાણ્યું અને પરાયું લાગવા માંડે છે, દીવા પ્રગટ્યા હોય છે ખરા, પણ એ બધા મૂંગા અને મીંઢા લાગે છે, ઘર આખું બહેરું થઈ ગયેલું લાગે છે. દીવાલો જાણે નાસતાં પકડાઈ જતાં ઊભી રહી ગઈ છે. ઘરમાં શાન્તિ છે. પણ એ કશુંક કાવતરું રચી રહી હોય એવો વહેમ આવે છે. મને મારાં પગલાં પર જ વિશ્વાસ રહેતો નથી. આથી હું જડવત્ જ્યાં છું ત્યાં જ પડ્યો રહું છું. બારણાંના પડદા પાછળ પવન કશી મસલત કરતો હોય છે, પડછાયાનો પહેરો ભરતો હોય એવું લાગે છે. આવી ક્ષણે ઘરની બહાર ચાલ્યા જવા તત્પર થાઉં છું, પણ પછી અહીં પાછા ફરવાનો રસ્તો કદાચ નહિ જડે એવી બીકથી બેઠો રહું છું. દશેરાનો ગલગોટાનો હાર સુકાઈને પવનમાં ખખડી રહ્યો છે. સવારના તડકામાં જવારાની થોડી સોનેરી સળીઓ વેરાયેલી જોઉં છું. આસોતરીનાં પાંદડાં પવનમાં અહીંતહીં ઊડે છે. નવરાત્રિ દરમિયાનનો સ્થિરચક્ષુ દીપ હવે થાકીને આંખો મીંચી ગયો છે. પછી પાછો એ દિવાળીના દિવસો દરમિયાન જાગી ઊઠ્યો. એ દરમિયાન કારતકની અજવાળી રાતની ચાંદની મધરાતે પશ્ચિમની બારીમાંથી ઘરમાં પ્રવેશે છે. એની આંગળીઓ દીવાલ પર અવનવી ભાત આંકી જાય છે.

કોઈક વાર હું જે બોલતો હોઉં છું તે સાંભળીને અચરજથી અટકી જાઉં છું. એકાએક મને લાગે છે કે એ ભાષામાં ‘હા’ અને ‘ના’નાં જુદાં ફાડિયાં નથી કર્યાં. એમાં ક્રિયાપદો વેગીલાં છે, વિશેષણો હળવાં છે, અવ્યયની પકડ આકરી નથી. કોઈ વાર વાક્ય અર્ધેથી

પાછું ફરીને દિશા બદલી નાંખે છે. પ્રશ્નાર્થ અને ઉદ્ગાર હજી એકબીજાથી અભિન્ન અવસ્થામાં છે. આ ભાષાને અકબંધ રાખવાનો લોભ છે. શિશુએ ઉદ્ગારચિહ્ન શોધ્યું હતું. પણ આ જમાનામાં તો તિરસ્કારવાચક ચિહ્નની શોધ ચાલી રહી છે!

આ દિવસો દરમિયાન તો આપણે પૃથ્વી પર જરા અજનબી જેવા બની જઈએ છીએ. ભાદરવામાં પિતૃલોકનું અવતરણ થાય છે. ભાતના પિણ્ડ જેવાં વાદળોમાંથી એઓ ઘરમાં ઊતરે છે. ઘરની હવામાં એમના શ્વાસ ફરફરે છે. કોઈક વાર કપાળે કોઈનો હાથ ફર્યો હોય એવો આભાસ થાય છે. આપણી આગળ હમણાં જ કોઈ ચાલી ગયું એમ જાણીને આપણે ઉતાવળે પગલે જોવા નીકળીએ છીએ. આ પછી માતાનું આગમન થાય છે. અષ્ટભુજા દેવીઓ, ત્રિશૂળો, શતચણ્ડીના મન્ત્રનાં ગુંજરણો, અષ્ટમીના હોમથી ધુમાયિત વાતાવરણ, આ બધાંમાં આપણી પૃથ્વી માતા પિયર જઈને બધી બહેનો સાથે બેઠી હોય એવું લાગે છે. હવે કાલિકા અને લક્ષ્મી આવશે. લક્ષ્મીને પગલે પગલે પ્રબોધિની એકાદશીએ ભગવાન પધારશે.

અન્નપૂર્ણા ડાંગરના ખેતરમાં દાણે દાણે ઊતર્યાં છે. લક્ષ્મીજી વાણિયાના ચોપડાના કમલપત્ર પર ભલે ને બિરાજે! ઘરમાં વહેલી સવારે શિશુ જાગે અને એકલું એકલું સ્વગતોક્તિ કરે એ દેવપ્રબોધિની તિથિ! આપણી મરણશીલતા જીવનને ફૂગની જેમ ઘેરી નથી વળતી. એનું કારણ આ બધી ઘટનાઓ છે. મૈત્રીથી ઝાલેલા હાથમાં શાશ્વતને વિસ્તરવાનું ફલક વિસ્તરે છે. જેને અનન્તનો સ્પર્શ થયો નથી તેનો અન્ત જ શોકાવહ છે, એને સ્પર્શતા યમ પણ ખિન્ન થાય છે.

આંસુથી નીતરતો રૂમાલનો ખૂણો, દાંતથી કચડાયેલો નીચલો હોઠ, ફૂલ, ચાલતાં ચાલતાં જ ચાલવાનો અર્થ ખોઈ બેઠેલાં ચરણો – આ બધી કરુણ ઘટનાઓ છે. આથી જ તો સૂર્યને સૌમ્ય બનાવવા જેટલી આર્દ્રતા આપણે સાચવી રાખવી જોઈએ. જેની વેદના અવાચક છે તેને આપવા જેટલા બે શબ્દો આપણે સંઘરી રાખવા જોઈએ. એ બે ઘડી કોઈ વિરામ લેવા આવે તો આપણી બે ક્ષણો એને માટે મોકલી રાખવી જોઈએ.

ક્યાંક કોઈકની ઊધરસની ઠણકી સંભળાય છે. એને થોડી વધુ હવાની જરૂર છે. એટલી અણબોટેલી હવા મારી પાસે છે ખરી? ક્યાંક કોઈક બારણું બંધ જોઈને પાછું જાય છે,

બહારથી ધસી આવતો પવન એ બારણું ખોલી આપશે ખરો? પાટીમાં એકડો ઘૂંટતું બાળક નિદ્રાના ભારથી ઢળી પડે છે, અવકાશ જ ખાલી ખોળો બની જશે ખરો? આથી જ તો હું સાવધ રહીને સંસારને જોયા કરું છું. હું બુદ્ધ નથી, મારે માથે બોધિવૃક્ષની છાયા નથી. પણ હું સંસાર વચ્ચે, સુખદુ:ખ વચ્ચે ઊભેલો, લાખ્ખોમાંનો એક માનવી છું. આંસુને આંસુથી લૂછવાનું દેવોને નહિ આવડે.

હું ચાલું છું ને મારાં પગલાંમાં જે વજન છે તે દૃઢ પ્રતીતિનું નથી, એ વજન મારી મર્યાદાઓનું છે. શંકા મને અધવચ્ચેથી રોકે છે. પ્રમાદ મને થમ્ભાવી દે છે, ભ્રાન્તિ મને દોડાવે છે. આમ છતાં મારી મજલ ચાલુ છે. વચ્ચે કેટલા લોક પસાર થઈ ગયા તેની મેં ગણતરી રાખી નથી, પણ ભગવાને પોતે તો ત્રિભુવન જ રહીને મારે માટે ચૌદ લોકનો વિશાળ પ્રદેશ રાખ્યો છે તે કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારું છું.

સવારે સૂર્ય સાથે ઊગેલું સત્ય હું અકબન્ધ સાચવી રાખવાનો લોભ રાખતો નથી. એને વ્યવહારમાં રજોટાવા દઉં છું. એની ખરી કાન્તિ તો માનવીના સંતાપ ઉદ્વેગની આંચનો સ્પર્શ થતાં જ ખીલે છે, કદાચ ભગવાન સત્યનો ઉદ્ધાર કરવા માટે જ માનવો વચ્ચે મોકલતા હશે. અહીં એને અસત્ય જોડે ઝૂઝવું પડે છે, સત્યનો દાવો કરનાર દમ્ભ આગળ પોતાનું પ્રમાણ રજૂ કરવું પડે છે. પણ આથી જ તો એ વધુ મહિમાવંતું બને છે. પૃથ્વી પર આવીને મહિમા પામેલા સત્યની તો દેવોને પણ ભારે ઝંખના રહે છે.

કાળના ચક્રના ફરવાના આંકાને મેં મારી હથેળીમાંથી ઉકેલવાનો પ્રયત્ન નથી કર્યો. નદીઓ◌ેનાં નીરમાં થઈને, પવનને પ્રશસ્ત માર્ગે થઈને, મહાનગરોની આંધળી ગલીઓમાં થઈને એ ચીલા આગળ વધ્યે જાય છે. એ ક્યાં જઈને અટકે છે તેનીય મેં તપાસ રાખી નથી. કોઈક વાર ફૂલની પાંખડી પર, પતંગિયાની પાંખ પર કે પંખીના ઉડ્ડયનની રેખાનાં એનાં ચિહ્ન દેખાય છે. એની સાથે કશી વિભીષિકાને મેં સાંકળી નથી. રણને કે મને પોતાને ચાલતા રહેવાનો લય ગમ્યો છે.

સંસ્કૃત નાટકની નાયિકાઓ પાસે તિરસ્કરિણી વિદ્યા હતી. ધારે ત્યારે એઓ અદૃશ્ય થઈ જતી. નાયકને એ વિદ્યા સિદ્ધ નહોતી. ભીત્તિગૂઢ બનીને એણે કામ ચલાવવું પડતું. પણ તિરસ્કરિણી વિદ્યાનો પૃથ્વી પરનો આચાર તો મરણ છે. એ જીવનમાં ગૂઢ રીતે આપણને

એ વિદ્યાના પાઠ શીખવ્યા કરે છે. જીવનમાં કોઈક વાર એવો ગાળો આવે છે જ્યારે આપણને ઘણાં અલોપ થઈ ગયેલા માનતા થઈ જાય છે. પછી વળી આપણે છતા થઈએ છીએ. પણ આ અણછતા થવાની વિદ્યા આપણા સાધકોને તો હસ્તામલકવત્ હતી. જો એ વિદ્યા સિદ્ધ થાય તો કદાચ માનવી મરણ વિશે જુદી ભાષામાં વાત કરતો થઈ જાય.

29-10-78

# મર્યાદાઓનું અરણ્ય

વાદળો ગયાં છે, હવામાં ઠંડીનો ચમકારો છે. પાસેના રસ્તા પર લગભગ નવસ્ત્રું કહેવાય એવું એક બાળક એનાથી બે જ વર્ષે મોટા 'વડીલ'ની સાથે બેઠું છે. હું ઘરમાં બેઠો બેઠો ઠંડીથી ધ્રૂજતા હાથે બે અક્ષર પાડવા મથી રહ્યો છું. બધું જ જાણે પ્રતિકૂળ હોય એમ લાગે છે. આ ભાષાનો પ્રપંચ અને 'શબ્દબ્રહ્મ' જેવી સંજ્ઞાઓ ઠાલી લાગે છે. છતાં લખતો જાઉં છું ને સાથે રવિશંકરની સિતાર સાંભળતો જાઉં છું. સંગીત એવા અગોચરને પ્રગટ કરે છે જેની આગળ હું મારા અહમ્‌ના બધા ઠાઠઠઠેરા પડતા મૂકીને ઊભો રહી જાઉં છું. આમ છતાં બધી પ્રવૃત્તિને અન્તે અવશેષમાં થોડો વિષાદ રહી જાય છે. એ ધીમે ધીમે થોડીક અપારદર્શકતા ઊભી કર્યે જાય છે. જગત જરા ધૂંધળું દેખાવા લાગે છે.

કોઈક વાર આ વર્તમાનની આબોહવામાં જીવ અકળાવા લાગે છે, મર્યાદાઓને ઓળખીને, એને જ શસ્ત્ર બનાવીને ઝૂઝ્યો છું. ઝૂઝ્યા પછી કેવળ નિર્વેદની લાગણી થાય છે. બાળપણમાં મારામાં 'હું' થોડો જ વસતો હતો. વિસ્મયનાં દ્વાર ખુલ્લાં મૂકીને જગતને ઘણો બધો અવકાશ કરી આપ્યો હતો. પછી ધીમે ધીમે જગત એની છાપ, એનાં પ્રતિરૂપ અને સંકેતોને પોતાની અવેજીમાં મૂકીને સરતું ગયું. પછી આ સંકેતો, પ્રતિરૂપો અને સંસ્કારોનો વેપલો શરૂ થયો. બાળપણની ભાષા સોનગઢના પાતાળઝરણામાં ક્યાંક ઊંડે વહી ગઈ. ધીમે ધીમે પુરુષાર્થનું ક્ષેત્ર વિસ્તરતું ગયું; સાથે સાથે મર્યાદાઓનું અરણ્ય પણ વિસ્તરતું ગયું.

મર્યાદાને શસ્ત્ર બનાવ્યું, પણ મર્યાદા જોડે મારે પણ ઝૂઝવું તો પડ્યું જ. જે નિરક્ષર હતા તેના સુધી અક્ષરને પહોંચાડતાં હું ડર્યો, અક્ષર સાથે સંકળાયેલી બધી જ જટાજાળમાં હું

એમને દોરી નહોતો જતો? શબ્દ બોલતી વેળાએ પણ કોઈક વાર મારું મન મને વચ્ચે રોકતું હતું : આ શબ્દપ્રપંચ કોઈકને મૂઝવશે, પ્રશ્નોથી વિક્ષુબ્ધ કરશે. આમ છતાં એક વાર ક્રિયાશીલ બન્યા પછી, નિષ્ક્રિયતાની સુરક્ષિત ભૂમિમાં પાછા ફરવાનું સહેલું નથી હોતું. આથી કોઈ વાર પ્રવૃત્તિ ચાલતી રહી, પણ એના દોર મારા હાથમાંથી સરી જવા દીધા. એને પરિણામે ગૂંચ વધી, ગૂંચો વધારવી એ જ જાણે પુરુષાર્થ બની રહ્યો.

શાન્તિ, નિ:શબ્દતા અને નિષ્ક્રિયતા જ અભીષ્ટ છે એમ હું કદી માની શક્યો નથી. સાચા અર્થમાં તો શબ્દ જ આપણી આંખ છે. એના વડે જ હું બીજાના હૃદયમાં દૃષ્ટિક્ષેપ કરવાની હિમ્મત કરી શકું છું. હોઠેથી શબ્દ નથી ઉચ્ચારતો ત્યારે પણ હૃદય ક્યાં મૂંગું હોય છે? અરે, રાતે નિદ્રાના પાતાળ પડ નીચે શબ્દના સ્રોતનો વહ્યો જવાનો અવાજ કેવું સમ્મોહન ઊભું કરે છે! નિદ્રાવશ નહિ, પણ એ સમ્મોહનને વશ થઈને જ ઘણી રાતો ગાળી છે. શબ્દોનાં ટોળાં વચ્ચે જ લુપ્ત થવાનો એક માર્ગ મારે માટે ખુલ્લો છે.

નમતા પહોર તરફ ઢળેલા ઘણાના જીવનમાં મેં શાન્તિની શીળી આભા પ્રસરી જતી જોઈ છે. હૃદયના કોલાહલ ધીમે ધીમે શમી જતા દેખાય છે. શબ્દો ઉચ્ચારાયા પછી વાયુની લહરીની જેમ તરંગ સરખો ઉત્પન્ન કર્યા વિના વિખેરાઈ જાય છે, હું તો આ બધું આશ્ચર્યવત્ જોઈ રહું છું. મારા ઉચ્ચારાયેલા શબ્દનો પડઘો પાછો વળે છે ત્યારે એ કોઈ ખીણના ઊંડાણને સાથે લઈને આવે છે, કોઈ વાર એ ઉત્કટ લાગણીના પ્રપાતનો લય લઈ આવે છે, તો કોઈ વાર એમાં વનના દાવાનળની આંચ હોય છે. આથી જ તો મારા શબ્દોના પાછાં વળતાં ધ્વનિઆન્દોલનોની હું પ્રતીક્ષા કરું છું. એ જે જગતને સાથે લઈને આવે છે તેની મને જરૂર છે.

સુખને મોઢેથી આંસુ લૂછવાના પ્રસંગો નથી બન્યા એવુંય નથી. સુખના અન્તરમાંય ક્યાં જ્વાળામુખી નથી હોતા? કેટલીક વાર તો 'સુ' અને 'ખ'ને ભેગા કરીએ તે પહેલાં જ સ્ફોટ થાય છે ને પછી જાતે જ બધું વિશીર્ણ એકઠું કરીને એક નવી ખણ્ડિતતાને વૈભવ તરીકે સ્વીકારવાનું શીખી લેવાનું રહે છે. આથી જ તો કોઈક મારા વ્યક્તિત્વમાં પડેલી તિરાડને ચીંધી બતાવે છે તો મને આત્મીયતાનો અનુભવ થાય છે. પણ એ તરડ તે સ્વરક્ષણ માટે કરેલા સંઘર્ષનો ઘા નથી એવું કહીને કોઈ વગર સમજ્યે મને સારું લગાડવા જાય ત્યારે મને રોષ થાય છે.

નગણ્યતા અને અકિંચિત્કરતાના અનુભવો ઘણા થયા છે. એ અનુભવોને નોખા પાડીને નથી રાખ્યા. આથી જ તો ઘણી પ્રશંસાને નગણ્યતાનો પાસ બેઠેલો છે. ઘણું કરવાનું અનિવાર્ય લાગ્યું હોય ને છતાં કરી શકાયું નથી. કોઈનું દુ:ખ, કોઈની ગરીબાઈ સહી જતી નથી; પણ એક આંસુ લૂછવા હાથ લંબાવતાં હાડકાં કઠણ થઈ ગયાં હોય એવું લાગે છે. ગરીબાઈને દૂર કરવાને માટે હું કશું જ ન કરી શકું એમ તો નથી. છતાં અનુકમ્પા સિવાય બીજું કશું આપી શકતો નથી. આ બધાંનો રંજ છે, પણ એ રંજ જ મારો ઉગારો છે એમ મેં મારી જાતને મનાવવાનો પ્રયત્ન કર્યો નથી.

બધી પરિસ્થિતિને પરિણામે કોઈક વાર આંસુથી તો કોઈક વાર નિ:શ્વાસથી, કોઈક વાર ક્રોધથી તો કોઈક વાર વિષાદથી બધું ખૂબ ધૂંધળું થઈ જાય છે. હું મને ઓળખી શકું તેટલીય પારદર્શકતા જાળવી શકાતી નથી. આને પરિણામે હું ઘણી વાર તો મારી સાથે જ અથડાયા કરું છું, મારાથી મને થયેલા ઘાની ફરિયાદ કોની આગળ કરવી? આમ છતાં હજી મારામાં એટલી તો આર્દ્રતા બચી છે કે કોઈની આંસુભીની આંખ જોતાં જ એને લૂછી નાખવા હું તરત જ તત્પર થઈ જાઉં છું, તરત જ શાતા વળે એવા શબ્દો શોધું છું. મારી પ્રત્યેના મારા રોષની ઝાળ ભૂલથી કોઈને દઝાડી જાય છે તો તેથી હું ખૂબ જ સન્તાપ અનુભવું છું.

ક્ષતિમર્યાદાનો આંકડો એટલો વધતો ગયો છે કે હવે બાકીનો હિસાબ તો ચિત્રગુપ્તને જ સોંપી દીધો છે. મનને શાન્ત પાડવાના પ્રયત્નો છોડી દીધા છે. બાળપણમાં લાગતું તેમ ફરીથી કોઈ વાર વિસ્મયનું દ્વાર ખોલીને જગતને જ મારામાં વિસ્તરી જવાનું નિમન્ત્રણ મોકલું છું. પણ વિસ્મયનું દ્વાર ઝટ ખૂલતું નથી. એ ખોલવા જાઉં છું ત્યારે મારા સુધી આવવા નીકળીને જે બંધ દ્વાર જોઈ પાછું વળી ગયું તેનાં પગલાંની છાપ જોઉં છું. એ જ જાણે મારા ભાવિની બારાખડી હોય એમ હું એને ઉકેલવા મથી રહું છું. સૂર્યના આથમવા સાથે વદાય થતા પડછાયાઓ ભેગો એક પડછાયો થઈને સરી જાઉં એવી ઇચ્છા ઘણી વાર થાય છે, પણ પોતાની જાતને કેવળ પડછાયામાં સારવી લેવી એ પણ કેટલું કપરું છે!

12-1-80

# રાજવૈભવના દિવસો

ચાર થીંગડાંવાળું ખાખી હાફપેન્ટ, અને બે કાણાં ખિસ્સાં – મારો બાળપણનો એ બાદશાહી ઠાઠ યાદ આવે છે. વાળ હોળવા, ટાપટીપ કરવી તે દાદાને પસંદ નહિ માટે ઘણુંખરું ટલ્લો જ કરાવેલો હોય. શિયાળાની રાતે કસોટી થાય. કઠોળ કર્યું હોય એટલે અબોટિયું પહેરવું પડે. પણ નાના છોકરાને તો અબોટિયું કેવું! રેશમી લંગોટી 'પહેરીને' ટાઢમાં થથરતા ઊંઘરાટાયેલી આંખે બે કોળિયા ભરીએ ન ભરીએ ને પથારીભેગા થઈ જઈએ, ત્રણ જણ વચ્ચેની ઓઢવાની રજાઈ ખેંચાખેંચમાં ક્યાંની ક્યાં દૂર રહી જાય. જોડા-ચંપલ ક્યાંય સુધી પહેર્યાં નહોતાં. વૈશાખની બપોરે ઘૂંટીભર ધૂળમાં ઉઘાડે પગે દોડતાં કશું નહોતું થતું. પગમાં કાંટા વાગે, ઘૂંટણ ને કોણી છોલાય, કોઈ વાર એવું વાગે કે ઘરે કહેવાય નહિ, એ પાકે, એના લબકારા સાંભળતાં આખી રાત પડ્યો રહું.

આમ છતાં એ રાજવૈભવના દિવસો હતા. ચારે બાજુથી કાંઈ કેટલુંય મનમાં સંચિત થતું જતું હતું. એ બધું ઓળખીને જુદું પાડવાનો પણ ક્યાં સમય હતો? આજની ફૂલેલી-ફાલેલી વેદનાનાં બીજ ત્યારે જ કદાચ અણજાણપણે રોપાયાં હશે. પણ ત્યારથી હૃદયમાં એક એવો ખૂણો મળી ગયો છે જ્યાં ચાલ્યા જઈએ પછી આ જગતનું કશું અડે જ નહિ. એ જ ગુપ્તવાસ. હજી સ્વેચ્છાએ સંસારવહેવારમાં હરતોફરતો છતાં એ ગુપ્ત વનવાસમાં ચાલ્યો જાઉં છું. ત્યારે બાળપણના એ દિવસોની મોઢામોઢ ફરી ઊભો રહું છું. ત્યારે નામ વળગ્યું જ નહોતું. દાદા ચોપડીને પહેલે પાને એ નામ લખી આપતા ત્યારે હું એને અચરજથી જોઈ રહેતો.

અકારણ શત્રુતાથી, ગેરસમજોથી આજે કોઈ વાર અકળાઈ જાઉં છું ત્યારે પાછળથી

હસવું આવે છે. આ બધી અળોજણ-પળોજણ શા માટે? મારું નામ મારે માટે તો ખાલી પાત્ર જેવું જ રહ્યું છે, એમાં જુદે જુદે સમયે જુદા જુદા લોકો મનમાં જે ફાવે તે ભરતા ગયા. આથી કોઈક વાર મિત્ર ગણાયો તો કોઈક વાર શત્રુ. કોઈક વાર બહુશ્રુત વ્યુત્પન્ન વિદ્વાન તો કોઈક વાર હજી જેને ઘણા પાઠો શીખવા બાકી છે એવો અભણ, બીજા બધાં મારી આ છબિ બદલતાં રહ્યાં. મારે મન તો હું હજી કશીક ઓળખ મેળવવા ભેગું કરવા મથી રહ્યો હતો. સમજણો નહોતો ત્યારથી વેદનાની થપાટો વાગતી રહી. એને સમજવાની કોઈ ફિલસૂફીમાં મારી પહોંચ નહોતી. સમ્ભવ છે કે આ લાચારીમાંથી ક્રોધ પ્રગટતો રહ્યો. એની આંચથી દાઝતો રહ્યો. મારું અપમાન થાય ત્યારે મને એક જ વાતની ચિન્તા રહે છે; એ માણસને વધારે બહેકાવી મૂકે છે તે મેં જોયું છે. માન આપનાર કરતાં અપમાન કરનારા આ રીતે મને વધારે હાનિકર્તા લાગે છે. વિસ્તરતાં પરિમાણોથી માણસ ગભરાય છે આથી એ પોતાને વામણાં બનાવીને જ સલામતી અનુભવે છે.

એક સાથે સંવેદનશીલતા અને નિલિર્પ્તતા કેળવવાનો કીમિયો જરા અઘરો છે. આત્મસંરક્ષણની સદાની ચિન્તા જે સદા ભયભીત થઈને જીવતો હોય તેને જ હોય છે. મારી સામે ઘટા વિસ્તારતો આ લીમડો કોઈના ચોકી-પહેરા નીચે એ કરતો નથી. પણ મારા હિતચિન્તકો તો ઘણા છે. એમની અપેક્ષાઓ પણ જુદી જુદી છે. આથી કોઈનો ગમો તો કોઈનો અણગમો મળવાનો જ. આથી કટુનો પણ સ્વાદ કેળવવો જ રહે.

આમ છતાં નિર્વેદ, નિવૃત્તિ તરફ મન વળતું નથી. હજી ઘણો હર્ષ થાય છે, ઘણો વિષાદ થાય છે. હવે હવામાં વર્ષાના આગમનના ભણકારા સંભળાય છે. થોડા જ વખતમાં ધરતી મહેકી ઊઠશે. સમ્ભવ છે કે પ્રથમ વર્ષાના જ દિવસે મારું બ્લડપ્રેશર ચિન્તાજનક રીતે વધ્યું હોય. એથી ઊંઘી નહિ શકાયું હોય. નબળી ક્ષણોમાં જીવનનો છેડો દેખાવા લાગે, ને તેમ છતાં ધરતીની સોડમથી નફ્ફટ મન તો નાચી ઊઠે. વિષાદ ને હર્ષના તાણાવાણા કંઈ અકળ રીતે ગુંથાતા જ રહ્યા છે. રાજસિક ઉત્સાહ ને અભિનિવેશ, આક્રોશ ને આવેગ ઘણા છે. વયને કારણેય ઠાવકાઈ કેળવી શકાઈ નથી.

હજી ભ્રમણની રમણા મનને પીડ્યા કરે છે. બારી પાસે બેસીને સન્તોષ માનનારો હું નથી. કોઈ બસમાં, એ ક્યાં જવાની છે તેનું પાટિયું વાંચ્યા વિના, બેસી જવાને મન લલચાય છે. મધરાતે અજાણ્યા સ્ટેશને ગાડી ઊભી હોય ત્યારે ઊતરી પડવાનું મન થાય છે. એવા

અજાણ્યા સ્થળમાં કશા વળગણ વિના, જૂની ઓળખના બન્ધનમાંથી છૂટીને, જીવવાનું સાહસ કરી શકાય. પણ એ વિચાર વિષાદમાં ફેરવાઈ જાય છે ને થોડી પ્રિય કવિતાની પંક્તિને મનમાં રમાડતો બેસી રહું છું.

ઇતિહાસ, ક્રાન્તિ – આ બધું મારા ગજા બહારનું છે. છતાં એ પરત્વે યત્કિંચિત્ પ્રયત્નશીલ રહેવાનું જરૂરી ગણું છું. ઉપાડેલી પ્રવૃત્તિની નિરર્થકતા બધા હિતેચ્છુઓ બહુ સ્પષ્ટ રીતે સમજાવે છે. તેમ છતાં એમાંથી મનને પાછું વાળી શકતો નથી. ઘણા કહે છે, ‘બહુ થયું. હવે શાન્ત અને નિષ્ક્રિય બનતાં પણ શીખવું જોઈએ.’ પણ શાન્તિની ક્ષણોમાં જ નવા ઉધામા મન આરમ્ભી દે છે. કર્મ વડે કર્મનો છેદ ઉરાડવાની પ્રવૃત્તિ પણ આખરે તો કેવી અટપટી થઈ જાય છે! ઝાડના થડની બખોલમાંથી તાંબાવણી કીડીઓની હાર આવી જાય છે, તાર પર બેઠેલો સક્કરખોર તડકામાં અદ્ભુત તગતગી ઊઠ્યો છે. મેદાનમાં થઈને વાદળનો પડછાયો દોડી જાય છે. શહેરના સરિયામ રસ્તા પર એક સ્કુટર પર જનાર જુવાન કોઈ રસ્તો ઓળંગતી વૃદ્ધાને બચાવવા જતાં પડી જાય છે ને પીગળતા ડામર પર બેભાન અવસ્થામાં દોઢ કલાક પડ્યો રહે છે. કોઈ એને ઉઠાવતું નથી. એને શરીરે ફંફોલા પડે છે. પાસેથી સિનેમાનું ઈશ્કી ગાણું સંભળાય છે. થોડા ડાઘુઓ શબને લઈને ગુપચુપ ચાલ્યા જાય છે. મજૂરી ન મળતાં નિરાશ થયેલાં આદિવાસી સ્ત્રીપુરુષો પાછાં ફરે છે. સવારે જે ટીકડી લેવાની હતી તે ભૂલી ગયાની ચિન્તામાં હું બેઠો છું ત્યારે મારા મનના પટ પર આ બધું પ્રસ્ફુટિત થતું આવે છે. આ બધાંમાંથી મને નોખો તારવીને હું જોઈ શકતો નથી.

અત્યારે જે સુખ અનુભવી રહ્યો છું તે ચાલ્યું જશે તો? આ ચિન્તા જ વિષાદને લઈ આવે છે. ડાહલબર્ગ કહે છે કે સમય તો નિર્વેદને તળિયે બેઠેલ કચરા જેવો છે. આવો સમય ધીમા ઝેરની જેમ આપણામાં વિષાદને પ્રસારે છે. સમયને વહેતો રાખવો જોઈએ. મને વિષાદ પ્રથમ ભારે થતી જતી ક્ષણોથી વર્તાય છે. હૃદયના બે ધબકારાની પાંખે સમયને ઊડતો રાખવો જોઈએ. પણ સમય કોઈ વાર એવો તો ખૂંતી જાય છે કે એની આજુબાજુ સારા સરખા વિષાદનો કાંપ જામી જાય છે.

ઇતિહાસને માથા પરથી ઉતારી મૂકીને ચાલીએ તો જ ભવિષ્ય તરફ તેજ ગતિએ આગળ વધી શકાય. ઘણી વાર ભૂતકાળને જ આપણે ભવિષ્યના છદ્મવેશે પાછો

આવતો જોઈએ છીએ. પાછું વાળીને જોવું નહિ, પાછા ફરીને જે હતું તેને ઓળખવા માટેની નિશાનીઓને નાબૂદ કરી દેવી – આ પ્રવૃત્તિ જ આપણને ભવિષ્યથી દૂર નથી રાખતી? આપણાથી અણજાણપણે લોકો આપણો ઉપયોગ કરવાના જ, આપણું લખેલું લોકો એમની પોતાની રીતે વાંચવાના, તમને એઓ એમની પોતાની રીતે જ ઓળખવાના. આ બધાંના પર જ આધાર રાખીને જીવીએ તો આપણે જ ધીમે ધીમે આપણને અજાણ્યા લાગવા માંડીએ. આથી સ્વત્વ તો જાળવવું ઘણું અઘરું છે એવું ડહાપણડાહ્યું વાક્ય મોઢામાં મમળાવીને સન્તોષ માનવો!

આથી સુસંગતિ નહીં પણ અસંગતિ જ જીવન્તપણાની નિશાની છે એમ માનવાને હું લલચાઈ જાઉં છું. જીવનની બધી ઘટનાઓમાંથી ઠાવકાઈપૂર્વક અર્થ સંચિત કરે તેમનો ઉદ્યમ મને જચતો નથી. આથી ઉડાઉપણું જ મને તો પરવડે છે જેને જે જોઈએ તે લઈ જાય. કોઈની આપેલી કીતિરૂઅપકીર્તિ પર આપણો કેટલો દાવો? આજે જે આપે તે કાલે ભલે ને લઈ લે. એથી જ તો ધીમે ધીમે આપણે હળવા થતા જઈએ. પણ એટલા હળવા થઈ જઈએ કે ધરતી પર પગ ન ટકે તો તેય ખોટું માટે થોડો વિષાદ સારો, એના વજનથી ટકી રહેવાય.

ઉનાળામાં આસ્ફાલ્ટના રસ્તા પરના ડામરને જ ઓગળતો જોવો ને શિરીષની છાયાને ન જોવી, લૂ વાતી હોય તેની જ વાત કરવી પણ કોયલના ટહુકાની વાત ન કરવી; બફારાની, દુર્ગન્ધની જ વાત કરવી પણ મોગરાના મહેકવાનો ઉલ્લેખ જ ન કરવો – આ મને માન્ય નથી. અખિલાઈને સમાવવાનું આપણું કાઠું નહિ તે કબૂલ, પણ આપણે જેટલું સમાવતા જઈએ તેટલા આપણામાંથી મુક્ત થતા જઈએ. મોક્ષ અથવા મુક્તિ એ ક્રમશઃ રિક્ત થતા જવાની પ્રક્રિયા છે. પણ રિક્ત થવાની પ્રક્રિયા ખૂબ જ ધીમી. ચોર્યાસી લાખ ફેરા ફરવા પડે!

આપણી પ્રજાને તો એ ફેરા ફરવાની ધીરજ છે, માટે આપણે બધું નિરાંતથી કરીએ છીએ. બધું ક્યાં આ જન્મે જ પતાવી દેવાનું છે? ઋણાનુબન્ધ છે, ભવોભવનાં લેખાં છે – એમાં આ એક જન્મ તે શા હિસાબમાં! આથી ક્ષણોને વેડફીને યુગને ખમવાનાં ખોટાં લેખાં માંડીએ છીએ. ખરું કહું તો માનવીને જે શાપ જન્મતાવેંત મળ્યો છે તે બધું જોડ્યે જવાનો છે. કવિ જોડે છે, કડિયો જોડે છે, વણકર જોડે છે, વાણિયો જોડે છે. આ

બધા જોડતા જાય છે ને પોતે જોડેલામાં જ પુરાતા જાય છે. પછી એમાંથી છૂટવાની, મોક્ષ પામવાની, પ્રાર્થના કરતા ભગવાન સામે જઈને ઊભા રહે ત્યારે ભગવાનના મુખ પર પરમ તૃપ્તિનું સ્મિત હોય છે.

શરીરમાં લોહી મૂગું મૂગું ફર્યા કરે છે. હૃદયના ધબકવાનો સંકેત હું જ સમજતો નથી. આંખ બે પલકારા વચ્ચે શું કરે છે તેની મને ખબર નથી. મારાં બે ચરણ વચ્ચે શી સમજૂતી થઈ છે તેની મને ખબર નથી. મારા હાથની બધી જ પ્રવૃત્તિને હું જાણતો નથી. છતાં આ બધાં એક ‘હું’ને આશ્રયે હોવાનો દાવો કરે છે ને તેને નકારી કાઢી શકાતો નથી. પણ આપણે જ આપણે માટે કેટલા રહસ્યમય બની જઈએ છીએ! એથી જ તો આપણામાંનો આપણો રસ ઓસરી જતો નથી.

*25-5-80*

# શિરામાં વહેતો જીવનરસ

રાત પડે છે, દીવાલ પરનું ઘડિયાળ બોલે છે કંઈક અને કરે છે કંઈક. દસ વાગ્યા છે, છતાં એ છ ટકોરા પાડે છે. એ સમય બતાવતું નથી. સમયનો લવારો કરે છે. એમ તો મારા કાંડા પર સમયનો ચોકીપહેરો છે જ. ઘરમાં જૂની 'એન્કાઉન્ટર'ની બાંધેલી ફાઇલ પર ખિસકોલી ક્યારની ઊંઘી ગઈ છે. કિશોરી આમોનકરે જોનપુરી ગાઈ લીધો છે. મારી આંખ ઘેરાવા લાગી છે. આજુબાજુ બધાં વાતો કરે છે. હું થોડી ક્ષણ તન્દ્રાની સ્થિતિમાં સરી જાઉં છું. જાગૃતિમાં દીઠેલું જગત વેશ બદલીને જુદે જ રૂપે દેખાવા માંડે છે. દિવાસ્વપ્નો, દુ:સ્વપ્નો અને ઓથારની સ્થિતિમાં આપણે ચૌદ ભુવનમાં ફરી આવીએ છીએ.

પવન થમ્ભી ગયો હતો. બહારના આકાશમાં ચન્દ્રનો આભાસમાત્ર હતો. દેડકાં અને તમરાંની જુગલબંદી શરૂ થઈ ગઈ હતી. જે દિવસ વીતી ચૂક્યો હતો તેની વેરવિખેર ઘટનાઓની દૃશ્યાવલિ મનશ્ચક્ષુ આગળ ઝાંખી થતી જતી હતી. મારી ચેતનાનો એક અંશ જાગૃત રહીને આ નિદ્રાના લપસણા ઢાળ પરથી સર્યે જવાની સ્થિતિની નોંધ લેતો હતો. જાગૃતિ સિવાયની એક નવી વાસ્તવિકતાનું રાજ્ય શરૂ થઈ ચૂક્યું હતું. બધું કોઈક નવી જ રીતે ગોઠવાતું જતું હતું. મારા બધા જન્મોની વાસ્તવિકતાની સેળભેળ થઈ ગઈ હતી. મારાં જ અનેક રૂપો વચ્ચે ખોવાઈ ગયો હતો.

પછી ધીમે ધીમે ક્યારે શૂન્યાવકાશમાં સરકી ગયો તેની સંજ્ઞા રહી નહિ. સમય લુપ્ત થઈ ગયો. સ્થળની રેખા ભુંસાઈ ગઈ. ભૌમિતિક બિન્દુ જેટલી પણ અસ્મિતા બચી નહિ. ત્યાં એકાએક આવી ચઢેલા આંસુ જેવું ચોંકાવનારું મને સ્પર્શી ગયું. સફાળા જાગીને

મેં જોયું તો છતમાંથી ટીપાં ટપકતાં હતાં. મને રાજા ગોપીચન્દ યાદ આવી ગયો. મને લાગ્યું કે કોઈ ગત સ્વજન એનાં આંસુથી મને જગાડી રહ્યું હતું. હવે જાણે નિદ્રામાંય કાલક્ષેપ કરવો પરવડે એમ નથી. ચારે બાજુ ફરી વળેલાં નિદ્રાનાં જળ વચ્ચે હું આ ટપકતાં ટીપાંના અવાજને સાંભળતો ભર્તૃહરિના વૈરાગ્યશતકના સો શ્લોકોનાં સોપાન ચઢતો ચઢતો આ બધું વિચારી રહ્યો હતો.

એ ટીપાં તો વરસાદ થમ્ભી ગયા પછી બે દિવસ બાદ પણ સતત ટપકતાં રહ્યાં. સમય દર્શાવતા બીજા ઘડિયાળ જેવો એનો નિયમિત ટપ ટપ અવાજ હું સાંભળતો રહ્યો. આખાય દિવસ દરમિયાન વૃષ્ટિમલિન આકાશની મન્દ દ્યુતિ ગ્લાનિ અને વિરતિના ભાવને પોષતી રહી.

પવિત્રતાને ઓળખવાનો મારો દાવો નથી. ઉન્માદ મેં અનુભવ્યો છે. આ જીવનનો રસ શિરાએ શિરાએ વહેતો વહેતો બધું ડહોળી નાખે છે. નિસ્તરંગ શાન્તિની વાત મેં સાંભળી છે, પણ એ તો કપોલકલ્પિત છે. કોઈ વાર આવી નિઃશબ્દતામાં ઘેરાઈ જાઉં છું કે પાંપણનો પલકારો અથવા હૃદયનો ધબકારો પણ મને એમાંથી મુક્ત કરી શકતા નથી. શબ્દો ભેગા મળીને કાવતરું કરીને એક સામટા ભાગી છૂટે છે. કોઈક મને આશ્વાસન આપીને કહે છે, ‘આ તો આધ્યાત્મિક વિકાસની નિશાની છે. કુણ્ડલિની જાગૃત થવાની પૂર્વભૂમિકા છે.’ પણ મારો છંછેડાયેલો વિષાદ જ બ્રહ્મરન્ધ્ર તરફ આગળ વધી રહ્યો છે તે માત્ર હું જાણું છું.

ઘણી વાર ચાલતાં ચાલતાં એકાએક દિશા બદલી નાખવાનું મન થાય છે. મારું પોતાનું મન કોઈ અપરિચિત સહયાત્રીની જેમ મૂગું મૂગું મારી સાથે ઢસડાયા કરે છે. ધોળે દિવસે એકાએક કોઈક વાર અન્ધકારના બુગદામાં પ્રવેશી જાઉં છું ત્યારે મારું મન કશી દ્યુતિ દાખવતું નથી. જેવો હું શબ્દ બોલવાનો શરૂ કરું છું કે તરત જ મન પાછું એની જાળ કાંતવા માંડે છે. થોડી ક્ષણો સુધી તો હું તેની જ આ પ્રવૃત્તિને નિલિપ્ત બનીને જોઈ રહું છું પણ અસાવધતાની પળે એના તન્તુ મને ઘેરી વળે છે.

કોઈ વાર સાવ એકલો એકલો ચાલું છું. કોઈ વાર તો પવન સુધ્ધાં પાછળ રહી જાય છે. એકાદ વૃક્ષ આવે છે તો ઘડી થમ્ભી જઈને પવનની રાહ જોઉં છું. ચાલવાથી જ

કશુંક રચાતું આવે છે એવી ભ્રમણા મને ચલાવ્યે રાખે છે. ગન્તવ્ય સ્થાનોનું ગણિત મારું કાચું જ રહ્યું છે. કોઈક સ્થળે જઈ ચઢ્યા પછી ભૂલ સમજાય છે. ઘણી વાર ભૂલનો આવો સમ્બન્ધ પાકો થઈ જવાની અણી પર હોય છે ને હું સાવધ બની જાઉં છું. પણ એ સાવધાની મને હંમેશાં બચાવી જ લે છે એવું નથી.

આ રચવા-બચવાની વાત પણ વળગણ બની બેસે તે પહેલાં એમાંથી છૂટી જવું જોઈએ, આંખો કેવળ જુએ, કાન કેવળ સાંભળે, એમાંથી કશું સારવે સાચવે નહિ તો કેવા હળવા થઈને જીવી શકાય! પણ રાતે બધું ઠરીઠામ થાય ત્યારે જોઉં તો કેટલી બધી જંજાળ વધી ચૂકી હોય છે! આથી મને એવા લોકોનો સંગ ગમે છે જેમની આંખોમાં પ્રશ્ન નથી હોતો, જેમના શ્વાસમાં કોઈ રહસ્યનો ભાર નથી હોતો, જેઓ એવું બોલે છે જે ન બોલ્યા જેવું જ નિરર્થક રહી શકે છે.

હું મને જે ભાર વળગ્યો છે તેને ચોરની જેમ સંતાડતો ફરું છું. લોકો ગ્લાનિનું જ ગૌરવ કરે છે એ વાત મારે ઉજ્જ્વળ સૂર્યની સાક્ષીએ ખોટી ઠેરવવી જ છે. ઘણી વાર મારા મૌને મારી ખોટી ચાડી ખાધી છે, ઘણી વાર મારી આંખો જ મારી વિરુદ્ધ ખોટી સાક્ષી આપી આવી છે. હાથ જે માગવાનું નથી તે માગવા માટે મારી જાણ બહાર લંબાયા છે. આ બધા કાવતરાખોરોથી ઘેરાઈને જીવવું એ જેવું તેવું સાહસ નથી!

પોતાની સાથે તન્મય થઈને રહેવું એ જ સૌથી અઘરી વાત છે. ઘણાં આત્મસંજ્ઞાનો લય સાધવો એને આધ્યાત્મિકતા કહે છે. હું તો લય કરતાં વિસ્તારને જ ઇષ્ટ ગણું. એ પ્રકારની ગતિ આપણને મૂંઝવે છે. આપણે જગતમાં બહાર છીએ ને વળી જેટલું ભેગું થયું તેટલું લઈને પાછા પોતાનામાં આવી જઈએ છીએ. આ બંને પ્રવૃત્તિ હંમેશાં સુસંગતિપૂર્ણ હોતી નથી. મોટે ભાગે બહિર્મુખ થવું આપણને રુચે એમ છે. પોતા તરફ પાછા વળવું એ જ ઘણી મુશ્કેલીનું કારણ બની રહે છે. સર્જકોને જે રોમેન્ટિક ઉદ્વેગ થતો હોય તેના મૂળમાં આ પરિસ્થિતિ જ રહેલી છે.

જાગતાંની સાથે જ આપણી આજુબાજુનું જગત આપણે ફરીથી રચી લેવાનું રહે છે. આથી બહારના લીમડા સાથે હું ફરીથી ઊગું છું. મારી ચેતનામાંથી નવા દિવસનું આકાશ હું રચી કાઢું છું. જેનું મૂળ મારામાં નથી તે જ પરાયું લાગે છે અને તે જ બધી સમસ્યા

ઊભી કરે છે. આમ મારે ક્યાંક ઘનિષ્ઠ રીતે બહાર અને અન્દર સન્ધિસ્થાન રચવાનું રહે છે. છતાં બહાર અને અન્દર એ બે એક અને અભિન્ન બની જતાં નથી. તેથી જ તો કળા અને ધર્મને અવકાશ રહ્યો છે. બહાર નહિ જોયેલા એવા ભૂમિભાગો મારામાં ઊપસી આવે છે, નકશામાં જોયો નથી એવો પર્વત મારામાં માથું ઊંચકે છે, ચિદાકાશ થોડાં નવાં નક્ષત્રોની દ્યુતિથી ચમકતું દેખાય છે. આ બધું કેવળ મનમાં જ સમાઈને રહે તેવું હોતું નથી. એનાં પરિમાણો વિસ્તરે છે. આથી જ તો કવિતાની પંક્તિએ પંક્તિએ એક નવું જગત રચાતું આવે છે. આથી જ તો કવિતા વાંચતી વેળાએ આપણે પણ ચૌદ ભુવનના સ્વામીના જેવી સ્થિતિને અનુભવીએ છીએ.

જે માનવીએ કદી પોતાનું મુખ જોઈને ઓળખ્યું નથી તે મુખ મારામાં પ્રગટે છે. એ મુખ પછી હું એને જ પાછું સોંપું છું એવું નથી. જગતને પણ સોંપું છું. ઘણાંને જીવનભર શબ્દો જડતા જ નથી. મારી વાણીમાં એઓ એમના વણઉચ્ચારેલા શબ્દોનો રણકાર સાંભળે તો એક નવી આત્મીયતાની ભૂમિકા રચાય. આ રચવાની માયા આથી જ તો મિથ્યા કરીને ટાળી દઈ શકાય એવી વસ્તુ નથી.

હું જગતને લોભથી જોતો નથી. લોભનો દાબ વસ્તુને વરવી બનાવે છે. તેમ છતાં જગતના જે અંશ સાથે મારું સન્ધાન થતું નથી તે અંશ મારામાં થોડું, પોતાના અભાવનું શૂન્ય વિસ્તારી જાય છે. આવા વિસ્તરતા જતા શૂન્યને ભરી દેવાની અનિવાર્યતા જ મને કશુંક રચવાને પ્રેરે છે. પણ મારું રચેલું જે જગત મારામાં આત્મસાત્ થયા વિનાનું રહી ગયું છે તેની અવેજીમાં એ ચાલી જાય એવું હોતું નથી.

છતમાંથી ટીપાં હજી ટપક ટપક ટપકે છે. સિમેન્ટનાં ધાબાંવાળાં ઘરોમાં નેવ તો હોઈ શકે નહિ. કદાચ ભવિષ્યમાં આ ‘નેવ’ શબ્દ જ ભુંસાઈ જશે. ઘણી વાર હું મારા બાળપણની ભાષાના જગતમાં જઈને ઊભો રહું છું. જોઉં છું તો કેટલાક પરિચિત હવે અપરિચિત બની ગયા છે એટલે અંશે હું મારામાંથી જ બહિષ્કૃત થઈ ગયો એવું લાગે છે.

લીમડાઓની સ્નિગ્ધ સઘન ઘટા વાદળની મેદુરતાને ઘૂંટે છે. ઘાસનો રંગ ઘેરી લીલાશ પકડતો જાય છે. સૂર્ય કોઈ દેવકવિના વિષાદગ્રસ્ત ચિત્તમાંના પ્રકટ થવા મથી રહેલ શબ્દ જેવો લાગે છે. બે વૃષ્ટિ વચ્ચેનો આ ગાળો વિહ્વળ કરી મૂકે એવો છે. આગમનના

ભણકારા વાગે છે. પવનને કાન સરવા કરીને સાંભળું છું, રખે ને ઇંગિતને ઓળખી નહિ શકાય! વાતાવરણમાં કશીક અસહ્ય સજાગતા છે જે કશાક નવા આરમ્ભની ભૂમિકા રચે છે.

11-8-80

# બાળપણનો ખોવાયેલો શબ્દ

થોડાક શબ્દો ગન્ધકની જેમ હોઠ પર ચચરી ઊઠ્યા છે. એને શીતળ કરવા માટે હું કશાકની શોધમાં છું. આંસુમાં દઝાડે એવો તેજાબ છે. મૌન પણ સુરંગના જેવું છે. ક્યારે એનો સ્ફોટ થશે તે કહેવાય એમ નથી. સમયની એક ક્ષણને ખાલી કરી નાખું છું. તો એના હાડમાં રહેલો ફોસ્ફરસ સળગી ઊઠે છે, કેટલાક શબ્દો પાગલ થઈ ગયેલા ઘોડાની જેમ દોડે છે. હવે એને લગામથી નાથવાની વેળા ચાલી ગઈ છે. દોડતી અગ્નિશિખા જેવો એ અશ્વ, હવે એની કેશવાળી ઝાલીને કોણ એને રોકશે?

ઇચ્છા તો હતી પયગમ્બરી વાણી ઉચ્ચારવાની, પણ જેને બુદ્ધની અવિક્ષુબ્ધ શાન્તિ માનતો હતો તે ભારેલો અગ્નિ નીકળ્યો. બાળપણમાં કાન માંડીને મધુમાલતીની સુવાસને સાંભળી હતી; એકાએક પવન આવતાં પીપળો જે એકસામટું બોલી જતો તે પણ સાંભળ્યું હતું. રાતે દીવેલના કોડિયાની જ્યોતની એકસરખી ધીમી સ્વગતોક્તિ ક્યાં સુધી સાંભળ્યા કરી છે. થોરનાં કઠોર વ્યંજનો, પારિજાતનાં કોમળ અનુનાસિકો અને કૂવાના થાળામાં કોશે ઠાલવેલા જળમાંથી ઊછળતા સ્વરોને ભેગા કરીને જે રચ્યું હતું તે હજી ક્યાંક તળિયે અકબંધ છે એવું મને લાગે છે. પણ કદાચ એ બધું શોધવાનોય હવે સમય રહ્યો નથી.

કોઈક વાર કોઈ અજાણ્યા કવિની પંક્તિ વાંચતાં બાળપણનો ખોઈ નાખેલો શબ્દ એકાએક જડી જાય છે. મૂંગા પથ્થર પર મૂંગા થઈને બેસી રહેવું. પવનથી રણઝણી ઊઠવું, વિશાળ વડની છાયામાંથી થોડા શબ્દો ઉપાડી લેવા, છાયાના આચ્છાદનવાળા શીળા પ્રકાશને આંખમાં આંજી લેવો, વહેતા જળની ચંચળતા આંખને અણિયાળે

સાચવી લેવી, ગ્રીષ્મને અન્તે જળ માટે તરફડતાં ખેતરોની ચીસ સાંભળીને વિહ્વળ થઈ ઊઠવું, સવારે કશાક અજાણ્યા ભારથી દબાઈ જઈને અકારણ ગમ્ભીર થઈ જવું – આ બધું ક્યાંક હજી સંચિત થઈને રહ્યું છે.

ત્યારે જે શબ્દો અજાણ્યાં નામહીન વન્ય ફળ જેવા હતા, જેને કુતૂહલથી ચાખ્યે જવાનો આનન્દ થયો હતો તે શબ્દો આજે છે ખરા પણ એનો સ્વાદ બદલાઈ ગયો છે. બોલતાં જ જીભ બળે છે. અકારણ આંખમાં પાણી આવી જાય છે. આ બધાં વીતેલાં વર્ષોમાં શબ્દો પોલા થતા ગયાં છે. એમાં ક્ષાર જામતો ગયો છે. આથી એમાં કટુકષાય એવું કશુંક ભળતું ગયું છે. બાળપણમાં તો એ શબ્દોમાં મધરાતે ફરતા દાદાના રેંટિયાનો ગુંજારવ હતો. શિશુ હોઠેથી રટાતા વિષ્ણુસહસ્ર નામનો રણકાર હતો. હવે શબ્દોના પોલાણમાં પિસ્ટનનો અવાજ છે, સાયરનના પડઘા છે, મશીનગનનો ઉદ્ધત કર્કશ પડઘો છે.

હૃદય કશીક જાંબુડી વેદનાના હાડને ચૂસતું બેસી રહે છે, આંખ સરી જતી છબિઓને પકડી રાખવા પાછળ દોડે છે. શ્વાસ આખા આકાશને સંકોચીને મારા ફેફસાંમાં ભરાવા જાય છે. પગ હિમાલય ચઢ્યાનો ઢોંગ કરીને થાકીને બેઠા છે. શબ્દો માળાના મૂંગા જાપ જેવા ફર્યા કરે છે. ગઈ રાતનો સ્વપ્નનો રંગ પ્રભાતના ઝાકળમાં ધોવાઈ ગયો છે. ઘાસના તાણાવાણાથી વણાયેલો થોડો અવકાશ ઉકેલાતો આવે છે.

કોઈ વાર મારા શરીરને પડ્યું રહેવા દઈને હું દરિદ્રોની દરિદ્રતા વચ્ચે જઈને વ્યાપી જાઉં છું. ફાટેલાં વસ્ત્રોનાં છિદ્રો અને અંગ પરની મલિનતા, શિશુઓના ગાલ પરનાં વણલૂછ્યા આંસુની ખારાશ, આંખોમાં ચચરતો રોષ, ભૂખમરાને વેઠીને ધીમે ધીમે માનવી મટતા જવાનું આશ્વાસન – આ બધું મારામાં આત્મસાત્ થઈ જાય છે. મારો દરેક કોળિયો આ બધાનો સ્વાદ જીભ પર મૂકી જાય છે. વાંઝણી સહાનુભૂતિનો ભાર મારું હૃદય વેંઢાર્યા કરે છે. આખરે આ શરીરમાં પાછો ફરું છું. શરીર વર્ષાના શીતળ સ્પર્શના સુખની વાત કરે છે. મારા હોઠ પર ટપકેલું વર્ષાનું બિન્દુ કડવાશને ધોઈ શકતું નથી. આ વેદના બાકીનાં વર્ષોમાં ઉલેચી નાખી શકાય એવી નથી. એક વર્ષનું માપ મારી અપરિમેય વેદનાને કારણે બદલાતું નથી.

તાપીનાં જળ ડખોળેલાં તેથી મારા ચરણને હજી જળના કલરવની સ્મૃતિ છે, શ્વાસને

હજુ એની શીતળતાનો પાસ બેઠેલો છે. માનવીનું પોત અર્ધું મરણનું ને અર્ધું ભ્રમણનું બનેલું હોય છે. ભ્રમણ કરીને પાછા વળીએ છીએ ને બારણું ખોલીએ છીએ તો તરત નિષ્પલક ચરણની સાથે દૃષ્ટિ મળે છે. પછી એ અંધારામાં ભળી જાય છે. એ મરણ આપણી વેદનામાંથી જ રચાતું રહે છે. માટે જ તો એની આપણી સાથેની આત્મીયતાને નકારી કાઢી શકાતી નથી.

હૃદયની વસતિ સપ્તરંગી ને વિભિન્ન છે. વિચારોનાં ભૌમિતિક ચોસલાં છે. થોડી ભૂતાવળો છે. લીલાં લીલાં સ્વપ્નો છે. વણઉચ્ચારાયેલા શબ્દોના નિ:શ્વાસ છે. સખ્તાઈથી મહાપરાણે બીડી રાખેલા હોઠની કઠોરતા છે. અણસમજનું અભેદ્ય ધુમ્મસ છે અને તેથી જ હૃદયના નેપથ્યમાં જવાનું સાહસ એકદમ થઈ શકતું નથી.

મરણના ઓછાયાને સ્પર્શી આવ્યા પછી નવી વેદનાના આપણે અધિકારી બનીએ છીએ. એ વેદનાની સાથેનું મોંજોણું રાવજીએ એની કવિતામાં વર્ણવ્યું છે. મણિલાલ રાતની વાત કરતાં કરતાં એ કહી ગયો છે. શાન્તિના પારાવારમાં રવીન્દ્રનાથ તો નિશ્ચિત બનીને ગયા પણ આ બે કવિઓ તો હજી એવી શાન્તિને ક્યાં પામ્યા જ હતા. હજી તો ઉધામાનો, ચંચળતાનો સમય હતો. ભૂલો કરવાનો અધિકાર પણ પૂરો ભોગવ્યો નહોતો. પસ્તાવાનું પર્વ ઘણું દૂર હતું. ગીતમાં પણ દાહકતા હતી. અર્ધા બોલે ઝડપાઈ ગયેલા આ કવિની વાણીની સુગન્ધ આ તૃણાંકુરમાંથી નીતરી રહી છે. એને સૂંઘતાં સૂંઘતાં આંખે ઝાંખ વળે છે, સૃષ્ટિ જુદું રૂપ ધારણ કરે છે.

22-8-80

# પોતાને ગિરવે મૂકવાના દિવસો

હવે તો મને પોતાને ગિરવે મૂકવાના દિવસો આવ્યા છે. હું જાણું છું કે આજના બજારભાવ પ્રમાણે તો મારી ઝાઝી કિંમત ઊપજી શકે તેમ નથી. મારા નામની હરાજી થાય તોય ઝાઝું ઊપજે તેમ નથી. આ પરિસ્થિતિનો લાભ લઈને હું બહુ ઉદાર બનવા ઇચ્છું છું. જો મારું કશું નીપજી શકે એમ નહિ હોય તો પછી સખાવત જ કેમ નહિ કરવી? પણ ગણતરીબાજ સમજુ માણસો તો એનો સ્વીકાર પણ એમ ને એમ નહિ કરે. સાહિત્યિક સામયિક ચલાવું છું તેની 'માલિકી' કોઈને એમ ને એમ આપી દઉં તોય કોઈ રાજી થશે નહિ, કારણ કે સહુ કોઈ જાણે છે કે આવાં સામયિકો તો ખોટમાં જ ચાલતાં હોય છે! થોડા ચિત્રકાર મિત્રો છે, પણ એમણે કોઈએ મારું 'પોટ્રેઇટ' આંક્યું નથી કે જેથી 'આર્ટ કલેક્ટર'ને એ પકડાવી દઈને થોડા પૈસા પામી શકું. માત્ર પડોશની એક નાની કન્યાએ કોલસાથી મારું ઠઠ્ઠાચિત્ર મારા જ ઘરની ભીંત પર આંક્યું હતું! પણ ભીંતચિત્ર તો ઓછામાં ઓછું બે અઢી હજાર વર્ષ જૂનું હોય તો જ એમાંથી કશું ઉપજાવી શકાય.

કેટલુંક મારું છે જેમાં ખાસ વિશિષ્ટ કહેવાય એવું કંઈક નથી. છતાંય એનું દાન મરણ પછી જ થઈ શકે. આંખોનું દાન એ રીતે થઈ શકે. પણ જીવતેજીવ તો શું કરવું તે મને સૂઝતું નથી. પુસ્તકોનો સંગ્રહ છે તે કોઈ પુસ્તકાલયને આપવા જાઉં તો કહેશે, 'તમે તો એવું બધું વાંચતા હતા ને કે આજકાલ એમાં કોઈને ઝાઝો રસ નથી. વળી અમારી પાસે જગ્યાય ક્યાં છે? નવલકથા-વાર્તાનાં દસ કબાટ, પાંચ કબાટ ધર્મનાં, એકાદ કબાટ ખેતીવાડી વગેરે હુન્નરનું – બસ!'

કુદરતે મારામાં કશી જન્મજાત વિચિત્રતાય નથી મૂકી કે તેને જોરે કશું ઊપજાવી શકું.

આંગળાં વીસ છે. એક્કેય વધારે નથી. હાડકાં બધાં સમાંસૂતરાં છે. માથું અને પગ વચ્ચે જે કાયા છે તેમાં હવે કશો નવો ફેરફાર થાય એવી કોઈ શક્યતા નથી. મારો ધારેલો આકાર શરીરે કદી ધારણ કર્યો નથી. શરીર પર એવો કોઈ ઘા રહ્યો નથી જેને ધરાસણામાં ખાધેલી લાઠીના ઘા તરીકે કે 'હિન્દ છોડો' આંદોલન વખતે ઝીલેલી ગોળીના ઘા તરીકે ઓળખાવી શકું. દાક્તરોને રસ પડે એવી શરીરમાં હજી સુધી તો કશી વિક્રિયા પણ થઈ નથી. વિટગેન્સ્ટાઇને કહ્યું હતું કે માનવશરીર માનવના આત્માની શ્રેષ્ઠ છબિ છે. મારું શરીર જોતાં મારા આત્મામાંય કોઈને રસ જાગે એવી શક્યતા નથી. ખરું કહું છું કે મારે વિશે હું આટલો નિરાશ ક્યારેય થયો નહોતો.

શરીર હવે શ્રમ કરે એવું રહ્યું નથી, એને માટે બીજાને શ્રમ કરવો પડે એવી સ્થિતિ હોય ત્યારે એને ગિરવે પણ કોણ રાખે? મને પોતાને તો ચકમક થતાં હંમેશાં નવાંનક્કોર લાગતાં વાસણો સુધ્ધાં ગમતાં નથી. મને તાંબાપિત્તળનાં, સહેજ ઝાંખા પડેલાં, ગોબાયેલાં વાસણો વધારે ગમે છે. તાંબડીની ઉપરની કિનાર તૂટી ગઈ હોય, ચપ્પુનો લાકડાનો હાથો થોડો ભાંગી ગયો હોય, એના પર કેટલાય વાપરનારના હાથની છાપ અંકાઈ ગઈ હોય તો એ મને ગમે, ઘસાયેલાં પગથિયાં ગમે. ટૂંકમાં માનવીનો ગાઢ સમ્પર્ક જેને જેને હોય તે મને ગમે.

કપરા દિવસો આવે તોય મારી બારી કોઈને નહિ આપું. મેં કદી બારીને પડદાથી ઢાંકી નથી. જંદિગીનાં પંદરસોળ વરસ તો મેં પગમાં કશું પહેર્યું નથી. બાળપણમાં તૂટેલા હેન્ડલવાળા કપમાં દૂધ પીતો ત્યારથી મને એવા જ કપ ફાવે છે. મારી આંગળીઓ એ કપને વીંટળાઈ વળે છે તે ખૂબ સારું લાગે છે. ચમચા-કાંટાથી મેં કદી ખાધું નથી. આંગળીઓ વચ્ચે આટલી પોલી જગ્યા છતાં કશું ઢળે નહિ, પડે નહિ એ કયા વિજ્ઞાનના નિયમના આધારે તે હું જાણતો નથી. પણ એ મને ગમતું ને હજી ગમે છે.

મારો કોઈ મોટો દાવો નથી. હું માત્ર એટલું જ કહું છું કે હું માણસ છું. ભવિષ્યમાં કોઈને માણસ બનાવવો હશે તો હું ખપ લાગીશ. કોઈ કહે છે કે હવે એવો રોગ ફેલાવાનો છે જેથી માનવીઓ પથ્થર બનતા જશે, ત્યારે માનવી શોધ્યો જ નહિ જડે. અત્યારેય ઘણા પથ્થર થઈ ગયેલા નથી દેખાતા? ઘણા જીવતે જીવ યન્ત્ર નથી બની ગયા? ઘણાને મોઢે, વારેવારે વાગ્યા કરતી એકની એક ફોનોગ્રાફની રેકોર્ડની જેમ, એક જ ગાણું નથી

સંભળાયા કરતું? આ જમાનાનો એ તો જાદુ છે : એક શબ્દ એવો હાથે ચઢી જાય છે જેનાથી એ ભવ પાર કરી જાય છે. જેને સુખ હાથ લાગ્યું તેને સ્વર્ગ હાથ લાગ્યું.

ઘણા વનસ્પતિને ઔષધિને રૂપે જ જુએ છે. હું જેમાં કામ કરું છું ત્યાંથી થોડે જ છેટે સર્પગન્ધા છે. એનાં નાનાં રાતાં ફળ હું રોજ જોઉં છું, પણ મેં એનો દવા તરીકે હજી વિચાર નથી કર્યો. તુલસી મેલેરિયા ભગાડવા માટે હું ખાતો નથી. પ્રસાદ પર મૂકેલું તુલસીપત્ર કેટલાં સંસ્કારો અને સંસ્મરણો જગાડી જાય છે! હું મને ગિરવે મૂકું તો સાથે મારા આ બધા સંસ્કારોની પણ કંઈ કિંમત આંકવી પડે. કદાચ આવા સંસ્કારોને કારણે મારી કિંમત ઘટી જાય એમ પણ બને! આજેય કોઈ ઘરમાં આવે છે ને પુસ્તકોનો ઢગલો જુએ છે તો સહાનુભૂતિથી પૂછે છે : કેમ, તમારાં પુસ્તકો નથી વંચાતાં? પછી મારી નિષ્ફળતાથી હમદર્દી અનુભવીને લોકપ્રિય થવાના બેચાર નુસખા પણ બતાવી દે છે. હું નવી વાત શીખ્યા બદલની કૃતજ્ઞતાનો ભાવ મોઢા પર લાવીને એમની સામે જોયા કરું છું. આ સંસાર આપણી પાસે કેવા કેવાં નાટકો કરાવે છે!

મારી પાસે બે નવલકથાઓ હશે, થોડું બારી પાસે બેસીને જોયું કે રાત્રિના એકાન્તમાં વિચારાય તે સંગ્રહાયેલું હશે. લખાઈને એ બધું પડી રહ્યું છે, પણ એ બધું આજના બજારમાં ચાલે એવું નથી. એમ તરત ચોટ વાગે એવું કશું નથી, નર્મદ કે ઉમાશંકરની જેમ મેં હજી ગુજરાત વિશે ગીત લખ્યું નથી. ગુજરાતના સોલંકીવંશના ગૌરવને ગૂંથી લેતી કોઈ નવલકથા લખી નથી, ગામડામાં જીવ્યો છું, પણ એને કેમ ખપમાં લેવું તે મને આવડ્યું નથી, અધી સદી વટાવી ગયા પછી પણ પ્રયોગખોરીમાં રાચવાની કટેવ છે. ગામની નદીમાં પગ ઝબોળીને બેઠો હોઉં ને સ્વર્ગનું તેડું આવે તો નકારું એવું મન છે.

આથી જ તો હું કહું છું કે હું મને ગિરવે મૂકવા તૈયાર થયો છું, ત્યારે મારી અયોગ્યતા હું પૂરેપૂરી જાણું છું. સુરતમાં જૂના જમાનાનો વિક્ટોરિયન યુગનો કોચ હતો. આમ તો ભાંગ્યો-તૂટ્યો હતો. પણ મેં લાવીને સમરાવીને રાખ્યો છે. તેના જેવી કંઈક મારી દશા છે. જીવતેજીવ મારો કોઈ કાળનિર્ણય કરી શકતા નથી. છતાં, કદાચ આ બધાંને કારણે જ હું પ્રદર્શનને પાત્ર ઠરું. મને લાગે છે કે વળી ફેશન બદલાતાં કોઈકને મન મારી કિંમત વસશે. ભાવિ પેઢીને માટે હું કશા દસ્તાવેજો મૂકી જતો નથી. બહુ જરૂરી એવા કાગળો

ખોવાની મેં ખાસ શક્તિ કેળવી છે. બોદ્‌લેરની જેમ છેલ્લી ઘડીએ કદાચ મારું નામ પણ મને યાદ નહિ રહ્યું હોય!

૩૦-૧૦-૮૦

# સંસ્કારોનાં અડાબીડ અરણ્યો

આ ઋતુ સાથે હજી પૂરો મેળ બેસતો નથી. કશુંક ન હોવું જોઈએ તે છે, પણ તે પરખાતું નથી. આથી શરીર અને મન મુંઝાયા કરે છે. આને નિમિત્તે માત્ર પ્રમાદને માણતો હું બેસી રહું છું. કેમ જાણે હું અખૂટ સમયનો સ્વામી હોઉં! કામકાજનો પ્રપંચ તો ખાસ્સો વિસ્તરેલો છે. તેમ કરવું ગમે પણ છે. લાદેલી ફરજ તરીકે અમુક સમયમર્યાદામાં રહીને કશું કરવાનું મને અનુકૂળ નથી. કામ કરવાથી સારું લાગે, કશું ન કર્યાનો પશ્ચાત્તાપ બાળે નહિ. આમ છતાં વચ્ચે વચ્ચે એવા તબક્કા આવી જાય છે જ્યારે ગમ્ભીરતાનો ભાર સહ્યો જાય નહિ, જેનો કશો ખાસ અર્થ નહિ હોય એવું જ કરવું ગમે. એવે વખતે મારી નજર હું પંચાંગ પરથી ફેરવી લઉં છું. દિવસો કેટલા ગયા, કયો મહિનો ચાલે છે, આવતી કાલે શું પૂરું કરવાનું છે : આ બધાંની ચિન્તા છોડી દઉં છું અને નૈષ્કર્મ્યનું સુખ પૂરેપૂરું ભોગવું છું.

હવે મધરાત પછી થોડી ઠંડીની આંચ વર્તાય છે. પણ રજાઈ ઓઢવા જતાં ગરમી લાગવા માંડે છે. સારામાં સારી નિદ્રા શિયાળાની રાતની. તે હજી માણી શકાતી નથી. મોડી રાતે ઊગમણી બારીમાંથી ચાંદનીનો રેલો ઘરમાં પ્રવેશે છે. ચીબરી ને ટિટોડી બોલતી સંભળાય છે. શહેરથી તો દૂર છું, પણ 'રાજમાર્ગ' પાસે હોવાને કારણે વાહનોનો ઘરઘરાટ તો સંભળાય જ છે. આ નિદ્રાનું પોત જરા ફિસ્સું પડી ગયું છે પણ એની ખાસ ચિન્તા નથી.

બાળપણમાં કંઈક એવા સંસ્કાર પડેલા કે પોતાના દોષો જોઈને પશ્ચાત્તાપ કરીએ તો ભગવાન ખુશ થાય. આથી ખૂબ જ પાપભીરુ બનીને જીવવાની ટેવ પડેલી. આને

પરિણામે કશું નિશ્ચિતપણે ઉમળકાથી થાય નહિ. એ બધું છોડતાં ઘણો સમય વીત્યો. હજી એ સંસ્કારો પૂરા લુપ્ત થયા છે એમ પણ કહી શકું નહિ. પણ વાંચવાનો શોખ કેળવાતો ગયો તેથી એકાન્ત પણ સહ્યા લાગવા માંડ્યું. સર્જકોની સૃષ્ટિમાં વિહાર કરતાં નવી નવી ક્ષિતિજો ઊઘડતી ગઈ. મનની કૃપણતા, ભીરુતા ધીમે ધીમે દૂર સરતી ગઈ.

આમ છતાં વિચાર કરું છું તો લાગે છે કે આપણે સંસ્કારોનાં કેવાં અડાબીડ અરણ્યોમાંથી રસ્તો કરવાનો રહે છે! ત્યારે પાપી તો ઠીક, આપણે આપણા પોતાનાથીય કેટલા ગભરાઈ જતા હોઈએ છીએ! કેટલોક સમય તો મારાથી જ થોડું અન્તર રાખીને જીવવામાં ગયો. પછી ભૂલોનું પણ મહત્ત્વ સમજાયું. પૂર્ણપુરુષોત્તમ બનવાની મહત્ત્વાકાંક્ષા છૂટતી ગઈ. હળવા થવું એનો શો આનન્દ તે પણ સુખદ રીતે સમજાતું ગયું. જીવનને અટપટું બનાવવામાં જ આનન્દ છે એમ કેટલાક માને છે. પણ આપણી ઇચ્છા નથી હોતી છતાંય કેટલી બધી ગૂંચો ઊભી થતી હોય છે!

તુચ્છ કે મહાનનો પ્રશ્ન મહત્ત્વનો નથી, રસ માણવાની શક્તિ હોવી એ જ મહત્ત્વનું છે. દુ:ખની કે કષ્ટની ક્ષણોને પણ ભયથી દૂર રાખવાને બદલે એને પણ કશાક રસનું કારણ બનાવી શકાય. બાળપણના ભય અને મોટપણના ભયમાં ઘણો ભેદ છે. બાળપણમાં ભય ક્રીડાની સામગ્રી બની રહે છે, મોટપણનો ભય એક ગ્રન્થિ બની રહે છે, એમાંથી જલદી છૂટી શકાતું નથી. એ ભયને દૂર રાખવા માટે જ કેટલીક વાર મોટો શબ્દપ્રપંચ રચવો નથી પડતો?

કેન્દ્રોત્સારી ગતિનો તબક્કો પૂરો થયો લાગે છે, હવે કેન્દ્રાનુગામી ગતિ શરૂ થઈ છે. પણ બહાર વિહાર કરીને પાછા વળીએ છીએ ત્યારે કોરાકટ તો નથી આવતા, સાથે કેટલું બધું જગત લેતા આવીએ છીએ. તર્કની આંટીઘૂંટી, જ્ઞાનનાં ચોસલાં – આ બધું એટલું બધું રુચતું નથી. જે અનુભૂતિને માર્ગે થઈને આવે છે તે જ પોતીકું લાગે છે. સંચિત કરેલી મૂડી પર જીવવાનો લોભ હજી નથી. સ્મરણના પર પણ વધારે જુલમ કરવો સારો નહિ. આકાશમાંથી પંખી જાય તેમ જગતને પોતાનામાંથી સહજ રીતે સરવા દેવું સારું.

ઘણાં એવાં સ્થાનો પણ આવ્યાં જ્યાં વધારે વખત ટકી રહેવાનો મનને લોભ થયો. ઘણી જગ્યાએ જઈ ચઢ્યા પછી તરત જ ભાગી છૂટવાનું પણ મન થયું. એમાંનું કશું નિરર્થક

હતું એમ તો કહી શકતો નથી. ઓછીવત્તી શક્તિ પ્રમાણે બધું ઝીલ્યું. ઉત્તમ પરિણામો જ હમેશાં લાધ્યાં એમ પણ કહેતો નથી. પણ સરવૈયું કાઢીકાઢીને જીવવાનો મારો સ્વભાવ નથી. ક્ષતિપૂર્તિના આંકડા માંડવામાં હું નિષ્ણાત થઈ શક્યો નથી. હિસાબ આપવાની જવાબદારી મને હંમેશાં આકરી લાગે છે, પણ એનો અર્થ એ નથી કે કશી જવાબદારી સ્વીકારતાં હું ડર્યો છું.

એક તૃણાંકુરને જોઈ રહેવાથી બ્રહ્માનન્દ થાય એ વાત મને સાચી લાગી છે. ઘણાં કષ્ટ મારે ભોગવવાનાં નથી આવ્યાં તે બદલ હું જગતના જે કોઈ નિયન્તા હોય તેનો ઋણી છું. આ જોઈ રહેવાનો અદ્‌ભુત આનન્દ મને સુલભ છે એ જેવી તેવી વાત નથી. હર્ષથી પુલકિત થવાની ક્ષમતા એ કેટલી મોટી બક્ષિસ છે તે પણ હું સમજું છું.

એવા તબક્કા જરૂર આવે છે જ્યારે હૃદય વેદનાના ભેજને જ શોધ્યા કરે છે. વેદનાના પાસ વગરનો કોઈ આનન્દ પણ ત્યારે રુચતો નથી. એ કદાચ મનોરુગ્ણતાની જ સ્થિતિ હશે, પણ હું એને વેઠી લઉં છું. એમાંથી પણ મને કશુંક એવું પ્રાપ્ત થાય છે જે કદાચ બીજી રીતે પ્રાપ્ત નહિ થઈ શક્યું હોત. આથી જ કોઈ અનુભવની કિંમત આંકવાની પ્રવૃત્તિ હું તરત હાથ ધરતો નથી. બહારથી જે કાંઈ આવે તેનું રૂપાન્તર કરી લેવાની શક્તિ કેળવાતી જાય તો એ એક મોટો લાભ છે.

આજકાલ સવાર બહુ સારી જતી નથી, જોકે વાતાવરણ હવે ખુશનુમા થતું જાય છે, બારીમાંથી આવતા તડકાનો સ્પર્શ ગમવા લાગ્યો છે. બારી પાસેનો ચંપો ખીલ્યો છે. મનને ખીલી ઊઠવાને અનુકૂળ વાતાવરણ છે, પણ હઠીલું શરીર અન્તરાય ઊભા કર્યે જાય છે. આથી સાંજ ઢળે તેની રાહ જોઉં છું. એક લાંબી 'થ્રીલર' લઈને બેસી જાઉં છું, કોઈ વાર 'સ્પાઇન ચીલર' હોય તો વળી ઓર મજા આવે છે. પછી રાત આગળ વધે ને આંખ સુખદ રીતે ઘેરાવા લાગે ને રજાઈની હૂંફમાં અધી નિદ્રા ને અધી તન્દ્રાની સ્થિતિને માણતા પડ્યા રહેવાની મજા આવે. રાતે બારીમાંથી નિઃસ્તબ્ધ ચાંદનીના વિસ્તારને જોઈ રહું. દિવસ દરમિયાન કોઈ સરસ કાવ્યપંક્તિ વાંચી હોય તે રાતે મનમાં ખીલવા લાગે, અન્તર મઘમઘી ઊઠે. આથી જ હું નવા નવા કવિની શોધમાં રહું છું. લગભગ દરરોજ અદ્‌ભુત નવી નવી પંક્તિઓ મળી રહે. એ આનન્દના જગતને ખોલી આપનારી સોનાની ચાવી; બસ, પછી બીજા કશા પરવાનાની જરૂર નહિ પડે. જગતમાં

અનિષ્ટ છે તે જાણું છું. એની સામે સક્રિય બનવું જરૂરી છે તે પણ સમજું છું. મારી રીતે થોડું કરવા મથ્યા કરું છું. પણ જગતના ક્રમમાં ક્યાં શું અનિવાર્ય હશે તેની મને ખબર નથી. કદાચ એટલા વિશાળ પરિપ્રેક્ષ્યમાં હજી હું બધું જોઈ શક્યો નથી. આથી જ તો કશાનો ઉકેલ શોધી કાઢ્યાનો મારો દાવો નથી. નિષ્ફળતાનો આલેખ આંકી જવો એ પણ કાંઈ નાનીસૂની વાત નથી. પણ નિષ્ક્રિયતાને એક મૂલ્ય તરીકે સ્થાપવાની વંચનાના ભોગ બનવું ન જોઈએ.

ઘણા દિવસો એવા આવે છે કે જે વીતતા જ નથી, નવું પાનું ઝટ ફેરવી દઈ શકાતું નથી. જીવ અધીરો બને છે, દિવસો કદાચ એટલા અસહ્ય નથી હોતા, પણ મારી આ અધીરાઈ જ સહ્યો જવાતી નથી. પણ અધીરાઈ ટળે એ માટેની અધીરાઈથી પણ શો લાભ! આવી કોઈ આફત આખરે ટળે છે ત્યારે મન ઉત્સવ ઊજવવાને રાજી થઈ જાય છે ત્યારે ગઈ કાલનાં દુ:ખ આજના ઉત્સવમાં ધજાપતાકા બનીને લહેરાઈ ઊઠે છે.

શરદ, હેમન્ત કે શિશિર કરતાં મને ગ્રીષ્મ વધારે રુચે. એની સાથે મારો નાડીગત સમ્બન્ધ. અત્યારથી જ હું ગ્રીષ્મની રાહ જોઉં છું. ત્યારે જળની શીતળતા આપણને કેવી તૃપ્ત કરી દે! ખાવા કરતાં પીવાનું વધારે ગમે. રાતે મહોરેલા લીમડાની સુગન્ધ લઈને વાતો પવન કેવો સુખદ લાગે! પણ શરદ, હેમન્ત કે શિશિર નકામી છે એમ હું કહેતો નથી. મારી પ્રકૃતિને જે વધુ રુચે છે તેની જ હું તો વાત કરું છું.

વેદનાને વશ થઈને જે લખી કાઢ્યું હોય તે પછીના દિવસોમાં રુચતું નથી. આથી વેદનાને એકાન્તમાં ભોગવી લેવી તે જ ઠીક. એ વિશે ઝાઝું બોલવાનો કશો લાભ નહિ. આમ જાણવા છતાં એ પણ સમજું છું કે કેટલાક સમ્બન્ધો વેદનાને સૂત્રે જ બંધાયેલા હોય છે અને એ સમ્બન્ધોનો તાંતણો કાચો હોતો નથી તેની પણ મને ખબર છે. ઘણી વાર વેઠવા અને માણવા વચ્ચે ઝાઝો ફેર રહેતો નથી. ઘણી વાર વેદનાની પાદપીઠ પર ઊભા રહીને જોવાથી જ કેટલુંક જોઈ શકાય છે. આથી તિતિક્ષા મને હંમેશાં કેળવવા જેવી લાગી છે.

એક પર્વ પૂરું થયું અને બીજું શરૂ થયું એની હંમેશાં સ્પષ્ટ સમજ આપણને હોતી નથી. કદાચ બધું જ એકબીજામાં અભિન્નભાવે ભળી ગયેલું જ હોય છે. આથી સુખદુ:ખના જુદા સાજ રાખવાની જરૂર નથી. જીવનને એક અખણ્ડ સેતુરૂપે જોનારી દૃષ્ટિ જ સાચી

છે. પણ આપણે દૂર સુધીનો છેડો જોઈ શકતા નથી. આથી જેટલું જોઈ શકાય છે તેને આધારે જ બધી ગણતરી કરતા હોઈએ છીએ. આથી પ્રમાણભાન જળવાતું નથી. પણ આખાય જીવનપટને જોઈ શકવાની તો કોઈ સમ્ભવિતતા જ નથી. આથી બીજું થાય પણ શું!

એમ તો દરરોજ કશાક નૂતનનો આવિર્ભાવ થતો જ રહે છે. તડકામાં એકાએક ચળકી ઊઠતો કરોળિયાની જાળનો તાર પણ ચકિત કરી દે છે. શિરીષ પર આ વર્ષે હુદહુદ દેખાયું તે જોઈને પણ હું ચકિત થઈ ગયો. વચમાં થોડાં વર્ષો સુધી એ દેખાતું જ નહોતું. દિવાળીઘોડા આવી લાગ્યા છે. મેદાનમાં ફરતી વેળાએ એમની ચટુલ ગતિને જોઈ રહેવાનો આનન્દ આવે છે. ટુકટુકિયાએ શિરીષ પર માળો બાંધવાનો પ્રયત્ન કરી જોયો, પણ કદાચ વાંદરાઓના ત્રાસથી એણે એ વિચાર પડતો મૂક્યો. કોઈ વાર આવી ચઢતું પીળક કે લક્કડખોદ સાશ્ચર્ય આનન્દ આપે છે. કદાચ આપણને જોઈને પંખીઓને એટલો આનન્દ નહિ થતો હોય.

મર્યાદાઓથી ઘણી વાર ખૂબ જ અકળાઈ જવાય છે. છતાં ઘણી વાર મર્યાદાઓ આપણને બચાવી લે છે તે પણ સમજું છું. મર્યાદા આપણું કલંક નથી તેમ ગૌરવ પણ નથી. એ આપણો સ્વભાવ છે. મર્યાદાને ઉલ્લંઘી જવાનું સાહસ ફરી ફરી કરવા આપણે લલચાયા કરીએ છીએ. એમાં લાભ-નુકસાનનો કોઈ પ્રશ્ન નથી હોતો, પણ જાતને વારેવારે કસોટીએ ચઢાવીને ચકાસી જોયા વિના આપણે રહી શકતા નથી. આપણે પોતાને આપણી જ આગળ અનેક રીતે પ્રમાણિત કરતા રહીએ છીએ. આપણે આપણને પણ કશી શ્રદ્ધાથી સ્વીકારી લઈ શકીએ નહિ. આવી અખણ્ડ સદોદ્યતતા વિના આપણે કદાચ કરમાઈ જ જઈએ.

8-12-80

# અનધ્યાયના દિવસો

ભગવાને તો ગીતામાં કહેલું કે બધા મહિનામાં હું માર્ગશીર્ષ છું. પણ આ વખતનો તો અવસર બગડ્યો. મારું શરીર તો વીફરવા માંડેલું જ હતું. પણ એ તો એનો સ્વભાવ થઈ પડ્યો છે એમ માનીને હું ગણકારતો નહોતો. પણ પછી તો હવામાને પોતાનું પોત પ્રકાશ્યું. તેજ ઓસરી ગયું. ઉષ્મા ઓસરી ગઈ. દિવસનું મુખ મ્લાન થઈ ગયું. આકાશ વાદળથી છવાઈ ગયું. પણ મોર ટહુક્યા નહિ. કોઈએ તૃષાર્ત દૃષ્ટિએ આકાશભણી જોયું નહિ. ભૂતકાળનો મિત્ર સૂર્ય મોઢું ફેરવી બેઠો.

મારે તો છેલ્લા ત્રણેક મહિનાથી અનધ્યાય જ ચાલે છે. વ્યાધિના અસુખને કારણે મનમાં વિચારના તન્તુઓને વળ ચઢતો જ નથી. યોગની કોઈ સાધના કરી હોય તો શરીરની પીડાથી નિલિર્પ્ત રહીને ચિત્તને ઉદાત્ત વિષયોમાં પ્રવૃત્ત કર્યું હોત. પણ આવી સાધના તો થઈ શકી નથી. જે કરી શક્યો છું તે વિશે કશો હિસાબ માંડવાની વૃત્તિ નથી. જે મારે કરવું જોઈએ તે ઘણા મિત્રો ચીંધી બતાવે છે, પણ મારી ચેતનાને જે પુષ્ટ કરે છે તે તરફ જ હું સ્વાભાવિક રીતે જ વળ્યો છું. સહુ મિત્રોનું પણ સમારાધન તો માનવજન્મમાં શક્ય જ નથી જ તે જાણું છું. વળી કોઈની અપેક્ષાને વશ વર્તવાનું ઝાઝું ફાવ્યું નથી. આથી ઘણી વાર તો કોઈ અજાણ્યા કવિની ચાર પંક્તિથી પૂરી તૃષ્ટિ અનુભવીને દિવસ ખૂબ આનન્દમાં ગાળું છું. કોઈ વાર સંગીત સાંભળતો જ બેસી રહું છું. એક વાતનો સન્તોષ છે કે મન હવે અનુશોચ કરતું નથી, વગર કારણે વંકાઈને બેસતું નથી.

તો આખરે વરસાદ તો પડ્યો જ. મને ચિન્તા થઈ કે દૈયડને કદાચ ખોટી ઋતુમાં આવી ચઢવાની ભ્રાન્તિ થશે ને એ ચાલી જશે તો? હમણાં થોડા દિવસથી એનું સંગીત સંભળાતું

નથી. આ અકાળ વર્ષાએ એકાએક મને ગીતાના પેલા શ્લોકે ‘યા નિશા સર્વ ભૂતાનામ્ તેષાં જાગૃતિ સંયમી’વાળો સંયમી બનાવી દીધો. હું મારા શ્વાસની કુટિલ ગતિને જોતો રાતભર બેસી રહું. શ્વાસને ટુકડે ટુકડે થઈને વેરાઈ જતો જોઉં, દર્પણમાં ગળાની નસોને ફૂલેલી જોઉં, મારી આંખોમાં ક્લેશ વાંચીને હું મનમાં હસું. હું આમ તો ફરંદો આદમી. પણ હવે આ વ્યાધિ સાથેના એકાન્તમાં વ્યસનને કારણે ધીમે ધીમે ફરવાનું છોડી બેસતો જાઉં છું.

હાડ સુધી ઠંડી પેસી ગઈ છે. રજાઈની હૂંફ છોડાવીને વ્યાધિ લાત મારીને જાણે સફાળો રાતે કેટલીય વાર બેઠો કરી દે છે. એ દરમિયાન થોડીક ક્ષણો નિદ્રાની આવી ચઢે છે. નહિ તો આ ક્ષણોનું આટલું મૂલ્ય વધી ગયું ન હોત. જાગૃતિના વિશાળ સાગરમાં નિદ્રાના બે ચાર ટાપુ જ માત્ર રહી ગયા છે. આને કારણે દિવસના ઊગવાનું કે આથમવાનું મારે મન ઝાઝું મહત્ત્વ રહ્યું નથી. હું આ નિમિત્તે જ મારી ચેતનાને સંકોર્યા કરું છું. અનિન્દ્રાની આ ક્ષણોમાં પ્રૂસ્ત, કાફકા મારી પાસે આવીને બેસે છે. નર્યા આરોગ્યના દિવસોમાં એ લેખકોને વાંચેલા. ત્યારે એમની અનિન્દ્રાનું મને કંઈક રોમેન્ટિક આકર્ષણ થયેલું. આજે અનિન્દ્રાનો મર્મ સમજતો થયો છું ત્યારે એ બે સર્જકો સાથેની મૈત્રી ઘનિષ્ઠ બની છે.

કાફકાની એક છબિ મારા મનમાં ખડી થાય છે! એના પેટમાં પીડા છે. કોઈ મિત્રને એની ખબર નથી. ખબર હોય તોય શું? આપણી સહાનુભૂતિમાં થોડી વાર એઓ દુઃખી હોવાનો ઢોંગ કરે પછી તરત પોતાના સુખની આંગળી ઝાલીને, આપણી સાવ પાસે જ બેઠા હોય તે છતાં, દૂર દૂર ચાલી જાય. કાફકા મિત્રો સાથે કોફી હાઉસમાં છે. એક મિત્ર કવિતા વાંચે છે. ઘડીભર તો આ પીડાને કારણે રાત કેવી જશે તેની દુશ્ચિન્તા કાફકા ભૂલી જાય છે. પછી બહાર મિત્રો સાથે નીકળીને ફરવા માંડે છે. વળી ભવિષ્યની ચિંતા એને પજવવા માંડે છે. ‘આ ભંગારના ઢગલામાંથી વીણી આણેલા શરીરને લઈને હું આખી જંદિગી કેમ ગાળી શકીશ?’ એવો એને પ્રશ્ન થાય છે. મનમાં કેટલાય અનિષ્ટ વિચારો ધસી આવે છે. એને ઉદ્દેશીને કાફકા કહે છે, ‘આ તક જોઈને જ તમે મારા મનમાં ધસી આવો છો. તમે એની રાહ જોઈને બેસી રહ્યા હતા તે હું જાણું છું. પણ હું જરા સબળો હોઉં ત્યારે આવી તો જોજો. મારી આવી સ્થિતિનો ગેરલાભ ઊઠાવશો નહિ.’ આવા સમ્બોધનથી દુષ્ટ વિચારો ભાગી ગયા. નાટક-સિનેમા છૂટ્યા. ચાલી જતી

મોટરના પેટ્રોલની વાસ આવી. એને કારણે કાફકાની નજર આગળ સુખી કુટુમ્બજીવનનું એક દૃશ્ય તાદૃશ થઈ ઊઠ્યું. હૂંફાળી પથારી, હાસ્યના કલરવભર્યો વાર્તાલાપ અને પાસે મીણબત્તીની સ્થિર જ્યોતિ.

મારા શરીરની પીડાના આ દિવસોમાં રખેને કોઈ મારી દયા ખાય એ બીકે મારી પીડાનો પડછાયો મેં મોઢા પર ફરકવા દીધો નથી. ફિલસૂફીની જટિલ સમસ્યાઓની વાતો કર્યે રાખી છે, વિવેચનના પ્રકારો અને એ બધાંની મર્યાદાઓ વિશે વ્યાખ્યાનો ચાલુ રાખ્યાં છે. રિલ્કેની શોકપ્રશસ્તિઓની આનન્દથી મીમાંસા કરી છે. એની મુક્ત અવકાશ વિશેની જીવનદૃષ્ટિને પુલકિત થઈને સમજાવી છે. પણ આ બધા વખત દરમિયાન ક્યારેક ક્યારેક મન પાછું પડતું, બધો આનન્દ ઊડી જતો. આ આખો પરિશ્રમ નિરર્થક લાગવા માંડતો. મોઢામાં વિરતિનો સ્વાદ આવતો. જીવન નર્યું નિરર્થક લાગતું. માનવીની સહાનુભૂતિની સીમાઓ ભારે સાંકડી લાગતી. જીવ રૂંધાતો. આ ખોળિયું ફગાવી દેવાનું મન થતું. હું ચૈત્રવૈશાખના દિવસોની રાહ જોતો. ગ્રીષ્મની એ સાંજે લીમડાની મંજરીની મધુર સુવાસ શીતળતાભર્યું સુખ આણી દે, મારા શ્વાસ મુક્ત બનીને વિહરી શકે, પણ એ વૈશાખપૂર્ણ શીતળ રાત્રિના પ્રહરો હજી તો દૂર છે તે જાણું છું. અત્યારે તો આંખના ઊંડાણમાં વેદનાની કણી ખૂંચે છે. હોઠ પર વેદનાનો સ્વાદ છે, મનમાં એક શબ્દ ઘડાય છે. એને ઉકેલું છું! એનો વેદના સિવાય બીજો કશો અર્થ નથી થતો તે જાણીને એ શબ્દને ભાંગી નાંખું છું. અત્યારે તો આંખની પાંપણો પલકીપલકીને કેવળ વેદનાના ધબકારાને ગણે છે. અર્ધું રચાયેલું આંસુ જેને પ્રતિબિમ્બિત કરે છે તેનું નામ હું અહીં પાડતો નથી.

પણ મેં આ દિવસોને નકામા નથી લેખ્યા. મારી વેદનાની સંકીર્ણતામાં રહીને મેં સુખીઓના સુખને એક જુદી જ દૃષ્ટિએ જોયું છે. આ વેદનાના રાહ વચ્ચે નિદ્રાની થોડી ક્ષણો, સુખની થોડીક શીતળતા, કોઈકના બે સારા શબ્દો – આ બધું ખૂબ ખૂબ ગમ્યું છે. મનમાં એક અહંકાર પણ રહ્યો છે. હું હાર્યો નથી, ટકી રહ્યો છું. જીવનનો અન્ત આવી રહ્યો છે તે જોઈ ચૂકેલાની જીવનલિપ્સાને મેં જોઈ છે. કેન્સરથી મરણોન્મુખ એક વડીલ કેવી તૃપ્તિથી બીડી પીતા તે મેં જોયું છે. મને લાગે છે કે મરણ પોતે જ આપણને એના ભયમાંથી મુક્ત કરવાની શક્તિ ધરાવે છે. ઘણા એનાથી થથરીને બારીબારણાં બંધ કરીને ભરાઈ રહે એમાંનો હું નથી. મારે તો દૃષ્ટિ સામે અવિરત આકાશ જોઈએ, ફૂટતી

કૂંપળ જોઈએ, ખીલતી કળી જોઈએ, દરજીડાના દરેક ટહુકે નાચતી પૂંછડી જોવાની ઇચ્છા થાય. હું જોવાને જ આધારે જીવનારો માણસ. જીવવાનો ઝબકારો જ મારી આંખમાં. અનિદ્રાની પળોમાં મને અન્ધકારની પણ માયા થઈ ગઈ છે. આથી જ તો ધોળે દિવસે કોઈની આંખમાં અન્ધકાર જોઈને હું હવે હેબતાઈ જતો નથી.

રાતે હાડ ઠારી દે એવો પવન બહાર સૂસવાય છે. બારીબારણાંઓ ખખડે છે. બારી પાસેના ચમ્પાનાં બધાં પાંદડાં ખરી પડ્યાં છે, પણ એના પર ફૂલના ગુચ્છાઓ છે. હવાનો પટ ક્યાંય તરડાયા વિના વિસ્તરતો લાગે છે. બહાર હવાના એક્કે એક ધક્કાથી આસોપાલવ હાલ્યા કરે છે. એની પર્ણઘટામાં લપાયેલા પંખીના ધબકારા મારા સુધી વિસ્તરતા રહે છે. ઘરમાં ક્યાંક આટલી ઠંડીમાં પણ પાણીનું એક ટીપું માળાના એક એક મણકાની જેમ કશાકનું રટણ કરતું, ટપક્યા કરે છે. કોઈ વાર એની સાથે મારો લય ભળી જાય છે ત્યારે અનિદ્રા કઠતી નથી.

આવી મારી અનિદ્રાભરી રાતે જ પાસે સૂતેલાંઓની નિદ્રાનો પ્રશસ્ત પટ ચાસ પાડેલાં ખેતરો જેવો મારી ચારે બાજુ વિસ્તરેલો દેખાય છે. હું એ વિશાળ પટ પર વિહાર કરવા નીકળી પડું છું. ક્યાંક થોડા ઢોળાવ પણ આવે છે. તન્દ્રાની છીછરી સપાટી વચ્ચે વચ્ચે આવી જાય છે. ક્યાંક દુ:સ્વપ્નની ઠોકર વાગે છે. પણ વળી પાછા ઘેરી નિદ્રાનાં ઊંડાણોમાં સરી જવાનું સુખ તો ખરે જ અદ્ભુત હોય છે. ભૂતકાળના સ્તોત્રકાર જેવી કવિત્વશક્તિ મને મળે તો હું ખરે જ નિદ્રાનું મહિમ્નસ્તોત્ર રચું.

રાતે આછીપાતળી નિદ્રાના કાચા તાંતણામાં ઝાંખા થઈને કજળી જવા આવેલા સૂર્યોને પરોવ્યા કરું છું. વૃક્ષોની પ્રસરેલી શાખાઓની ભૂમિતિને ઉકેલવાનો પ્રયત્ન કરું છું. બહાર નિશાચર પંખીની પાંખથી તરડાયેલી હવાનું હીબકું મારા સુધી વહી આવે છે. આ બધો ભાષાનો પ્રદેશ નથી. છતાં સવારે શબ્દનો થર બાઝી ગયેલો જોઉં છું. ધીમે ધીમે સૂર્યમાં એ બધું ઓગળી જાય છે ને નવા દિવસે હું નરવી નિ:શબ્દતા સાથે આંખો ખોલું છું.

ઘણી વાર પવન સાવ થંભી જાય છે. આકાશમાં એક્કેય વાદળની છાયા સરખી રહેતી નથી. આકાશની નીલિમાને જાણે અનાયાસ સ્પર્શી શકાય છે. વંડી પર જડેલા કાચના રંગીન ટુકડાઓમાં જુદે જુદે રૂપે પ્રકાશે છે. જમીનની ફાટમાંથી ઉપર આવતી રાતી

કીડીઓનો અવાજ સુધ્ધાં સાંભળી શકાય છે. સૂર્યમુખી અને સૂર્યનો વિશ્રમ્ભાલાપ પણ કાન માંડીએ તો સ્પષ્ટ સાંભળી શકાય છે. એવે વખતે જ હૃદયના ધબકારા એક બે વાત એવી કહી દે છે કે એકાએક હું ફરીથી અધીર બની ઊઠું છું.

મંડળી વચ્ચે બેઠા હોઈએ છીએ, વાતનો તન્તુ પાતળો પડતો જતો લાગે છે. હમણાં તૂટશે, હમણાં તૂટશે એવું લાગવા માંડે છે. થોડી વાર સુધી તો એને આધાર આપવાનો પ્રયત્ન કરું છું. પણ પછી વાત એકદમ થંભી જાય છે. આંખોનો આછો ધીમો પલકારો જ માત્ર થોડું થોડું કહ્યા કરે છે. અહીં પાસે જ ક્યાંક મારી વાચાળતાને કારણે થયેલો ઢગલો હશે. પણ એને શોધવા જેટલીય સક્રિયતા બચી નથી. બસ, પછી પાછા સહુ પોતપોતાના નિ:શબ્દ એકાન્તમાં ચાલ્યા જાય છે.

આખી રાત પાનખર પાંદડીઓને ભક્ષ્યે જાય છે તેનો અવાજ સંભળાયા કરે છે. આમ તો છે શુક્રવાર પણ દર્પણમાં રવિવારનો તડકો દેખાય છે. પુસ્તકો પર રવિવારનો દાબ છે. સવારે સમય પડતો આખડતો ચાલે છે. શિશુની જેમ એની આંગળી ઝાલીને ચલાવવો પડે છે. હજુ આંખમાં રહી ગયેલાં થોડાં સ્વપ્નો નિદ્રાની દિશા ચીંધ્યા કરે છે. સમ્ભવ છે કે થોડી નિદ્રાનો પટ વણબોટ્યો રહી ગયો હોય. પણ હવે તડકાએ આવીને મને ઝાલી લીધો છે.

કોઈક વાર ધીરજ ખૂટી જાય છે. મને લાગે છે કે કીડીની હારની જેમ ધીમા ધીમા ચાલતા આ શબ્દોને હવે તો પાંખ ફૂટવી જોઈએ. સામે પડ્યા રહેલા પથ્થરોએ એદીપણું છોડીને ફૂલની જેમ ખીલવાનું શીખી લેવું જોઈએ. પવને પોતાની સ્વગતોક્તિ બદલીને સંવાદનો પ્રયત્ન કરવો જોઈએ. આકાશે બધું ઢાંકી દેવાનો પોતાનો સ્વભાવ છોડવો જોઈએ. તારાઓએ લખોટી થઈ જઈને શિશુનાં ચંચળ ટેરવાંઓનો સ્પર્શ માણવો જોઈએ.

પણ આમાંનું કશું હજી થતું નથી. હું તો એટલું માત્ર ઇચ્છું છું કે સમય સમય હોવાનું ગૌરવ જાળવતાં શીખે તો ઘણું. પણ એ બધી ચિન્તા જે જગન્નિયન્તા છે તેની છે. એ મને સગોત્ર ગણે છે કે નહિ તેની પણ મને ખબર નથી, તો પછી હું શા માટે આ બધી ચિન્તા વહોરી લઉં? પણ ડહાપણ સાચવવા જેટલી જગ્યા જ મારી પાસે ક્યાં બચી

છે? ઉત્તરમાંથી વાતો પવન ફૂલની ને પાંદડાંની ડોક મરડી નાખે છે ત્યારે મને મારી જ સલામતીની ચિન્તા કરવાનું છાજતું નથી તે જાણું છું ને તે છતાં –

5-1-81

# કર્મહીનતાનું ઘેન

બાળપણના એ દિવસો યાદ આવે છે. દાદાનો નહાવાનો ને પૂજાપાઠનો લાંબો ગાળો મારે માટે ભારે સુખનો સમય હતો. એક દોઢ કલાકનો સમય મળતો. દાદાની પાવડી રડારનું કામ કરતી. એનો અવાજ નજીક આવે એટલે ચેતવણી મળી જતી. આ ગાળા દરમિયાન એમણે મારે માટે નિષિદ્ધ ગણેલાં પુસ્તકો ચોરીછૂપીથી હું વાંચી લેતો. સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતાની ‘નીલમ અને માણેક’ જેવી નવલકથા અનેક ખણ્ડોમાં વિસ્તરતી. કથાનો પટ ઉખેળાતો જતો ને રસમાં એવા તો ગરકાવ થઈ જવાતું કે આજુબાજુનું કશું ભાન રહેતું નહિ. એ જ અરસામાં ડાહ્યાભાઈ જાગીરદારની નવલકથાઓ પણ વાંચેલી. ‘કાળરાત્રિનું ખૂની ખંજર’ અને ‘જુલ્મી જલ્લાદ’નાં નામ તો મને હજી યાદ રહી ગયાં છે. હજી કોઈ જૂની લાયબ્રેરીમાં જવાનું થાય છે ત્યારે એ નવલકથાઓ શોધું છું. આજે આટલે વર્ષે એ નવલકથાઓ ખોલીને એનાં પૃષ્ઠોમાં આત્મવૃત્તાન્તની ખોવાઈ ગયેલી મારી એ મુગ્ધ આંખોનો અણસાર ફરીથી હું શોધું છું.

જાણું છું કે હવે એ સ્થાને પાછા ફરી શકવાનું નથી. પણ ત્યાર પછી મને અનેક રીતે મુગ્ધ કરી દેનારા કવિઓ અને લેખકો મળતા રહ્યા છે. ઘણી વાર એ શિશુસહજ મુગ્ધતાને આંચકો આપીને મને નિર્ભ્રાન્ત કરનારા સર્જકો પણ મળ્યા છે. ઘણી વાર એવો પણ સમય આવ્યો જ્યારે પુસ્તકો તરફથી આંખ ફેરવી લીધી છે. પુસ્તકો મને નર્યો અરક્ષણીય બનાવી મૂકે છે. અનેક પ્રકારના વિષાદ, સંઘર્ષ, સમસ્યા મારા પર આક્રમણ કરે છે. કોઈ ઈશ્વરને લુપ્ત કરી દે છે તો કોઈ ઈશ્વરને એના પૂરા દમામ સાથે પ્રગટ કરે છે.

હમણાં ખાસ્સો લાંબો ગાળો કશું ગમ્ભીર વાંચ્યા વિનાનો ગયો છે. કશું માંડીને બેસવાને

હજી મન થતું નથી. કશીક ચંચળતાએ મનની આબોહવાને બદલી નાખી છે. ઉદ્ભિજની સૃષ્ટિમાં વધુ ને વધુ ઓતપ્રોત થતો જોઉં છું. જે ભૂમિખણ્ડ પર રહું છું તે ક્યારેક સમુદ્રના પેટાળમાં રહ્યો હશે, ક્યારેક એના પર લાવા રેલાઈ ગયો હશે. મન એકાએક પૃથ્વીના બાળપણના સમયમાં સરી જાય છે. સેવંતીની ખીલું ખીલું થતી કળી ચારપાંચ દિવસથી જોયા કરું છું. એ મીંઢી બનીને પોતાનું મન મને જાણવા દેતી નથી. ગુલાબ ઉમળકાથી ખીલતાં નથી. એમને જાણે અહીં પરાણે પકડી આણ્યાં હોય એવી એમની મુખમુદ્રા જોઈને હું મને દોષિત ગણતો થઈ જાઉં છું.

થોડા દિવસ એવા પણ આવ્યા હતા જ્યારે બ્રહ્મસૂત્ર અને આચાર્યોનાં ભાષ્યો લઈને બેસી ગયો હતો. ઈશ્વર અને બ્રહ્મ તો નિમિત્ત છે, એ મિષે મન એનો વ્યાયામ કરે છે ને એનાથી સુખ પામે છે. રાતે ઊંઘ નથી આવતી ત્યારે બારીમાંથી રેલાઈ રહેતી કૃષ્ણપક્ષની પાંખી ચાંદનીને મારા પર પ્રસરી રહેલી જોઉં છું. હજી ક્યાંક એ ભૂતકાળનો સુખનો રોમાંચ સજીવન થવા મથી રહ્યો હશે એવું અનુભવું છું. જાગૃતિ, તન્દ્રા, સ્વપ્ન આ બધાં ઓતપ્રોત થઈને એક નવું જ પોત વણે છે.

કોઈક વાર કશીક કર્મહીનતાનું ઊંડું ઘેન ચઢતું લાગે છે. બહુ જ પ્રિય એવું પુસ્તક હાથમાં લઉં છું. એ ઘણી વાર વાંચ્યું છે, માણ્યું છે, પણ હવે મનમાં કશો ભાવ ઊઠતો નથી. એની લિપિ મને સાવ અજાણી લાગે છે. જાણે એક્કેય અક્ષર ઉકેલી શકાતો નથી. પુસ્તક બંધ કરી દઉં છું. મન કંઈક ખિન્ન થઈ જાય છે. મને થોડો ઉપાલમ્ભ પણ આપું છું, કચવાઉં છું. કોઈક મળવા આવે છે. થોડી વાર ગુમસુમ બેસી રહું છું. એ મારે વિશે જે વાત કરે છે તેને કારણે તો હું મને પોતાને વધુ ને વધુ અજાણ્યો લાગવા માંડું છું. એથી એક વિલક્ષણ પ્રકારની હળવાશ અનુભવું છું. વર્ષોના વીતવા સાથે મારે વિશેની સંઘરાતી જતી સમજનો ભાર લઈને જીવતો રહ્યો. કોઈ મારા પર આક્રમણ કરે તો ઘણી વાર મને મારો બચાવ કરવાનો ઉત્સાહ થાય નહિ એવી પણ ક્ષણો આવે છે. મારે વિશેની ગેરસમજ સુધારી લેવાની મારી 'પવિત્ર' ફરજ ગણાય, પણ હવે મને એ બધો હિસાબ રાખવાનું ગમતું નથી. આ ગેરસમજો મને મારી આગળ જ નવે રૂપે રજૂ કરે છે. હું મને જ કંઈક કુતૂહલથી જોઈ રહું છું. આને ઘણાં બાઘાઈ ગણે છે. પણ આવી બાઘાઈ એ એક વિરલ ગુણ છે. અમુક માત્રામાં નિલિર્પ્તતા કેળવી હોય છે તો જ એ શક્ય બને છે.

ઘણી વાર મારું શરીર કશાક વ્યાધિની મદદ લઈને ભારે વિચિત્ર પરિસ્થિતિ ઊભી કરી દે છે. ત્યારે આંખો જુદી જ રીતે બધું જોતી થઈ જાય છે, શરીરને એક નવું જ વજન પ્રાપ્ત થાય છે. મારા બોલવાનો રણકો જ ફરી જાય છે! ફરજોની યાદી ભુંસાઈ જાય છે. નિયમિતતાનો વ્યતિક્રમ થાય છે, ધીમે ધીમે શરીર અરાજકતા ફેલાવવાનું કાવતરું કર્યે જાય છે. મારું મન મને આની સામે ચેતવ્યા કરે છે, પણ એય આખરે પરવશ થતું જાય છે. મને લાગે છે કે હું મારાથી જ ખૂબ ખૂબ દૂર નીકળી ચૂક્યો છું. મગજને એક ખૂણે ગડી વાળીને મૂકેલો. મારાપણાની ભૂગોળને ઓળખાવનારો નકશો હવે ઓળખાય એવો રહ્યો નથી.

આ સ્થિતિમાંથી ફરી પાછા સ્વાસ્થ્યની દિશામાં આવવાનું હંમેશાં સુખદ હોતું નથી. તન્દુરસ્ત માણસની બધી જ ફરજો મને પાછી વળગી પડે છે. ફરી જવાબદાર માણસની જેમ વર્તવા લાગું છું, મારે વિશેની અમુક એક સમજને જ પાકી કરીને એને જ વળ ચઢાવતો રહું છું. આ બધાં સ્થિત્યન્તરો દરમિયાન મારો એનો એ ચહેરો હું એનો એ જ છું એવી, વ્યવહારને માટે જરૂરી, ભ્રાન્તિ જાળવી રાખે છે. આમ છતાં કોઈ વાર લોખંડના કબાટમાંનું દર્પણ અને પાસેની બારીનો કાચ મારાં જુદાં જુદાં બે પ્રતિબિમ્બોથી મને ઘેરી લે છે.

‘આ આ જ છે’ની દઢ પ્રતીતિ આપણો કેટલો મોટો આધાર છે! કોઈક વાર, કશાક અકળ કારણથી, બધું અસ્તવ્યસ્ત થઈ જાય છે ત્યારે સમયના તંતુ પણ ગૂંચવાઈ જાય છે. બધું એકાએક અટપટું બની જાય છે. આંખો પર વિશ્વાસ બેસતો નથી. કશુંક બોલવા જઈશ અને એ જો મને મારાથી દૂર ફેંકી દેશે તો! આ ભયથી હું મૂગો જ થઈ જાઉં છું. આવી વેળાએ શૂન્યમનસ્ક બનીને જોતાં બેસી રહેવા સિવાય બીજું શું કરવાનું રહે?

હવે લાંબા સમયથી ધૂળ ખાતાં પડેલાં એ પુસ્તકો તરફ પાછા ફરવાનું મન થાય છે. પણ એ ઘડીને કોણ જાણે શાથી હું પાછી ઠેલ્યા કરું છું. આ દરમિયાન કોઈક ને કોઈક જોડે ગમ્ભીર ચર્ચા કરવાનું નાટક તો ચાલતું જ રહ્યું છે. નકામી વાતો ચગળવાનો આનન્દ પણ જતો નથી કર્યો. કોઈ વાર નરી આળસને પંપાળતો રહ્યો છું. સમયનાં બન્ધન મને હંમેશાં અકળાવી મૂકે છે. મને એમ લાગતું હતું કે નિયત સમયે કરવાના કામમાંથી હવે હું છૂટી ગયો છું. પણ હવે મને સ્પષ્ટ સમજાય છે કે એ મારી ભ્રાન્તિ હતી.

સંગીત મને આત્મવિલોપનની કેડીએ લઈ જાય છે, એથી જ્યારે કશું જ સૂઝતું નથી ત્યારે હું સંગીતને શરણે જાઉં છું. પણ કેટલાક ભય એવા હોય છે કે જેને સંગીતના આ લય વધારે ઘનીભૂત કરે છે. હા, એથી સમય હળવો બની જાય છે; પણ કોઈક વાર આ હળવાશ જ ભયનું ઉદ્દીપન બની રહે છે. એથી ક્યાં ને ક્યાં ફંગોળાઈ જવાશે એવો ભય રહે છે. એના કરતાં કંટાળાની સ્થિતિમાં મને ક્યારેક વધુ સલામતી લાગે છે. એ મને અમુક એક બિન્દુએ સ્થિર કરી રાખે છે.

ફિલસૂફીનો પણ કોઈક વાર મને કવિતા જેવો જ કેફ ચઢે છે. પછી એમાંથી છૂટવાનો સભાનપણે પ્રયત્ન કરવો પડે છે. એ ઘણી વાર મારે મન આજુબાજુ સભાનપણે ભુલભુલામણી ઊભી કરીને એમાંથી છૂટવાનો રસ્તો શોધવાની રમત જેવી બની રહે છે. કવિતામાં કોઈ વાર મન બહુ સુખદ રીતે ઓગળતું જાય છે. આ દ્રવીભૂત થવાનું સુખ મને ગમે છે. પણ હંમેશાં એવું બનતું નથી. કોઈક વાર કવિતા એક નવી જ વિભીષિકા આજુબાજુ ઊભી કરી દે છે. એકાદ પંક્તિ એવી વળગી પડે છે કે એનાથી છૂટવાનું અઘરું થઈ પડે છે.

કોઈક વાર દિવસ રસળતી ગતિએ આસાનીથી પૂરો થાય છે. ત્યારે હિસાબ-કિતાબ કરવાના રહેતા નથી, બાકી પુરાંત ખેંચવાની રહેતી નથી. પણ કોઈક દિવસ એવો ઊગે છે જે સવારથી જ મને ગભરાવી મૂકે છે. એની ધૂર્તતાને હું પામી શકતો નથી. એ ક્યારે પૂરો થાય એની હું રાહ જોયા કરું છું. એવા દિવસે એકાન્ત ગમતું નથી. ઘણા માણસો આવે, કશીક ગપસપ ચાલ્યા કરે, અર્થહીન વાતોના ગબારા ઊઠ્યા કરે તો જ સલામતી લાગે.

ભ્રમણતૃષા શમી નથી, પણ શરીર પાછળ ઢસડાતું ઢસડાતું આવે છે. આથી એની મજા રહેતી નથી. કેવળ જોઈ રહેવાનું સુખ મેં ખોયું નથી. સાંજ ઢળે છે ને તડકાનું પોત બદલાય છે. પારિજાતની ડાળ પર બુલબુલ અને દૈયડનો ઝઘડો ચાલે છે. જાસૂદની કળી અર્ધુંપર્ધું બોલીને અટકી ગઈ છે. હું આથમતા સૂરજના પ્રકાશમાં સ્મૃતિઓને ભેળવી દઉં છું.

19-11-81

# મધ્યાહ્નનો માણસ

રાત છે. કેટલા વાગ્યા હશે તેની ખબર નથી. સારી એવી ઠંડી પડી રહી છે તે જાણું છું. વારેવારે તૂટી જતા નિદ્રાના તન્તુથી હું ઉદ્વિગ્ન છું. રજાને ફગાવી દઈને બહાર નીકળી પડવાની ઇચ્છા થાય છે. પોષની રાતના કવિ જીવનાનન્દ દાસ યાદ આવે છે. શુક્લ પક્ષના પ્રારમ્ભના દિવસોમાં ચન્દ્ર વહેલો આથમી ગયો છે. સૃષ્ટિ પર કોઈકના નિ:શ્વાસનું આછું ધૂસર વાતાવરણ છવાઈ ગયું છે. ઈશ્વર જાણે આ ધૂસરપટ પર સૃષ્ટિની પાણ્ડુલિપિ આલેખી રહ્યો છે. એકલું ઘુવડ નિષ્પલક આંખે એને જોઈ રહે છે.

આવી રાતે પાસે જ ઢાળિયા પર કાફકા કંઈક લખવા બેઠા હોય એવો ભાસ થાય છે. એ લખે છે : ‘હું તો એકસરખું એકલોએકલો ચાક લઈને ફર્યા કરતો ભમરડો છું, જેઓ દૂર છે ને ઊંઘે છે તેમને મારું ગુંજન વિક્ષુબ્ધ કરતું નથી, પણ જેઓ મારી નજીક આવી ચઢે છે તેઓ એ સાંભળીને મારી સામે જોઈ રહે છે.’ એમની આંખમાંના પ્રશ્નને પારખી નહિ શકતા હોઈએ તો એનો જવાબ આપવો? આખી રાત હૃદય કોઈ ગભરાયેલા વન્ય પશુની જેમ દોડતું દોડતું હાંફે છે, કેમ જાણે એની પાછળ નહિ પડ્યું હોય! દિવસના અજવાળામાં વિશ્વસ્ત બનીને હું હૃદયને ભયથી મુક્ત થવાને સમજાવું છું, પણ રાતે પાછી એની એ વિભીષિકા!

કોઈ વાર રસ્તે ચાલતો ચાલતો જતો હોઉં છું ને એકાએક ઋતુ, સમય, વય – બધું જ બદલાઈ જાય છે. વીસ-એકવીસનો જુવાન મારામાંથી કૂદી પડે છે. વાતાવરણમાં આંબાની મંજરીની માદક સુગન્ધ છે. કશીક અભૂતપૂર્વ વિહ્વળતા મને અધીર બનાવીને દોડાવે છે. રસ્તાને વળાંકે વળાંકે સ્મિતભર્યાં મુખ દેખાય છે. હવાની એકેએક લહરી

ઉન્માદભર્યું ચુમ્બન કરી જાય છે. પણ ક્ષણવારમાં વળી બધું બદલાઈ જાય છે. સૂર્યને બદલે સૂર્યનું પ્રેત ધૂસર આકાશમાં ભટકતું દેખાય છે. મન એની સ્વભાવસહજ ચંચળતા ખોઈ બેસે છે. એક પછી એક વિચારો આવીને એને ઘેરી વળે છે. ચારે બાજુ પ્રતિધ્વનિઓનું નિબિડ અરણ્ય છવાઈ જાય છે. એમાં મારો અવાજ મને શોધ્યો જડતો નથી. પોષની રાતે હું બહાર નીકળીને જોઈ શકતો નથી. માટે જ તો એનું મને અદમ્ય આકર્ષણ છે. મારી ભાષામાં જે થોડાં રિક્ત સ્થાનો છે ને આ પોષની રાતે જે નથી પામી શક્યો તે શબ્દોનાં છે. હું સ્વભાવથી સર્વત્રવિહારી છું, પણ શરીર જ હવે પહેરેગીર બનીને ચોકી કરી રહ્યું છે. આથી કાન માંડીને રાત્રિનાં જળનો ઓસરવાનો અવાજ સાંભળ્યા કરું છું. શરીરની મને માયા છે, પણ શરીરે માંડેલો ઝઘડો મને જાણે અળગો પાડે છે. ઘણી વાર સદેહે આ દેહમાંથી ક્યાંક દૂર નીકળી ગયાનો અનુભવ થાય છે. મારી પોતાની સાથેની ઘનિષ્ટતાના દિવસો પૂરા થયા લાગે છે. ઘણી વાર તો તૂટી ગયેલા નિદ્રાના તન્તુને ઝાલવા મથતો હું મારી જ અનુપસ્થિતિના શૂન્ય અવકાશમાં તરંગ બનીને તર્યા કરું છું. આવી સ્થિતિમાં છેક વહેલી સવારે ઘડીભર બધું જંપી જાય છે ને આંખ થાકથી બીડાઈ જાય છે ત્યારે એ સુખનું મુખ જોઈ લેવાને ફરી આંખો ખોલવાની લાલચ થઈ આવે છે. દિવસ ઊગે છે ત્યારે અકરાંતિયો બનીને જગતને જેટલું બને તેટલું પામી લેવા ઇચ્છું છું. પાસેના લીમડાનું થડ, દરજીડાની ચંચળ નાચતી પૂંછડી ચાર નિશાળિયાઓનાં મસ્તીતોફાન, શિરીષનાં પાંદડાંમાંથી ચળાઈને દીવાલ પર પડતાં તડકાનાં વર્તુળો, રસ્તા પરથી ચાલ્યા જતા અજાણ્યા માનવીના ચહેરાઓ – આ બધું સંઘરી રાખવા મથું છું. ઉન્નિદ્ર રાત્રિના એકાન્તમાં આ બધાના સાથમાં બધું સહ્યા બની રહેશે ને રાત સહીસલામત વીતી જશે એવી આશા રહે છે.

આમ છતાં સવારનો ખાસ્સો એવો ભાગ મન ઉદાસ રહે છે. એ ઉદાસીને હું, સૂર્યની સાક્ષીએ, ફેલાઈ જતી જોઈ રહું છું. મારું લથડતું મન આ ભારથી જ સ્થિર થાય છે. દિવસનો નિત્યક્રમ કોઈક શરૂ કરી દે છે, હું મારા આવવાની રાહ જોયા કરું છું. ઘડીભર સમયની બહાર હદપાર થઈ ગયાનો અનુભવ થાય છે. એ વખતે કશુંક કરવાના ઢોંગનો કશો અર્થ નથી. કેવળ શૂન્યમનસ્ક બનીને જોયા કરું છું. પછી એક એક ક્ષણ મને થોડો થોડો સંચિત કરતી જાય છે. પણ મન હજી એ પ્રત્યે ઉદાસીન છે. આમ સોનેરી સવારનો

અમૂલ્ય સમય સરતો જાય છે. ક્યારેક વળી એકાએક શરીરની બોડમાંથી વ્યાધિ બહાર નીકળીને ઘુરકિયાં કરી જાય છે.

આમ હું મધ્યાહ્નનો જ માણસ છું. મધ્યાહ્ન થાય છે પછી જ હું મારા અને સૂર્યના અસ્તિત્વને પ્રમાણિત કરું છું. કશાક કૃત્રિમ આવેગથી પછી હું જીવવાની ક્રિયામાં ઝંપલાવું છું. આથી હું જે બોલું છું, જે કરું છું તેમાં રહેલી ઉત્તેજના મને બીજાની આગળ ઉડાઉ લાગું એવી રીતે રજૂ કરે છે. પણ ઢળતી રાતે ઉત્તર ધ્રુવના દીર્ઘ રાત્રિના પ્રદેશમાં કોઈક હિમશિલા નીચે ધરબાઈ જતો મારો જીવ મધ્યાહ્નના સૂર્યને પામીને ઉત્તેજિત થાય તેમાં શી નવાઈ?

ઘણા વખતથી મને એવું લાગ્યા કરે છે કે મારા સમયના તન્તુઓ અકળ રીતે ગૂંચવાઈ ગયા છે. કોઈ વાર અનાગતનો એક છેડો અચાનક હાથમાં આવી જાય છે, તો કોઈક વાર ભૂતકાળ વર્તમાન કરતાં વધુ સજીવ થઈ ઊઠે છે. શરીર સમયના દૌરાત્મ્યને વેઠીને આ બધું આશ્ચર્યવત્ જોયા કરે છે. મન આ રમતથી ટેવાઈ જઈ શકતું નથી, માટે ધૂંધવાયા કરે છે. આથી જ્યારે જે સમયમાં જઈ ચઢું તે સમયને અનુસરીને વર્તુ છું. એથી ટીકાપાત્ર પણ ઠરું છું. પણ બધી જ બાબતની કેફિયત આપી શકાતી નથી.

આ દરમિયાન તો દસબાર સારી પંક્તિઓ કવિતાની વાંચી લીધી હોય છે, ઉત્કટતાથી બેચાર ક્ષણને કૃતાર્થ બનીને જીવી લીધી હોય છે, થોડો પશ્ચાત્તાપ ચાખી લીધો હોય છે. મનની ને મારી ઓળખ જામતી જાય છે, બધું ઠેકાણે પડતું જાય છે. રાત્રિનો પ્રથમ પ્રહર ગાઢ નિદ્રામાં જાય છે. પછી નિદ્રાનું પોત પાતળું પડતું જાય છે. વળી પાછી ભયની એ ફડક અનુભવું છું.

ઘણી વાર શરીરની અસ્વસ્થતા જ મનને કશાક ઊંડાણમાં ખેંચી જતી હોય છે. એવી સ્થિતિમાં કશીક નાની શી વાત વિશે મન ભારે ગમ્ભીરતાથી વિચારતું થઈ જાય છે. પણ ઊંડાણમાં ગયા એટલે રત્ન જ હાથ લાગ્યું એવું તો હંમેશાં બનતું નથી. એને બદલે ઘણી વાર વિચારોની અટપટી જાળમાં ફસાઈને કેવળ તરફડ્યા કરવાનું જ રહે છે. શરીરાશ્રયી થઈને જીવવા જતાં શરીર વ્યાધિનો ચાબૂક ફટકારીને દૂર ભગાડે છે, મનને વશ થવા જતાં ઘણી બધી નાહકની ગૂંચમાં અટવાઈ જવા જેવું થાય છે. શિશુસહજ

સરલતા હવે એટલી તો દૂર લાગે છે કે એના હોવા વિશે પણ દુષ્ટ મન શંકા ઊભી કરે છે. આમ છતાં આશ્વાસન એટલું કે આવી સ્થિતિઓ પણ ઝાઝી ટકી રહેતી નથી. છતાં એ હોય છે તેટલી વારમાં તો કાંઈ કેટલાંય વૈરાગ્યશતક રચાઈ જાય છે!

હળવા થઈને જીવવું, ચિન્તાથી નિલિર્પ્ત રહેવું, સમસ્યાઓની આંટીઘૂંટી વચ્ચેથી રમતાં રમતાં નીકળી જવું આ બધું જ સારું. સાચી જીવવાની કળા એ જ એવું જાણવા છતાં એવી સ્થિતિ પામવી કેટલી તો કપરી વાત છે તે પણ હું સમજું છું. આપણે વિશે જે બને તે કોઈ અન્યને વિશે જ બનતું હોય એવું માનીને સાક્ષીભાવે જોયા કરવું એવું અધ્યાત્મવાળા સમજાવે છે. પણ પોતાપણું છોડ્યા પછી તો શું બચે? જીવતેજીવ આપણને શૂન્યવત્ કરી નાખવા એ તો અત્યારે જીવનદ્રોહ જેવું જ લાગે છે. મન વારે વારે હિસાબી કારકુન બની બેસે છે ને સરવૈયું કાઢ્યા કરે છે તેથી અધીૈ ઉચાટ તો થતો હોય છે. પામવું એટલે ગાંઠે બાંધવું એમ નહિ. સમરસ થતા જવું એ જ સાચું વલણ એવું મને લાગે છે. છતાં આપણી પ્રતીતિ અને સ્વાનુભવ પણ નિશ્ચિતપણે આપણને ઇષ્ટ દિશા તરફ દોરે એવુંય ક્યાં બનતું હોય છે!

એક નાની શી ઘટના ઘણી વાર બધું બદલી નાખે છે. બારી આગળ બેસીને નિષ્ઠુર ઉષ્માહીન પવનની થપાટો સહ્યા કરું છું. ત્યાં એકાએક શરીરને ઉષ્માનો સુખદ સ્પર્શ થાય છે. જોઉં છું તો સૂર્ય ઉપર આવ્યો છે ને એણે સો ટચના સોનાનો એક મોટો ટુકડો મારી બારી આગળ ફેંક્યો છે. શરીર અને મન હરખાઈ ઊઠે છે. પોતાનામાં જ પુરાઈ રહેલી ભીરુ દૃષ્ટિ સાહસ કરીને બહાર જુએ છે. બધે વિખરાયેલો તડકો મને હર્ષથી આપ્લાવિત કરી દે છે. મારા પગ ચંચળ બને છે. આ સુખસેવ્ય તડકામાં દૂર દૂર સુધી ચાલ્યે જવાનું મન થાય છે.

ઘણી વાર શરીરનું અસુખ એવું તો લપાઈ બેઠું હોય છે કે ખરેખર એ ક્યાં હશે તે કળી જ શકાતું નથી. મને લાગે છે દરેક દુ:ખને એનું આગવું રહસ્ય હોય છે. શરીરનું દરેક અસુખ એક નવા મર્મસ્થાનને ચીંધે છે. આ અસુખને લીધે જ શરીર પ્રત્યે સામાન્યત: ઉદાસીન રહેતું મારું મન શરીરમાં રસ લેતું થાય છે. આથી કેટલાંક નહિ સમજાયેલાં સુખની પણ પુન:પ્રાપ્તિ થાય છે. સંવિત્તિની ત્રિજ્યાઓ વિસ્તરે છે.

આ વખતે લેખનવાચનથી એટલા તો દૂર નીકળી જવાયું છે કે એ દેશમાં પાછા વળી શકાશે કે કેમ એવી ચિન્તા થાય છે. આમ છતાં કવિતા સુલભ રહી છે. રિલ્કેની કેટલીક કવિતાઓએ નવા જ અનુભૂતિના વિશ્વ તરફ આંગળી ચીંધી. તીવ્ર શારીરિક પીડાની ક્ષણોમાં પણ હું કવિતાની આંગળી છોડતો નથી. કવિતાની કેડીએ થઈને ફરીથી મારા એ પરિચિત વિશ્વમાં જઈ ચઢીશ એની મને ખાતરી થાય છે. આ લખું છું ને ઢગલાબંધ પુસ્તકો આવી પડ્યાં છે. રશિયાથી ને જર્મનીથી, અમેરિકાથી ને મેક્સિકોથી કવિતાઓ આવી છે. મને કદી એમ લાગ્યું નથી કે હું સાધનસંપન્ન નથી, વ્યક્તિગત સિદ્ધિઓ આપણા અહંકારને તુષ્ટ કરે છે ને એવી મહત્ત્વાકાંક્ષા હોવી જરૂરી પણ છે, કારણ કે આ પ્રાપ્તિ ભલે અમુક વ્યક્તિની હોય આખરે તો એ કોઈની સંપત્તિ બની રહે છે. આમ છતાં બૅકેટ, કાફ્કા વાંચતાં એમની ચેતનાના વિશાળ અવકાશનું સામ્રાજ્ય સહેલાઈથી મારું વિહારક્ષેત્ર બની રહે છે. પછી મને ઊણું લાગતું નથી.

વ્યાધિએ ઓચિંતાનો હુમલો કર્યો અને હવે થોડીક સ્વસ્થતા પ્રાપ્ત કર્યા પછી એના પેંતરાઓને જોવામાં મને અનેરો રસ પડે છે. પહેલાં તો એના સ્થાન વિશે આપણે મનમાં અનેક વિકલ્પો ઊભા કરીએ છીએ – કેમ જાણે કયું સ્થાન પસંદ કરવું એ વિશે વ્યાધિ પોતે જ દ્વિધામાં ન હોય! પછી એક સાથે એ જુદાં જુદાં સ્થાને પોત પ્રકાશવા માંડે. પ્રારમ્ભનો ગાળો શંકાઆશંકાનો, ચિન્તાનો જાય. પછી ધીમે ધીમે ટકી રહેવા માટેની શક્તિ એકઠી કરવાની પેરવી ચાલે, તિતિક્ષા કેળવવાની રહે, સ્વભાવ પર કાબૂ રાખવાનો રહે. વચ્ચે વચ્ચે મનની કસોટી કરી લઉં : સૂક્ષ્મ વસ્તુને પારખવા-માણવાની એની શક્તિ ઓછી તો નથી ગઈ ને! માંદલું શરીર તો યોગ્ય ઉપચારથી વળી આવે. પણ માંદલું મન જલદી ઠેકાણે ન આવે. એવી સ્થિતિમાંથી પણ પસાર થયો છું.

એક રીતે દમના વ્યાધિનો મારા પર ઘણો મોટો ઉપકાર છે, એ મારી ચેતનાને સન્નદ્ધ રાખે છે. પણ વ્યાધિની મદદ વગર ચેતનાને સન્નદ્ધ રાખવી જોઈએ. ચેતનાની મંદતા અસહ્ય નીવડે. આથી જ તો અનેક પ્રયત્ને ચૈતન્યની જ્યોતને સંકોર્યા કરું છું. આ જગત જ એની પરમ દર્શનીયતાને કારણે મને સદોદ્યત સ્થિતિમાં રાખે છે. ઋતુઋતુમાં જગતનું રૂપ બદલાય છે, એટલું જ નહિ ક્ષણેક્ષણે પણ એ બદલાયા કરે છે. આથી ઉત્સુકતાથી જોઈ રહેવાનું જ ગમે છે. આ જગતનું કોઈ પણ રૂપ અદર્શનીય નથી. ચેતનાનો સંકોચ

જ દૃષ્ટિને વિકૃત કરે છે. આથી ચેતનાના પરિમાણને વિસ્તારનારા કવિઓની આંખે મને જગત જોવું ગમે છે. અત્યારે ભૂખર વાય છે, શરીર ધ્રૂજે છે ને છતાં એય માણી લેવા જેવું છે એમ મન તો તૃપ્ત થઈને કહે છે. શિશિરમાં નક્ષત્રો, ગ્રહો વધુ ઉજ્જ્વળ થઈ ઊઠે છે. અધી રાત્રે બારી ખોલીને એય જોઈ લેવાનો લોભ જતો કરી શકાતો નથી.

19-1-81

# આત્મીયતાની ભરતી

કોઈ વાર જગત સમસ્ત માટે હૃદયમાં આત્મીયતાની ભરતી છલકાઈ ઊઠે છે. પથ્થરનું પથ્થરપણું પણ મારી ચેતનામાં ભળી જઈને દ્રવીભૂત થવા માંડે છે. જ્યાં શુષ્ક ઉષર ભૂમિ હતી એવું લાગતું હતું ત્યાં કૂંપળ ફૂટેલી જોઉં છું. જે વિચારોનું અટપટાપણું મૂંઝવતું હતું તે બધું સાવ સહજ અને પારદર્શક થઈને ઊભું રહે છે એવે વખતે ઘણું ઘણું બોલવાનું મન થાય છે. આવી જ ક્ષણે થોડા ભારેખમ શબ્દોને પાંખ આવીને ઉરાડી મૂકી શકાય છે. આવી ક્ષણ ટકે છે ત્યાં સુધી દીનતાનું નામનિશાન રહેતું નથી. આકાશની શૂન્યમયી વ્યાપકતા ત્યારે ઠાલી લાગતી નથી.

પણ આવી ક્ષણો ક્યારેક જ આવે છે. કોઈ વાર બધું જ પ્રસન્નતાભર્યું સહજ સરલ હોય છે ને કોઈ નિકટની વ્યક્તિ કશાક ઊંડા ઘાને ઉખેળે છે. એનો કદાચ સદ્‌ભાવથી બોલાયેલો એક શબ્દ ખૂબ ઊંડે ઊંડે ખૂંપી જાય છે. ભીરુ મન સંતાતું ફરે છે. કલંકની કાળાશ બધી જ સત્ય પ્રવૃત્તિ પર છવાઈ જાય છે. જીવનમાં એક સામટા હજાર સૂર્યો અસ્ત થઈ જાય છે. મેં નિકટની વ્યક્તિઓ પાસે અસત્યભરી પ્રશંસાની આશા રાખી નથી. કારી ઘા તો નિકટની વ્યક્તિ જ કરી શકે. જેણે સુખ આપ્યું હોય તે દુઃખ થાય એવું કશુંક આપે તો કાયર બનીને હાથ પાછો ખેંચી નહીં લેવાય.

જે નિકટ છે તે પણ આપણને સમભાવપૂર્વક સમજે છે એવું માની લેવાની ભ્રાન્તિમાંથી એક આંચકા સાથે હું દૂર ફેંકાઈ જઉં છું. સહેજ ઉદ્વિગ્ન ચિત્તે સત્યનો આકરો પ્રકાશ ફેંકનાર પ્રત્યે કૃતજ્ઞતાની લાગણીથી જોઈ શકું છું. ઘડીભર સમતુલા ડગમગી જાય છે. મેં સૌથી વધુ આઘાતની આશા મિત્રો પાસેથી જ રાખી છે. કારણ કે હું જાણું છું કે જે સત્યને

સત્ય તરીકે ઓળખવા છતાં હું જીરવી લઈ શકતો નથી, તે સત્યને સ્વીકારવાનું મારામાં ખમીર આવે એ હેતુથી જ એવું સત્ય સદાશયથી મારી સમક્ષ એઓ ઉચ્ચારતા હોય છે. જુવાન મિત્રો ઘણી વાર મેં જે ઉમંગ ઉત્સાહથી કર્યું હોય તેની ઊણપને તીવ્રતાથી વર્ણવી બતાવે છે. એમની આગળ દયામણા બની જવાનું ટાળવા મથું છું. મને લાગે છે કે જે વિશદ નિર્ભ્રાન્તિ કેળવવાની વાત હું કેમ્યૂ પાસેથી શીખ્યો તે જ મને આવી પરિસ્થિતિમાં બળ આપશે.

કશુંક લખવાનું તો હજી ગમે છે. શબ્દોને રમતા મૂકવા, સહેજ શબ્દોથી દૂર રહી જઈને એમની ક્રીડા જોયા કરવી. એકાન્તમાં ઉછરેલા શબ્દોને સહેજ અળગા કરીએ, એમનું રૂપ નવેસરથી જોવું આ બધું હજી મને ગમે છે. હું પોતે નથી લખતો ત્યારે બીજી કોઈ લખનારની એવી શબ્દલીલાને જોયા કરું છું, લખ્યા પછી એની આજુબાજુ જે પ્રપંચ વિસ્તરે છે તેનાથી હું અકળાઈ જઉં છું. મારી ભાષાના બધા નવા સર્જકોનું પણ હું વાંચતો રહું છું. પણ હવે લેખકો વચ્ચે જઈને બેસતા રૂંધામણ થાય છે. પ્રશંસા અને નિન્દાનો વાવંટોળ ઘેરાયેલો રહે છે તે નથી ગમતું. લખી ચૂક્યા પછી તરત જ હું એનાથી દૂર સરી જાઉં છું. બધું સુખથી નથી લખ્યું. ઘણી ચિન્તા માથે રાખીને, વ્યાધિ સાથે ઝૂઝતાં ઝૂઝતાં લખવું પડે છે. એ બધું અનિવાર્ય જ હતું એમ તો નહિ કહું. પણ ઘણા લેખન સાથે ઊંડી વેદનાના સંસ્કાર સંકળાયેલા છે. મારા શબ્દો ઠાવકા બનીને એ બધું સંતાડે છે.

કાફકાએ ‘ધ કાસલ’ના લેખન દરમિયાન મૅક્સ બ્રોડને લખેલા પત્રમાં જે કહ્યું છે તે મને હંમેશાં યાદ રહ્યું છે. આપણે લખીએ છીએ તે જાણે આપણને મળતું અદ્ભુત અને રુચિર પારિતોષિક છે. પણ એ પારિતોષિક શાને માટે આપવામાં આવે છે? દિવસના અજવાળામાં મઘમઘતી પ્રશંસા વચ્ચે બેઠાં હોઈએ છીએ ત્યારે તો એ નથી સમજાતું પણ ઉન્નિદ્ર રાત્રિના એકાન્તમાં નિશાળિયાઓ સ્પષ્ટ કરીને સમજતા પાઠની જેમ, એ આપણી આગળ સ્પષ્ટ થઈ જાય છે. આ પારિતોષિક તો શેતાન સામે ઝૂઝવા બદલનું હોય છે. લખતાં પહેલાં કેવા અસૂર્યલોકમાં ઠેઠ નીચે ઊતરવું પડે છે, કેટલા બધા પૂરી રાખેલ અસુરોને છૂટો દોર આપવો પડે છે! અત્યારે સુખાસને બેસીને રસળતી કલમે જે આરામથી લખે છે તેને આ કપરા સંઘર્ષનો કદાચ ખ્યાલ ન આવે. હું બારી પાસે

તકિયાને અઢેલીને આરામથી બેઠો બેઠો લખું છું. હજી તો ગઈ રાતે જે દુ:સ્વપ્નો સામે ઝૂઝતો હતો, જે દુશ્ચિન્તાના ટોળાએ મને હંફાવ્યો હતો તેની કેટલીક રેખાઓ મારી આંખ નીચે અંકાયેલી છે. આ ઝૂઝવાનું કોઈ વ્યક્તિગત કારણ હોતું નથી. વાતાવરણમાં જે છે તેને જોયું ન જોયું તો કરી શકાતું નથી અને ટાળી પણ શકાતું નથી. એ જે પડકાર ફેંકે તેને ઝીલવાનો જ રહે છે. આ પછી ખુશનુમા સવારે તો હું સૃષ્ટિના ખીલી ઊઠેલા સૌન્દર્યને એવી જ નાજુક નમણી રેખાઓથી આંકતો બેઠો હોઉં છું. ત્યારે જ આ સર્જક વતી સહન કર્યે જવાનું મારું સાચું વ્યક્તિત્વ, મારો સાચો ‘હું’ દયામણો અને કશા રક્ષણ વિનાનો અસુરોને હાથે કેવો તો ઝૂડાય છે તેનો મને ખ્યાલ છે ખરો? શેતાન એને કેવો ભોંયભેગો કરી દે છે! જાણે એક નહીં અનેક મરણને વેઠી લઈને એ કશીક અકળ હઠીલાઈથી વળી બેઠો થાય છે! ઘરની બહાર નીકળી જનાર ઘર ભાંગી પડ્યાની વેદનાથી શી રીતે ચોંકી ઊઠવાનો હતો? એ ઘર ભાંગી પડ્યું તે શું શું વીત્યું હશે તેને કારણે તે એમાંથી ભાગી છૂટનાર હું ક્યાં જાણતો જ હોઉં છું! આમ હું જાતે જ મારામાંથી હદપાર થઈને ભાગી છૂટ્યો નથી હોતો? મેં પોતે જ મારા ઘરને અસુરોની દયા પર છોડી દીધું નથી હોતું?

ના, આ કશો કલ્પનાનો વિષાદ નથી. જ્યાં સાન્ત્વનના બે શબ્દ બોલવા જોઈતા હતા ત્યાં બોલી શકાયા નથી અને જ્યાં મૌન સેવવાનું ઉચિત હતું ત્યાં મોટો વિવાદ છેડી બેઠો છું! ભયના માર્યા પ્રેમનો એક શબ્દ હોઠે આવેલો ગળી ગયો છું. કોઈને કહેલા એક કટુ શબ્દને નિદ્રાને ભોગે મેં પંપાળ્યા કર્યો છે. જે સાહિત્યને નામે કરું છું તેથી જીવન પર, મારી સામાન્યતા પર, કેવો જુલમ ગુજારવો પડે છે. બોલવું એવી રીતે કે એનો તરંગ વાતાવરણની નિ:સ્તબ્ધતાને ક્ષુબ્ધ ન કરે એવી ઇચ્છા છે. પણ કોણ જાણે ક્યાંથી ઉગ્ર શબ્દોનું ટોળું ધસી આવે છે ને હું મારા જ શબ્દો આગળ ભોંઠો પડી જાઉં છું.

કશાક સંકોચથી મારું નવું છપાયેલું પુસ્તક બધાંની દૃષ્ટિથી દૂર રાખું છું. કોઈ મારા કશાક લખાણથી વાત કરે છે તો હું તરત શૂન્યમનસ્ક થઈ જાઉં છું. આ કે તે મેળવવાની ગણતરી રાખી નથી. છતાં જે કરવા ગયો છું તે ઋષિમુનિની સ્વસ્થતાથી નથી કર્યું. ભારે અભિનિવેશપૂર્વક કર્યું છે. આથી જાણે હું કશુંક પામવા માટે ઝૂઝ્યો હોઉં એવી છાપ પડે છે. પણ મારું મન આસક્તિના કરતાં વિરક્તિને માણે છે તે હું જાણું છું. એ જે કરે છે તેમાંથી તરત બહાર નીકળી જઈને જ હાશ અનુભવે છે. કોઈ મિત્રભાવે પણ મને

સમજ્યા વિના વ્યંગમિશ્રિત કશું તીર જેવું મારા તરફ તાકીને બોલવા જાય છે ત્યારે એનું શૂરાતન મારા પર વેડફાયા બદલ મને અફસોસ થાય છે.

ના, હું કશાનો અફસોસ કરતો નથી. અજાણ્યું ઓચિંતું હજીય વિષાદનું કટક મારા પર તૂટી પડે છે. એથી મારી સમજને ધાર ચઢે છે. શબ્દો ઉછાંછળાપણું છોડે છે પણ ગમ્ભીરતા મને કદી ઝાઝી સદી નથી. વિષાદ છતાં હું હળવાપણું અનુભવું છું. મમત્વને કારણે મમત કરવાનું છોડ્યું છે ને એકી સાથે બધાં સ્થાન ખાલી કરીને હું ઊભો થઈ ગયો છું પણ મારેય કોઈ સ્વપ્નની મરણવેળાની ઇચ્છા સાચવવી પડી છે. મેં માનવસહજ નિર્બળતાને ઉશેટીને એકદમ ફેંકી દીધી નથી. હવે હિસાબવહીના પાનામાં હું કશો આંકડો પાડતો નથી છતાં કોઈ કશાક હિસાબમાં સંડોવીને કશુંક આપવા જાય અથવા લેણું કાઢે ત્યારે મતિ મુંઝાઈ જાય છે. રાવજી કહે છે તેવી સજીવી હળવાશ હજી દૂર છે.

23-1-81

# મરણની ઝાલર

કોઈક વાર નિરાધાર બાળકની જેમ હું મને પંપાળવા લાગું છું. એથી તો ઊલટી લાચારી વધે છે. કોઈની મેં માની લીધેલી ભૂલથી દુઃખી થવા જતાં બીજી અક્ષમ્ય ભૂલ કરી બેસું છું. કદાચ અહંકારની ઉગ્રતા દૂર કરવાની આ પ્રક્રિયા પણ હશે. ભૂલોની આ પરમ્પરા મને જ ઢાંકી દેશે તો? આથી ભૂલોથી તો બચવું જ જોઈએ એવી સમજ પ્રગટી છે. આવું ઘણું ઘણું વેઠ્યા પછી, પશ્ચાત્તાપમાં શેકાયા પછી, ઘણી બધી મૂંઝવણોની ભુલભુલામણીઓમાં ભટક્યા પછી, સરહદોના અનેક ગોટાળાઓને વેઠ્યા પછી, આછીપાતળી આશાને આધારે દગાખોર દુઃસ્વપ્નો વેઠીને હું મને પોતાને જોઉં, મારી આંખોમાં જે દૃઢતા જોઉં તેથી મારી જાત પ્રત્યે હું ફરીથી કૂણો બનું છું. ફરીથી મારું હૃદય પૂરપાટ જતા ઘોડાની જેમ પડછંદા પાડે છે. પશ્ચાત્તાપની અગ્નિશિખાને હું દાંત વચ્ચે દબાવીને કરડું છું. નહિ વહેલાં આંસુની થીજી ગયેલી ખારાશને ધીમે ધીમે ઓગાળવા મથું છું. રાત્રિના અન્ધકારના વાતાવરણમાં દિવસે કરેલી ભૂલો પ્રચણ્ડ આકાર ધારણ કરીને મારી સામે ઊભી રહે છે. પૂર્વની બારીએથી મારી ખાલી પથારીને ચન્દ્ર સ્પર્શે છે પણ એની શીતળતા મારાથી દૂર જ રહે છે. કશુંક ભાંગવા-તોડવાની જીદથી મારી આંગળીનાં ટેરવાં સળવળી ઊઠે છે. રાત્રિના એકાન્તમાં હું મારા લુપ્ત થઈ ગયેલા એ ચિરપરિચિત વ્યક્તિત્વને શોધવા નીકળું છું.

પણ આ બધાનો આલેખ દિવસના અજવાળામાં મારી આંખો સમાવી રાખતી નથી. સવારે આંગળીઓ વચ્ચેના છિદ્રમાંથી આકાશને સેરવતો હું બેઠો રહું છું. હું જાસૂસની જેમ છુપાઈને મારા વર્તન પર નજર રાખું છું. એકે એક શબ્દનો રણકો પારખીને વાપરું

છું. મારી આ સાવધાની જ મને વળી કશીક ભૂલ કરવા ઉશ્કેરે છે. હું મારી બે આંખો વડે મારા હોવાના વધતા જતા ભારને ભાગીદાર કરું છું. શું શેષ રહ્યો તે જોતો નથી.

ફરી પાછો પ્રવૃત્તિનો દોર શરૂ થાય છે. સાક્ષીભાવે મૂંગો મૂંગો એ બધાંમાંથી પસાર થાઉં છું. હવાના ભંગુર આધારને ઝાલીને અદૃશ્ય થવા મથું છું. મારા જુદા જુદા ચહેરાઓ એક સાથે મને ઘેરી વળે છે. એમાંથી છૂટવા હું કોઈની મદદ શોધું છું. સૂર્યને ડૂબવા જેટલું ઊંડાણ મારી આંખોમાં છે, છતાં મને કશું જ મારાથી સંતાડી શકતું નથી. મારી નરી પ્રગટતાથી બચવા માટે મને એકાદ આંસુની ઓથ પણ મળતી નથી. હું મારા ઉદ્વિગ્ન હૃદયને સમજાવું છું કે હવે બહુ મોડું થઈ ગયું છે. આ બધા ઉધામાને માટે હવે સમય રહ્યો નથી. હવે તો નિદ્રાની અપારદર્શક દીવાલ પાછળ લપાઈ જઈને જ ઊગરી શકાય તેમ છે.

દૂરથી ચાલી જતી ગાડીની વ્હીસલ આકાશને ચીરી નાંખે છે. પડછાયાઓના પડને વીંધીને મને કશુંક સ્પર્શી જાય છે. મેલાં ચીંથરાં જેવું કશુંક શ્વાસને અડે છે. આ પાસેનું શીમળાનું ઝાડ મારી આંખે કરેલા ક્રૂરતાના ગુણાકારને કારણે ગતજન્મ જેટલું દૂર જતું રહે છે. દૃષ્ટિથી હું જોવાને બદલે ભ્રમની જાળ રચું છું. કદિક સમયનું રૂપ જુદું જ લાગે છે. એ વિફરેલા પશુની જેમ દોડીને એની ખરીથી મારા હૃદયને કચડી નાંખે છે. કશીક વણમાગેલી અધિકૃતતાના ભારથી મારા ખભા ઝૂકી જાય છે.

અન્તરીક્ષમાંનો પવન આ પોષની રાતને ખંખેરી નાંખે છે. એમાંથી કેટલો બધો તેજાબ ઝરે છે! એથી મારા શરીરની ત્વચામાં જ નહિ, ઊંડે ઊંડે બધે તિરાડો પડે છે, એમાંથી આવતું મારા શ્વાસનું બસૂરું સંગીત સાંભળીને હું અકળાઈ ઊઠું છું. એમાંથી નાસી છૂટવા મથું છું. તો હું જાઉં છું. નિ:શબ્દતાની કાદવિયા ભોંયમાં ખૂંપી પહેલાં નહીં અનુભવેલી એવી કશીક અનોખી જ એકલતા મને ઘેરી વળે છે. અપારદર્શક શહેરોની ગલીઓમાંથી અથડાતોકૂટાતો હું કોઈ વાર વગર સરનામાના ઘરની શોધમાં ભટક્યા કરું છું.

આંસુ વગરના મિત્રો અને અકારણ ક્રૂર બની ગયેલી નિયતિ – આ બે વચ્ચેથી રસ્તો કરતો નીકળું છું ત્યાં ક્યાંક મરણની ઝાલર વાગે છે. મારા હોઠ પર અનિદ્રાનો તૂરો સ્વાદ છે, મારા જ શ્વાસ મારી સાથે સેન્ડપેપરની જેમ ઘસાય છે ને ઉઝરડાઉં છું. કોઈનું હિમ

જેવું નિ:શબ્દ ઠંડું સ્મિત મારા શરીરમાં ચચરી ઊઠે છે. રોષમાં ને રોષમાં હું મારાથી દૂર ભાગી છૂટું છું.

આ બધું છતાં હું જાણું છું કે મારામાં જ ક્યાંક પ્રસન્નતાની આબોહવા રહેલી છે. કશાક ખુન્નસથી હું મારી સામે જ ઝઝૂમી રહ્યો છું. તેને કારણે જ એ પ્રસન્નતાથી હું છેટે રહી ગયો છું. આમ છતાં મને આશા છે કે એનાથી બહુ દૂર નીકળી ગયો નથી. પણ ત્યાં જતાં પહેલાં બધી વેદનાને ઓગાળી નાખવી પડશે, શબ્દોનો ચઢેલો કાટ કાઢી નાખવો પડશે. કદાચ હજી કાંઈક એવું છે જે મારા આનન્દને દ્વિગુણિત કરવાની હામ ભીડવાને તૈયાર છે.

આ બને તે પહેલાં મારે ભારે નમ્રતા કેળવવાની રહેશે. દાસત્વથી ઝૂકવું એના કરતાં નમ્રતાથી ઝૂકવું એમાં નાનમ નથી. જે કોઈને મારી મર્યાદાઓ નડી છે તેમનો હું ક્ષમાપ્રાર્થી છું. 'મૌ સમ કોન કુટિલ ખલ કામી' કહેવાની હદે તો હું જઈ શકું નહિ પણ સમ્બન્ધોમાં જ્યાં ગૂંચ ઊભી થઈ હોય ત્યાં એ ઉકેલવાની જવાબદારી બીજા પર નાખી દઈ શકું નહીં. કેવળ ઉગ્રતાના જોરે કશું સ્થાન પડાવી લેવાની હવે વૃત્તિ નથી. એથી ઊલટું, સહેજ સરખો અણગમાનો કે બીજી તરફ ઝૂકવાનો ઈશારો સરખો મળે ત્યાંથી કશો વિક્ષોભ ઊભો કર્યા વિના, ખસી જવાનું જ પસંદ કરીશ.

આ બધું હું કહું છું તે મારામાં જ રહેલું કશુંક સમજણપૂર્વકના સ્મિત સહિત સાંભળી રહ્યું છે. કેટલીક વાર આપણી ભૂલો જ આપણને આપણો સાચો પરિચય કરાવે છે. છતાં એવું કશુંક – હઠીલું મૂળ નાખીને પડ્યું હોય છે કે એકદમ ભૂલ સ્વીકારવાને બદલે એ ઝૂઝવા જ મંડી જાય છે. ગમે તેવું દુર્દમ્ય હોય તેને નિયન્ત્રિત તો કરવાનું જ રહેશે જ.

સ્મૃતિ એકાદ તણખા માત્રથી સળગી ઊઠે એવા કાષ્ઠના જેવી છે. કદિક સ્મૃતિની જાળ ભારે અટપટી લાગે છે. મનના ઘણા પ્રદેશમાંથી હું ગુપચુપ ભાગી છૂટ્યો છું. ત્યાં હજી મારો ભયનો પ્રચંડ પડછાયો ચોકીપહેરો ભર્યા કરે છે. બધી જટિલ વાતો છોડીને સાવ સરળ વસ્તુ તરફ જવાનું એટલું સહેલું નથી. મનની ગૂંચ ઉકેલવામાં સમય વેડફાઈ જાય છે તેય જીવનરીતિની જ ક્ષતિ ગણાય પણ એ ક્ષતિનું ઉગ્ર ભાન આત્મવંચના તરફ લઈ જાય તે ખોટું. આથી આત્મનિન્દાના લપસણા ઢાળથી સાવધ રહેવું જોઈએ. વેદનાનો

સ્વભાવ પણ હકીકતની અતિશયોક્તિ કરવાનો છે, વળી વેદના પણ અહંકાર બહેકાવે છે. આવી ઉત્કટતા એવી હોવી જોઈએ જે સ્વસ્થતાનો ભોગ નહિ લે. ડહોળાએલી સંપત્તિને ઠરવા દેવાની ધીરજ રાખવી જોઈએ. બધું પારદર્શક બને પછી શૂન્ય દેખાય.

6-2-81

# ચેતનાનું બૃહત્ પરિમાણ

સાંજ ઢળે છે. વાતાવરણને હું સમજવા મથું છું. એમાં થોડોક નારકી દાહ છે, થોડું સ્વર્ગીય સુખ છે. એ બે તન્તુઓ એકબીજામાં એવા તો ઓતપ્રોત થઈ ગયા છે કે એને છૂટા પાડી શકાતા નથી. મન જ્યારે આવું કશુંક પારખવા મથે છે ત્યારે શબ્દો કાચા પડે છે. નરક અને સ્વર્ગ – બંનેનાં પરિમાણોને સમાવવાનું એમનું ગજું નથી. નીતિની ફૂટપટ્ટીથી માપેલું જીવન તો ક્યારનું સંકેલીને ઊંચે મૂકી દીધું છે. નીત્શેનો ઉન્માદ, રિલ્કેની ચેતનાનો વિસ્તરતો અવકાશ, ગટેના ફાઉસ્ટની સંવેદના – આ બધાંનો મને લોભ છે. આથી હું કેવળ સુખ કે આનન્દની પ્રતીક્ષા કરતો બેઠો નથી કે રોમેન્ટિકોને હોય છે તેવી વિષાદપૂર્ણ વિહ્વળતાનું મને આકર્ષણ નથી. ચક્રાકાર ગતિનાં આવર્તનોમાં હું ઘણી વાર ફસાઈ જાઉં છું. આથી પ્રગતિનો સીધી રેખાએ ચાલતો માર્ગ મને જડતો નથી. અતિશયતા જે વેદના લાવે છે તે મારે માટે પથ્ય છે, કારણકે એથી મારી ચેતનાના બૃહત્ પરિમાણની મને ઝાંખી થાય છે. કોઈક વાર તિરસ્કારની ભંગી મને મોહિત કરી જાય છે. કોઈક વાર એકાદ આંસુના સ્ફટિકમાં આકાશના ઘુમ્મટને મુગ્ધ બનીને જોયા કરું છું. યાતના લોહીના લયને ચાબુક ફટકારીને દ્રુત બનાવી દે છે. બધું જ અનુભવી લેવાના લોભમાંથી હું ઊગરી ગયો છું. આથી મારું મન કોઈ દુ:ખની કે સુખની સીમામાં પુરાઈને રહેવા ઇચ્છતું નથી. માનવીમાત્રના અનુભવના સ્પન્દનથી હું ઝાઝો દૂર રહેવા ઇચ્છતો નતી. મારું નાનકડું હૃદય ઊંચાં શિખરો અને ઊંડી ગર્તાને એક સાથે આવરી લે છે. આમ કરવા જતાં જો છિન્નભિન્ન ને વિશીર્ણ થઈ જવાય તો કોઈ મને એક સ્નેહભર્યા દૃષ્ટિપાતથી ફરીથી અખણ્ડ કરી દઈ શકશે એની મને પ્રતીતિ છે.

આથી વાતાવરણની કે પરિસ્થિતિની, શરીરની પ્રતિકૂળતાની ફરિયાદ કરવાનું મને છાજતું નથી. આ જેવો છે તેવો વર્તમાન જ મારા સર્વ આનન્દનો જનક બની રહે એવું હું ઇચ્છું છું. અસીમ માટેની મહત્ત્વાકાંક્ષા હોઈ શકે. પણ મારો પુરુષાર્થ મારી સીમા આંકે નહિ ત્યાં સુધી મને સુખનો અનુભવ થાય નહિ. સદાકાળને માટે વણપુરાયેલી રહેવા નિર્માયેલી ઇચ્છા સાથે જેણે પાનું પાડ્યું છે તે સમગ્ર માનવતા સાથે અભિન્ન બનતાં અચકાશે નહિ. લખવા વિશે કશો મોટો દાવો કરવો તે બાલિશતા છે. તેમ છતાં એ નિમિત્તે ચેતનામાં જગત ગોઠવાતું આવે છે, સાકાર થતું આવે છે. ઉપનિષદમાં તો જગતને બ્રહ્મનું ઉચ્છ્વસિત કહ્યું છે. રવીન્દ્રનાથે કહ્યું હતું તેમ ઈશ્વર નથી ઈશ્વર નથી ભુવનેશ્વર છે. માટે જ એને ઓળખવો હોય તો ભુવનને ઓળખો. જે લીલાપુરુષ છે તેને ઓળખવા હોય તો એની લીલામાં તદ્રૂપ થતાં આવડવું જોઈએ. આથી ભાષા દ્વારા એ લીલાને ઓળખવાનું કામ સર્જકનું છે.

સમાજ સર્જક પાસે હવે કશું ઈચ્છે છે ખરો? સર્જક હોવા જોઈએ એવી સભાનતા સમાજમાં છે ખરી? સાહિત્યકળાનો રસાનુભવ જેને માટે આવશ્યક હતો એવો વર્ગ ધીમે ધીમે લુપ્ત થતો જાય છે. સર્જકો પણ અનુચિત સ્પર્ધા રાગદ્વેષનો ભોગ બનતા દેખાય છે. આવી સ્થિતિમાં સર્જનકર્મ એ એકાન્તમાં કરવાની પ્રવૃત્તિ બની રહે છે. છતાં સમાજ સર્જક પાસે એક સામાજિક તરીકે ઘણી અપેક્ષા રાખે છે. એણે જીવનસંઘર્ષથી દૂર ન રહેવું જોઈએ, એણે વાસ્તવિકતા ઓળખવી જોઈએ, માનવજીવનની સમસ્યાઓ પારખવી જોઈએ, એટલું જ નહિ એના ઉકેલો પણ સૂચવવા જોઈએ.

આ બધું છતાં સર્જક ગાળ પણ ઘણી ખાતો હોય છે. એને વાણીવિલાસમાં રાચનાર કહેવામાં આવે છે. એ તરંગોમાં રાચે છે, એ કલ્પનાને જ વશ વર્તે છે. સમાજમાં લોકોનાં સુખદુ:ખમાં સંડોવાતો નથી, નિલિર્પ્ત થઈને રહે છે, સમાજને બદલવામાં કશો સક્રિય ફાળો આપતો નથી. એક વ્યક્તિ તરીકે સર્જકનેય પોતાની આશાઆકાંક્ષા હોય છે, એને પણ એનાં સુખદુ:ખ હોય છે. એ પણ ભય પામે છે, એને પણ સંઘર્ષમાં સંડોવાવું પડતું હોય છે છતાં એને લોકોત્તર ગણીને એની પાસે અસાધારણ ત્યાગની અપેક્ષા રાખવામાં આવે છે.

આજે વાતાવરણ સર્જનપ્રવૃત્તિને પ્રતિકૂળ છે એવું ઘણાને લાગતું હશે, છતાં મરણોન્મુખ

સ્થિતિમાં પણ સર્જકનો કણ્ઠ કોઈ રૂંધી શક્યું નથી. સર્જકે તિતિક્ષા પણ કેળવવાની રહે છે. આથી સર્જક કશી અનુકૂળતાની સમાજ પાસે યાચના કરતો નથી. એને સમાજ સામે કશી ફરિયાદ હોતી નથી. સમાજ એના સર્જનને લુપ્ત ન થવા દે એવો લોભ પણ એને નથી. જ્યાં સુધી માનવતા જીવન્ત હશે ત્યાં સુધી સર્જન લુપ્ત નહિ થાય.

ઘણી વાર પ્રશ્ન થાય છે : આ બધું લખવાનો અર્થ શો? ઘણું બધું તો લખ્યા પછી મને પોતાને જ અજાણ્યું લાગવા માંડે છે. કોઈ એ વાંચે, એના હૃદયને એ હલાવી જાય એવી મારી ઇચ્છા નથી. ઘણી વાર એ અજાણપણે, ક્યાંક ઊંડે ઊંડે, પ્રચ્છન્ન રહીને, એકાદ નાનું શું ચિહ્ન મૂકી જાય એથી વિશેષની મેં ઇચ્છા રાખી નથી. વાચાળ બનેલી વેદનાને મહા પ્રયત્ને મેં મૌનનું ગૌરવ સમજાવ્યું હોય ને જે શબ્દોનું ટોળું છૂટું મૂકી દે તેને મેં વાર્યું હોય ને આ બધાંને અન્તે એકાદ નિરુપદ્રવી વાક્ય ટપકી પડ્યું હોય તો એના પર અન્યમનસ્ક બનીને નજર ફેરવી જનાર એના સન્દર્ભને શી રીતે સમજે? ચાર પાંચ વાર અટકી અટકીને, બીજી અનેક આકસ્મિક જ ઊભી થયેલી વાતોમાં વધુ રસ લઈને, કોઈ મારી આખી ઉન્નિદ્ર રાત્રિની મથામણ પછી તારવેલી પાંચેક પંક્તિને વાંચે ત્યારે કાફ્કાની જેમ મનેય લખેલું બધું બાળી મૂકવાનું મન થાય.

આથી લખ્યા છતાં જાણે કશું બન્યું જ નથી, લખવા જોડે મારે કશો સમ્બન્ધ જ નથી, લખવાને નિમિતે નજીકના મિત્રોમાં પણ સહેજ સરખો વિક્ષોભ ન જાગે એવી રીતે વર્તવાનું જ હવે તો ઠીક લાગે છે. જે અંગારા દઝાડતા હતા તેને ઠારીને, જે હૃદયના ધબકવાના લયને દ્રુત બનાવે તેને શાન્ત પાડીને, ઠાવકા થઈને વર્તવાનું ડહાપણ મને સમજાતું જાય છે. આ ગઈ સાંજની વાતાવરણમાં છવાયેલી ઉદાસી સાથે મારે અંગત રીતે કશો સમ્બન્ધ નહોતો. પણ એકાએક શાન્ત બની ગયેલો પવન, દુ:સ્વપ્નને જોતાં હોય તેમ સ્તબ્ધ થઈ ગયેલાં વૃક્ષો, ક્યાંકથી સંભળાતું કોઈ અસહાય શિશુનું ક્રન્દન, ઉત્તરમાંથી આવતી દૂષિત હવા આ બધું મળીને જે વિષાદને સાકાર કરી મૂકતું હતું તેને મૂર્ત કર્યા વિના ખંધા થઈને બેસી રહેવાનું મને રુચતું નહોતું. કોઈને કદાચ આ જ ક્ષણોમાં આનન્દનો ઉદ્રેક થયો હોય તો તેને હું નકારી કાઢતો નથી. જુદી જુદી ચૈતસિક વાસ્તવિકતાઓ મૂર્ત થઈ ઊઠે, સ્મરણમાં રહી જાય એવું કશુંક રચાઈ આવે તે મહત્ત્વનું છે – સુખદુ:ખની વાત ગૌણ છે, ઉદાસી ખતરનાક નથી. ઉદાસીનતા ખતરનાક છે.

જે હૃદય આ જગત તરફ અભિમુખ જ થયાં નથી, જે પ્રત્યક્ષતાથી મુખ ફેરવીને જ ચાલે છે તેને આપણી ચેતનાના પરિસ્પન્દે સ્પન્દિત કરી શકવા જેટલી સમૃદ્ધ સજીવતા તો આપણે સિદ્ધ કરેલી હોવી જ જોઈએ. આમ છતાં વર્જિનિયા વુલ્ફને થઈ હતી તેવી નિર્વેદની લાગણી પણ થઈ આવે છે. લેખનની કળા વિકસાવવાની બધી ઇચ્છાવાસના લુપ્ત થઇ જાય છે. કોઈ પુસ્તકને રૂપે મારી ચેતનાને પ્રોત્સાહિત કરવાનો ઉત્સાહ રહેતો નથી. મારા મનને એના ઘાટ પ્રમાણે ઢાળવાનો ઉદ્યમ રુચતો નથી. પુસ્તક તો ઠીક, એક પરિચ્છેદની સીમામાં પણ મારું મન ગોઠવાતું નથી, એ પંક્તિઓ વચ્ચેથી એ નાસી જ છૂટે ને હું કેવળ ઠાલાપણાનો ખોટો રણકો સાંભળતો બેસી રહું છું. ઘણી વાર આવું ઠાલાપણું પણ મને અર્થગર્ભ લાગ્યું છે. એ નવી સભરતાનું પાત્ર બની રહે એવી સુખદ પરિસ્થિતિ પણ મેં અનુભવી છે. આ લખવું તે અઘરું નથી, પણ એનું સંયોજન, સ્થાપત્ય પરિશ્રમથી મને ક્લાન્ત કરી નાખે છે. ઘણી વાર વાક્ય નાહકનું ભારેખમ બની જાય છે, ઘણી વાર હળવેથી ઊડી જઈ શકે એવા શબ્દની નાજુક પાંખ પર મેં વિચારનો ટનબંધી બોજો લાદી દીધો હોય છે. એક પરિચ્છેદ પૂરો થાય, એના પર નજર નાખું, જરા અસન્તોષની લાગણી થાય : હું સહેજ ધૂંધવાઈને એને સુધારવાની મથામણ કરું ને બધું સરખું ગોઠવાયેલું લાગે ત્યાં બીજા પરિચ્છેદના પ્રારમ્ભની જવાબદારીનો ભાર વર્તાવા લાગે. આયાસહીનતાથી લખનારા પ્રતિભાશાળીઓ હશે તેની ના નહિ. પણ મને તો બે પરિચ્છેદ વચ્ચે મોટા માનસિક વિરામની જરૂર લાગે છે. સમયનો તકાજો તો ઊભો જ હોય છે. થોડી વાર જાણે બારાખડીનો, વિરામચિહ્નોનો, પરિચય જ નહિ હોય એમ વર્તું છું. ધીમે ધીમે મનના હળવા વાતાવરણમાં થોડા ભીરુ શબ્દો વચ્ચે સારો મેળ જામે છે; પ્રસન્નતા છવાઈ જાય છે ને એકાદ સરસ ઝરૂખો, એકાદ સરસ તોરણ ઊપસી આવે છે.

આ દરમિયાન કોઈએ પોતાની કૃતિ પરત્વેનો ‘બે લીટીનો પ્રતિભાવ’ માગ્યો હોય છે તે મહિનાથી લખ્યો નથી તેનું ભાન થાય છે. કોઈના પત્રમાં તીખા વ્યંગનો અણસાર હતો, પણ એનેય ગળી ગયો છું. મનમાં થાય છે કે હવા જેવું હળવું પણ પોલાદ જેવું નક્કર કશુંક રચવું જોઈએ. થોડી કાવ્યપંક્તિના તન્તુઓ ગૂંચવાઈ ગયા છે તેને ઉકેલ્યા નથી. એકબે પાત્રની આછી રેખાઓ ઊપસી આવી હતી. પણ એ પાત્રોને સજીવન કરી શકાયાં

નથી. જો મનને ફરવા ન દઉં, કશી અધીરાઈથી એને ચંચળ કરી મૂકું નહીં તો કદાચ આ બધું જ શક્ય છે. પણ જડ થઈ જવાનો ભય મને એક નવી વેદના તરફ હડસેલી મૂકે છે.

9-2-81

# જાતને ખોવાનું પર્વ

સાંજ ઢળે છે. દક્ષિણ તરફની બારી પાસે ખીલેલ ચમ્પાની આછી સુગન્ધ હવામાં લહેરાયા કરે છે. મારાથી અણજાણપણે મનમાં વિષાદની કળીઓ બેઠી હતી તે સાંજ વેળાના એકાન્તમાં ખીલી ઊઠે છે. એની હવામાં લહેરાતી વાસથી કોઈનું મન ભારે નહીં થાય એમ હું ઇચ્છું છું. વિષાદને વાચાળ બનીને હળવો કરી નાખવાનું મને ગમે છે. એનો ભાર આંખમાં ઘુંટાયા કરે કે મુખ પર ગ્લાનિની છાયા અંકાઈ જાય તે મને પસંદ નથી. છતાં હૃદય ક્યાં હંમેશાં આપણને વશવર્તતું હોય છે.

અત્યન્ત પરિચિત છતાં અજ્ઞેય એવા માનવીઓ વચ્ચેથી રસ્તો કરતાં મન કોઈક વાર અકળાઈ જાય છે. કદાચ મનને એની દિશાસૂઝનું ખોટું અભિમાન હોય એમ પણ બને. કોઈ વાર સફળતા કાચી હોવા છતાં ખરી પડે છે. તેનું દુ:ખ થાય છે; તો કોઈ વાર પુરુષાર્થનું ફળ જેના પર પ્રગટવાનું છે તે વૃક્ષને જ ઝંઝાવાત મૂળમાંથી હચમચાવી નાખે છે. જે ભૂમિભાગ મને દૂરથી સુન્દર લાગતો હતો તે હવે મારા વિષાદના ધુમ્મસથી ધૂંધળો બની ગયો છે, અને અને ઉછીના સૂર્યથી કામ ચલાવી લેવાનું નથી.

લેખાંજોખાં કરવાનો મારો સ્વભાવ નથી, પણ અનુભવે હવે જાણું છું કે કશુંક ખોઈ બેસવાનો ડર ખોટો છે. જેને આપણે આત્મસાત્ નથી કરી શક્યા તે આપણને ભારરૂપ જ બની રહે છે. તેઓ કેવા હળવા ને મોકળા બની જઈ શકે છે. દૃષ્ટિપાતથી, હાથમાં ગુંથાતા હાથથી, આપણે સામી વ્યક્તિને ધરીએ તો કેટલું બધું આપી દઈ શકીએ છીએ! મારી આંખમાં મારાં જ આંસુ સંઘર્યાનું મને અભિમાન નથી. આ ચાર દીવાલ વચ્ચેની નિષ્ક્રિય કંજૂસાઈ મારે માટે અહંકારનો વિષય નથી. એમાં તો છીંડા પડેલા જ સારા! એક

વાર જે સુખની કે દુ:ખની છોળ આવી તે બીજી વાર આવવાની નથી તે આપણે જાણીએ છીએ, તો પછી ભવિષ્યની ક્ષણને પણ એની આગળ અદ્વિતીયતા હશે જ તે શા માટે નહીં સ્વીકારીએ?

એક વાર પોતાનાથી દૂર દૂર નીકળી જવાનો જ નશો ચઢ્યો હતો. એવું કરવા જતાં જ સમજાયું કે એ પણ આત્મઘાતનો જ એક પ્રકાર હતો. પછી કોઈક કલ્પનામાં, વિચારમાં કે કાર્યમાં જાતને ખોઈ નાખવાનું પર્વ આવ્યું. એમાંય જોયું કે એ પણ પોતાનો જ સવિશેષ પરિચય કરવાનાં જ નિમિત્તો હતાં. સુખ છીછરાં હતાં. એમાંય જાત ઓગાળી શકાઈ નહીં. દુ:ખ પણ ઊણાં હતાં, એથીય આત્મસંવિત્તિની તીવ્રતાનો અનુભવ થયો નહિ. હવે કોઈક વાર હું પોતાને કોઈક બીજું બોલતું હોય તેમ સાંભળું છું તો સુખ થાય છે. ચાલતી વેળાએ હું પોતે જ મારી પાછળ પાછળ ચાલતો મારા રંગઢંગ જોયા કરું છું.

વેદનાનો ઝોલો ક્યાંક કશાક અદ્‌ભુતને સ્પર્શી આવશે એવા લોભથી જ શું ચગાવ્યો નહોતો? એ જ્યારે વળ્યો ત્યારે તો જે વેદના પરિચિતતાને કારણે સહ્યા લાગતી હતી તે પણ અપરિચિત બનીને મૂંઝવવા લાગી! આથી મને સમજાયું કે હજી કેવળ ઝૂલવાનું સુખ મેં જાણ્યું નથી. ઝોલો ક્યાં જશે ને શું દેખાશે તેની ચિન્તામાં ઝૂલવાનું સુખ માણવાનું જ રહી ગયું! સ્થિતિનો આનન્દ માણવા માટે તો એક જ બિન્દુમાં ગતિના સહસ્ર આવર્તોને શમાવવાનું ગજું જોઈએ. એથી ગતિનો મહિમા આપણે તો ગાવો. રાતે જે આંખ ખૂલી જાય છે તે હંમેશાં મારી જ હોય છે, એવું વિચારવાનું પણ મને સૂઝતું નથી. બારીમાંથી મારી પથારી પર રેલાતી ચાંદની સાથે એ અભિન્ન બનીને પ્રસરી જાય છે. બહાર લીમડા અને આસોપાલવની શાખાઓ મારા શરીરથી અભિન્ન બની જાય છે. નિદ્રા અને તન્દ્રા વચ્ચેની સ્થિતિમાં અહંકાર તળિયે બેસી જાય છે. મને આધ્યાત્મિક ભાવાવસ્થાનો અનુભવ નથી. પણ આ અનુભવ માણવા ગમે છે, પણ સવાર થતાં અહમ્‌ના કોશેટાનો કીડો મમત્વનો તાર કાંતવા માંડે છે એને થોડું પોતીકું સુખ ને થોડું પોતીકું દુ:ખ જોઈએ છે. જગત સાથેના સમ્બન્ધના તાણાવાણા એ ગૂંથ્યા કરે છે. ઘણું ગૂંચવે છે, પણ આ ગૂંચ ઊભી કરવી અને ઉકેલવી એ જ મહત્ત્વની પ્રવૃત્તિ બની રહે છે.

મધરાત પછીનો પ્રહર છે. સૂતો સૂતો સાંભળું છું. હમણાં જ એક ગાડી ધસમસતી સ્ટેશનમાં પ્રવેશી છે. એમાંના મુસાફરોના ચહેરાઓ નજર સામે તરવરે છે. દૂર દૂરના

લાલ લીલા સિગ્નલના દીવાઓ મારી આંખમાં ટમકવા માંડે છે. દૂર દૂર દોડી જતા પાટાઓ નવી ક્ષિતિજોને ઉખેળતા આવે છે. વચમાં આવી ગયેલી માંદગી મને એવા કોઈક સ્થાને ધકેલી લઈ ગઈ હતી, જ્યાંથી મૂળ સ્થાને પાછા ફરવાનું અશક્ય બની રહ્યું છે. હું પણ અજાણ્યા સ્ટેશને ઊભા રહી ગયેલા મુસાફરની જેમ હવે મને પોતાને વિસ્મયથી જોયા કરું છું. મારાં જ સુખદુ:ખ મારામાં સંપીને રહ્યાં નથી. જો એ સંપીને રહ્યાં હોત તો એને ઢાંકવા શું કરવું તે ન સમજાતાં હું પોતે જ મારામાંથી બહાર છટકી જવાનો રસ્તો શોધું છું. આ નવી પ્રકારની કાયરતા મને રુચતી નથી. મારી નિદ્રાનો છેડો બહારના લીમડાના થડ સાથે અથડાઈને પાછો આવે છે.

સમયના વ્યાપમાં સંગીત થઈને વસવું એ એક આદર્શ હતો. જો એવું બની શકે તો સમય કઠે નહિ, સમય કાળ બનીને ડરાવે નહિ, પણ સમય એટલે સાતત્ય એમ માનવું તેથી મરણથી છળી મરવા જેવું થયું. મરણે સમયને ચક્રાકાર બનાવ્યો, જેથી જન્મમરણના આરમ્ભઅન્તનો ઝઘડો ટાળી દઈ શકાય. પણ ચક્રમાં ફર્યા કરવાનોય ક્યાંક અન્ત આવવો જ જોઈએ ને!

રાતે કોઈક વાર જાગું છું ત્યારે કોઈકે સુખપૂર્વક હાથમાં હાથ મૂક્યો હોય તેવો હવાનો સ્પર્શ થાય છે. બોલવા છતાં બોલેલું ખાનગી રહે એવી રીતે કોઈક કશું કરી રહ્યું હોય એવો ભાસ થાય છે. ખુલ્લા બારણામાંથી કશીક અશરીરી છાયા ઓરડામાં પ્રવેશે છે. મને લાગે છે કે જાણે એની જ ઘણા વખતથી રાહ જોતો હતો. પણ સવાર થતાં તો હું એ સૃષ્ટિમાંથી હદપાર થઈ જાઉં છું. આથી કોઈકનો હાથ જોતાં હું એકાએક બધું નજર સામે તાદશ કરીને અન્યમનસ્ક બની જાઉં છું.

27-3-81

# સ્થળાન્તર કે જન્માન્તર

પુસ્તકોની થપ્પી પર થપ્પી નીકળે છે ને બંડલો બંધાતાં જાય છે. ધૂળ ઊડે તેથી હું પાસે જતો નથી. દૂરથી જોયા કરું છું. એકાદ પુસ્તકને હાથમાં લઈને પાનાં ફેરવવાનું મન થાય છે. એમાં રવીન્દ્ર રચનાવલિના ખણ્ડો છે. માણિક બન્દોપાધ્યાય અને સુનીલ ગંગોપાધ્યાયની નવલકથા છે. બંગાળના નવા વાર્તાકારો બિમલ કર અને ગૌરમોહન ઘોષે સ્વાક્ષર ભેટ આપેલી એમની કૃતિઓ છે. આ બધાં પુસ્તકો સાથે જુદાં જુદાં સ્થળોની, અનેક પ્રસંગોની, અનેક વ્યક્તિઓની સ્મૃતિ સંકળાયેલી છે. એક રીતે કહું તો એક પુસ્તક એટલે એક નોખું બ્રહ્માંડ.

દાદા આદિવાસીઓના ‘ધાણકા વસતિગૃહ’ના આચાર્ય, છાત્રપતિ અને ગ્રંથપાલ પણ ખરા. નવાં પુસ્તકો એપ્રિલમાં આવીને પડ્યાં હોય, પરીક્ષા તો થઈ ચૂકી હોય. પણ દાદા જે વાંચવાની સંમતિ આપે તે જ વાંચવાનું. નવલકથાને અડવાનું સુધ્ધાં નહિ! આથી, દાદાનો લાંબો સ્નાન અને પૂજાવિધિ ચાલતો હોય એ દરમિયાન, ડાહ્યાભાઈ જાગીરદાર, જદુરાય ખંધાડિયા, સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા વગેરેની નવલકથાઓ વંચાતી જાય. નવાં નક્કોર પુસ્તકોને ફૂલની જેમ સૂંઘીને કાળાં પૂઠાં પરનાં સોનેરી અક્ષરોને સૂરજના પ્રકાશમાં ધરીને જોઈએ. પુસ્તકપ્રીતિનું એ પ્રથમ પર્વ ખરેખર અદ્ભુત હતું.

ઘર બદલવાનો પ્રસંગ આવ્યો ને ફરી મારામાં રહેલો એ ઘણાં વર્ષ પહેલાંનો કિશોર મારામાંથી ઊછળી પડે છે. દાદાની બદલી નવસારી થઈ. બત્રીસ વર્ષ સોનગઢમાં ગાળેલાં. વતન કહો કે જે કહો તે એમને માટે તો સોનગઢ. સોનગઢના મુખ્ય તો બે ભાગ : નવાગામ ને જૂનાગામ. કહે છે કે નવાગામ હવે તો છેક દશેરાબારીની ટેકરીઓ સુધી

વિકસ્યું છે, પેપર મિલ્સ છે આથી જ સોનગઢ જવાની હિંમત કરી શકતો નથી. અમે તો બે ગામની વચ્ચે સહેજ ઊંચા ભાગ પર બોડિર્◌ંગને નામે ઓળખાતા વસતિગૃહમાં રહેતા. વ્યારા વાલોડના અમારી ઉમ્મરના કિશોરો અમને ‘બોડિર્◌ંગિયા’ કહીને અમારી મશ્કરી ઉડાવતા. અમે જંગલના પ્રદેશમાં આદિવાસીઓ વચ્ચે રહીએ એટલે અમને એ લોકો જંગલી જ ગણતા.

સોનગઢના એ ફાગણ-ચૈત્ર ભુલાતા નથી. લીમડાની મંજરીની મહેક અને મોગરાની સુવાસથી હવા તરબતર હોય. આદિવાસી વિદ્યાર્થીઓ તો રજા પડવાથી પોતપોતાને ગામ ગયા હોય. નાની વયમાં સો વિદ્યાર્થીઓ માટેનું એ છાત્રાલય ખૂબ મોટું લાગતું. ત્યાં વીજળીના દીવા નહિ. ચૈત્રના અંધારિયામાં વાઘની સંવનનની ઋતુ ચાલે ત્યારે આખી રાત વાઘની ત્રાડ સંભળાયા કરે, ઊંઘમાંથી ઝબકીને જાગી જવાય. દિવસ આખો ખૂબ આનન્દમાં જાય. કૂવાના થાળામાં કોશથી ઠલવાતા પાણીમાં નિરાંતે નાહવું, મરવા ખાવા, કિલ્લાની તળેટીમાં રખડવું અથવા મધુમાલતીના મણ્ડપ નીચે કોણ જાણે શાની કલ્પનામાં રાચતા દિવાસ્વપ્નો જોતાં બેસી રહેવું – સમય એમ સરી જતો પણ સાંજ ઢળે ને મન ભયભીત થઈ જાય. દાદાનો તો એક દિવસ નવાગામ ને એક દિવસ જૂનાગામ જવાનો ક્રમ. સાંજે નીકળે. નવા ગામમાં ચુની જીવણને ત્યાં જાય ને જૂનાગામમાં નાનુભાઈ અંબાઈદાસ કે રણછોડ બહેચરને ત્યાં જાય. રાતે દસ કે અગિયારે રામજી કે રણછોડ ફાનસ લઈને તેડવા ગયા હોય તેની સાથે લાકડી ઠોકતા ઠોકતા ફરે. બોડિર્◌ંગ આગળના વડ નીચે ઘણી વાર પાણી પીવા આવેલો વાઘ બેઠો હોય. દાદાને કશો ભય નહિ. બારેક વાગ્યા સુધી તો એમનો રેંટિયો ગુંજે એટલે ધરપત રહે. પણ પછી અમેય ગાઢ નિદ્રામાં સરી પડીએ. કોઈ વાર સોગઠાંબાજી જામે. ચોમાસામાં વલ્લભ ભટ્ટનું મહાભારત વંચાય. પણ વાર્તાના દોરમાં અમારી નિદ્રાના તન્તુ પરોવાઈ જાય.

મારી બારી પાસે ચમ્પો છે. નવા ઘરમાં તો હજી કશો વનસ્પતિ પરિવાર છે નહિ. અહીંના ઘેઘૂર લીમડાઓ પણ ત્યાં નથી. સોનગઢ છોડ્યું ત્યારે કિશોર મન ખૂબ દુ:ખી થઈ ગયેલું. ગંગાધરા ભણતા ને બારડોલીથી ગાડીમાં આવજાવ કરતાં ત્યારેય શનિ-રવિ તો સોનગઢ પહોંચી જતા. ખુલ્લામાં ખીલેલા મોગરાની પાસે વિશાળ બહેડાના ઝાડ નીચે હીંચકા પર ઝૂલવાનો આનન્દ તો ત્યાર પછી ક્યાંય માણ્યો નથી. જેનાં નામ

નહોતો જાણતો તે વૃક્ષોની પણ ગજબની માયા હતી. હજી અહીં રાતે જૂના એન્જિનનો પાવો વાગે છે ત્યારે હું સોનગઢના ઓરડામાં જ સૂતો હોઉં એવી ભ્રાન્તિ થાય છે.

સોનગઢમાં હતો ત્યારથી જ જોડકણાં રચવા માંડેલાં. દાદાને મારો એ છન્દ રુચતો નહોતો. આથી કાવ્યલેખન એ મારી ત્યારની ભૂગર્ભ પ્રવૃત્તિ હતી. દાદાનો સ્વભાવ આકરો. આખા દિવસમાં ભાગ્યે જ એમને સાંભળીએ. ટાઢિયો તાવ વારે વારે આવે ત્યારે તેઓ પાસે આવીને બેસે, નહિ તો અમારાથી દૂર જ રહે, એમનો ઓરડો પણ જુદા મકાનમાં. સોનગઢ છોડ્યું ને બાળપણની એ આખી અદ્ભુત ભયાનક રસભરી સૃષ્ટિને પણ વિદાય આપી.

હવે કદાચ મારું આ છેલ્લું સ્થળાન્તર. પુસ્તકો જોઉં છું ને આંખનાં અણિયાળાં ભીનાં થાય છે. કેટલાંક પુસ્તકોમાં મારી કિશોરની મુગ્ધ આંખો હજી સચવાયેલી છે, કેટલાંકમાં શિશુના ચંચળ અસ્થિર હાથે લખાયેલા વાંકાચૂંકા અક્ષરો છે. કોઈ ઢગલામાંથી ખોવાઈ ગયેલા કવિનો એકાએક ભેટો થાય છે. યુવાવસ્થાની રમ્યમધુર સ્મૃતિઓ જાગે છે. આ પુસ્તકોના ગંજને જોઉં છું ને મારું મન વિષાદથી ભરાઈ જાય છે. એમાંનાં કેટલાંક તો ખરીદવાનું ગજું નહોતું છતાં ખરીદ્યાં હતાં. કેટલાંક કરાંચીમાંના મારા પ્રથમ એકાન્તવાસનાં સાથી હતાં. કેટલાંક કોલેજમાં મળેલા ઇનામરૂપ હતાં. હવે એ બધાં સ્વજનો જોડે ફરી મારી દૃષ્ટોદૃષ્ટ થશે ખરી?

તો ડેરાતંબૂ ઉઠાવ્યા છે. આ ઘરમાં દક્ષિણ તરફની ને પૂર્વ બારી પાસે બેસીને જે સૃષ્ટિ નિનિર્મેષ દૃષ્ટિએ જોયા કરી છે તેનાં ઘણાં ચિત્રો આંકવાનાં રહી ગયાં છે. પાસે ફૂલથી ભરેલી લતાઓ હોવાને કારણે મધમાખીઓ હિમ્મત કરીને ઘરમાં મધપૂડો પણ બાંધે. ચકલાચકલીનો સંસાર અને એમની કેટલીય પેઢીઓ હું જોયા કરું, ખિસકોલી ઉપનિષદ્ કાતરી ખાય. આડોશીપાડોશીનાં બાળકો ચોપડીના કબાટ પાસે બેસીને ચોપડી કાઢી ત્યાં ને ત્યાં જ વાંચવા બેસી જાય. બારી પાસેનો ખાટલો જ મારું સિંહાસન, અહીં જ દમથી કષ્ટાતાં હું લખતો રહ્યો. નવું ઘર અંદર ફરીને જોયું છે, પણ એ મને અંદર જ પૂરી દેશે એવો ભય રહે છે. વૃક્ષો તો જઈને ઉછેરવાં પડશે. બોરસલી છે, પણ હજી બાલ્યાવસ્થામાં. એમ તો ચન્દન પણ રોપ્યું છે. પારિજાત તો ખરું જ. પપૈયાં છે, પણ એ તો વાંદરાઓ સાથે અધભાગે. કેસર કેરીનો આંબો રોપેલો પણ ઊછર્યો નહિ.

દીકરાએ મારે માટે ‘સ્ટડી’ની વ્યવસ્થા કરી છે ને એ બહાને ફરજિયાત શિસ્તપાલન કરવું પડે એવી એની દાનત છે, પણ અત્યારથી જ ઘરમાં બધાં કહે છે કે સ્ટડીરૂમમાં હું રહેવાનો જ નથી. બૅડરૂમમાં હું સૂવાનો નથી. મારો આરણ્યક જીવ આવી નાગર વ્યવસ્થાને ગાંઠે એવો નથી. મન અવઢવમાં છે. જો નવા ઘરમાં નહિ જ ગોઠે તો? મને આડોશીપાડોશીને ત્યાં ગપસપ લડાવવાની ઝાઝી ટેવ નથી. પણ આ નવું ઘર તો મને બંગાળની કુલવધૂઓની જેમ સાવ અસૂર્યમ્પશ્ય જ બનાવી દેશે એવો ભય રહે છે. કોઈ વૃક્ષરાજને જોઈને આંખ ઠરે એવું નથી. છતાં બાગકામ કરવાનો શોખ પોષી શકાશે ખરો. ઘરને બહાર જોડે ઝાઝો સમ્બન્ધ નથી. એ તો પોતે પોતાનામાં જ સંગોપાઈને બેઠું છે.

ઘરના ખૂણાઓ, બેસવા, ઊઠવાનાં સ્થાનો, અગાશીઓ – આ બધાં જોડે મેળ જામશે કે નહિ તે જાણતો નથી. ‘મારું ઘર’ એવું મમત્વ થતું નથી. જાણું છું કે એમાં સંતાનો જ વસશે, મારે તો એમાં ઝાઝો સમય ગાળવાનો નથી. તેમ છતાં જે વર્ષો હવે રહ્યાં છે તે તો એમાં જ વીતશે. ઘરમાં બેઠા બેઠા આકાશ નહિ દેખાય તો અગાશીમાં જવું જ પડશે. ઘરના વાડામાં ખુરશી નાખીને ઊછરતા વૃક્ષની છાયામાં બેઠો બેઠો દિવાનિદ્રા માણીશ કે વાંચીશ – આવું બધું કલ્પું છું. પણ ત્યાં શિરીષની ઘટા નહિ હોય, મેદાનનો ખુલ્લો અવકાશ નહિ હોય. અહીં તો બાદશાહ, પચનક, પતરંગો, હુદહુદ, પીળક, દૈયડ, શોબીંગો, મુનિયા, કાળિયો કોશી, ભારદ્વાજ ને કોઈક વાર ચાસને પણ જોતો. એ મહેફિલ ત્યાં જામવાની નથી. વાંચવા લખવાનું કેમ ચાલશે તેની પણ ચિન્તા છે. છતાં અત્યારે તો ઘરવખરી ઉઠાવવા માંડી છે. ચૈત્ર બરાબર ચચરી ઊઠ્યો છે. અહીંના પવનને ત્યાં આવવાને વિનવવો પડશે. સ્થળાન્તર ખરેખર તો જન્માન્તર જેવું જ લાગે છે. વળી એક નવા પર્વમાં પ્રવેશું છું. નવાં સુખદુ:ખ જોડે મેળ પાડવા તત્પર થાઉં છું.

20-4-81

# સ્પૃહણીય એકાન્ત

વનસ્પતિપરિવાર સાથે મારા જીવનનો તન્તુ અકળ રીતે એવો તો વણાઈ ગયો છે કે ખરતાં પાંદડાં, ફૂટતી કૂંપળ, પુષ્પોદગમ્ જોઈને મારું મન વિહ્વળ બની જાય છે. બાળપણમાં રાત્રિની નિ:શબ્દતામાં મેં જાણે વૃક્ષોના શ્વાસોચ્છ્વાસનો લય સાંભળ્યો છે. એ લય હૃદયના ધબકારામાં ભળી ગયો છે. હવે આ જૂનું ઘર છોડવાનો સમય આવ્યો છે ત્યારે આથમણી બારી સામેના ગુલમહોરે બે પુષ્પોના ઉદ્ગાર કાઢીને વિદાયવાણી ઉચ્ચારી દીધી છે. એથી મારું હૃદય દ્રવી જાય છે.

માનવીને વિશે મેં આવો જ ભાવ રાખ્યો છે, પણ મારી લાગણીઓ ઘણી વાર ઠગાઈને પાછી ફરી છે. હું સપાટી પર સેલારા મારનારો જીવ નથી. અભ્યન્તરનાં દ્વાર ખોલીને જ બધાંને આવકારું છું. આથી સમ્બન્ધોમાં એકાએક પ્રગટ થતી ઉદાસીનતા કે પરાઙ્મુખતા મને ઊંડો આઘાત આપે છે. સમ્બન્ધોમાં ઉપકારનું ગણિત પ્રવેશે છે ત્યારે કે અધિકારની ચર્ચા પ્રવેશે છે ત્યારે મુંઝાઈને મારું હૃદય પાછું ફરે છે. કાવ્યની એક ઉત્તમ પંક્તિ વાંચી હોય કે ઉત્તમ મૈત્રીનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હોય તો નિકટના સહુ સાથે સહભાગી થઈને એ માણ્યું છે. પણ બધું ભેગું કરવા જતાં જ કોઈક વાર હું મને એકલોઅટૂલો પડી ગયેલો જોઉં છું. જીવનમાં એવો તબક્કો હતો જ્યારે મારે માટે એકાન્ત જેવું કશું સ્પૃહણીય નહોતું. કેટલાંક વર્ષો તો એકાન્તના છાકમાં જ મેં ગાળ્યાં છે. આજેય એકાન્ત કે એકલવાયાપણું મને ગભરાવી મૂકતાં નથી. છતાં હૃદય અમુક આધારથી એવું તો ટેવાઈ ગયું છે કે કદીક દયામણું બનીને એને વળગી રહેવા ઇચ્છે છે. ત્યારે સ્વમાન છંછેડાય છે, બધું ધુમાઈ ઊઠે છે, દૃષ્ટિ ધૂંધળી બને છે. ફરીથી સમતુલા જાળવીને સ્વસ્થ

બનવાનો પ્રયત્ન કરવો પડે છે, ને હું જાણું છું કે સ્વસ્થ બનવાના પ્રયત્ન જેવું, ઊંડે ઊંડે અસ્વસ્થ બનાવી મૂકનારું બીજું કશું હોતું નથી.

અહંકારનં બરડપણું, વકરેલા આત્માભિમાનમાંથી ઉદ્ભવતી તોછડાઈ, અનુચિત સ્પર્ધા અને એમાંથી અનિવાર્યતયા ઉદ્ભવતો દ્વેષ – આ બધું મને ઉદાસ કરી મૂકે છે. જીવનની ઉદાત્ત વસ્તુઓમાં સાવ નિકટતાને પણ ગમ્ભીરતાથી પ્રવૃત્ત કરીને સાથે રાખી શકતો નથી ત્યારે ઉદ્વેગ થાય છે. આથી થોડાં વર્ષો તો ભારે કપરાં ગયાં. આમ છતાં મને જે ઇષ્ટ લાગી તે પ્રવૃત્તિનો દોર મેં હાથમાંથી છોડ્યો નહિ. એકલા રહીને પણ એ કર્યા કરવાની મારે માટે તો કશીક અનિવાર્યતા છે, અને એવી કશીક સભાનપણે અનુભવાતી અનિવાર્યતાએ જ મૈત્રીનો પાયો રચ્યો હોવો જોઈએ એવું હું દૃઢપણે અનુભવતો હતો. એ ખોટું પડતાં જાણે ટકી રહેવાનો આધારસ્તમ્ભ જ તૂટી પડ્યો હોય એવું લાગ્યું છે, છતાં જીવનનું લક્ષ્ય બદલીને સમ્બન્ધો ટકાવી રાખવાનું મારાથી બની શક્યું નથી.

એક કવિએ કહ્યું હતું તે યાદ આવે છે : વૃક્ષની ઘટામાં પંખી તો હતું પણ તે દેખાતું નહોતું, કોઈએ પથરો તાકીને ફેંક્યો ને તેથી પંખી ઊડ્યું ત્યારે જ પંખી આપણી આગળ પ્રગટ થયું. શિયાળાની ઠંડીમાં જ સૂર્યોન્મુખ સૂર્યમુખી જોવું ગમે. ભૂખરાપણાની ઓથે જ શરદની પ્રસન્ન વિશદતા દીપી ઊઠે. આથી સમજું છું કે જે સારું અને પ્રિય લાગે છે તેને આ બધા ક્લેશ અને ઉત્તાપે જ સ્પષ્ટપણે ચિત્તમાં ઉપસાવી આપ્યું છે. આઘાતોએ જ મનમાં ઊંડાણને પ્રગટ કર્યું છે. જે લોકો આજે સાથે નથી તેઓ જ, એ સમ્બન્ધને નિમિત્તે, મારાથી અગોચર એવું મારું કેટલું બધું મને દેખાડી ગયા છે. સુખના ઉજ્જ્વળ પ્રકાશમાં જે મુખ જોયું હતું તે સ્મૃતિની ધૂંધળી આબોહવામાં જુદી જ માયાવી આકર્ષકતા ધારણ કરીને પ્રગટ થાય છે. આથી જ તો ચોમાસાની હેલીના દિવસે એકાએક સોનું વહાવી દેતા સૂર્યનો આટલો મહિમા છે. વૈશાખમાં તો એ સૂર્ય ગાળ જ ખાવાનો! તૃષા જ જળની ઉત્તમ વ્યાખ્યા આપી શકે, ક્ષુધા જ રોટલો શું તે બરાબર ઓળખાવી શકે, વિરહ અને વિચ્છેદ વિના પ્રેમનું સિંહાસન શેને આધારે ટેકવી શકીએ?

જે લોકો કશું નથી બોલતા તેઓ ખરેખર તો મૂંગા નથી હોતા. એમની બહારથી દેખાતી નિ:શબ્દતાના ઊંડાણમાંથી વાણીમાં એવો તો પ્રચ્છન્ન પ્રવાહ વહી રહ્યો છે કે જો આપણે એ સાંભળી શકીએ તો રોમાંચિત થઈ ઊઠીએ. પણ એ ગુપ્ત પ્રવાહ છે ને તેથી એ

અમુકને જ સ્પર્શે છે, બાકીનાં બીજાં તો બાહ્ય નિ:શબ્દતાથી અકળાઈ ઊઠે છે. છતાં ધારદાર મૌનથી આપણે એકબીજાને નથી છેદતા? કદાચ શબ્દ કરતાં મૌન એક પ્રબળ શસ્ત્ર છે.

પણ મને એક પ્રશ્ન થાય છે : જે લોકો મંડળીમાં બેઠા બેઠાય મૌન સેવે છે, જ્યાં ખરેખર બે નર્યા સાચા શબ્દો બોલવાનું મુહૂર્ત આવ્યું હોય ત્યાં પણ કશીક ગણતરીથી કે ઉદાસીનતાથી મૂંગા રહે છે, તેઓ શું એમ માને છે કે એમની પાસે અનેક જન્મો જેટલો સમય છે? આ વાણી એક વાર રૂંધાઈ જાય તે પછીથી આ મૌન જ અભેદ્ય શિલા બનીને એને ટૂંપી નાખે છે તે શું એ લોકો નથી જાણતા? જે દૃષ્ટિ ઊંચી કરીને જોયું નથી તે દૃષ્ટિ પછીથી ઢળેલી જ રહે છે તેની શું એમને ખબર નથી હોતી? માનવીનું શરીર બહારથી તો કોટકિલ્લા જેવું રક્ષણ કરનારું લાગે છે, પણ અંદરનું તો સહેજ સરખા આઘાતથી ભાંગીને ચૂરેચૂરા થઈ જાય છે તેની શું એમને ખબર નથી હોતી? કદાચ એઓ આ બધું જ જાણતાં હોય છે ને તેથી જ કશાક ઝનૂનને વશ થઈને મૌનને વધુ ઉગ્ર બનાવી બેસે છે!

એકબીજા પ્રત્યે લાગણીથી ઝૂકવામાં, નમવામાં, નિર્બળતા નથી પણ આવા કશા ઝનૂનને વશ થઈને તો આપણે તણખલાની જેમ ફંગોળાઈ જઈએ છીએ. પછી તો એકાદ શબ્દ, સહેજ સરખું સ્મિત કે જરાસરખો દૃષ્ટિપાત પણ આપણને ખતમ કરી દે છે. ગ્રીવાને સહેજ સરખી ફેરવવાથી જ આપણે કદી દૂર ન કરી શકાય એવી વિમુખતાને નોતરી બેસીએ. આ પારદર્શક હળવી હવા, એમાં વહેતો પ્રસન્નતાનો પ્રવાહ, આ નરી નિર્મળતાના નિસ્પન્દ જેવું આકાશ – આ બધું જ પછી તો સીસાના ગઠ્ઠા જેવું થઈ જાય, પછી તો બધું જ અભેદ્ય બની રહે. એ બધું ભેદવા માટે મરણના વજ્રઘાત સિવાય બીજું કશું ઊણું પડે.

આ જગત તો અવિરત ચાલ્યા જવાના પદધ્વનિથી જ ગાજતું રહ્યું છે. જેમ દરેક ક્ષણે સૂર્ય અને પવન સમુદ્રની લવણતાને હરી લઈ જાય છે તેમ હુંય મારામાંથી દરેક ક્ષણે થોડોઘણો અગોચરમાં વિલય પામતો જાઉં છું. વજ્ર જેવી કઠોરતાવાળું હૃદય એણે ધારણ કરેલી નિ:શબ્દતામાં થઈને જ ઝડપી જાય છે. તો પછી એ મૌનનું અભિમાન રાખ્યાનો શો અર્થ? મૌનના ભારથી હવાને સુધ્ધાં થોથર ચઢે છે ને કશાક દર્દના

લબકારાઓ સંભળાય છે. આ મૌન શબ્દ જન્મ્યો તે પહેલાંનું મૌન નથી હોતું, શબ્દના ચાલ્યા ગયા પછીનું, એ ઉજ્જડ બની ગયું હોય છે, માટે જ એ આટલું ભયંકર લાગતું હોય છે.

કોઈ આપણને જોતું હોય છે તેના દૃષ્ટિપાતની રેખાઓથી જ આપણું મુખ નથી રચાતું? આથી જ તો આપણને કોઈ જોતું નથી હોતું ત્યારે આપણે પણ આપણા મુખની કલ્પના નથી કરી શકતા! આથી જ તો ઘણી વાર જેને હું કહું છું તેનો, છેડો ક્યાં આવે છે તે જાણવું અઘરું થઈ પડે છે. કોઈક વાર તો આ 'હું'ના દરમાં ચોરીછૂપીથી કોકડું વળીને ભરાઈ જવું પડે છે. કદાચ હોવું એટલું નિઃશંક નથી, ન હોવું એ જ ખરેખર તો નિઃશંક છે.

સપાટી પર રહેનારા સપાટ ચહેરાવાળા માણસોની આંખોમાં કશું જોયેલું. લાગણીથી સાચવવાની જગ્યા હોતી નથી, સરી જતા વર્તમાનને સંઘરવા જેટલું હૃદયમાં ઊંડાણ હોતું નથી. આથી જ તો એ લોકો ગમે ત્યારે ધારે તે બની જઈ શકે છે. ભૂલેચૂકે કશી વેદના એમને સ્પર્શે તો સ્પર્શતાંની સાથે જ સરી પડે છે. કશાક પણ ઊંડાણથી આ લોકો ગભરાય છે. આથી જ સ્મૃતિથી એઓ છળી મરીને દૂર ભાગે છે. કેવળ વર્તમાનની તસુભર ભોંયથી કશું વધુ એમને અકળાવી મૂકે છે.

મારા તો આશીર્વાદ છે કે જેને આ કે તે નિમિત્તે મારી સામે ઝૂઝવું હોય તે અનેક અક્ષૌહિણી સેના ભેગી કરે. આ હું અહંકારને વશ થઈને કહેતો નથી, યુદ્ધની પ્રતિષ્ઠા જળવાય એ માટે કહું છું. કાલ સુધી જે મિત્ર તરીકે પડખે હતા તેનેય સામી હરોળમાં જોઉં તો તેથી હવે મને અર્જુનના જેવો વિષાદ કે નિર્વેદ થવાનો નથી. મૈત્રીનો લંબાવેલો હાથ મેં કદી પાછો ખેંચ્યો નથી. જુદી જ ગણતરીને વશ થઈને, ગજબની નિર્ણયશક્તિથી જેમણે સુકાનની દિશા ફેરવી છે તેમનેય મેં પકડી રાખવાનો આગ્રહ રાખ્યો છે. એ કદાચ મારી નિર્બળતા હશે. પણ આ બધાંને પરિણામે જીવનમાં ઘણી વાર કડવા ઉબકારા આવ્યા છે. આથી જ તો 'મધુ ક્ષીરન્તિ સિન્ધવ.' ખારા સાગરમાંથી પણ મધુ ઝરે છે એવી ઋષિકવિની વાણીનું હું ખૂબ જ ગૌરવ કરું છું.

22-4-81

# જૂનું ઘર છોડતાં

છેલ્લા થોડાક દિવસથી થોડાં થોડાં વાદળ થાય છે. મારું મન પણ કાંઈક ખિન્ન છે. સ્મૃતિપરાયણ થઈને જ જાણે આ દિવસોમાં જીવું છું. ત્રીસ વર્ષમાં આ મારું મન અહીં ક્યાં ક્યાં ફણગાઈ ઊઠ્યું છે ને ફાલ્યું છે! આ લીમડાઓ સાથે એણે ઘટા વિસ્તારી છે. આ આસોપાલવ જોડે એણે બુલબુલના ટહુકા સાંભળ્યા છે, આ ચમ્પા જોડે એ મહેંકી ઊઠ્યું છે, હજી તો ગઈ સાલ સુધી જૂઈ છેક કાન પાસે આવીને જનાન્તિકે સુગન્ધના બે શબ્દ બોલી જતી હતી, તે હવે નથી. આ બધાં વૃક્ષોની શીળી છાયાઓ મારી આંખના આકાશમાં ઘનીભૂત થઈ ઊઠે છે. નવું ઉછરેલું ગુલાબ પાંચ પાંખડીની હથેળી ખોલે ત્યારે કેટલો આનન્દ થતો! ઘર કોઈ મહાલય નહોતું. દખણાદી બારીનો ખૂણો જ મારા માટે તો પૂરતો હતો. પાસેના રસ્તે થઈને સર્યે જતા સંસારને જોતો હું બેસી રહેતો. મારા સ્વભાવમાં થોડું વેગળાપણું છે. હું માનવીઓને ખૂબ ચાહું છું. છતાં એમના સત્યની નિકટ જઈ શક્યો નથી, કદાચ હું મારાથી પણ થોડો અળગો રહીને જીવતો આવ્યો છું. ઘણી વાર નિકટતાના ગર્ભમાં રહેલી અસીમ દૂરતા જોઈને હું નથી છળી મર્યો?

દક્ષિણની બારી આગળનો ચમ્પો તો ખૂબ બોલકો બની ગયો છે. ઊંઘના પાતળા પડને ભેદીને એની વાણી મારામાં આવે છે. બાળપણ થોડાં ફૂલની સોબતમાં વીત્યું. એમાં મોગરો, ચંપો, મધુમાલતી અને ગુલમહોર ખાસ, આમ તો ગુલબાસ અને તનમનિયા પણ ખરા. પણ આ ચાર સાથે તો લાગણીના ઘણા તંતુ ઓતપ્રોત થઈ ગયા છે. અમુક વર્ષો પછી નવા સ્થળે મૂળ નાખવાનું કદાચ શક્ય નથી રહેતું, આથી આ સ્થળેથી ઉન્મૂલિત થતાં હૃદય ભયમિશ્રિત વિષાદ અનુભવે છે.

તો પ્રસ્થાનનું મુહૂર્ત આવી લાગ્યું. પુસ્તકો ગયાં, અસબાબ ગયો, ઘરના પોલાણમાં પ્રભા અત્રેના મધુર સ્વર પડઘા પાડે છે. બધું ખાલી ખાલી થઈ ગયું છે. હું શૂન્યમનસ્ક બનીને જોયા કરું છું. હમણાં સિલ્વિયા પ્લાથની કવિતા લઈને બેઠો હતો. એ વાંચતા એકાકીપણાનો અનુભવ થયો. હું પોતે એકલો મારામાં ખિસ્સા ઘડિયાળની જેમ ટિક ટિક કર્યા કરું છું. શેરીઓ ગરોળીને સંતાવા માટેની દીવાલમાંની ફાટ જેવી લાગે છે. નાનાં શિશુઓની આંગળાંની છાપ એના પર છપાયેલી છે. પૂર્વની બારીના કાચમાંથી પવનમાં ઝૂલતી શિરીષની શાખાઓનું રેખાનૃત્ય દેખાય છે. નીચેથી અત્યન્ત પરિચિત જળધારાનો વહેવાનો અવાજ સંભળાય છે.

બધું તો સંકેલી લીધું છતાં શું બધું જ સંકેલી લઈ શકાયું? આ ઘર અત્યારે તો ખોખા જેવું લાગે છે, એમ છતાં અહીં જ એવું કશુંક ઉદ્‌ભવ્યું જેનાં મૂળ અહીં જ રહેશે. આથી જ તો આ ઘર છોડતાં એમાં રહી ગયેલા મને હું પાછો વળીને જોયા કરું છું. જાણે છેલ્લે આ ઘરનાં બારણાં વાસીને ચાલી નીકળું છું. ત્યારે કોક મારી પાછળ પાછળ ચાલ્યું આવે છે, એ શું કરે છે તે મને સંભળાતું નથી. પણ એ કંઈક કહે છે એવું તો લાગે જ છે. એ શબ્દો સંભળાતાં નથી, છતાં મેં એ ઘણીબધી જગ્યાએ લખી નથી રાખ્યા? પહેલાં તો પાછળ કોઈક છે એનો અણસાર વર્તાતા હું પાછું વળીને જોતો હતો, હવે એની પ્રતીતિ છે કે એવું કરવાની પણ જરૂર રહી નથી. એની આંખમાં આંખ માંડીને હું પારખી શક્યો નથી. બે શબ્દ લખતાં પહેલાં આમ છતાં મેં એની પ્રતીક્ષા કરી છે. ઘણી વાર પેન હાથમાં લઈને એને જ શૂન્યમાંથી સાકાર થતા જોવાની આતુરતાથી હું કેવળ બેસી રહ્યો છું.

હવા આંધળા આયના જેવી લાગે છે, દોષ કદાચ મારી દૃષ્ટિનો હશે. એથી જ તો મને હંમેશાં લાગ્યું છે કે હું એક ને એક જગતમાં જીવ્યો નથી, અત્યાર સુધીમાં કેટલાંય જગત બદલાઈ ચૂક્યાં છે. મન એની ભૂગોળ, એના અક્ષાંશ-રેખાંશ બદલતું રહ્યું છે. આથી જ હું જેને બધાં પરિચિત માને છે તેમાં ઘણી વાર ભૂલો પડી ગયો છું. નિશ્ચિતતાના સંકેતરૂપે કશું રહ્યું નથી. લાગણીઓની ઓળખમાં ઘણી વાર ભૂલ થઈ જાય છે. આથી કોઈક વાર જેને લાંબા સમય સુધી દુઃખ માનીને છળી મરતા હતા તેનો સાચો ચહેરો તો સુખનો હતો, આથી વિસ્મય પણ થાય છે. ભ્રાન્તિ અને નિર્ભ્રાન્તિનો દોર ચાલ્યા કરે છે.

નવા ઘરે જઈને જોયું તો કોઈ છાયાવાળા વૃક્ષની ઓથ નથી. ગુલાબ મોગરો ચીમળાઈ

ગયેલાં હતાં. હજી હું અવઢવમાં છું. મનને ગોઠશે ખરું? પુસ્તકો હાથવગાં હતાં તે કોણ જાણે ક્યાંના ક્યાં જઈ પડ્યાં છે. આંખ છતાં જાણે આંખનો કશો ઉપયોગ રહ્યો નથી. એ ઘરમાં કદાચ નવા જ પ્રકારની અનિદ્રા મારી રાહ જોતી હશે. હજુ બધે ફરી વળવાનું સાહસ એકઠું કરી શક્યો નથી. હજી એ ઘરના વાતાવરણનો મર્મ હાથ લાગ્યો નથી. આથી આગન્તુક જેવો અહીંતહીં અટવાયા કરું છું. અભ્યાસસત્ર સારું ચાલવા લાગ્યું હતું. કવિતા અને ફિલસૂફીના પ્રશસ્ત રાજમાર્ગ પર સ્વેચ્છાએ ભ્રમણ કરતો હતો ત્યાં સ્થળાન્તરની ઉપાધિ ઊભી થઈ.

બધાં આશ્વાસન આપે છે : એ તો બધું કોઠે પડી જશે. પણ કશા આશ્વાસનને આધારે મને જીવવાની ટેવ નથી. એક અનુકૂળ ખૂણો તો આ ઘરમાંય મળી રહેશે. ફરી પછી મારી માનસયાત્રા શરૂ થશે. હમણાં તો ઠીકઠાક ને ધમાલ છે, વાતાવરણ ધૂળિયું છે. મને ફાવટ આવી ગઈ છે. સિમેનનની નવલકથાનો સારો એવો જથ્થો ભેગો કરી રાખ્યો છે. સ્થળકાળને ભૂલી જઈને એમાં ગરકાવ થઈ જઈશ. પણ સિમેનન કોઈક વાર તો મને ખૂબ ઊંડે ઊંડેથી વિક્ષુબ્ધ કરી મૂકે છે. જાતને સાચવ્યા કરવાનો પણ શો અર્થ?

નવું અભ્યાસસત્ર ફરીથી શરૂ થશે એ નક્કી. મન નવા નવા પ્રશ્નો ઉત્સાહપૂર્વક ઊભા કરે છે. વિચારમાં ખોવાઈ જવાનો આનન્દ તો સ્વાધીન જ છે. સમાજના પ્રશ્નો, વિદ્યાજગતના પ્રશ્નો આ બધાં સાથે મને નિસ્બત છે. ઉદાસીનતા કેળવવાનું મને પરવડે તેમ નથી. અતિમાત્રામાં અન્તર્મુખ થઈને બેસી રહેવાનું મને રુચતું નથી. આથી વાતચીત, ઊહાપોહ મને ગમે છે. ભવિષ્યનો હજી મારે મન કશોક અર્થ રહ્યો નથી. યોજનાઓ ઘડું છું. નવી નિષ્ફળતાને વધાવવાની પણ તૈયારી છે.

જૂનું ઘર છોડતાં મારી લોભી દૃષ્ટિ બધું ચિત્તના થર પર તાદૃશ રીતે આલેખી લેવા ઇચ્છે છે. પણ એ તો ધૂંધળું બની જ જવાનું છે. રાત્રે ઊંઘમાંથી જાગીશ ત્યારે જૂના ઘરમાં જ છું એવી ભ્રાંતિ થશે જ. પણ પછી શરીર ટેવાતું જશે, મન એની પાછળ ઘસડાતું આવશે. સુખદુ:ખના સંકેતો બદલાતા જાય છે, લાગણીના ચહેરાઓ બદલાતા જાય છે. હવે મેળ પાડવાની પ્રવૃત્તિ પાછળ ઝાઝો શક્તિવ્યય કરવો પરવડે એમ નથી. એક મોટા આનન્દની વાત છે : આ નવું ઘર આકાશ વિનાનું નથી. ત્યાંથી વૈશાખની પૂર્ણિમાના બુદ્ધના ક્ષમાસુન્દર નયન જેવા ચન્દ્રને આવકારીશ.

1-5-81

# સિથેરિયાની યાત્રાએ

કોઈ વાર મારી આજુબાજુનાં પુસ્તકોના અરણ્યમાં હું ભૂલો પડીને અટવાયા કરું છું. મહાભારત હાથે ચઢે છે. પણ હવે બાળપણમાં સાંભળેલું તે મહાભારત નથી. આદિપર્વ જ હાથમાં લઉં છું ને લગભગ પાંસઠ શ્લોકમાં ધૃતરાષ્ટ્ર યુદ્ધમાં વિજયની આશા શા કારણે જતી રહી તે સંજયને ફરી સંભળાવે છે તે વાંચીને મારું મન ખિન્ન થઈ જાય છે. એ અન્ધ નિર્ભ્રાન્ત છતાં વાત્સલ્યમય પિતા તટસ્થ બનીને પોતાના પુત્રોના દોષો અસન્દિગ્ધ રીતે વર્ણવે છે. તે વર્ણવતાં એમને કેટલું કષ્ટ થયું હશે! બાળપણમાં તો ભીમની ગદા, અર્જુનનું ગાંડીવ જાણે ક્રીડાનાં રમકડાં લાગતાં હતાં. મત્સ્યવેધના પ્રસંગને જાદુનો ખેલ જોઈ રહ્યા હોઈએ એ રીતે જોતા હતા. પણ હવે એમાં કૃષ્ણ જેવા અવતારી પુરુષને થયેલો વિષાદ અનુભવાય છે ત્યારે, અર્જુનના વિષાદ કરતાં, નર્યો અનાશ્વાસનીય લાગે છે. આ અન્ધ ધૃતરાષ્ટ્રે પોતે કશું પોતાની આંખે તો જોયું નથી, આથી આ પાંસઠ શ્લોકોમાં એક સરખો 'યદાશ્રૌષ' શબ્દ ગાજ્યા કરે છે અને એ સહ્યું જતું નથી. મહાભારતમાંથી ઉત્તમ તત્ત્વજ્ઞાન સારવી શકાતું હશે, સત્યનો મહિમા સ્થાપી શકાતો હશે પણ મને તો એમાં જે માનવસહજ મર્યાદાઓ અને એમાંથી અનિવાર્યતયા ઉદ્ભવતી વેદના છે તે ખૂબ સ્પર્શી જાય છે. એ સૃષ્ટિમાં કોણ સુખી છે? એથી ધૂંધવાઈને મારું મન પ્રશ્ન પૂછી ઊઠે છે : આ સંસારના મહાભારતમાંય બધા ઘવાયેલા છે, કોણ સુખી છે?

કોઈ વાર મારું મન નરી કડવાશથી ભરાઈ જાય છે. સમજાયું તેટલું વાંચ્યું ને આવડ્યું તેવું લખ્યું – આમ તો સાદી વાત છે! પણ જોતજોતાંમાં એની આજુબાજુ કેટલો મોટો પ્રપંચ

ઊભો થઈ ગયો છે! એમાંથી કેટલા પ્રશ્નો, કેટલી ગૂંચો, કેટલી કેફિયતો, કેટલા આરોપો – સર્જનચિન્તનનો આનન્દ તો બિચારો દયામણો બની જાય છે. આવું કાર્ય તે પણ જાણે અપરાધ હોય એમ જમાનો મનાવવાનો પ્રયત્ન કરે છે. આથી કેટલીક વાર આ શબ્દોની જટાજાળને છેદીને નરી નિ:શબ્દતામાં ચાલી જવાનું મન થાય છે.

માનવસમ્બન્ધોની વાત પણ કેવી અટપટી છે! આપણે દિલચોરી રાખ્યા વગર સમ્બન્ધ રાખીએ, નરી પારદર્શકતાનો આગ્રહ રાખીએ તોય કશું સરળ રહેતું નથી. જેમની પ્રત્યે નર્યો સદ્ભાવ રાખ્યો હોય, જેમની પાસેથી કશી પ્રાપ્તિની લાલચ જ રાખી ન હોય એઓ પણ અકારણ રોષથી, શંકાથી જોતા થાય; ઉચ્ચાસને બેસીને આપણી પ્રત્યેનો પુણ્યપ્રકોપ બીજા આગળ પ્રગટ કરે અને આપણો અપરાધ ઉદારભાવે ક્ષમા કરી દીધાનું કહેતા રહે. પ્રેમની આજુબાજુ ગેરસમજ-શંકાનું જાળું છવાઈ જતું હોય; પછી એમાંથી છૂટવાનો તરફડાટ માત્ર રહે.

આમ છતાં મુખ પરનું સ્મિત ભુંસાવા ન દેવું, આંખમાં સળગી ઊઠતા અંગારાને ઠાર્યા કરવો, ધસી આવતા શબ્દોને ખાળી લેવા, ગમ્ભીર ઠાવકા થઈને બેસવું – આ બધું કેટલું કષ્ટદાયક છે! કદાચ હૃદયની સહેવાની શક્તિ ક્ષીણ થઈ ગઈ હશે. મારે જ પક્ષે સત્ય છે ને દોષ બીજાનો જ છે એવી વૃત્તિ સેવવાનો મને કશો આનંદ નથી. પણ હું કશી સ્પર્ધામાં નથી; કોઈનું કશું ભલું કર્યાનો મારો દાવો નથી, માત્ર મારાથી કશો ક્લેશ કોઈને ન થાય, કોઈ મિત્ર ભલે ન ગણે પણ નાહક શત્રુતા ન રાખે એવી ઇચ્છા રાખવી તે પણ નિરાશાને વહોરી લેવા જેવું જ છે.

છતાં મારો જીવ બધાંમાં રસ લે છે. નમતે પહોરે વિષાદ ઘનીભૂત થતો જાય છે. બોદ્લેરનું 'જનીર્ ટુ સિથેરિયા' કાવ્ય હમણાં જ વાંચ્યું છે. પ્રવાસ માટે તો જીવ હંમેશાં કેવો ઉત્સુક થઈ જતો – સ્ટેશને જઈએ ને દૂરના કોઈ અજાણ્યા સ્થળે જતી ગાડી જોઈને બેસી જવાનું મન થઈ જાય; સમુદ્ર જોઈને દૂરના કોઈ અજાણ્યા ખણ્ડમાં જઈ પહોંચવાનું મન થાય; બોદ્લેરને થતું હતું તેમ મારું હૃદય પણ વહાણના કૂવાથમ્ભ આગળ પવનમાં ફરફરતા સઢ સાથે પાંખો ફફડાવીને વિશાળ અવકાશમાં મુક્ત વિહાર કરવાને અધીરું બને. સમુદ્રના લય સાથે ડોલતું વહાણ, જાણે સૂર્યના પ્રકાશના આસવથી મદમત્ત કોઈ દેવ!

પણ પછી આપણે જઈ ચઢીએ ક્યાં? સિથેરિયા અન્ધકારભર્યો, વિષાદભર્યો, દ્વીપ. એમ તો લોકગીતોમાં એનું નામ ગવાતું સાંભળ્યું છે; લોકો તો કહે છે કે એ તો સુવર્ણભૂમિ છે. અરે, પણ જઈને જોયું તો નરી અનુર્વરા વન્ધ્ય ભૂમિ, એલિયટ પહેલાં બોદ્લેરે એને જોઈ હતી. ત્યાંના સમુદ્રના ઊછળતાં મોજાં પર વીનસનું પ્રેત હજી રઝળ્યા કરે છે. એવી ભ્રાન્તિ થાય કે જાણે અહીંના વાતાવરણમાં કેટલાં મધુર રહસ્યો હશે; હૃદયને પ્રિય એવું કેવું ભોજ્ય અહીં હશે! અહીં તો હવામાં એવી કશીક ગન્ધ લહેરાયા કરે છે જે આપણને પ્રેમની વિવશ અલસતાથી ભરી દે છે.

હરિયાળીથી છવાયેલો આ દ્વીપ, ફૂલો બધે વિખરાયેલાં, બધા લોકો એને આદરથી જુએ ને ગુલાબના ઉદ્યાન પર છવાયેલી સુગન્ધથી તરબતર ભારે હવાથી જેમ લોકોના હૃદયના ઉચ્છ્વાસ બધે છવાઈ ગયા હોય; અથવા તો અહીં હોલા સદા ઘૂઘવ્યા કરે – પણ એવું કશું વાસ્તવમાં છે નહિ; સિથેરિયાની ભૂમિ તો સાવ દળદરી, પથ્થરોથી છવાયેલું નર્યું રણ જ જોઈ લો! એની નિ:શબ્દતાને કેવળ કશોક અશરીરી વિલાપ જ વિક્ષુબ્ધ કરે. આ ભૂમિ તે વૃક્ષરાજિથી ઢંકાયેલું મન્દિર નથી; ત્યાં કોઈ યુવતી પૂજારણ પુષ્પોના પ્રેમમાં અજાણ્યા ઉન્માદથી કાયાને ઉત્તપ્ત કરીને અહીંતહીં ભમતી હોય, એ દાહથી બચવાને કાયા પરથી રહી રહીને વસ્ત્ર અળગું કરતી હોય – ના, અહીં એવું કશું નથી.

અમે કાંઠાથી નજીક થઈને ગયા, અમારા વહાણના શઢના ફફડાટથી ટિટોડી ચિત્કાર કરતી ઊડી ગઈ; પાસેથી જોયું તો વૃક્ષ નહોતાં, પણ ત્રણ પાંખાળા ફાંસીના માં◌ાચડા હતા; ભૂરા આકાશની પડછે કાળા ઓળા જેવા. ભયાનક ગીધ માંચડે લટકતા માનવીના શરીરને કોચી ખાતાં હતાં; શબ સડી ચૂક્યાં હતાં; દરેક ગીધ પોતાની વાઢકાપના તીક્ષ્ણ હથિયાર જેવી ચાંચને માંસમાં ઊંડે ખૂંપી દેતું હતું. આંખોનાં તો બે કાણાં જ રહ્યાં હતાં, ફોલી નાખેલાં પેટમાંથી આંતરડાં સાથળ પર લબડતાં હતાં; ગીધોએ ચાંચથી એમના પુરુષત્વને પણ પીંખી નાખ્યું હતું. નીચે લાલચનાં માર્યાં થોડાં પશુ ભેગાં થયાં હતાં, એઓ મોઢું ઊંચું કરીને જોઈ રહ્યાં હતાં. એમાં વચ્ચે એક મોટું પશુ હત્યારાની અદાથી પોતાના મદદનીશો સાથે ફરતું હતું. આમ તો આકાશમાં શરદની પ્રસન્નતા હતી, સમુદ્ર શાન્ત હતો. પણ આ જોયા પછી આપણે માટે તો બધું જ અન્ધકારમય અને લોહિયાળ જ

બની રહે ને! ક્યાં છે હવે એ જળસુન્દરી, ક્યાં છે એ પુષ્પઘેલી પૂજારણ ને ક્યાં છે એ વનરાજિથી ઘેરાયેલું મન્દિર – આપણા પ્રાણ તો સિથેરિયામાં તરફડે છે.

2-10-81

# હું અને અન્ધકાર

દિવાળી સાથે મારા મનમાં હમેશાં દિવેલનું કોડિયું જોડાઈ ગયેલું છે. દિવાળીમાં બીજું બધું ઘણું બને છે, પણ બાળપણની સ્મૃતિમાં આ દીવેલનું કોડિયું જ એકાએક ઉદ્‌ભાસિત થઈ ઊઠે છે. રજાઓમાં બોડિર્ંગ આખી ખાલી થઈ જાય ત્યારે તો એ આખું કમ્પાઉણ્ડ ખૂબ મોટું લાગતું. એના બે ભાગ હતા : નવો ભાગ અને જૂનો ભાગ. અમારું ઘર જૂના ભાગમાં. પાસે જ લીમડા અને બહેડાનાં ઝાડ, મોગરાની વેલ અને ચન્દનનું ઝાડ. શરદપૂનમ ગઈ છે. ચાંદની ઓસરતી જાય છે. સાંજ પડે છે, અંધારું ઢળે છે ને હૃદયમાં ભયની ફડક પેસી જાય છે. હજી રામજી ઓરડાઓમાંના દિવેલનાં કોડિયાંઓમાં દિવેલ પૂરવા આવ્યો નથી. હિંચકો બહાર છે. ઘેરાતા અન્ધકારમાં બાળકલ્પના ચારે બાજુ કેટલાય આકારોને કલ્પે છે. આથી ઘરની અંદર આવીને આશ્રય લીધો છે. મોટેરાં કોઈ છે નહિ, કોઈ દેવદર્શને ગયું છે, કોઈ ગામમાં ગયું છે. ઘરમાં જાઉં છું ખરો, પણ ત્યાં અન્ધકાર જ મને આવકારે છે. પશ્ચિમમાં કિલ્લો ઊભો છે. એ જ તો ભયાનકનું આદિસ્થાન છે! હમણાં વાઘની ત્રાડ સંભળાશે. ત્યારે એકાન્તનું શું કરવું તે સમજાતું નહોતું.

એવામાં રામજી આવે છે ને દિવેલ પૂરીને ઓરડામાંનું કોડિયું સળગાવે છે. આશ્વસ્ત અને રોમાંચિત થઈને એના પ્રકાશને ઓરડામાં પ્રસરતો જોઉં છું. પ્રકાશ જ મારું રક્ષાકવચ છે. એ દિવેલના કોડિયાની સ્નિગ્ધ દૃષ્ટિમાં જ માતાની દૃષ્ટિનું વાત્સલ્ય છે. માતા તો ખૂબ દૂર દૂર છે. એ પ્રકાશને ખોળે હું બેસું છું. પછી ધીમે ધીમે બહાર ગયેલાં મોટેરાં આવે છે. રસોડામાં ચૂલો સળગે છે. ઘર જીવતું થાય છે. બાળપણમાં વિષાદ શું તેની વ્યાખ્યા

બાંધવાનું આવડતું નહોતું. પણ મન પર કશાકનો ભાર વર્તાતો. બધાંને જ ભયનો પાસ બેઠો હોય તેવું લાગતું.

દિવાળીમાં આ કોડિયાંની સંખ્યા વધી જતી. મારે મન તો જાણે એટલાં આપ્તજન વધ્યાં હોય એવું લાગતું. આથી જ તો દિવાળીના દિવસોનો અન્ધકાર ઝાઝો પીડતો નહિ. વાંસની ફાંટમાં ફટાકડાની લૂમ ભેરવીને ફોડવી, હાથમાં પોટાશ ભરેલી ખાંડણી ઝાલીને એના પર લોખંડનો દાંડો મૂકી જમીન પર જોરથી પછાડવી – આ બધું ભયને ભગાડી મૂકનાર શસ્ત્રો જેવું લાગતું. દિવસમાં જેની છાયામાં બેસીને દિવાસ્વપ્નો જોતાં તે વૃક્ષો રાતે કેવાં બિહામણાં લાગતાં!

દિવાળી આવે છે ત્યારે મને એ દિવેલનું કોડિયું યાદ આવે છે. અહીં તો એવો ખુલ્લો વિસ્તાર નથી, મોટું આંગણું નથી. થોડી ઘણી જગ્યા હોય ત્યાં દીવા મૂકીએ છીએ. પણ એ દીવાઓ ઉપેક્ષિત જ થતા હોય છે. બાળપણમાં એ દીવાને અજવાળે દાદાનું મોઢું ને વાતો કહેતી એમની મુદ્રાને જોઈ રહેતો. એમના મુખની કરચલીનો આખો નકશો પ્રગટ થતો. દીવાને અજવાળે એ બધાં મોઢાં જુદાં જ લાગતાં. દિવસના અજવાળામાં તો એ બધાં મોઢાં એટલાં તો પરિચિત લાગતાં કે એને ધારી ધારીને જોવાની કશી જરૂર જ લાગતી નહિ. પણ દીવાનો પ્રકાશ જે રીતે મુખની રેખાઓને આંકી આપતો તેમાં કશુંક અદ્ભુત જાણે ઉમેરાઈ જતું હોય એવો અનુભવ થતો.

એ દીવાની થરકતી જ્યોતને અજવાળે પાટીમાં દાખલા ગણવા બેસતો ત્યારે સંખ્યાના આંકડાઓ નાચવા લાગતા. ચોપડીમાંની બારાખડી જાણે ભાગંભાગ કરી મૂકીને પકડદાવ રમવા લાગતી. ઓરડાની ભીંતો જાણે પવનમાં હાલતાં પાંદડાંની જેમ હાલતી દેખાતી. એના અજવાળામાં પદાર્થો વચ્ચેના સમ્બન્ધો કશી જુદી જ ભૂમિકા પર જોડાતા. આથી દીવાનું પ્રગટવું એ મારે મન સૂની સાંજની એક અદ્ભુત ઘટના હતી. એને અજવાળે એક નવો જ કલ્પનાલોક ઊભો થતો હતો, આજે હું એને કલ્પનાલોક કહું છું પણ ત્યારે તો મારે મન એ વાસ્તવિકતા જ હતી.

ધીમે ધીમે અદ્ભુતની બધી સામગ્રી રેઢિયાળના ખાનામાં પડતી ગઈ. દિવાળીના દિવસોમાં જોયેલો એ અન્ધકાર આ શહેરમાં તો જોવા જ ન મળે. ડુમ્મસમાં વીજળીના

દીવા નહોતા ત્યારે ત્યાં ખરો અન્ધકાર જોયેલો. તારાનું પણ અજવાળું પડે છે તે ત્યારે જોયેલું. વળી અન્ધકારમાં સમુદ્રનાં મોજાંનાં ફીણને ચળકતાં જોવાં એ પણ એક અનોખો અનુભવ છે. એ અન્ધકારમાં પણ વળી વધારે ગાઢા, અન્ધકારના ડાઘા જેવા, વૃક્ષો દેખાતાં. હવે ડુમ્મસમાં વીજળી થઈ છે ને સમુદ્ર દૂર સરી ગયો છે આથી ત્યાં જવાનું ગમતું નથી. પણ ત્યાંનો સૂસવાતો પવન લોહીમાં ઉન્માદ જગાડે છે એ અનુભવવા ક્યારેક ત્યાં જવાનું મન થાય છે ખરું.

વૃક્ષો સાથેનો સમ્બન્ધ પણ હવે બદલાઈ ગયેલો લાગે છે. ત્યારે વૃક્ષની છાયામાં વિશ્રમ્ભપૂર્વક બેસવાની મજા આવતી. હવે તો વૃક્ષ પાસે પાનનો ગલ્લો છે, પાસેથી ડીઝલનો ધુમાડો કાઢતી બસ દોડી જાય છે. કોઈએ વૃક્ષના થડ પર જ જાહેરખબરનું પાટિયુ જડી દીધું છે. ત્યારે વૃક્ષની અને મારી વચ્ચે સેલારા મારવા માટેના મુક્ત અવકાશનો અનુભવ થતો હતો. આજે એ અવકાશ સંકોચાઈ ગયો છે. છાપાંની હેડલાઇનોનો ઘોંઘાટ, ફેરિયાઓની બૂમ, વાહનોનો કર્ણકર્કશ અવાજ અને આજુબાજુના સંસારની ગીચોગીચ એવી દખલગીરી – આ બધું જ મારી અને વૃક્ષની વચ્ચે વ્યાપી જાય છે.

ઘરનું ઘરપણું હવે બદલાઈ ગયું છે. હવે ભાડાના ઘરમાં રહેતો નથી. ઘર મારું છે, છતાં મમત્વ થતું નથી. એની ભૂમિતિ મારા હૃદયની ભૂમિતિ સામે બરાબર ગોઠવાઈ જતી નથી. અગાશીમાં જાઉં છું તોય શહેરનો એ ઘોંઘાટ મારો પીછો છોડતો નથી. નાનકડો આકાશનો ટુકડો ભાગે આવે છે. એક પીપળો હઠ કરીને ઊગી નીકળ્યો છે. ઊંચા પપૈયા પર પપૈયાં પાકે છે પણ એ એટલાં બધાં ઊંચાં છે કે પાડી શકાતાં નથી. આથી કોયલ કાગડો ભેગાં થઈને ઉજાણી કરે છે. એમનો આનન્દ અને કલહ હું કુતૂહલથી જોયા કરું છું.

ત્યારે બાળવાર્તા અને પરીકથાના જગતમાં રહેતા, ભીમની ગદા અને અર્જુનનું ગાંડીવ યુદ્ધનાં શસ્ત્ર કરતાં ક્રીડાનાં ઉપકરણો જ વધારે લાગતાં, પછી તો યુદ્ધની વાસ્તવિકતાનો પરિચય થયો. આ યુદ્ધોનું શાન્તિપર્વ તો કદિ આવશે જ નહિ એવું લાગે છે. ચારે બાજુ વિસંવાદ અને સંઘર્ષની આબોહવા છે. એ બધાં વચ્ચે શાન્તિનો દ્વીપ રચીને રહેવાનું શક્ય નથી. સંસાર હજાર બાહુ ફેલાવીને આપણને ખેંચ્યા કરે છે. અનેક પ્રકારનાં નવાં

નવાં દુઃખ જોડે પરિચય થતા રહે છે. માનવસમ્બન્ધોની ઉષ્માનું લોભી હૃદય ઘણી જગ્યાએથી ઠગાઈને પાછું આવે છે. સોનગઢના કિલ્લાના પડછાયા કરતાં વધારે મોટો પડછાયો સદા મારા પર ઝળુમ્બી રહ્યો હોય એવું લાગ્યા કરે છે. પાસે આવેલા સુખનો ચહેરો પણ એવો દયામણો લાગે છે કે એને પકડી રાખવાનું મન થતું નથી.

વીજળીના દીવાઓ વચ્ચે રાંકડાં લાગતાં દિવેલનાં કોડિયાંને જોઉં છું ને મને વિષાદ ઘેરી વળે છે. આજનો અન્ધકાર પણ દૂષિત છે. એમાં ફેક્ટરીનો ધુમાડો છે, રાસાયણિક દ્રવ્યોના વિષનો એને પાસ બેઠેલો છે, આ અન્ધકાર આંખમાં સ્નિગ્ધ અંજનની જેમ અંજાઈ જતો નથી, ચચરે છે. એ મારા શ્વાસને પણ રૂંધે છે. પણ જાણું છું કે મારી જેમ કેટલાય જીવ આ અન્ધકારમાં ધરબાયેલા છે. આ કલુષિત અન્ધકારની આસુરી જીભ આપણી આંખોને ચાટે છે. અહીં વૃક્ષોની શાખા પવનમાં વિલાપ કરે છે.

શહેરની શેરીઓમાં રૂંધાયેલી હવા હીબકાં ભરે છે. દિવસ શહેરના જુદાજુદા ભાગોમાં વધેરાઈને વિખરાઈ ગયો છે. શહેરના કેટલાક ભાગના નસીબે તો દિવસ આવ્યો જ નથી. કેટલાંય સૂનાં ઘરનાં બંધ બારણાં ધુમાડો હડસેલ્યા કરે છે. હવામાં વીલાઈ ગયેલાં સ્મિત અને તરડાઈ ગયેલી ચીસ તર્યા કરે છે. બાગનાં વૃક્ષોનાં પાંદડાંની આડશે ક્લોરિન અને એમોનિયાનો ગૅસ લપાઈને બેઠાં છે.

શહેરના ફુવારાઓ યાન્ત્રિક માપ જાળવીને ઊડે છે. એમાં આકાશની ભૂરાશ પ્રતિબિમ્બિત થતી નથી પણ રંગીન કાચનો કૃત્રિમ પ્રકાશ એને આવરી લે છે. પશુઓને માટે કશું આશ્રયસ્થાન રહ્યું નથી. એમને પાણી પીવાના હવાડા પુરાઈ ગયા છે. જળાશયો શોભાસ્થાન તરીકે માનવીએ સુરક્ષિત રાખ્યાં છે. શહેરની શોભા ડબલડેકર બસથી કે આવા ફુવારાઓથી નથી વધતી. વીજળીના તારને કારણે ઠેકાણે ઠેકાણે વૃક્ષોને છેદવામાં આવે છે. માનવી ધીમે ધીમે વૃક્ષોના પર્ણમર્મર અને એની છાયાના અભાવથી ટેવાઈ જશે. આપણે સહુ એક પ્રાચીન અને ભવ્ય સંસ્કૃતિની અન્તિમ ક્ષણોએ એની સ્મશાનયાત્રાના ડાઘુઓ બનીને આવ્યા છીએ. તો હવે સૂરજને કાળા વાઘા પહેરાવો, પડછાયાઓના સરઘસ કાઢો, મન્દિરોમાં ઇલેક્ટ્રોનિક્સના જાદુ કરો, છાપાંની મદદથી નવી વાસ્તવિકતાનો ઉકરડો ઊભો કરો. મતગણતરીથી નવા ઈશ્વરને સ્થાપો, દરરોજ નરમેધ રચવાનાં નવાં નવાં નિમિત્તો શોધતાં રહો, જીવનપ્રવાહથી છૂટા પડીને બંધ

બારી-બારણાંવાળાં કબર જેવાં ઘરમાં દટાતા રહો, લક્ષ્મીના તાપથી અનુકમ્પાના સ્રોતને સૂકવી નાખો – આટલું થશે પછી ભગવાનને પણ નવું નરક રચવાનો શ્રમ ઉઠાવવો નહિ પડે.

21-10-81

# સહજ તે વિરલ

એકાએક આકાશ મીંઢું થઈ ગયું. ઉષ્માહીન માનવીના શબ્દો જેવા થોડા છાંટા પણ પડ્યા, વૃક્ષો અને પવનનો સમ્બન્ધ બદલાઈ ગયો. આ પરિસ્થિતિ પ્રત્યે સૂર્યે પણ આંખ આડા કાન કર્યા. એકલો પવન જ વળ ખાતો છતાં નફ્ફટ બનીને ભમતો રહ્યો. શહેરી લોકોને ઊની કપડાંનું પ્રદર્શન કરવાની તક મળી. પરદેશ જઈ આવેલા એક સજ્જને તો 'હવા ખુશનુમા છે' એમ કહીને લંડનમાં હોવાનો મનોમન આનન્દ પણ માણી લીધો. હું તો વાતાવરણમાં વસન્તના ઈંગિતને શોધતો હતો, ત્યાં દક્ષિણાનિલને બદલે ઉત્તરાનિલ આવી ચઢ્યો. કોઈક સંસ્કૃત કવિએ આવા કોઈ દિવસે જ કહ્યું છે 'આ ઉત્તરના પવનમાં યમના પ્રસ્વેદની ગન્ધ આવે છે!'

શહેરના ચોકમાં મૂકેલાં પૂતળાંઓનો પડછાયો અદૃશ્ય થઈ ગયો છે. થોડા દિવસથી સવારે ટહુકવા માંડેલી કોયલ છેતરાઈ જવાથી ભોંઠી પડી ગઈ છે. દિશાઓનું મુખ મ્લાન થઈ ગયું છે. ધરતીને સૂર્યની અપેક્ષા છે, વૃષ્ટિની નહિ. છતાં જો વૃષ્ટિ થશે તો મહાભારતમાં કહ્યું છે તેમ, પૃથ્વી ધ્રૂજશે. કોઈક વાર અલપઝલપ, આશ્વાસન રૂપે તડકો દેખાઈ જાય છે. ફૂલો પર દિવસના આ વિષાદનો ભાર તોળાઈ રહ્યો છે. પાણીનો સ્પર્શ ડંખીલો બન્યો છે. પ્રહરોની શ્લથમન્થર ગતિને હું બેઠો બેઠો જોયા કરું છું.

ગહન વિચાર કરવા માટે, વિરક્તિ કેળવવા માટે, કદાચ આ આબોહવા ઉદ્દીપનની ગરજ સારે છે. વિચાર કરનાર પોતાને ઊંચી કોટિનો માને છે. ક્યિર્કેગાર્દે કહ્યું હતું તેમ દરેક પેઢીમાં મોટા ભાગના માનવીઓ એમ માનતા હોય છે કે જીવન વિશેની સમજ કેળવી લઈએ એટલે બસ. જેમ વિચારીએ તેમ સમજનાં પડ પછી પડ ખૂલતાં જાય, અને

જો આયુષ્ય લાંબું આવ્યું હોય તો વળી સમજનો પટ વિસ્તરતો જ જશે. પણ એ ભોળા જીવને ખબર નથી હોતી કે આ પ્રક્રિયા દરમિયાન જ એક બિન્દુ આવે છે જ્યાંથી એવું લાગવા માંડે છે કે એવું કશુંક પણ રહ્યું છે જે સમજની પકડમાંથી છટકી જતું હોય છે. સોક્રેટિસને આનો અનુભવ થયો હતો. આપણા જમાનાને પણ આવો અનુભવ થાય તે જરૂરી છે.

જ્યાંથી ખરેખર જીવનનો મહત્ત્વનો ગાળો શરૂ થાય છે ત્યાં જ ઘણા માણસો અટકી જતા હોય છે. એઓ ત્યારે કહેતા હોય છે, ‘એવી બધી પંચાતમાં આપણે નથી પડવું, આપણે તો વહેવારુ બનવું છે.’ આથી મોટા ભાગના માનવીઓને ચેતનાનાં વિસ્તરતાં જતાં પરિમાણનો અનુભવ થતો નથી. રિલ્કેએ કહ્યું છે તેમ ચેતનાનો વિસ્તાર જ માનવીનું સૌથી મોટું ઐશ્વર્ય છે. લોકોને મન ઈશ્વર એટલે નિરર્થક એવું મનુષ્યનું જ કશુંક અતિશયોક્તિ સ્વરૂપ. આવી ઈશ્વર વિશેની ઉપલકિયા સમજ આગળ મોટા ભાગના લોકો અટકી જતા હોય છે. આથી જ તો ક્યિર્કેગાર્દે કહ્યું છે કે એવું ઘણું બધું છે જે સમજની બહાર રહ્યું છે.

એ ક્ષેત્ર અનુભવીઓનું છે, કવિઓનું છે. ત્યાં કશું ઉદ્ધતાઈભરી નિશ્ચિતતાથી નથી અનુભવાતું. એકને સ્થાને અનેક વિકલ્પોની માંડણી થાય છે. આમ આપણે જ્યાં ચાલતા રહીએ છીએ તે જ આપણું વ્રજ. પછી ધીમે ધીમે બધી કુણ્ઠા દૂર થતી જાય અને એમ આપણે વૈકુણ્ઠમાં પહોંચી જઈએ.

પણ એ કાંઈ સહેલું નથી. આપણે સરળ નિર્વ્યાજભાવે કશું કરતા નથી. કશુંક ગુમાવ્યા વગર આપણને મજા આવતી નથી. સવારે ઊઠીને વાડીમાં ફૂલોને ખીલેલાં જોઉં છું, ત્યારે સાહજિક આનન્દ થાય છે એથી વિશેષની કશી પ્રાપ્તિનો લોભ મારે શા માટે રાખવો જોઈએ? એવો લોભ હોય છે તો ફૂલ જોઈને રાજી થવાને બદલે મોટી ફિલસૂફી હાંકવા માંડું છું. કેવળ જોઈ રહેવાનો આનન્દ આથી જ તો વિરલ બનતો જાય છે.

મનમાં પ્રશ્ન થાય છે : આપણા જમાનામાં જે સહજ તે વિરલ કેમ બનતું જાય છે! જ્યારથી માનવીએ જીવવાને બદલે જીવવાનો પાઠ ભજવવાનું કર્યુ છે ત્યારથી સહજને છોડીને કૃત્રિમને અપનાવતો શરૂ થઈ ગયો છે. હવે તો બધા વ્યવહારોમાં કૃત્રિમતા આપણને

કોઠે પડતી જાય છે. આથી જ તો દરરોજ સવારે ફૂલની ખીલવાની સાહજિકતા હું અચરજપૂર્વક જોયા કરું છું. વિચારો પણ એટલી સાહજિકતાથી પ્રફુલ્લિત થતા રહે તો ચિત્ત કેવું મઘમઘી ઊઠે! પ્રકૃતિ સાથેનો સમ્પર્ક એ અનિવાર્યતયા માનવસમ્પર્કનો વિરોધી નથી. શહેરમાં વસીએ ત્યારે પ્રકૃતિ પરકીયા જેવી બની જાય. અને તેથી જ એના આકર્ષણમાં એક પ્રકારની વિલક્ષણતા ભળે. શહેરમાં તો વૃક્ષોને વધવાની જગ્યા જ નહિ. આથી જે વૃક્ષોને જોઉં તે બધાંનો મહિમા ખંડિત થયેલો દેખાય છે. ઘણે વખતે આ વર્ષે સોનગઢ પાસે વૃક્ષોને એના સાચા મહિમાથી અંકિત થયેલાં જોયા. તે વખતે જોયેલો ઉંબરો અને આંબાવાડિયું હજી હતાં. સોનગઢમાં આ પરિચિત વૃક્ષોએ જ મારું સ્વાગત કર્યું. એ સિવાય હવે મને ત્યાં કોણ ઓળખે? જ્યાં જીવનના પ્રથમ ચૌદ વર્ષ ગાળ્યાં ત્યાં જઈને જોયું તો હજી બહેડાનાં બે વૃક્ષો ઘરની પાસે ઊભાં છે. એ મોગરો નથી, ગુલાબ નથી, લીમડા નથી, ને બપોર વેળાએ વડીલોની નિદ્રાનો લાભ લઈને જેના બોર ખાવા જતાં તે બોરડી પણ નથી!

વૃક્ષોની માયા હજી ખૂબ છે. પણ ઘરની આસપાસ એવી જગ્યા નથી જ્યાં લીમડા કે આંબાનું ગૌરવ હું સાચવી શકું. અરે, બોરસલી હોય તો તેનાં ખરેલાં ફૂલ અને પ્રસરતી સુવાસ માણવા મળે, પણ એટલીય જગ્યા ક્યાંથી લાવવી? આમ છતાં બાળપણનું પ્રિય સાથી ચંદન વૃક્ષ તો મેં રોપ્યું જ છે અને અત્યારે તો એની કિશોરાવસ્થા થઈ ગઈ છે. કહે છે કે પંદર વર્ષે એના લાકડામાં સુગન્ધ આવે. કદાચ ત્યારે તો હું હોઉં કે ના હોઉં પણ અત્યારે રોજ સવારે જોઉં છું ને મારો વીતેલો સમય બધો મહેકી ઊઠે છે.

આથી જ તો મારું મન નિવૃત્તિ શું તે જાણતું નથી. ક્ષણે ક્ષણે નવાં આશ્ચર્યો પ્રગટ કરતું આ વિશ્વ જોયા કરવાની પ્રવૃત્તિ સતત ચાલ્યા જ કરે છે. હા, વ્યવહારુ લોકોની દૃષ્ટિએ જેને ઉપયોગી લેખાય તેવું ઝાઝું હું નહિ કરતો હોઉં. પણ એથી જ તો મનને રુચે એ રીતે વિહરવા દેવાનો કેટલો બધો સમય મળી રહે છે. આ અર્થમાં મારી નિવૃત્તિ સ્પૃહણીય છે. મારી આંખો હજી ઘણું જોવાને તલસે છે.

29-1-82

# નૈષ્કર્મ્ય

ફરી અકાળ વર્ષાનું વાતાવરણ છવાઈ ગયું છે. ભીનોભીનો અન્ધકાર ઘરમાં વિસ્તરતો જાય છે. હજી સાંજ તો ઢળી નથી. છાપરાં પરથી લયબદ્ધ નેવાં ટપકે છે, પણ એની સાથે મારા હૃદયના લયનો મેળ ખાતો નથી. શરીરમાંની ઉષ્માને શોધી લેતી ઠંડી વાય છે. ઘરમાં તાપણું કરવાનું મન થાય છે. છોડિયાં નાખતાં જઈએ ને નવી નવી અગ્નિશિખા પ્રગટતી જાય. ઘરમાંના બધા માણસો તાપણા પાસે ખેંચાઈ આવે ને વર્તુળાકારે બેસી જાય. આદિ માનવો એવી જ રીતે બેસતા હશે. અગ્નિશિખાના દોલાયમાન પ્રકાશમાં બધાંના મુખ પર કશીક અલૌકિક આભા છવાઈ જાય.

આમેય મેં તો શરીરના હઠાગ્રહને કારણે વાંચવા લખવાનું ઘણા દિવસથી છોડી દીધું છે. પણ આવી આબોહવામાં તો તાપણી પાસે બેસીને ઇધરતીધરની ગપસપ લડાવવા સિવાય બીજું કશું કરવાનું રુચતું નથી. કાફકાએ પણ એની ડાયરીમાં આવી મનોદશા વિશે ફરિયાદ કરી છે : 'સમય કેવો વહી જાય છે! બીજા દસ દિવસ વીતી ગયા, મારાથી કશું થઈ શક્યું નથી. કાંઈ કરવા બેસું છું ને જામતું જ નથી. એકાદ પાનું કદીક સફળતાપૂર્વક લખી શકાય, હું લખવાનું ચાલુ રાખું, પણ બીજે દિવસે મારાથી કશું થાય જ નહિ.'

આ આબોહવામાં ગીતાની કર્મની ગહન ગતિ વિશેની વાત સાંભળવાનું મન થતું નથી. કર્મ વડે ચિત્તની સંશુદ્ધિ, કર્મ વડે મોક્ષ કે કર્મના પ્રપંચથી બન્ધન – આમાંનું કશું જ અત્યારે તો ગળે ઊતરતું નથી. અત્યારે તો નૈષ્કર્મ્ય જ હસ્તામલકવત્ લાગે છે. છતાં મન રહીરહીને ગોદો માર્યા કરે છે : 'આ રહી ગયું, પેલું તો ક્યારે થશે?' મનમાં થોડી

ચિન્તા થાય છે, વિષાદ પણ એમાં ભળે છે. પણ અત્યારે કશો ભાર વેઠવાની દાનત નથી.

કોઈ પૂછે છે – કદાચ કેવળ કુતૂહલથી, 'તો તમારું લખવાનું હજી ચાલે જ છે?' પ્રશ્નમાં જ એવી અપેક્ષા છે કે હવે તો એ વાજબી રીતે બંધ થઈ જ જવું જોઈતું હતું! મારે તો લખવાનો ભાર માથે લઈને ફરવું નથી. લખ્યાની વળી તે શી વાત કરવાની હોય! આમ તો મન યદચ્છા પ્રમાણે ભટકતું રહે, લખવાને નિમિત્તે એ સરખું ગોઠવાય. પણ હું કોઈ પાસ્કલ જેવો નથી. ઈશ્વરનો આવિર્ભાવ થાય તે પહેલાં એણે બધું વિચારી વિચારીને સાફસૂથરું કરવાનો પ્રયત્ન કરેલો. કદાચ રોમેન્ટિક અભિનિવેશની અતિ માત્રાને કારણે અરાજકતામાં જ મને કોઈ વાર કૌવત દેખાવા લાગે છે. વિક્ષુબ્ધ થયા વિના હૃદયને ચેન પડતું નથી. ઘડી ભરની શાન્તિ મળે છે તેને જડતા લેખીને ગભરાઈ ઊઠું છું. થોડીક ન સહેવાય એવી વિહ્વળતા જ જીવનની નિશાની લાગવા માંડે છે.

આથી ઘણી વાર ફિલસૂફીને ખૂંટે મનને બાંધવા મથું છું. કવિતાની પંક્તિઓ તો મને ક્યાંની ક્યાં ઉડાવી લઈ જાય છે. કલ્પનાવિહાર કર્યાનો મને અફસોસ થતો નથી કે એની નામોશી પણ લાગતી નથી. બુદ્ધિને જોરે ઉદ્ધતાઈ કેળવીને મારા જ અવાજની કઠોરતાને ચાખ્યા કરવાનો મને શોખ નથી. ઉપરની કઠોરતા નીચે નમ્રતાનું ઝરણું વહી રહ્યું છે તે પણ જાણું છું. છતાં સહિષ્ણુતા ઝાઝી કેળવી શકાઈ નથી. મારો અહંકાર મને એમ સમજાવે છે કે લોકો આ સહિષ્ણુતાને ગુણ નહિ ગણે, એને મારી લાચારી જ ગણશે.

મને વારે વારે લાગ્યા કરે છે કે શરીરના મારી સામેના લાંબા સમયથી ચાલ્યા આવતા કાવતરાને કારણે જ આ બધું બની રહ્યું છે. કોઈ વાર શરીર ભયની માત્રાને ઓચિંતી જ વધારી દે છે. ભયથી અસુખ જ થાય છે એવું હું માનતો નથી. ભયથી અસ્તિત્વનું તીવ્ર ભાન થાય છે એ પણ અનુભવે સમજ્યો છું. ભયને કારણે મૂગા ન થઈ જવાય એ માટે જ જે વાત ચાલતી હોય તેમાં રસ લેવાનો ડોળ કરીને કંઈક ને કંઈક બોલ્યે જાઉં છું. ધૈર્ય રાખવામાં હંમેશાં સુખ જ છે એવું પણ નથી એમ કાફકાએ કહ્યું જ છે ને! કદાચ ધૈર્યને નામે, ધૈર્યની ઉશ્કેરણીથી જ આપણે આપણા ગજા બહારનું કશુંક કરવા તત્પર બની જઈએ છીએ. નિર્ભીકપણું જે સ્વસ્થતા અને નિશ્ચિતતા લાવે એ પામ્યાનો મારો દાવો નથી, પણ એ પામવા જેવો ગુણ છે એવું હું જરૂર માનું છું. કશું જાતની ઉપરવટ

જઈને, ખેંચાઈ-તણાઈને, શા માટે કરવું? એ સ્વધર્મથી વિરુદ્ધનું આચરણ નથી? પણ મારી બુદ્ધિ મને સમજાવે છે કે પ્રમાદ સ્વધર્મ હોય તો પણ તે ત્યાજ્ય જ છે. મને લાગે છે કે ખેંચાઈ-તણાઈને કશુંક કરવાથી ચિત્તક્લેશ થતો હોય તો એ કરવાનો કશો અર્થ નથી. કશુંક કરવા માટે પ્રવૃત્ત થવું અને કરવા માટેની અનુકૂળ તકની રાહ જોવી – આ બંને મનોવૃત્તિમાં ભેદ છે તે હું સમજું છું. કશુંક સફળપણે કરી ચૂક્યા પછી જ મને સમજાય છે કે મેં એક સારી તક ઝડપી લીધી હતી!

આ ઋતુમાં કયે સ્થાને હોવું તે સુખપ્રદ પડે તે હું જાણું છું. પણ હવે મારાથી એ બની શકતું નથી. મુશળધાર વૃષ્ટિ થતી હોય ત્યારેય ભીંજાઈને તરબોળ થઈને શું સમુદ્રકિનારે કલાકોના કલાક નથી ફર્યા? ત્યારે મન કવિતાની રાહ જોતું નહોતું, ત્યારે સોએ સો ટકા જીવી લેવાની દાનત હતી. અનુકૂળ-પ્રતિકૂળનાં ખાનાં જ ત્યારે તો પાડવાં નહોતાં. હવે તો શરીર તરત જ આદેશ કરી દે છે આ નહિ બની શકે.

આમ છતાં મનથી તો હું ચાર દીવાલો વચ્ચે બેસનારો આદમી નથી. ખણ્ડેરો પરના સમયના થરને સ્પર્શી સ્પર્શીને ઓળખવા, વૃક્ષની ત્વચાના પોતને પારખવું, પવનની ઉદ્ધતાઈનો તોર માણવો, નિર્જન એકાન્તમાં દૂર દૂર ચાલ્યે જ જવું, વૃક્ષોની વીથિકામાં થઈને અહેતુક આગળ વધ્યે જ જવું – આ બધું હજી ગમે છે. ઘરમાં પગ સંકેલીને, અર્ધા નિર્બળ રોગીની જેમ, બેઠો હોઉં છું, ત્યારે એ પગ ક્યાંના ક્યાં ઘૂમતા હોય છે! મને મારી બહાર ચાલ્યા જવાનું જાણે ફાવી ગયું છે.

હિસાબકિતાબ રાખનાર મન જોડે જંદિગીમાં મારો મેળ કદી ખાધો નથી. કોઈ સદ્ભાવપૂર્વક મને કહે છે : ‘તમે ધાર્યું હોત તો ઘણું કરી શક્યા હોત.’ એથી મને કશો અનુશોચ થતો નથી. નોંધણી કારકુન આગળ કેટલું કર્યું તેનો આંકડો નોંધાવવાનું મેં ક્યારનુંય છોડી દીધું છે. શરીર દુશ્ચિન્તા ઊભી કર્યે જ જાય છે. પણ મન પર કશો ભાર નથી. એમ નહિ કહું કે મરણનો ભય નથી. એ ભયમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે. જીવનમાં વધારે ને વધારે ઓતપ્રોત થતા જવું આથી અનાસક્તિ મને કદી કોઠે પડી ગઈ નથી. કશું ન કર્યાની ક્ષણોનાં ઊંડાણમાં ડૂબકી મારી જવાનું પણ ગમે છે. હજી શું શું ગમે છે એની જો યાદી કરવા જાઉં તો એ લાંબી થાય એમ છે. અનુભવનું સારતત્ત્વ પામ્યો નથી કે પ્રતીતિઓની દૃઢતા વિશે હું એટલો બધો વિશ્વસ્ત નથી કે જગતને કશુંક

આપી જવાનો લોભ જાગે. પૂરતી ગમ્ભીરતા મારામાં નથી. થોડુંક ઉછાંછળાપણું બચ્યું છે. એથી જ કદાચ મને જીવવું ગમે છે.

## ઉત્સવના દિવસો

ઉત્સવના દિવસો આવ્યા. મારે આનન્દપ્રેરક ઉત્સાહપ્રેરક કશુંક લખવું જોઈએ. પણ આકાશ વાદળથી ઘેરાયેલું છે. પ્રકૃતિ તો આપણાં સુખદુ:ખ પરત્વે બેખબર રહે છે. એટલે પ્રકૃતિના બદલાતા રંગો પ્રમાણે મનના રંગો બદલવાની જરૂર નથી. પણ કાશીપુરા આગળનો રેલવે અકસ્માત, શરીર પર એક પણ વસ્ત્ર વિનાનાં કચરો ફેંદતાં નાનાં બાળકો, ખાંડ માટે લાંબી હારમાં ઊભેલાં માણસો, પરીક્ષામાં ઉઘાડે છોગે થતી ચોરીઓ, મુત્સદ્દીઓની મસલતો, સરદાર વલ્લભભાઈને હાર ચઢાવવાનું નાટક – આ બધું મનને મૂઝવી મારે છે એમ કહું તો એ અલ્પોક્તિ જ થઈ.

એમ તો પાસેના મેદાનમાં જ ક્રીડાનો ઉલ્લાસ છે. ત્યાંથી તુમુલ હર્ષધ્વનિના મોજાંઓ આવીઆવીને મારી બારીએ અથડાય છે. પાસેના આંબા પર તામ્રવર્ણી પાંદડાં મલિન સૂર્યપ્રકાશમાં પણ ચળકી રહ્યાં છે. હું મનને પ્રસન્ન રાખવાના પ્રયત્નો કરું છું તો એ આયાસથી જ વધારે ક્લેશ થાય છે. હું તો દિવાળી અંકોનો લેખક કવિ હતો નહિ, એટલે મારું મન એ ઉદ્યમ માટે ઉત્સુક નથી. લોકોને હળવામળવાનું ગમે, પણ તે ઉત્સવના કૃત્રિમ ઉલ્લાસના વાતાવરણમાં નહિ. ભૂપેન ખખ્ખર આવી ચઢે તો ગપસપ લડાવીએ, વાતો બનાવીએ – અધી ગંભીર, અધી હળવી. આખી દુનિયાની ચિન્તા કરીએ, થોડી જાતતપાસ, થોડી ભવિષ્યની યોજનાઓ... પછી એ ઢગલો ડિટેક્ટિવ નવલકથાઓ મૂકી જાય ને હું છપ્પન ભોગ આરોગવા બેસું. એ સિગારેટનો કાગળ લઈને તમાકુ ભરીને સિગારેટ બનાવતો જાય ને એની લાક્ષણિક શૈલીમાં એકાદ વ્યક્તિનું રેખાચિત્ર આંકતો જાય. હું એને વારેવારે લખવાનું કહું છું. પણ રે મઠના મિત્રોના સહચારમાં રહ્યો છતાં એ પ્રગલ્ભ બન્યો નથી. કંઈ શરમાળ ને નમ્ર જ રહ્યો છે. હેલ્મેટ પહેરશે તો એ કેવો લાગશે તેની કલ્પના તાદૃશ કરીને અમે બંને ખૂબ હસીએ છીએ.

હવે તો જાણે થોડીક વધુ કરુણ ઘટનાઓના સાક્ષી બનવાને માટે જ જીવવાનું હોય એવું લાગે છે. વાંચું છું ત્યારે કોઈ કવિએ આ કરુણના મર્મને એટલી તો સમર્થ રીતે

પકડ્યો હોય છે કે એની પંક્તિઓ મારા હ્યદયમાં વજ્રલેપ બનીને અંકાઈ જાય છે. નેલિસાક્સની કેટલીક કવિતાઓ વારે વારે મનમાં સ્ફુર્યા કરે છે. પણ આ દરમિયાન જ ‘અંગ્રેજી હટાવો’ માટેનું આન્દોલન જોરશોરમાં ચાલે છે. આપણને ગુલામીની એવી ટેવ પડી છે કે પહેલાં ચાહી ન હતી તેટલી આજે એટલી અંગ્રેજી ભાષાને ચાહીએ છીએ. ઘણાં લોકોમાં તો એવું સ્પષ્ટ વલણ હોય છે કે અંગ્રેજી જાણનારા તે જ દ્વિજોત્તમ, બાકીના ક્ષુદ્ર લોકો, ભારતવાસી એમનો રાજકારભાર ચલાવે અંગ્રેજીમાં. હું અંગ્રેજીનો ચાહક છું, પણ તે મારા પૂર્વના શાસકોની એ ભાષા હતી તે માટે નહીં. ભદ્ર લોકોનો વ્યવહાર એ ભાષામાં ચાલે છે. ને માટે ભદ્ર વર્ગના ગણાવવું છે તે માટે નહિ. મને અંગ્રેજી વિશ્વસાહિત્યની બારી ખોલી આપે છે. છેક દક્ષિણ અમેરિકાનો પાબ્લો નેરુદા હોય કે સેનેગાલનો કોઈ કવિ હોય, મેક્સિકોના ઓક્તાવિયો પાઝ હોય કે ફ્રાન્સનો બોદ્લેર હોય – હું એ સૌની કૃતિઓને માણી શકું છું. અમાનુષીપણાના ફેલાતા જતા અન્ધકારમાં હું એ બધી કવિતાઓના દીવડા પ્રગટાવીને દિવાળી ઊજવું છું.

લખી લખીને, વાંચી વાંચીને મેં કેટલો કચરો એકઠો કર્યો છે તેનું ભાન સાફસૂફીના આ દિવસોમાં થાય છે. એકાદ લેખ એવો જડી આવે છે કે જેને પુસ્તકમાં સમાવિષ્ટ કરી શકાયો ન હતો. કારણ કે ત્યારે એ જડ્યો ન હતો. હવે એને રાખી મૂકવાનો કશો અર્થ જોતો નથી. જવાબ વાળ્યા વિનાના ઘણા પત્રો મળી આવે છે. હું દોષબુદ્ધિ અનુભવું છું. આવી નાની નાની વાતોથી મન ભારે થતું જાય છે. ઉત્સવના આનન્દને માટે એને અનુકૂળ કરી શકાતો નથી.

મોડી રાતે આકાશમાં પાંખી ચાંદની જોઉં છું. કોઈક વાર પાછલી રાતે મેદાનમાં લટાર મારી આવવાનું મન થાય છે. ને તો લોહીના દબાણમાં ઉછાળ આવે તો? પાછલી રાતની ઠંડી અને ઝાકળથી દમ વિફરે તો? આ શરીરે મને કાયર બનાવી દીધો છે. સભાસંમેલનોમાંથી મેં વિદાય લેવા માંડી છે. જે ઘરે આવે એને હોંશથી મળું. થોડી પ્રવૃત્તિ તો મેં અનિવાર્ય બનાવી જ રાખી છે. એ નહીં રહે તો વિષાદની માત્રા વધી જાય, એ પરિસ્થિતિમાંથી બીજું કોઈ મને ઉગારી શકે એમ નહીં.

બહાર પતંગિયાંનું જોડું ઊડે છે. એમના ભાગ્યમાં તો આજનો મ્લાન સૂર્ય જ છે. આવતી કાલે તો એ કદાચ હશે જ નહીં. પણ એમની જીવનલીલા પર અનાગતનો પડછાયો

પડતો નથી. જ્યારે અનાગતની આશંકા આપણો અડધો આનન્દ લૂંટી લે છે. દિવસે હું ઘડિયાળ તરફ જોતો નથી, પણ રાતે કાંડાઘડિયાળના ચમકતા કાંટાને જોઈ લઉં છું. મારી નિદ્રામાં અનિદ્રાના ઘણા તન્તુઓ વણાતા રહે છે.

હવે સેક્રીનવાળી મીઠાઈ અને સેળભેળવાળા તેલમાં તળેલી વાનગીઓ ચાખવાનું મન થતું નથી. અધી મિનિટ આવીને ‘સાલમુબારક’ કહીને ચાલ્યા જતા આગન્તુકો સાથે બે ક્ષણ હસવા જેટલું હાસ્ય એકઠું કરું છું. હવે તો ઉત્સર્જન વિસર્જનના વિધિઓ જ વધવાના તેમ છતાં નવીનતાના આગમનને આવકારવાની ઉમંગભરી ભાષા ભૂલી તો ન જ જવી જોઈએ.

આમ તો ફ્રાન્ઝ કાફકાનો એક પરિચ્છેદ વાંચીને એને મનમાં મમળાવતો બેઠો રહું તોય દિવસ વીતી જાય છે. સૅમ્યુઅલ બૅકેટ વાંચીને આંખો બંધ કરીને બેસી રહેવાનું ગમે છે. તેમ છતાં આંખ સામેની સૃષ્ટિમાંથી મન ઊઠી ગયું છે એવું નથી. શિરીષ પર એક ટુકટુકિયો માળો બાંધવાની પેરવીમાં છે. બિલાડી શિકાર પકડવાને પેંતરા ભરે છે. છેક નાનાં હમણાં જ ચાલતા શીખેલા, શિશુઓથી માંડીને તે છલાંગ મારીને ઝાડ પર ચઢી જતા કિશોરોને જોઉં છું. ને હું સોનગઢના એ ધાણકા વસ્તીગૃહની ભૂગોળમાં અટવાઈ જાઉં છું.

ચારસો-પાંચસો પાનાંની લાંબી નવલકથા લઈને એમાં ગળાડૂબ ડૂબી જવાનું મન થાય છે. સંગીત પણ ગમે, પણ ચારે બાજુના ઘોંઘાટમાં એનો મહિમા ખીલે નહીં. પણ દિવસો પસાર થતા જાય છે. આ દરમિયાન થોડાં વાદળ હટ્યાં છે ને આછો તડકો પડ્યો છે. લેલાંઓ ઉત્તેજિત થઈ ગયાં છે ને દરજીડો પણ ટહુકવા માંડ્યો છે. આ દિવસ પણ છેક કાઢી નાખવા જેવો તો નથી જ. ઘણાં વર્ષોથી ક્યાંક દબાઈ ગયેલી, અદૃશ્ય થઈ ગયેલી, કેટલીક ચોપડીઓએ ફરીથી દેખા દીધી છે. ભુલાયેલા સ્વજનને ફરી મળ્યા જેટલો મને આનન્દ થાય છે. આવા અકલ્પિત આશ્ચર્યોની તો ખોટ પડવાની જ નથી. માત્ર એટલું જ કે આસક્તિપૂર્વક એની પ્રતીક્ષા કરવાની નહીં.

# અજાણી વાસ્તવિકતાના પન્થે

રાતે સામેના લીમડા પરથી ગીધ કિકિયારી કરે છે તે સંભળાય છે, પાછળના ઘરના વાડામાંનો કૂતરો રાતે રહી રહીને રડે છે. જૂના સંસ્કારને વશ થઈને મન આ બધાંને અપશુકનરૂપે ઘટાવે છે. કશુંક અનિષ્ટ તો નહિ થાય ને? – આવી ભીતિથી મન ફફડી ઊઠે છે. મારી ઊંઘનું પોત જર્જરિત છે. એની આરપાર કોઈ વાર નજર પહોંચી જાય છે ને કશુંક જોઈને છળી મરે છે. જાગૃતિમાં આવ્યા પછી એ મને મારાં સ્થળસમયની બહાર બનેલી ઘટના લાગે છે, પણ ફ્રોઈડ મને ગભરાવી મૂકે છે : મારાથી અગોચરે મારામાં જ ક્યાંક એનાં ચિહ્નો રહી ગયાં હશે અને ભવિષ્યમાં એ કોઈક ને કોઈક રૂપે પ્રકટ થયા વિના નહિ રહે.

રાતે, પાસે જ ક્યાંકથી કોઈક બોલતું હોય એવો ભાસ થાય છે. પાછળની રામફળી જાણે મારો અવાજ ઉછીનો લઈને કશુંક બોલી રહી છે. શેરીના દીવાઓ ખોડાયેલા થાંભલાને છોડીને આગિયાની જેમ અહીંતહીં ઊડાઊડ કરે છે. સેવંતીની કળીઓ ખીલવાનો આછો અવાજ સંભળાય છે. ટાંકામાંનું પાણી આછા નિ:શ્વાસ નાખે છે તે પણ સંભળાય છે. ગોકળગાય ધીમે ધીમે જઈ રહી છે ને એની પાછળ એ ગતિની રેખા આંકતો રૂપેરી તાંતણો ચળક્યા કરે છે.

આ બધું જે અનુભવું છું, તેને મિથ્યા કહીને હું કાઢી નાખી શકતો નથી. એ પણ મને અજાણી એવી કશીક વાસ્તવિકતાના જ સંકેતો છે. પરિચિત વાસ્તવિકતાના ચોકઠામાં એને ગોઠવી દઈ શકાતા નથી તેને મિથ્યા કહી દઉં છું પણ એને એમ ટાળી શકાય નહિ. ઘણી વાર મેં લખેલી એકાદ પંક્તિનો કોઈ અર્થ પૂછે છે તો એકદમ કહી શકતો

નથી, કારણ કે એમાં પેલી બીજી વાસ્તવિકતાના સંકેતો ભળી ગયેલા હોય છે. મને લાગે છે કે આપણી ચેતનાની વિસ્તૃતિમાં આપણે દખલગીરી ન કરીએ, એના પર બુદ્ધિના માપને નહિ લાદીએ તો ઘણી બધી બીજી વાસ્તવિકતાના સન્દર્ભો પ્રકટ થતા રહે. આથી અર્થની છીછરી સપાટીથી ઊંડે જે ચાલી જાય છે તે હંમેશાં સમજી શકાય એવો પોતાની પ્રવૃત્તિનો અહેવાલ આપી શકતા નથી. આ કારણે એ બધી ઇન્દ્રજાળ છે એમ કહીને એને કાઢી નાખી શકાય નહિ.

રોજ હું નકશામાં જોઈ જોઈને રસ્તે ચાલતો નથી. મારા જીવવાની એકધારી અને કંઈક અંશે ટેવરૂપ બની ગયેલી પ્રવૃત્તિ જે રેખાઓ આંકી દે તે મારી ભવિષ્યની ગતિનું પણ નિયન્ત્રણ કરે એવું બને તો ભૂતકાળ ભવિષ્યનો કબજો લઈ લે, પછી ભવિષ્ય જેવું કશું રહે જ નહિ. સર્જકને ભવિષ્ય ખોઈ બેસવાનું પરવડે નહિ. છતાં સ્વેચ્છાએ ભવિષ્યનો ભોગ આપીને પરિચિત, કોઠે પડી ગયેલા, ભૂતકાળને આશ્રયે જીવનારાઓને પણ મેં જોયા છે.

રાતે તન્દ્રામાં કે નિદ્રા-અનિદ્રા વચ્ચેની પાતળી સીમામાં જે કાંઈ બને છે કે દેખાય છે તે નર્યું કપોલકલ્પિત કે નિર્મૂળ તો હોતું જ નથી. અત્યારે લીમડાની ડાળીને પવનમાં હાલતી જોઉં છું કે દૂરથી કોઈ બેત્રણ જણ વચ્ચે ચાલતા વાર્તાલાપના અવાજોને સાંભળું છું કે પુસ્તક વાંચતાં એકાદ શબ્દ મને થંભાવીને સ્મૃતિના ભમ્મરિયા કૂવામાં ઊંડે ઉતારી દે છે ત્યારે તે જ ક્ષણથી ચિત્તના નેપથ્યમાં આ બધું નવાં નવાં રૂપ પામવા માંડે છે તેની મને ખબર નથી હોતી એટલું જ.

આથી જ તો શબ્દ આગળ હું ઘડીભર ઊભો રહી જાઉં છું. કોઈક વાર પૂરી નીરવતા સ્થપાઈ હોય છે તો એ શબ્દના જુદા જ રણકાર કાને પડે છે. એને મને પરિચિત અર્થની સીમામાં પૂરી રાખવાનો કશો અર્થ નથી. આમ ભાષાની પણ જુદી જુદી ઘણી ગતિઓ હોય છે. એ બધીની જ સમજૂતી ‘કાવ્યપ્રકાશ’ કે ‘ધ્વન્યાલોક’માંથી મળી રહે એ શક્ય નથી. પરિચિત વાસ્તવિકતાની ભોંય પર જ ચાલવા શીખેલું મન રાત્રિની નિ:સ્તબ્ધતામાં વાસ્તવિકતાના સ્તર પછી સ્તર ઊઘડી આવતા જુએ છે ત્યારે અને દુ:સ્વપ્નની વિભીષિકારૂપે ઘટાવીને આંખો બીજી દિશામાં ફેરવી લે છે. આમ દૃષ્ટિ વાળી લેવાને કારણે આપણે ભાષાને પણ પરિચિતતાની સીમામાં પાછી વાળી લીધી એવો જે

આપણને ભાસ થાય છે તે તો કેવળ સલામતીની ઇચ્છાથી ઊભો કરેલો ભ્રમ માત્ર છે. વાસ્તવમાં તો આપણાથી અકળ રીતે આપણા શબ્દો એની ગતિ ચાલુ રાખતા જ હોય છે. એવા, અગોચરમાં ભ્રમણ કરી આવેલા શબ્દો આપણી સાવધાનીમાં છિદ્ર પાડીને આપણી એકાદ પંક્તિમાં પ્રવેશી જાય છે ત્યારે એને આપણે પણ આશ્ચર્યવત્ જોઈ રહીએ છીએ. જે કવિને પોતાની રચના પરિચિત લાગે, એમાં ક્યાંય આમ આશ્ચર્યથી ઊભા રહી જવાનાં સ્થાન આવે જ નહિ, તેણે કેવળ ધોળા દહાડાની વાસ્તવિકતાને દસ્તખત લખી આપ્યું છે એમ સમજવું.

રાતે પાસેનાં વૃક્ષોને હું સાંભળું છું. પ્રકાશનું ધાવણ છોડાવીને પાંદડાંને ઊંચે વધવા માટેનો આદેશ ત્યારે અપાતો હોય છે. શાખાઓના ઉચ્છ્વાસ મને સંભળાય છે ત્યારે અભ્યાસકાળ દરમિયાન, ઋગ્વેદની ઋચાનો પહેલવહેલો પરિચય થયો હતો ત્યારે કાને જે ઉચ્છ્વાસ પડેલો તે યાદ આવે છે. આથી જ તો ભાષાથી તરત સન્તોષાઈ જવાનું જોખમ હું ખેડતો નથી. ટાંકામાંના અવરુદ્ધ જળનો નિ:શ્વાસ, પ્રકાશની સેર ઝીલવાનો અવાજ, અંધારી રાતે વૃક્ષો વૃક્ષો વચ્ચે અડબડિયાં ખાતા પવનનો અવાજ – આ બધું શબ્દોએ આત્મસાત્ કર્યું નહીં હોય તો મારી વાસ્તવિકતાને એ શી રીતે પ્રગટ કરવાના હતા?

બાળપણમાં જે ખોડીબારું જોઈને પાછા વળેલા, રાત ઢળતાં ભયનાં માર્યા કિલ્લાની એ રેખાઓનો નકશો મનમાં સંઘરીને પોઢી ગયેલા, કૂવાની અંદરના ગોખલામાંના કાબરના ઈંડાને બહાર કાઢવાની ઇચ્છા અધૂરી રાખેલી – તે બધું હવે મારા શબ્દોને ત્યાં મોકલીને પૂરું કરવું જ પડશે. આથી જ તો શબ્દો શિશુના ભાષાહીન જગત સુધી જઈ પહોંચવાનું ગજું ધરાવતા હોવા જોઈએ.

સાંજ ઢળે છે પછી ભાષાની એક પ્રબળ ધારા મારાથી છટકીને ક્યાંક દૂર વહી જતી હોય છે. હું એને ખાળવા ઇચ્છું છું. પણ બધું જ તો બચાવી લઈ શકાતું નથી. મારાથી દૂર ચાલી ગયેલી ભાષા જે રિક્તતા મૂકી જાય છે તેનું મને સદા ઉગ્ર ભાન થતું રહે એમ હું ઉત્કટપણે ઇચ્છું છું. એની આશા મેં છોડી દીધી નથી. આથી જ તો શબ્દોમાંથી, એ ચાલી ગયેલા શબ્દોને પાછા બોલાવવાનો રણકો નીકળવો જોઈએ. આપણા જ બે શબ્દો એકબીજા જોડે અબોલા લે તો કેમ ચાલે?

11-12-81